॥ શ્રી રામકબીર સત્ય છે ॥

SHREE RAM KABIR SATYA CHHE





# રણછોડજી-પ્રાર્થના-ભજન સંગ્રહ

# RANCHHODJI-PRAYER-BHAJAN COLLECTION

કબીરા ! ગર્વ ન કિજીયે, રંક ન હાસયે કોય;
અજહુ નાવ સાગરમેં હય, નાજાનુ કયા હોય.



**શ્રી રામકબીર ભકતસમાજને સપ્રેમ ભેટ**

**Dedicated with love to
Shree RamKabir Bhakta Samaj**

# RANCHHODJI-PRAYER-BHAJAN-COLLECTION

# રણછોડજી - પ્રાર્થના - ભજન સંગ્રહ


**પ્રકાશક :**
ભકિતભાઈ રણછોડજી
મોહનભાઈ કેવળભાઈ રણછોડજી

**PUBLISHER :**
Bhaktibhai Ranchhodji
Mohanbhai Kevalbhai

**મૂલ્ય :** સદ્ભાવ અને શ્રધ્ધા

**PRICE :** Gift with Love

**પ્રત :** ૪૦૦૦ **વર્ષ :** ૨૦૦૨

**COPY :** 4000 **YEAR :** 2002

**મુદ્રક : નટુભાઈ ગો. પટેલ**
રોનક પ્રિન્ટર્સ, બારડોલી
ફોન : ૨૧૦૮૫-ભારત

**PRINTER :** NATUBHAI G. PATEL
RONAK PRINTERS, BARDOLI
PHONE : 21085 - INDIA


આ પ્રાર્થનાની બુકની, કોઈને પણ જરૂર લાગે-ન્યાત, જાત, ધર્મના ભેદભાવ સિવાય-તો જો નીચેનાં બેમાંથી એક એડ્રેસે લખશો તો જયાં સુધી બુક સ્ટોકમાં હશે ત્યાં સુધી વિના મૂલ્યે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે.

Anyone like to have this book regardless of cast, creed or religion please write to one of the following address and a copy will be sent, without any cost, as long as books are in stock.


ભકિતભાઈ રણછોડજી
મુ.પો.: ઓરણા, તા. કામરેજ
જિ. સુરત, ઈન્ડિયા-૩૯૪૩૩૦

Bhaktibhai Ranchhodji
At & Po.: Orna, Tal.: Kamrej
Dist.: Surat, India-394330

મોહનભાઈ કેવળભાઈ રણછોડજી

Mohanbhai Kevalbhai Ranchhodji
No. 1 ESPLANADE
Williams Town,
Victoria
AUSTRALIA - 3016

# INDEX અનુક્રમણિકા


| વિગત | નં. |
|---|---|
| ADVICE TO DUGHTER | 2 |
| લાડલીને શીખ | 3 |
| FOUNDATION OF MARRIED | 4 |
| દાંપત્ય જીવનનો આધાર | 5 |
| SLOCKS | 7 |
| શ્લોકો | 7 |
| VANDAN KARIA SHREE | 24 |
| વંદન કરીએ શ્રી પ્રભુ | 25 |
| SHREE GANESH GANNAYAK | 24 |
| શ્રી ગણેશ ગણનાયક સ્વામી | 25 |
| SHREE KRISHNASHARANAM | 24 |
| શ્રી કૃષ્ણ શરણં મમ | 25 |
| VAKHAT VAHI JAY ANMULO | 24 |
| વખત વહી જાય અણમુલો | 25 |
| AHO DEVANA DEV HE | 26 |
| અહો દેવના દેવ હે વિશ્વસ્વામી | 27 |
| NANDA GHER AANAND THAY | 28 |
| નંદ ઘેર આનંદ થાય ગોકુલમાં | 29 |
| BHED NA JANE KOI SAHEB | 28 |
| ભેદ ન જાને કોઈ સાહેબ તેરા | 29 |
| SAYINGS BY THE SAINTS | 30 |
| મહાન સંતપુરુષોનાં ઉચ્ચારણો | 31 |
| KARO RAKSHA VIPAD MAHI | 56 |
| કરો રક્ષા વિપદ માંહી | 57 |
| SAHUNU KARO KALYAN | 56 |
| સહુનું કરો કલ્યાણ | 57 |

| વિગત | નં. |
|---|---|
| PRABHU MARI PASMA | 58 |
| પ્રભુ મારી પાસમાં રહેજો | 59 |
| NAHI RE VESARUN HARI | 58 |
| નહિ રે વિસારું હરિ | 59 |
| HANSLO PINJARE PURANO | 60 |
| હંસલો પિંજરે પુરાણો | 61 |
| TAME BHULYANE PANTH | 60 |
| તમે ભૂલ્યાને પંથ બતાવો | 61 |
| JYOTSE JYOT JAGAVO, | 62 |
| જયોતસે જયોત જગાવો | 63 |
| KAYANA PINJARE PURAYO | 62 |
| કાયાનાં પિંજરે પુરાયો | 63 |
| TAMARO BHAROSO MANE | 62 |
| તમારો ભરોસો મને ભારી | 63 |
| PRABHU DVAR TAMRA | 64 |
| પ્રભુ દ્વાર તમારા ખોલો | 65 |
| PREMAL JYOTI TARO | 66 |
| પ્રેમળ જયોતિ તારો દાખવી | 67 |
| DHAN NA MAGUN, DOLAT | 66 |
| ધન ન માગું, દોલત ના માગું | 67 |
| RAGHU PATI RAGHAV RAJA | 68 |
| રઘુપતિ રાઘવ રાજા રામ | 69 |
| MALI CHHE KAY MANAVNI | 68 |
| મળી છે કાય માનવની | 69 |
| JAGATMA JANMA LENARA | 70 |
| જગતમાં જન્મ લેનારા | 71 |

| વિગત | નં. |
|---|---|
| TAME BHAVE BHAJO | 70 |
| તમે ભાવે ભજો ભગવાન | 71 |
| PRUBHUJINE PADADAMA | 72 |
| પ્રભુજીને પડદામાં રાખમાં | 73 |
| AEKALO JANE RE | 72 |
| એકલો જાને રે | 73 |
| HAJIA NA JAGE MARO ATAM | 74 |
| હજીએ ન જાગે મારો આતમરામ | 75 |
| KEM KARIA RE AME KEM | 74 |
| કેમ કરીએ રે અમે કેમ કરીએ | 75 |
| PATHIK TARE VISAMANA | 76 |
| પથિક તારે વિસામાના | 77 |
| JAY CHHE ANMUL GHADI | 76 |
| જાય છે અણમૂલ ઘડી | 77 |
| SAMJANTHI JIVAN JIVAVANU | 78 |
| સમજણથી જીવન જીવવાનું | 79 |
| CHAR DIVASNA CHANDRANA | 78 |
| ચાર દિવસનાં ચાંદરણા પર | 79 |
| BHALE DUNIAMA KHUB | 80 |
| ભલે દુનિયામાં ખૂબ સુખ મળે | 81 |
| JIVAN JIVAVANI KALA JANO | 80 |
| જીવન જીવવાની કળા જાણો | 81 |
| JE GAME JAGATGURU DEV | 82 |
| જે ગમે જગતગુરુ દેવ જગદીશને | 83 |
| AVI CHHE KUDRATNI KALA | 82 |
| એવી છે કુદરતની કળા | 83 |
| TEDA AVYA RE MARA RAMNA | 84 |
| તેડા આવ્યા રે મારા રામના | 85 |

| વિગત | નં. |
|---|---|
| SAMARNE SHREE HARI | 84 |
| સમરને શ્રી હરિ (પ્રભાતિયું) | 85 |
| SUKH DUKH MANAMA NA | 86 |
| સુખ દુ:ખ મનમાં ન આણિયે | 87 |
| AKHIL BRAHMADMA EAK TU | 86 |
| અખિલ બ્રહ્માંડમાં એક તુ | 87 |
| VARARAJA UTARE AAVE | 88 |
| વરરાજા ઉતારે આવે ત્યારે ગવાય | 89 |
| RADHAJI GHANUN HARKHYA | 88 |
| રાધાજી ઘણું હરખ્યા મન | 89 |
| GOKULMA EK NANDAJI NU | 90 |
| ગોકુલમાં એક નંદજીનું ધામ | 91 |
| PAGARAN VHELA PADHAR JO | 92 |
| પગરણ વ્હેલા પધારજો રે | 93 |
| GANGA JAMNANA NIR | 92 |
| ગંગા જમનાના નીર મંગાવો | 93 |
| GOR SHREE GANGACHARYA | 94 |
| ગોર શ્રી ગંગાચાર્ય બોલાવો | 95 |
| GURECHARNE KAR JODI | 94 |
| ગુરુચરણે કર જોડી લાગું | 95 |
| LAKHS CHORASINO FERO | 96 |
| લક્ષ ચોરાશીનો ફેરો | 95 |
| TU TO RAM RATAN KAR | 98 |
| તું તો રામરટણ કર રંગમાં | 99 |
| HUN TO HARJI JOVANE | 98 |
| હું તો હરજી જોવાને નિસરી | 99 |
| JIV TUN KAHNASE AAYO | 100 |
| જીવ તું કહાંસે આયો | 101 |
| MANSHA DEHI PAI | 100 |
| મનષા દેહી પાઈ | 101 |

| વિગત | નં. |
|---|---|
| RAHI JANE AAJANI RAT | 102 |
| રહી જાને આજની રાત | 103 |
| AVYO TUN AKALO NE JAVUN | 104 |
| આવ્યો તું એકલોને જાવું છે | 105 |
| MARANNI AKARI GHANTI | 104 |
| મરણની આકરી ઘાંટી | 105 |
| TEDUN THAYUN KIRTARNUN | 106 |
| તેડું થયું કીરતારનું | 107 |
| VAKHAT VAHI JAY ANMULO | 106 |
| વખત વહી જાય અણમુલો | 107 |
| MELI CHADAR ODHAKE | 108 |
| મેલી ચાદર ઓઢકે | 109 |
| JANAR TO JATA RAHYAN | 108 |
| જનાર તો જતા રહ્યાં | 109 |
| PRANIA BHAJI LENE KIRTAR | 110 |
| પ્રાણીયા ભજી લેને કિરતાર | 111 |
| RAKHANA RAMAKDA NE | 110 |
| રાખનાં રમકડાં ને | 111 |
| MAN VANI NE KARMATHI | 112 |
| મન વાણી ને કર્મથી | 113 |
| HARI AUM TATSAT SHREE | 114 |
| હરિ ૐ તત્ સત્ શ્રીનારાયણ | 115 |
| MANDIR TARUN VISHVA | 114 |
| મંદિર તારું વિશ્વરૂપાળુ | 115 |
| AHO DEVNA DEV HE VISHVA | 116 |
| અહો દેવના દેવ હે વિશ્વ સ્વામી | 117 |
| AUM JAY ANTAR YAMI | 116 |
| ૐ જય અંતરયામી | 117 |
| SHREE RAMCHANDRA | 118 |
| શ્રી રામચન્દ્ર કૃપાલુ | 119 |

| વિગત | નં. |
|---|---|
| SUNAVO GITA SAR | 118 |
| સુણાવો ગીતા સાર | 119 |
| HE PARMESHVAR MANGAL | 120 |
| હે પરમેશ્વર મંગલદાતા | 121 |
| JAY GANESH GAN NAYAK | 120 |
| જય ગણેશ ગણનાયક દેવા | 121 |
| NA VISHRIA | 122 |
| ના વિસારીએ | 123 |
| GODINI SAKHI | 122 |
| ગોડીની સાખી | 123 |
| SHREE GURUNE LAGU PAY | 124 |
| શ્રી ગુરુને પાયે લાગું | 125 |
| BAHUT BHALO HE BHAI | 124 |
| બહુત ભલો હે ભાઈ | 125 |
| KAHEN MANGAL GAYE | 126 |
| કાહેન મંગલ ગાયે | 127 |
| AYSE HI BANI AAI, ABMARE | 126 |
| ઐસીહી બની આઈ, અબ મેરે | 127 |
| GAV CHARI GHER AVE | 128 |
| ગૌચારી ઘેર આવે | 129 |
| KHELAT CHARO BHAI SHREE | 128 |
| ખેલત ચારો ભાઈ, શ્રી આંગનામાં | 129 |
| AARTI HO DEV SHIROMANI | 130 |
| આરતી હો દેવ શિરોમણિ તેરી | 131 |
| SHREE PADMANABH PARI | 130 |
| શ્રી પદ્નાભ પરિબ્રહ | 131 |
| O ISHVAR BHAJIA TANE | 132 |
| ઓ ઈશ્વર ભજીએ તને | 133 |
| AANAND MANGAL KARUN | 136 |
| આનંદ મંગલ કરું આરતી | 137 |

| વિગત | નં. | વિગત | નં. |
|---|---|---|---|
| JAY JAGDISH HARE,PRABHU | 136 | TIRATH KAHA JANA MERA | 164 |
| જય જગદીશ હરે, પ્રભુ જય | 137 | તીરથ કહાં જાના મેરા ભાઈ | 165 |
| STHIT PRAGNA LAKSHANO | 138 | ARAJI AMARI SUNO | 164 |
| સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો | 139 | અરજી અમારી સુણો શ્રીનાથજી | 165 |
| VAISHNAVJAN TO TENE RE | 144 | ME PREMNI DORI BANDHI | 166 |
| વૈષ્ણવ જન તો તેને રે કહીએ | 145 | મેં પ્રેમની દોરી બાંધી રે | 167 |
| HE PRABHU HE PRABHU | 146 | TU KYAN JASHE MANAVA | 166 |
| હે પ્રભુ હે પ્રભુ શું કહું | 147 | તું ક્યાં જાશે મનવા | 167 |
| BAHU PUNYA KERA PUNJ | 150 | BHAKTI KERUN BHATUN | 168 |
| બહુ પુણ્ય કેરા પૂંજથી | 151 | ભક્તિ કેરું ભાથું ભરીલે | 169 |
| VANDAN / PRANIPAT STUTI | 152 | RATE NIDRA DAHADE KAM | 170 |
| વંદન તથા પ્રણિપાત સ્તુતિ | 153 | રાતે નિદ્રા, દહાડે કામ | 171 |
| SHREE SADGURU UPKAR | 154 | BHAKTI NO UPDESH | 170 |
| શ્રી સદ્ગુરુ ઉપકાર -મહિમા | 155 | ભક્તિનો ઉપદેશ | 171 |
| GHARMA KASHI | 156 | SHRIMAD RAJCHANDRA | 172 |
| ઘરમાં કાશી | 157 | શ્રીમદ્ રાજચંદ્ર | 173 |
| VIDHI NA LEKH LAKHYA | 156 | SHRIMAD RAJCHANDRA | 172 |
| વિધિનાં લેખ લખ્યા નવ જાય | 157 | શ્રીમદ્ રાજચંદ્ર | 173 |
| RAM RAS AISA HE | 158 | YAM NIYAM SANYAM | 174 |
| રામ રસ ઐસા હે | 159 | યમનિયમ સંયમ | 175 |
| SADGURU SANT KABIR | 158 | VANK NATHI KAI MARO RE | 176 |
| સદ્ગુરુ સંત કબીર | 159 | વાંક નથી કાંઈ મારો રે લક્ષ્મણ | 177 |
| TU SAMAJ MAN | 160 | JIVATA SHIKHO RUDI RITE | 178 |
| તુ સમજ સમજ મન | 161 | જીવતાં શીખો રૂડી રીતે | 179 |
| KRASHNA JOYANA KODE | 160 | CHITT TUN SHIDNE CHINTA | 178 |
| કૃષ્ણ જોયાના કોડ | 161 | ચિત્ત તું શીદને ચિંતા ધરે | 179 |
| VAN MA CHALYA RAGHU | 162 | CHAR DIVASNA CHANDARNA | 180 |
| વનમાં ચાલ્યા રઘુરાય | 163 | ચાર દિવસનાં ચાંદરણામાં | 181 |
| UDDHAR KARO BHAGVAN | 162 | KONE RE GHADI RE KAYA | 182 |
| ઉધ્ધાર કરો ભગવાન | 163 | કોણે રે ઘડી રે કાયા કોણે રે ઘડી | 183 |

| વિગત | નં. |
| --- | --- |
| TARE MOTA GHARNU TEDUN | 182 |
| તારે મોટા ઘરનું તેડુ | 183 |
| PRABHUNI RACHANA CHHE | 184 |
| પ્રભુની રચના છે એવી | 185 |
| MATINI KAYA | 186 |
| માટીની કાયા | 187 |
| BHAI MARO SATHI DO | 188 |
| ભાઈ મારો સાથીડો | 189 |
| KAYANU RUDUN PINJARU | 188 |
| કાયાનું રૂડું પીંજરું છોડીને જવાનું | 189 |
| HE NATH JODI HATH PAYE | 190 |
| હે નાથ જોડી હાથ પાય | 191 |
| AATALO SANDESHO MARA | 192 |
| આટલો સંદેશો મારા | 193 |
| SATYANAM SADGURU | 192 |
| સત્યનામ સદ્ગુરુ | 193 |
| AATLUN TUN APJE, BHAGVAN | 194 |
| આટલું તું આપજે, ભગવાન | 195 |
| TO NAMRATA DUKHMA AAVE | 194 |
| તો નમ્રતા દુ:ખમાં આવે | 195 |
| BHAKTI KARTAN CHHUTE | 196 |
| ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ | 197 |
| AMNE ANTSAMAYE UPKARI | 196 |
| અમને અંત સમયે ઉપકારી | 197 |
| BHAJOMAN RE PANKHIDAN | 198 |
| ભજો મન રે પંખીડા | 199 |
| MANGAL MANDIR KHOLO | 198 |
| મંગલ મંદિર ખોલો | 199 |
| BHULYO RE MAN BHAMARA | 200 |
| ભૂલ્યો રે મન ભમરા તું કયાં | 201 |

| વિગત | નં. |
| --- | --- |
| JUNUN TO THAYUN RE | 200 |
| જૂનું તો થયું રે દેવળ | 201 |
| JONE VICHARI TU JIVADA | 202 |
| જોને વિચારી તું જીવડા | 203 |
| EAKJ DE CHINGARI | 202 |
| એક જ દે ચિનગારી મહાનલ | 203 |
| GHADI RE UPAR GHADIARA | 204 |
| ઘડી રે ઉપર ઘડિયારા વાગે | 205 |
| RAM RAY MANKI ASHA | 206 |
| રામ રાય મનકી આશા પાઉં | 207 |
| KABIR HARI RANG LAGA HO | 206 |
| કબીર હરિ રંગ લાગા હો | 207 |
| RAJA RAMJAPO MERE BHAI | 208 |
| રાજા રામ જપો મેરે ભાઈ | 209 |
| DEH KI THASHE MITTI | 208 |
| દેહકી થશે મિટ્ટી | 209 |
| RAM RAY AADI CHAKER | 210 |
| રામ રાય આદિ ચાકર તેરા | 211 |
| KYO CHAMKAVE NAYANA | 210 |
| ક્યોં ચમકાવે નયના | 211 |
| RAMAKO NITYA KIJE | 212 |
| રામકો નિત્ય કિજે સુમરણ | 213 |
| RAM BHAJAN VISARI HO | 212 |
| રામ ભજન વિસરી હો ગયા | 213 |
| KAHE KU DEH DHARI RE | 212 |
| કાહુકે દેહ ધરી રે | 213 |
| MANDIR DEKH DARE RE | 214 |
| મંદિર દેખ ડરે રે સુદામાજી | 215 |
| GOVIND NAM DHARYO KINE | 214 |
| ગોવિંદનામ ધર્યો કીને તેરો | 215 |

| વિગત | નં. |
| --- | --- |
| RAM SANEHI AAVHI | 216 |
| રામ સનેહી આવહી | 217 |
| KOI AJ JASE KOI KAL | 216 |
| કોઈ આજ જશે કોઈ કાલ | 217 |
| VIDHINA LEKH NAHI SAMJAY | 218 |
| વિધિનાં લેખ નહીં સમજાય | 219 |
| RAM VINA BHARAT RUDAN | 220 |
| રામ વિના ભરત રૂદન કરે છે | 221 |
| SHREE RAM JAY RAM, JAY | 220 |
| શ્રી રામ જય રામ, જય જય રામ | 221 |
| TAME AMARA, AME TAMARA | 222 |
| તમે અમારા, અમે તમારા | 223 |
| SADGURUE SHANMA | 222 |
| સદ્‌ગુરુએ શાનમાં સમજાવ્યું રે | 223 |
| JANMO JANAM NO SATH | 224 |
| જન્મો જન્મનો સાથ શિવજી | 225 |
| TU TO MALARE, JAPILE | 224 |
| તું તો માળા રે, જપીલે મારા રામ | 225 |
| MAYA NAHI SAMJAY | 226 |
| માયા નહિ સમજાય, પ્રભુજી તારી | 227 |
| TAME SHANTI SADA | 226 |
| તમે શાન્તિ સદા ધરજો | 227 |
| O PRABHU TAME | 228 |
| ઓ પ્રભુ તમે ભૂલ્યાને પંથ બતાવો | 229 |
| AATMA NE JUNU LAGYU RE | 228 |
| આત્માને જુનું લાગ્યું રે | 229 |
| BOLYA BOLYA SHREE | 230 |
| બોલ્યા બોલ્યા શ્રીભગવાન | 231 |
| PRABHUNA UPKAR HUN TO | 234 |
| પ્રભુના ઉપકાર હું તો ભૂલી રે | 235 |

| વિગત | નં. |
| --- | --- |
| PRABHU MARI PASE RAHE | 236 |
| પ્રભુ મારી પાસે રહેજો, માગું મને | 237 |
| BANDHAN MAYANA | 238 |
| બંધન માયાનાં છોડાવ | 239 |
| JONE TARI JINDIGANI VAHI | 238 |
| જો ને તારી જિંદગાની વહી જશે | 239 |
| BHAJAN KARI LYO BHAVE | 240 |
| ભજન કરી લ્યો ભાવે રે | 241 |
| THAL : AAROGO NRUSINH | 240 |
| થાળ : આરોગો નૃસિંહ મહા પ્રભુ | 241 |
| THAL : MARA RASBHINA | 242 |
| થાળ : મારા રસ ભીના રણછોડ | 243 |
| JAMAVA AAVO VISHVA TANA | 242 |
| જમવા આવો વિશ્વતણા ઘડનાર | 243 |
| THE AMERICAN NATIONAL ANTHEM | 244 |
| cANADIAN NATIONAL ANTHEM | 244 |
| THE INDIAN NATIONAL ANTHEM | 242 |
| ભારત-ઈન્ડિયાનું રાષ્ટ્રગીત | 245 |
| VANDE MATARAM | 246 |
| વંદે માતરમ્ | 245 |

.....પ્રસ્તાવના.....

## ॥ આવકાર અને અભિનંદન

આપણે હવે વૈશ્વિકરણના જમાનામાં જીવીએ છીએ. છેલ્લાં ૨૦-૨૫ વર્ષમાં જે પરિવર્તનો આવ્યાં છે, તે વાહન-વ્યવહાર અને સંદેશા વ્યવહારનાં સાધનોને આભારી છે. હવે તો ટી.વી., ઈન્ટરનેટ અને વેબ સાઈટના જમાનામાં દેશ, ભાષા અને સંસ્કૃતિની સરહદો ભુંસાઈ જવા આવી છે. એમાં જ કેટલાકને મોટું સંકટ દેખાય છે. એક તરફ વ્યાપાર વાણિજય માટે તો જગતભરમાં ફરવું જ પડશે. જગતભરમાં હરતા ફરતા આપણે આપણી પોતાની ઓળખ જાળવવાના પ્રયત્નો પણ કરીએ છીએ. લખલૂંટ સંપત્તિ હોય ને પોતાની સંસ્કૃતિ ન હોય તો પોતાપણું કયાં રહ્યું ? આપણી જાત જ ખોવાઈ જાય પછી આપણી પાસે જે કંઈ હોય તેની શી કિંમત હોય ?

આપણા ભકતસમાજની વાત કરીએ તો આપણા અંદાજે ત્રણ હાજાર જેટલાં કુટુંબો છે. એમાંના અડધો અડધ એટલે અંદાજે ૧૫૦૦ની આસપાસનાં કુટુંબો ગુજરાત-ભારતમાં અને બીજાં પરદેશમાં વસે છે. પરદેશમાં વસતા ભાઈ-બહેનોની સંપત્તિ પ્રમાણમાં સારી છે. પણ એમના સંસ્કૃતિના પ્રશ્નો અતિ વિકટ છે. એમાંય ખાસ કરીને જે નવી પેઢીના સંતાનો વિદેશમાં જ જન્મ્યા છે. અને ત્યાં જ ઉછેર પામ્યા છે. તેમના પ્રશ્નો વધારે વિકટ છે. કારણ કે એમને પોતાની માતૃભાષા ને માતૃભૂમિનો હોવો જોઈએ, તેટલો ખ્યાલ નથી. આપણી સમજણ

એવી છે કે એ ખ્યાલ હોય તો વધારે સારી રીતે એઓ જીવી શકશે.

પશ્ચિમની સંસ્કૃતિનાં સારાં લક્ષણો છે. યુરોપ, અમેરિકા દેશોમાં ભૌતિક સંપત્તિ છે. લોકો મહેનત કરે છે. મોજ મસ્તીથી જીવે છે. જીવનનાં સુખો તો દેખીતી રીતે ભોગવે છે. તેમ છતાં એમના જીવનમાં કોઈક પ્રકારની બેચેની છે. ધર્મની ભાવના પણ જાણે કે ઘસાતી જાય છે. છૂટાછેડાની સંખ્યા વધતી જાય છે. કુટુંબ ભાંગતાં જાય છે. નવી પેઢી જે વિદેશમાં જન્મી છે તે ત્યાં ઉછેર પામી છે તેની વિચારસરણી તદ્દન જુદી જ થતી જાય છે.

આ નવી પેઢીના સંતાનોને પોતાની માતૃભાષા આવડતી નથી. આથી આપણી ગુજરાતી ભાષા, સંસ્કૃતિ જાળવવાં વધારે મુશ્કેલ બની રહ્યાં છે. વિદેશમાં વસતી આપણી નવી પેઢી ભારતીય સંસ્કૃતિ, ગુજરાતી સંસ્કાર તથા ધર્મ ભાવનાથી પરિચિત થાય તે માટે આપણે 'કબીરવાણી' દ્વારા સદા પ્રયત્ન કરીએ છીએ. આપણા એ પ્રયત્નોની પુરવણીરૂપે આપણા સમાજના કેટલાક સજ્જનો પણ પ્રયત્ન કરી રહ્યા છે. એવા પ્રયત્નો કરનારા વડીલોમાંના એક તે ઓરણાના શ્રી ભકિતભાઈ રણછોડજી છે. એમણે પોતાના સ્વાધ્યાયના પરિણામ સ્વરૂપે આ પુસ્તિકામાં જાતજાતની સામગ્રીનો સંચય કર્યો છે. એમાં પ્રાર્થનાઓ છે. આપણા પ્રચલિત મંત્રો છે. કેટલાંક ભજનો પણ છે. સુવાકયો ને સદ્‌વિચારો છે. પૂજય મોરારીબાપુના વિચાર પણ પ્રસ્થાપિત થયેલા છે. એ સામગ્રીનો અંગ્રેજી અનુવાદ પણ આપવામાં આવ્યો

છે, જેથી નવી પેઢીનાં સંતાન પણ આ સામગ્રી વાંચી શકે. આવો સામગ્રી સંચય કરવા બદલ આપણે સૌ શ્રી ભકિતભાઈ રણછોડજીને ધન્યવાદ આપી આભારની લાગણી વ્યકત કરી આવકાર અને અભિનંદન આપીએ છીએ.

આ પ્રસંગે શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ વતી નવી પેઢીને ઉપયોગી અને પ્રેરણાત્મક આ પુસ્તક છપાવનાર વડીલ શ્રી ભકિતભાઈ રણછોડજી ભકત અને શ્રી મોહનભાઈ કેવળભાઈ ભકતને હું અભિનંદન આપું અને આ પુસ્તકને આવકારું છું. સમાજમાંથી ઘણી બધી પુસ્તિકાઓ લગ્નપ્રસંગે, મરણ-પ્રસંગે તેમજ પ્રાર્થના માટેની પ્રકાશિત થઈ છે. આશા છે કે એવી જ એક આ પુસ્તિકા ભાવિ પેઢીને ઉપયોગી થશે.

દેખીતી રીતે જુઓ તો આ કામ પહેલી નજરે કોઈને ઉપયોગી ન પણ લાગે. છતાં વિદેશમાં કે ભારત-ગુજરાતમાં જે નવી પેઢી ઉછેર પામી રહી છે, તેમનાં મનની કોમળ કુમળી ભોંયમાં સંસ્કારનાં બીજ રોપવા માટે આ સંચય ખૂબ જ ઉપયોગી નીવડશે એમાં શંકા નથી.

આથી જ આ સંગ્રહને આવકારતાં અને અભિનંદન આપતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

કરસનભાઈ લલ્લુભાઈ ભકત
પ્રમુખ/ટ્રસ્ટી
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
સુરત

.....આવકાર.....

## ॥ અસ્મિતા જાળવણીનો પ્રયત્ન ॥

ભકત પરિવારોની અસ્મિતા કબીરસાહેબની તાત્ત્વિક વિરચારધારા મુજબ કંડારાયેલી રહી છે. દક્ષિણ ગુજરાતના પ્રદેશની રામકબીર ભકત સમાજની પરદેશ ખેડાણની વર્ષો જૂની પરંપરા ૨૧મી સદીમાં પણ ચાલુ રહી છે. પરદેશ તરફના પ્રયાણની સાથે ત્યાં પણ રામકબીર ભકતસમાજની સહકાર, સાહસ, સમર્પણ, સંગઠન અને સદાચારની વિભાવના આજ પર્યંત વિકસતી રહી છે.

વર્ષોથી કબીરસાહેબની વિચારસરણી પ્રમાણે ભારતીય ભકત પરિવારોનો સમાજ શુભ-અશુભ અવસરે ભજન-ગીતો, પ્રાર્થના, લગ્નગીતો ગાઈને નિજાનંદ પ્રાપ્ત કરતો રહ્યો છે. આ પુસ્તિકામાં ભજનોનો સંગ્રહ કરી પરંપરાની જાળવણી કરવા માટે પરદેશવાસીઓ સમજી શકે, નવી પેઢી એ ભજનોનો રસાસ્વાદ માણી શકે તે હેતુથી તેનું અંગ્રેજી ભાષાંતર ખૂબ અથાગ પ્રયત્ન દ્વારા ઓરણાના વડીલશ્રી ભકિતભાઈ રણછોડજી ભકત દ્વારા કરાયું છે. ખૂબ વયોવૃધ્ધ ઉમરે પણ નવી પેઢી માટેનું ભાથું તેમણે તૈયાર કરવામાં ઉઠાવેલી જહેમત અને તેની પાછળના ભાંવાત્મક સદ્‌હેતુની સરાહના કરી ખૂબ અભિનંદન પાઠવું છું.

ભારતીય પરંપરા અને ભકત પરિવારના ઉત્સવો, પ્રસંગોમાં અને શુભ-અશુભ અવસરોએ પુસ્તિકામાંથી ભજનોનો મર્મ સમજી ગવાય. હવે પછીની પેઢી પણ રીતરિવાજોમાં સુધારાત્મક ખ્યાલથી પ્રેરાયને ધાર્મિક સંસ્કારિકતાનું જતન કરશે તો પુસ્તિકાનો હેતુ સાર્થક થશે.

પુસ્તિકામાં શ્લોકોનો અનુવાદ રસદાયક છે. સાથે સંતોના અમૃત વચનોની રત્નકણિકા જીવનમાં પ્રેરણા આપી સદ્‌વિચાર ફેલાવવામાં ઉપયોગી બની રહેનાર છે. પુસ્તિકાના છાપકામનું સમગ્ર ખર્ચ પૂ. ભક્તિભાઈ રણછોડભાઈ ભકત અને મોહનભાઈ કેવળભાઈ ભકતે ઉઠાવી સમાજના માધ્યમથી આશરે ૪૦૦૦ પ્રત છપાવી પરદેશ અને ભારતમાં ઘરે ઘરે ભકત સમાજને ભેટ તરીકે પહોંચાડી અનન્ય સેવા કરવા વિચાર્યું છે જે માટે ફરી ધન્યવાદ અર્પી શુભકામના અને અભિનંદન પાઠવું છું.

પ્રાસ્તાવિક લખવાની કક્ષામાં મને મૂકી મારા માટે પુસ્તિકા સંભારણું બની રહે તેવું વિચારવા બદલ તેમનો આભારી છું. ફરીથી આ કાર્યમાં ઉપયોગી થનાર સૌ સદ્‌સ્યોનો આભાર માનું છું. પુસ્તકમાં સંગ્રહાયેલી વિચારધારા અને ભજનો પુસ્તિકામાં જ ન રહે, યુવા પરિવાર એનો ઉપયોગ કરી ભકત સમુદાયનું ભાવનાત્મક સંગઠન જાળવવામાં રસ લઈ કંઈક કરી છૂટશે તો પુસ્તિકાનો સદ્‌હેતુ અને વડીલશ્રીની મનોકામના પૂર્ણ થશે થશે જ જેમાં લગીરે શંકા નથી.

ફરીથી પુસ્તિકાના પ્રયત્નને આવકારી અભિનંદન પાઠવી શુભકામના અર્પી વિરમું છું. અસ્તુ.

ઓરણા<br>
કૃષ્ણજયંતી<br>
જન્માષ્ટમી<br>
તા. ૩૧-૦૮-૨૦૦૨

હસમુખભાઈ આર. ભકત<br>
તંત્રી,<br>
કબીરવાણી<br>
રામકબીર ભકતસમાજ

# *May Bhakti flow from within...*

*-Dr. Chaitanya Desai*

Complacence is the common pursiut of every living being. A normal healthy child is never found mute and motionless. He seeks to be active and vivacious. It would be surprising if a plant would not peep out from darkness to sunlight. A cuckoo never asks anybody's permission to express its joy being on the top of a tree in a halcyon surrounding. A stork is never known tired of meditating a fish, standing on single leg. Whether a human being or an animal or a bird or a plant- all seek self satisfaction and validity to their existence even by penetrating the pains and plights, obstacles and ordeals and reach the horizon of success in their lives! Otherwise, why a peacock must dance under rain? Why a mother, mothers her child undergoing a terrific travail ? Why a poet pens his poetry recollecting his emotions in tranquirity ? -A Peacock, a mother,, apoet offers something precious when at the peak. It is their valuable gift to the world. There lies their complacence. In the same way the aged and elderly people also want to offer their 'grey haired wisdom' to the younger generation. It is not passing on and handing over the material wealth they have earned, but it is the accumualated stock of 'sanskara', and culture, their inner aspirations and bountiful blessings that they have to present to the 'jeasns-culture', and even to the tiny tots. They are cock-sure of the newer generation to have better earning capacity, but are pretty suspicious about its religious and cultural heritage. Our generation has to take over 'Bhakti', 'Sanskara' and 'Punya' from the older generation, which they also had taken over from saints, and devotees of the past. Our joint-family culture and the Hindu

way of life is so presious that it can't parish. Our religious minded elders are indeed verenable who believe in preserving and passing on this noble culture.

Shri Bhaktidada (Mr. Bhaktibhai Ranchhodbhai Bhakta-75) of Orna, Ta. Kamrej, Dist. Surat, is one such 'Bhakt' a devotee to Indian culture, and heritage-in the true sense of the term. When I came to know him through Mr. Hasubhai Bhakta, the editor of 'Kabir-Vani', I found him to be a through gentleman. full of devotion and vision to do something for the community as an NRI, now settled in India. He was keenly interested in publishing a collection of some prayers, bhajans (carols), and some noble throughts which he had collected since long. The stuff, I have found it really good and am pretty sure that it would be helpful to the new generation. This is, as he puts it, 'the true treasure of devotion', (Bhakti-dhun) which should flow as a stream does (Bhakti-dhara), as whoever reads it, would benefit with its ideas, and wisdom.

Osho Rajnish differentiates between 'Concepts or ideas' and 'throughts or thinking'. The eternal concepts we've got from the Rishis, great thinkers and holy scriptures in the from of 'seeds'. You may lable them as philosophical values, intellectual heritage or basic cultural elements. These have been pondered over from time to time by contemporary saints, preachers and thinkers, who have diluted the stuff and have made it digestable for society. It the first category is adored by the remote stars like Maharshi Ved-Vyas, Valmiki, Charvak, Plato, Aristotle, Bhagwan Buddh, Mahavir, Jesus Christ and so on, the second category of thinkers would include Gandhiji, Vivekananda, Kabir, Tulsi, Meera, Narsinh Mehta etc. We, the common people come under

the third category og followers of ideology or the carriers of thoughts. Thus the flow of 'Bhakti' effected by Kabir Saheb or Narsinh Mehta has received by common men or mass, and tried to follow what they could. Our Bhaktidada is one among them, who learnt it in childhood, strengthned it in his youth and offer enriching it in the ripe age and harvesting its fruits, now offers to us. He strove to give good education to his children and grand-children, got them settled abroad, enriched their roots with culture and noble tradition. And now he wants to share his complacence and joy of life with the entire community members around the world. He wishes, this flow of devotion, which has filled his heart, inspired all his activities and vibrated his vigor throughout his life, may do the same effect to others. This noble publication is being done under the name of his late parents as a tribute to the past generation. This too, is unique that he expresses his indebtedness to them for this heritage. This 'Charity of Bhakti' (Bhakti-daan) and 'wealth of Bhakti' (Bhakti-dhan) he has to offer.

Our Indian (Gujarati) families residing abroad have to swim against the current....different environs, oppostie culture and peculiar lifestyle ! They are worried about, amidst all these, will the earthen lamp of 'sanskara' keep burning in their homes ? Will the material mind and commercial culture overshadow it ? To sustain our posterity and shield them against all odds, Bhaktidada has to say many things; he has to advise his grand-daughter going to her inlaws, to show the fundas of a succesful domestic life, to explain the significance of many of our noble traditions and rituals, to show 'Jiv tu kahanse aayo, mansa dehi paai' and to recite Shrimad Rajchandra prayer- 'Bahu Punya kera

punjathi subh deh maanavno malyo'

He has to warn his American Bhakta collegian with a bitter pill- 'Nirkhine nav-yauvana, less-na vishay-nidaan'. Thers and many such gems are stuffed in these pocket-size pages. Moreover, there are many bhajans, our community recites at various occasions, especially durings post-funeral satsang like- 'kayanu pinjaru', Junu to thayun re deval', Prabhuni Rachna' etc. would console our sores. Kabirsaheb says- 'Ram-ras aisa hai mere bhai, Jo koi pive amar ho jaye.'- this strengthens our ideology while breathing amidst affluence. On the other hand Bhaktidada reminds us-

'Sachu tirthatan Mata-Pita keru....'

Thus, it is the driving force of Bhaktidada to keep the flow of original Indian philosophy among us. With all pains and plights of his body, he is virtually vigorous from within. Let us salute his sonorous spirit and wel come his effort to have brought this precious treasure handy to us. As one of the associates of 'Kabir-vani' family and a well-wisher of 'Bhaktasamaj' I am thankful to have said a few words here. I am greatful to Bhaktidada and Shri Hasubhai Bhakta for considering me capable enough to introduce this sacred venture. May I conclude with-

'Vaho haiye nit Bhakti-dhara.....!'

Let the Stream of devotion flow from within.

*Dr. Chaitanya Desai*
*Arts & Commerce College*
*BARDOLI-394 601.*

# પ્રકાશકોના બે બોલ

ભીખાભાઈ ભૂલાભાઈ ભકત અને રણછોડજી ભૂલાભાઈ ભકત બે ભાઈઓ ધામણથી આવી ઓરણામાં સ્થાયી થયા હતા.

રણછોડજી ભૂલાભાઈ ગરીબાઈને લઈને ૧૮૯૫ આસપાસ આફ્રિકા ગયા હતા. સા. આફ્રિકા ડરબન શહેરમાં કામ ધંધો-ભાષા આવડે નહિ એટલે રસોઈ બનાવવા રહ્યા હતા.

ત્યારબાદ ટ્રાન્સવાલ પ્રાન્તમાં લોન્ડ્રી ખોલી, મહેનત કરી ગરીબાઈ દૂર કરી હતી. તેમને એક પુત્રી હતી જેનાં તેમણે દેશમાં લગ્ન કરાવ્યાં હતાં. બે પુત્રો (૧) કેવળભાઈ રણછોડજી અને (૨) ભકિતભાઈ રણછોડજી. કેવળભાઈ રણછોડજીના પરિવારમાં ત્રણ પુત્રીઓ અને બે પુત્રો. એક પુત્રીનું નાનપણમાં અવસાન થયું હતું. બે પુત્રીઓ સવિતાબેન અને પ્રભાવતીબેનનાં યોગ્ય ઠેકાણે લગ્ન કરાવ્યાં હતાં. બે પુત્રો મોહનભાઈ કેવળભાઈ અને જયંતીભાઈ કેવળભાઈ છે. પૌત્ર ભદ્રકાન્ત મોહનભાઈ કેવળભાઈ સાઉથ આફ્રિકામાં મેડિકલ ડૉકટર થયા. મોટી હોસ્પિટલમાં કામ કરી, વધુ અભ્યાસ કરી, કેપ-ટાઉન યુનિવર્સિટીની ન્યુરો સર્જનની ડીગ્રી મેળવી હતી. તેઓ ભદ્રકાન્તભાઈ મોહનભાઈ, હાલ ઓસ્ટ્રેલિયામાં કન્સલ્ટન્ટ ન્યુરો સર્જયનની પ્રેકટીસ કરે છે. મગજમાંથી ગાંઠ કાઢવાનું કામ કરે છે.

બીજા પૌત્ર શૈનેલભાઈ મોહનભાઈ કેવળભાઈ ઈન્ડસટ્રીયલ એન્જિનિયર છે. જયંતીભાઈ કેવળભાઈ રણછોડજીના પરિવારનાં સભ્યો અમેરિકામ સ્થાયી થયા છે.

ભકિતભાઈ રણછોડજીના પૌત્ર રવીન્દ્રભાઈ મહેન્દ્રભાઈ ડેન્ટલ સર્જન તરીકે અમેરિકામાં પ્રકેટીસ કરે છે. પૌત્રવધૂ પારૂલબેન રવીન્દ્રભાઈએ વધુઅભ્યાસ કરી મેડિકલ ડિગ્રી એમ.ડી.ની મેળવી છે.

ભક્તિભાઈ રણછોડજીની પૌત્રીઓ (૧) લતાબેન રમેશભાઈ (૨) પ્રીતિબેન ચંપકભાઈ (૩) નીતાબેન રમેશભાઈએ ગ્રેજ્યુએટ થયા બાદ કોમ્પ્યુટર ફીલ્ડમાં અભ્યાસ કર્યો છે. (૧) મોહનભાઈ કેવળભાઈ અને (૨) ભક્તિભાઈ રણછોડજીએ આ નાનકડી પોકેટ સાઈઝની પ્રાર્થના-ભજનની બુક છપાવી ભક્તસમાજનાં સભ્યોને મોકલાવી છે, જે આશા છે કે સૌને ઉપયોગી નીવડશે.

પરદેશમાં-ખાસ કરીને અમેરિકા, કેનેડા, ઈંગલેન્ડમાં ગુજરાતી-ભક્તસમાજનાં-ઘણા યુવાન સભ્યો ગુજરાતી બોલી શકે છે, પણ વાંચી શકતા નથી એટલે ગુજરાતી લિપિમાં અને ઈંગ્લિશ લિપિમાં પ્રાર્થના-ભજનો તૈયાર કર્યાં છે. સંત પુરુષોનાં વચનો અને સંસ્કૃતના શ્લોકોનું ઈંગ્લિશમાં ટ્રાન્સલેશન કરાવ્યું છે. સારા માઠા પ્રસંગે મોટી ઉમરના અને યુવાનો સાથે બોલી શકે તે હેતુથી તૈયાર કરાવ્યા છે. પરદેશોમાં ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે તે પ્રકાશકોનો હેતુ છે.

આ પુસ્તિકા હમારા પૂજયવડીલ સ્વ. રણછોડજી ભૂલાભાઈ અને બીજા વડીલોની યાદગીરીમાં અમે છપાવી છે. યુવકોના ટ્રાઉઝરના પોકેટમાં અને લેડીઝના પર્સમાં રહી શકે જેથી સારા-માઠા પ્રસંગે સાથે લઈ જઈ શકાય.

આશા છે કે ભક્ત સમાજના સભ્યોને આ નાનકડી પુસ્તિકા ઉપયોગી નીવડશે. અમો રામકબીર ભક્તસમાજના પ્રમુખ શ્રી કરસનભાઈ લલ્લુભાઈ ભક્તનો અને બારડોલી કોલેજના પ્રોફેસર શ્રી ચૈતન્ય દેસાઈનો અને કબીરવાણીનાં તંત્રી શ્રી હસમુખભાઈ રામભાઈ ભક્તનો અને રોનક પ્રિન્ટિંગ પ્રેસના માલિક શ્રી નટુભાઈ પટેલનો, તેઓના સહકાર, પ્રસ્તાવનાઓ લખવા માટે, સમયનો ભોગ આપી અમોને સહકાર આપ્યો તે બદલ આભાર માનીએ છીએ.

ભક્તિભાઈ રણછોડજી
મોહનભાઈ કેવળભાઈના
રામકબીર

## *FEW WORDS FROM PUBLISHERS*

Bhikhabhai Bhulabhai Bhakta and Ranchhodji Bhulabhai Bhakta came from Dhaman and settled in Orna.

Due to poverty Ranchhoji Bhulabhai, went to Africa around 1895. Having no knowlege of trade and language, accepted job as a cook, at Durban South Africa. Afterwards, he opened laundary, at Trnsvaal Province and working very hard, had, eliminated poverty. He had one daughter, who was married in India. Had two sons named (1) Kevalbhai Ranchhodji and (2) Bhaktibhai Ranchhodji. Kevalbhai Ranchhodji had, three daughters and two sons. One daughter expired at young age. Two daughters Savitaben and Prabhavatiben were married at suitable time. Kevalbhai have two sons, Mohanbhai Kevalbhai and Jayantibhai Kevalbhai. Grand son Bhadrakant Mohanbhai Kevalbhai obtained medical degree in South Africa and working in big hospital and studing further obtaied medical neuro surgeon degree from Capetown University South Africa. At present Bhadrakant Mohanbhai is practicing as consultant neuro surgeon in Australia. His speciality is to remove tumor from brain. Second grand son is an industrial engineer, family members of Jayantibhai Kevalbhai are settled in U.S. America.

Grand son of Bhaktibhai Ranchhodji, Ravindrabhai Mahendrabhai is practing as dental surgeon in U.S.A. and grand daughter in law Parulben Ravindrabhai after studing further obtained medical degree of M.D. in U.S.A. Grand daughter of Bhaktibhai Ranchhodji (1) Lataben Rameshbhai (2) Preetiben Champakbhai (3) Neetaben Rameshbhai have studied in

Computer field, after graduating (1) Mohanbhai Kevalbhai and (2) Bhaktibhai Ranchhodji, have decided is to get printed this, pocket size prayer and Bhajan books and distribute them among members of Ramkabir bhakta samaj worldwise which we hope would be useful. In foreign countries, such as U.S.A., Canada, United Kingdom, young members of Bhakta samaj, can speak Gujarati but cannot read and write, so prayers, Bhajans, etc. are prepared in Gujarati and English alphabets and saints of sants and Slokas are translated in English.

On sad and good occasions, elders and young ones can recite, to gether is the main purpose of this book.

In foreign countries, Indian culture, may be maintained is the purpose of publishers. We have published these books in memory of our elders, late shree Ranchhodji Bhulabhai and others. Gents can take the book in their trouser pockets and ladies in their purses, which they can take on sad and good occasions.

We hope that this book will be useful to members of Bhakta samaj.

We thank shree Karsanbhai Lallubhai Bhakta, president of Bhakta samaj and Professor Dr. Chaitanya Desai, Bardoli and Hasmukhbhai Rambhai Bhakta the editor of Kabir-vani and owner of Ronak printing, for their co-operation in preparing introductions and in making translations.

Ram Kabir
Bhaktibhai Ranchhodji
Mohanbhai Kevalbhai

## Homage to the departed deers of the family

| | |
|---|---|
| Late Ranchhodji Bhulabhai | Late Bhikhabhai Bhulabhai |
| Late Dudhima Ranchhodji | Late Ramima Bhikhabhai |
| Late Kevalbhai Ranchhodji | Late Karsanbhai Bhikhabhai |
| Late Laxmiba Kevalbhai | Late Gangaba Karsanbhai |

The everlasting and sacred memory of all of you has always been guiding us inspiringly to the path of progress in life. The selfless and service-oriented ideology, knowledge imbibled with 'sanskara', vital effulgence and firm determination are some of the rare virtues and concepts we've inheritad from you, which have rendered us ideological, economic, social and cultural standing, stability and success in India as well as abroad. The credit of 'What we are to day', goes to 'what you were' in past.

O, dear departed souls of grandeur, with a view to offer this credit to you and to pay our sincermost tribute to you all we've brought out this humble publication in your loving memory. We pray the Almighty to confer upon you the best of peace and poise in heaven. May your resplendant and divine light delight us and illuminate our life for ever..

We dedicate this noble flower at your feet with all our sense of revelence and sacred tribute !

| | |
|---|---|
| Mohanbhai Kevalbhai | Dr. Bhadrakant Mohanbhai |
| Sarsvatiben Mohanbhai | Gitaben Bhadrakantbhai |
| Jayantibhai Kevalbhai | Sainelbhai Mohanbhai |
| Gajaraben Jayantibhai | Supriyaben Sainelbhai |
| Savitaben Morarji | Saileshbhai Jayantibhai |
| Morarji Nathubhai | Varshaben Saileshbhai |
| Prabhavatiben Rohitlal | Ashesh Bhai Jayantibhai |
| Rohitlal Makanji | Heminiben Jayantibhai |

# પરિવારના દિવંગત આત્મીય સજ્જનોને શ્રધ્ધાજંલિ

| | |
|---|---|
| સ્વ. રણછોડજી ભૂલાભાઈ | સ્વ. ભીખાભાઈ ભૂલાભાઈ |
| સ્વ. દૂધીમા રણછોડજી ભૂલાભાઈ | સ્વ. રામીમા ભીખાભાઈ ભૂલાભાઈ |
| સ્વ. કેવળભાઈ રણછોડજી | સ્વ. કરસનભાઈ ભીખાભાઈ |
| સ્વ. લક્ષ્મીબા કેવળભાઈ રણછોડજી | સ્વ. ગંગાબા કરસનભાઈ ભીખાભાઈ |

આપ સૌ સ્વજનોની સ્મૃતિ ચિરંજીવ બની સતત કૌટુંબિક વિકાસના માર્ગે પ્રેરણામય માર્ગદર્શન આપી રહી છે. સેવાકીય નિઃસ્વાર્થ વિચારધારા, સંસ્કાર સમૃધ્ધ જ્ઞાન, ચેતનવંત આભા અને કુટુંબને વિકાસમય માર્ગે સમસ્યા સામે અખંડિત દ્રઢ સંકલ્પ બળે ઊભા રહેવાની આપ સૌ આત્મીય સ્વર્ગસ્થ સ્વજનોએ અર્પેલી વિભાવનાના પરિપાકે આજે વૈચારિક, આર્થિક, સુસંસ્કૃત બની કુટુંબ પરદેશ અને દેશમાં ખૂબ પ્રગતિના માર્ગે આગળ વધતું રહ્યું છે, જેનું શ્રેય આપ સૌ કુટુંબના દિવંગત આત્માને અર્પણ કરવાના સદ્દહેતુએ આ પુસ્તક આપની મધુર યાદમાં પ્રકાશિત કરી શ્રધ્ધાસુમન રૂપે શ્રધ્ધાજંલિના હૃદયોના ભાવો પ્રગટ કરી આપના આત્મીય કલ્યાણાર્થે પ્રભુ અભ્યર્થના કરીએ છીએ. આપ સૌ પરલોકગમનાર્થી સ્વજનો જયાં હો ત્યાં પરમ શાંતિ પામો, આપના દિવ્ય જીવનની જયોતનો તેજમય પ્રકાશ અમને સતત પ્રેરણા આપતો રહે તેવી વિભુવંદના સહિત આપ સૌને...

પ્રેમ સભર, પુષ્પાંજલિ પ્રતીક પુસ્તિકા અર્પણ..... શ્રધ્ધાસુમન સમર્પિત....!!

| | |
|---|---|
| મોહનભાઈ કેવળભાઈ | ડૉ. ભદ્રકાન્ત મોહનભાઈ કેવળભાઈ |
| સરસ્વતીબેન મોહનભાઈ | ગીતાબેન ભદ્રકોન્ત મોહનભાઈ |
| જયંતીભાઈ કેવળભાઈ | શૈનેલભાઈ મોહનભાઈ કેવળભાઈ |
| ગજરાબેન જયંતીભાઈ | સુપ્રિયા શૈનેલભાઈ મોહનભાઈ |
| સવિતાબેન મોરારજી | શૈલેષભાઈ જયંતીભાઈ |
| મોરારજી નાથુભાઈ | વર્ષાબેન શૈલેષભાઈ જયંતીભાઈ |
| પ્રભાવતીબેન રોહિતલાલ | અશેષભાઈ જયંતીભાઈ |
| રોહિતલાલ મકનજી | હેમીનીબેન જયંતીભાઈ |

તુલસી-અમર-સોહમ્

## Homage to the departed deers of the family

ate Ranchhodji Bhulabhai
ate Dudhima Ranchhodji
ate Kevalbhai Ranchhodji
ate Laxmiba Kevalbhai

Late Bhikhabhai Bhulabhai
Late Ramima Bhikhabhai
Late Karsanbhai Bhikhabhai
Late Gangaba Karsanbhai

The everlasting and sacred memory of all you has always een guiding us inspiringly to the path of progress in life. The elfless and service-oriented ideology, knowledge in bibled with anskara', vital effulgence and firm determination are some of he rare virtues and concepts we've inheritaged from you, which ave rendered us ideological, economic, social and cultural tanding, stability and success in India as well as abroad. The redit of 'What we are to day', goes to 'what you were' in past.

O, dear departed souls of grandeur, with a view to offer his credit to you and to pay our sincermost tribute to you all ve've brought out this humble publication in your loving memory. Ve pray the almighty to confer upon you the best of peace and oise in heaven. May your resplendant and divine light delight s and illuminated our life for ever..

We dedicate this noble flower at your feet with all our ense of revelence and sacred tribute !

haktibhai Ranchhodji
laliben Bhaktibhai
ameshbhai Bhaktibhai
eviben Rameshbhai
lahendrabhai Bhaktibhai
lansaben Mahendrabhai
hampakbhai Bhaktibhai
lirmalaben Champakbhai

Jyotsnaben Rameshbhai
Dr. Umeshbhai Karsanbhai
Lataben Rameshbhai
Preetyben Champakbhai
Dr. Ravindrabhai Mahendrabhai
Dr. Parulben Ravindrabhai
Sanjivbhai Mahendrabhai
Neetaben Rameshbhai

## પરિવારના દિવંગત આત્મીય સજ્જનોને શ્રધ્ધાજંલિ

| | |
|---|---|
| સ્વ. રણછોડજી ભૂલાભાઈ | સ્વ. ભીખાભાઈ ભૂલાભાઈ |
| સ્વ. દૂધીમા રણછોડજી ભૂલાભાઈ | સ્વ. રામીમા ભીખાભાઈ ભૂલાભાઈ |
| સ્વ. કેવળભાઈ રણછોડજી | સ્વ. કરસનભાઈ ભીખાભાઈ |
| સ્વ. લક્ષ્મીબા કેવળભાઈ રણછોડજી | સ્વ. ગંગાબા કરસનભાઈ ભીખાભાઈ |

આપ સૌ સ્વજનની સ્મૃતિ ચિરંજીવ બની સતત કૌટુંબિક વિકાસપથના માર્ગે પ્રેરણામય માર્ગદર્શન આપી રહી છે. સેવાકીય નિઃસ્વાર્થ વિચારધારા, સંસ્કાર સમૃધ્ધ જ્ઞાન, ચેતનવંત આભા અને કુટુંબને વિકાસમય માર્ગે સમસ્યા સામે અખંડિત દ્રઢ સંકલ્પ બળે ઊભા રહેવાની આપ સૌ આત્મીય સ્વર્ગસ્થ સ્વજનોએ અર્પેલી વિભાવનાના પરિપાકે આજે વૈચારિક, આર્થિક, સુસંસ્કૃત બની કુટુંબ પરદેશ અને દેશમાં ખૂબ પ્રગતિના માર્ગે આગળ વધતું રહ્યું છે, જેનું શ્રેય આપ સૌ કુટુંબના દિવંગત આત્માને અર્પણ કરવાના સદ્‌હેતુએ આ પુસ્તક આપની મધુર યાદમાં પ્રકાશિત કરી શ્રધ્ધાસુમન રૂપે શ્રધ્ધાજંલિના હૃદયોના ભાવો પ્રગટ કરી આપના આત્મીય કલ્યાણાર્થે પ્રભુ અભ્યર્થના કરીએ છીએ. આપ સૌ પરલોકગમનાર્થી સ્વજનો જયાં હો ત્યાં પરમ શાંતિ પામો, આપના દિવ્ય જીવનની જયોતનો તેજમય પ્રકાશ અમને સતત પ્રેરણા આપતો રહે તેવી વિભુવંદના સહિત આપ સૌ....

પ્રેમ સભર, પુષ્પાંજલિ પ્રતીક પુસ્તિકા અર્પણ..... શ્રધ્ધાસુમન સમર્પિત....

| | |
|---|---|
| ભકિતભાઈ રણછોડજી | જયોત્સનાબેન રમેશભાઈ |
| માલીબેન ભકિતભાઈ | ડૉ. ઉમેશભાઈ કરસનભાઈ |
| રમેશભાઈ ભકિતભાઈ | લતાબેન રામેશભાઈ |
| દેવીબેન રમેશભાઈ | પ્રીતિબેન ચંપકભાઈ |
| મહેન્દ્રભાઈ ભકિતભાઈ | ડૉ. રવીન્દ્રભાઈ મહેન્દ્રભાઈ |
| હંસાબેન મહેન્દ્રભાઈ | ડૉ. પારૂલબેન રવીન્દ્રભાઈ |
| ચંપકભાઈ ભકિતભાઈ | સંજીવભાઈ મહેન્દ્રભાઈ |
| નિર્મળાબેન ચંપકભાઈ | નીતાબેન રમેશભાઈ |

# RANCHHODJI - PRAYER
# BHAJAN - COLLECTION

# રણછોડજી-પ્રાર્થના
# ભજન-સંગ્રહ

## Advice to dear Daughter, bidding fareWell to her after wedding.

"My dear child,

There's a proverb in Gujarati: "Dikri ne Gaay dore tyan Jay" A daughter and a cow are so obedient that they go wherever they are led to; but you do not belong to such creed of happily going to your inlaw's place. At such an important and untrodden juncture of your life, kindly pay, heed to the advice being given to you by your mother:"

(1) A woman is the representative of the Goddess of Love and that of Food. So extend your extreme Love to ali at your inlaw's place and always satisfy them with your art of cooking.

(2) Co-operate your husband in each of his matters and be his friend, but not the house maid or a slave. Walking behind your husband would mar your dignity, walking ahead of him would harm his selfrespect., So always walk with him, neither ahead nor behind.

(3) Always indulge yourself in such actions that befits your study, family and promote your character. Avoid argumentation and quarrel. Be generous and broad-minded, but at the same time be vigilent to protect your self-respect.

(4) You have the power of woman in you. You're not a commodity, so never succumb to the demand of dowry; on the contrary make them learn a lesson. Never surrender yourself to undue demands and disgraceful behaviour.

(5) You're educated, well-behaved and cultured and self-sufficient woman, so never foster your ego. At the same time don't be helpless and coward.

And at last, my dear child, you're the apple of our eyes. So whenever you face some genuine trouble come to us unhesitatingly. You've not been born for self-torture and for suicide. It's true that this abode belongs to my son, but don't forget that when you need it, it IS your's as well. However, in short, a woman's true happiness lies in being with her husband only.

# લાડલીને વિદાય વેળાની શીખ

"બેટા દીકરી અને ગાય દોરે ત્યાં જાય" આ કહેવત જેવી મૂંગી અને લાચાર સ્ત્રી તું નથી. તેથી જ તારી સહમતીથી તું આનંદપૂર્વક પતિ ગૃહે જાય છે.

તારી જિંદગીના આ નવા વળાંક પર તારી માતા તને શીખ આપે છે તે તું ધ્યાનથી સાંભળઃ-

(૧) પ્રેમ અને અન્નપૂર્ણા આ બંને દેવીઓ સ્ત્રીમાં વસેલી છે. તારા સ્વસુર ગૃહે સૌને ખૂબ જ પ્રેમ આપજે અને હંમેશા તેમને સુંદર ભોજન બનાવી તૃપ્ત કરજે.

(૨) પતિને દરેક વાતમાં સાથ સહકાર આપજે. તેની મિત્ર બનજે પણ દાસી નહીં. પતિની પાછળ ચાલવામાં તારા ગરિમા નથી સચવાતી અને પતિની આગળ ચાલવામાં, પતિનું ગૌરવ નથી સચવાતું તેથી હંમેશા પતિની સાથે ચાલજે.

(૩) તારો અભ્યાસ તારા સંસ્કાર અને  ચારિત્ર્યને ગૌરવ મળે તેવાં કાર્યો કરજે. દલીલબાજી અને કંકાશથી દૂર રહેજે. મન મોટું રાખજે પરંતુ સ્વમાન સચવાય તેની તકેદારી રાખજે.

(૪) તું સ્ત્રીશકિત છે. બજારૂ ચીજ નથી, તેથી કયારેય દહેજની માગણી કરે તો માથું ઉચકજે અને તેમને યોગ્ય પાઠ ભણાવજે. અયોગ્ય માગણી કે વર્તન કયારેય ન સ્વીકારીશ.

(૫) તું સુશિક્ષિત, સુસંસ્કારી, સ્વબળે કમાતી સ્ત્રી છે. તેથી ઘમંડમાં રાચવાની જરાય જરૂર નથી. છતાં, કયારે લાચાર પણ ન રહેતી. અને અંતે બેટા તું હમારા હૈયાનો ટુકડો છે. કયારેય તને સાચી મુશ્કેલી પડે તો વિના સંકોચે અહીં ચાલી આવજે. ઘૂંટાઈને જીવવા કે આત્મહત્યા કરવા માટે તું જન્મી નથી. આ ઘર મારા દીકરાનું છે એ ખરું, પરંતુ જરૂર પડે તો તારું પણ છે. આ વાત ન વિસરતી. બાકી ટૂંકમાં કહું તો સ્ત્રીનું સાચું સ્વર્ગ પતિની સાથે ચાલવામાં જ છે.

## The Foundation of Married Life:

Marriage is a traditional ritual, which strengthens family life and society. It is not only a marry making ceremony, but its a union of two sympathetic souls and a common and harmonious lyre of breathing. Its a bondage of flowers, companionship of affection, melody and harmony of two hearts, an undefinable accord of minds.

The marriage is not merely a ritual to be performed in the presence of the priest (Brahmin). The true union of two hearts takes place, when the stream of love flows from four eyes. The streams of life of both the individuals must flow assimilating in the single direction.

The marriage is a life-time companionship, along with the sense of renunciation and tolerance. Its a social responsibility and a natural function. Its a medium to fulfil the needs of an individual. Its a foundation of married life. Following are the wheels of the chariot of married life:-

1). Love 2). Faith 3). Dedication
4). Understanding

The success of married life rests on the strength of these four pillars. Many couples are compelled to stay together by force such as- economic aspect, fear of social disgrace, future of children, Lack of courage to get divorce. They live under the same roof, but not in each other's heart. But those who nourish and cherish love, faith, renunciation and tolerance for each other, they prove themselves lucky to maintain their married life for a longer period (almost life time), as they have been planted on the concrete pillars, mentioned above.

## દાંપત્ય જીવનનો આધાર

લગ્ન એ પરંપરાગત સંસ્કાર છે. લગ્ન એટલે માત્ર ઉત્સવ નહીં, લગ્ન એટલે બે આત્માઓ વચ્ચેનું ઐકય, સહાનુભૂતિનો સંગમ, શ્વાસોશ્વાસ નું મજીયારું મૃદંગ, વિજ્ઞાન જેનું પૃથ્થકરણ ન કરી શકે એવો મનનો મેળ, ફૂલનાં બંધન, સ્નેહનો સથવારો, બે હૃદયોના એકતાલ, બે દિલનો સુમેળ. લગ્ન માત્ર બ્રાહ્મણોની હાજરીમાં જવ-તલ હોમવાથી નથી થઈ જતાં. બે વ્યકિતની આંખોમાં પ્રેમના જે ઝરણાં વહે એમાં જ સાચું મિલન છે. બંનેના જીવન પ્રવાહ એક દિશામાં વ્યકિતત્વના વિલોપન સાથે વહેવા જોઈએ. લગ્ન એટલે જીવનભરનો સાથ, ત્યાગ અને સહિષ્ણુતાની ભાવના.

લગ્ન એક સામાજિક કર્તવ્ય છે. લગ્ન એક પ્રાકૃતિક કર્મ છે. લગ્ન માનવીની આવશ્યકતાઓની પૂર્તિનું એક અદ્દ્ભુત સાધન છે. લગ્ન દાંપત્યનો પાયો છે. લગ્નજીવનરૂપી રથના ચાર પાયા છે.-

૧) પ્રેમ. ૨) વિશ્વાસ ૩) સમર્પણ.
૪) સમજણ.

આ ચાર પાયા જેના મજબૂત હોય તેના, લગ્નજીવનને કદાપિ ગ્રહણ નડતું નથી. લગ્ન કર્યા છે, માટે બને ત્યાં સુધી નિભાવવાં જોઈએ એવી વૃત્તિ સાથે ઘણા સંસાર ચલાવતા હોય છે અને ઘણા આર્થિક કારણોસર, બાળકોને લીધે, સામાજિક નિંદા, અને અપ્રતિષ્ઠાને લીધે ડરથી અને હિંમતના અભાવે છુટા ન પડી શકે માટે સાથે રહેતા હોય છે. પરંતુ જે દંપતી એકબીજા માટે પ્રેમ, વિશ્વાસ, ત્યાગ અને સમજણની ભાવના રાખે છે તેનું લગ્નજીવન ચિરકાલ સુધી ટકી રહે છે કેમકે તેના પાયા મજબૂત હોય છે.

प्रातः स्मरामि हृदि संस्फुरद् आत्म तत्त्वम्
सत्-चित्-सुखम् परमहंस गतिम् तुरीयम् ।
यत् स्वप्न-जागर-सुषुप्तम भवैति नित्यम्
तद् ब्रह्म निष्कलम अहम् न भूतसंघः ।।

હું પ્રભાતે મારા હૃદયમાં સ્ફુરેલ આત્મતત્ત્વનું સ્મરણ કરું છું. જે આત્મા સચ્ચિદાનંદ છે; જે પરમહંસની ગતિ સ્વરૂપ છે; જે ચોથી તુરીય અવસ્થારૂપ છે; જે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને જાણે છે તે શુધ્ધ બ્રહ્મ છે અને તે જ હું છું- હું પાંચ મહાભૂતોથી બનેલું આ શરીર નથી.

I contemplate over the spirit of my soul, emerging in my heart early in the morning when I wake up, I'm not this body made of five basic elements, but my true self is my soul which is sat, chit, anand (truth, wit, and joy), its position is that of Paramhansa, its stage is that of Turiya, which perceives all the 3 phases- consciousness, dream and dormancy. He is pure Brahman and I am that very form.

गुरुर्ब्रह्मा गुरु विंष्णु गुरु देवो महेश्वरः
गुरु साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवे नमः ।।

ગુરુ જ બ્રહ્મા છે. ગુરુ જ વિષ્ણુ છે. ગુરુ જ મહાદેવ છે. ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ છે, આ ગુરુઓને હું નમસ્કાર કરું છું.

Guru is Brahma (the creator), Guru is Vishnu (sustainer) and Guru is Maheshwara (destroyer). Such a Guru is the manifestation or incranation of supreme Brahma. Therefore, I bow down my head in reverence to the Guru.

नमस्ते सने ते जगतकारणाय्, नमस्ते चिते सर्व लोकाश्रयाय ।
नमो द्वैत तत्वाय मुकित प्रदाय नमो ब्रह्मणे व्यापिने शाश्वतायं ।।

જગતના કારણરૂપ અવિનાશી સત્‌સ્વરૂપ હે પરમેશ્વર, તને નમસ્કાર. સર્વ લોકોનાં આશ્રયરૂપ ચિત્‌-સ્વરૂપ હે પરમેશ્વર, તને નમસ્કાર. સંસારની આસકિતઓમાંથી મુકત કરી પરમ આનંદ સ્વરૂપ આપનાર અદ્વૈત તત્ત્વ, તને નમસ્કાર, હે સર્વવ્યાપી શાશ્વત બ્રહ્મ, તને નમસ્કાર.

I devoutedly bow my head in reverence to Thee, O lord! You're the cause of this world and your form is true and imperishable, I bow to Thee, o Lord! You're the spiritual shelter to everybody and your form is sat, chit, anand (truth, wisdom and joy), I bow to Thtee, to the spirit of unduality which relieves us from worldiy detachments and gives us supreme pleasure. I bow to thee, O, omnipresent, eternal Brahma. Bless me with sat-chit-anand !

दानम् भोगो नाशस्ति तृतः गतिहा वित्स्य
यो न ददामि न भुंकते तस्य तृतया गताः भवतिः ।।

દાન, ભોગ અને નાશ એ ધનની ત્રણ ગતિઓ છે. જે દાન કરતો નથી અને પોતે પણ ભોગવતો નથી, તેની ત્રીજી ગતિ થાય છે. અર્થાત ધનનો નાશ થાય છે.

Charity, consumption and decay-these three are the position of wealth. One who does not use his money either for himself or for others, his wealth is destined to perish or decay, reach the third position.

या कुन्देन्दु तुषार हार धवला, या शुभ्र वस्त्रावृता
या वीणा वरदण्ड मण्डित करा, या श्वेत पद्मासना ।
या ब्रह्माच्युत शंकर प्रभुतिभिर्दैवे सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेष जाड्यापहा ।।

જે મોગરો, ચંદ્ર કે બરફના હાર જેવી ગૌર વર્ણવાળી છે જેણે ઝળહળતાં શ્વેત વસ્ત્રો પહેરેલાં છે, જેના હાથ વીણાના સુંદ: દંડથી શોભી રહ્યાં છે, જે શ્વેત કમળ પર બેઠેલી છે, બ્રહ્મા, વિષ્ અને મહેશથી લઈ સર્વે દેવો જેને નિત્ય વંદે છે, તે મારા સમગ્ર અજ્ઞાન અને જડતાનો નાશ કરનારી ભગવતી સરસ્વતી દેવી મા: રક્ષણ કરો.

This hymn is in worship of Saraswati -the Goddess of learning. Her complexion is as fair as flower of merrigold, moon or snow. She has worn shinnig white garment and whose hands are adoered with the lyre (veena), who has sit on the white lotus. Brahma, Vishnu and Mahesh worship her daily. O, such a goddess of learning remove all my ignorance and inertia and protect me from all evils.

यत्र नार्यस्तु पूजयन्ते, रमन्ते तत्र देवताः ।।

જયાં નારીઓને સત્કારવામાં આવે છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે.

-(મનુસ્મૃતિ)

Where women are respected and honoured, Gods feel pleasure and happiness.



Lord Krishna

श्रीकृष्ण



Late Ramima Bhikhabhai Bhulabhai Bhakta - Orna

સ્વ. રામીમા ભીખાભાઈ ભૂલાભાઈ ભક્ત - ઓરણા



Sadguru Kabir Saheb

સદ્ગુરુ કબીરસાહેબ



**Late Dudhima Ranchhodbhai Bhulabhai Bhakta**

Death : June 1945 - Orna

**સ્વ. દુધીમા રણછોડભાઈ ભૂલાભાઈ ભકત**

**અવસાન : જૂન – ૧૯૪૫ ઓરણા**



**Late Ranchhodbhai Bhulabhai Bhakta**

Orna - South Africa       Death : February - 1935

સ્વ. રણછોડભાઈ ભૂલાભાઈ ભકત

ઓરણા-સાઉથ આફ્રિકા       અવસાન : ફેબ્રુઆરી-૧૯૩૫



**Late Laxmiba Kevalbhai Bhakta**

Birth : 1912 Death : 3-7-1983

Orna - South Africa

સ્વ. લક્ષ્મીબા કેવળભાઈ ભકત

જન્મ : ૧૯૧૨ અવસાન : ૩-૭-૧૯૮૩

ઓરણા - સાઉથ આફ્રિકા



**Late Kevalbhai Ranchhodbhai Bhakta**

Birth : 1912 Death : 5-2-1989

Orna - South Africa

સ્વ. કેવળભાઈ રણછોડભાઈ ભકત

જન્મ : ૧૯૧૨ અવસાન : ૫-૨-૧૯૮૯

ઓરણા - સાઉથ આફ્રિકા



**Maliben Bhaktibhai Bhakta**
Birth : February 1914
Orna - South Africa - Canada

અ. સૌ. માલીબેન ભકિતભાઈ ભકત
જન્મ : ફેબ્રુઆરી ૧૯૧૪
ઓરણા - સાઉથ આફ્રિકા - કેનેડા



**Bhaktibhai Ranchhodbhai Bhakta**

Birth : 14 Octber 1915

Orna - South Africa - Canada

ભકિતભાઈ રણછોડભાઈ ભકત

જન્મ : ૧૪ ઓક્ટોબર ૧૯૧૫

ઓરણા - સાઉથ આફ્રિકા - કેનેડા



**Late Karsanbhai Bhikhabhai Bhakta**
Death : February 1991 Orna

સ્વ. કરસનભાઈ ભીખાભાઈ ભકત
અવસાન : ફેબ્રુઆરી - ૧૯૯૧ ઓરણા



**Late Vijaybhai Rameshbhai Bhakti**

Orna - South Africa - Canada

Birth : July 1970 Death : May 1995

સ્વ. વિજયભાઈ રમેશભાઈ ભકિત

ઓરણા - સાઉથ આફ્રિકા - કેનેડા

જન્મ : જુલાઈ - ૧૯૭૦ અવસાન : મે-૧૯૯૫



**Dr. Bhadrakant Mohanlal Keval**
**Grand Son of Kevalbhai Ranchhodbhai Bhakta**
Practicing As Consultant Neuro Surgeon at Australia
Birth : November 1960 South Africa - Australia

ડૉક્ટર ભદ્રકાન્ત મોહનલાલ કેવલ
કેવળભાઈ રણછોડભાઈ ભકતના પૌત્ર,
ન્યૂરો સર્જન - ઓસ્ટ્રેલિયા
જન્મ : નવેમ્બર ૧૯૬૦ સાઉથ આફ્રિકા - ઓસ્ટ્રેલિયા

પંડિત પઢતે બેદકો,
પુસ્તક હસતી લાડ;
ભક્તિ ન જાણી રામકી,
સબે પરિક્ષા બાદ.

Pandit Padhate Bedko,
Pustak Hastee Lad;
Bhakti Na Janee Ramkee,
Sabe Pariksha Baad.

બડા પાપ હય હિંસા,
તેહિ સમાન ન કોય;
ધર્મરાય જબ લેખા માંગે,
તબ સબ નૌબત હોય.

Bada Pap Hay Hinsa,
Tehi Saman Na Koi;
Dharmarai Jab Lekha Mange,
Tab Sab Naobat Hoi.

પઢિ ગુનિ પાઠક ભયેં
સમજાયા સબ સંસાર;
આપન તો સમજે નહિ,
વૃથા ગયા અવતાર.

Padhi Guni Pathak Bhayen,
Samjaya Sab Sansar;
Apan To Samje Nahi,
Vrutha Gaya Avtar.

દયા દિલ મેં રાખિયે,
તું ક્યું નિર્દય હોય;
સબહિ જીવ હય સાંઈકા,
કિડી કુંજર સોય.

Daya Dil Men Rakhiye,
Tun Kyun Nirday Hoi;
Sabhi Jeev Hay Sainka,
Kidee Kunjar Soi.

સાંઈયાં શીત ન પાઈયે,
બાતાં મિલે ન કોય;
કબીર સૌદા રામસું;
શિર બિન કબૂ ન હોય.

Sainyan Sheet Na Paiye,
Batan Mile Na Koi;
Kabir Sauda Ramsun,
Shir Bin Kaboo Na Hoi.

કબીરા ખડા બાજારમેં
સબકી ચાહે ક્ષેમ;
ના કિસિસે દોસ્તી,
ના કિસિસે બૈર.

K3bira Khada Bajarmen,
Sabkee Chahe Kshem;
Na Kisise Dosti,
Na Kisise Bair.

કબીર ! યા ઘર પ્રેમકા,
ખાલાકા ઘર નાંહિ
શિશ ઉતારે હાથસું,
સો ઘર પેંઠે ઘર માંહિ.

Kabir! Yaa Ghar Premka,
Khalaka Ghar Nahi;
Shish Utare Hathsun,
So Ghar Penthe Ghar Manhi.

બિરહા આયા દુધસા,
કડવા લાગા કામ;
કાયા લાગી કાળસિ
મિઠો લાગો રામ.

Birha Aaya Dudhsa,
Kadva Laga Kam;
Kaya Lagee Kalsi,
Mitho Lago Ram.

अेते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थम् परित्यजे ये,
सामान्यास्तु परार्थ मुद्यमः स्वार्थान् विरोधे जये ।
अेते मानुष राक्षसा परहितम् स्वार्थाय नीधनन्तिये,
ये नीधनन्ति परहितम् नीरर्थकम् अे केन न जानी महे ।।

૧. જેઓ પોતાના સ્વાર્થ છોડીને પરોપકાર કરતા હોય છે, તેઓ સત્પુરુષો છે.

૨. પોતાના સ્વાર્થને વાંધો ન આવે, તે રીતે જેઓ પરોપકાર કરવામાં લાગેલા હોય છે, તે સામાન્ય (મધ્યમ) પ્રકારના માણસો છે.

૩. જે પોતાના સ્વાર્થને સાધવા માટે, પારકાનું હિત બગાડતા હોય છે તેઓ મનુષ્ય હોવા છતાં રાક્ષસો છે;

૪. પરંતુ પોતાનો કોઈ જાતનો સ્વાર્થ ન હોય, તો પણ જેઓ પારકાના હિતને નુકસાન કરે છે, તેવા લોકો કોણ છે તે અમે જાણતા નથી (બલકે તેઓ રાક્ષસ કરતાં પણ નીચી કોટિનાં છે, તેને શું નામ આપવું તે અમો જાણતા નથી.) (ચાર કોટિનાં મનુષ્યો)

Those are the saintly persons who lead a selfless life for the benefit and upliftment of others.

1. Those who are busy doing good to others, after keeping their personal interests intact, are NORMAL or mediocre persons.

2. And those are monsters in human form who spoil the good of others with a view to achieve their own selfish motives.

3. But we do not know what to call such persons, who harm others good, even without getting anything. They are rather baser of meaner than monsters.

These are the 4 categories of people. Choose what you would like to be.

निन्दन्तु नीति निपुणा, यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समा विशतु, गच्छतु, वा पथेश्च्म ।
अदैव वा मरणमस्तु, युगान्तरेवा;
न्याय्यात् पथः प्रविचलित पदम् न धीराः ।।

વ્યવહાર-નીતિમાં નિપુણ એવા પુરુષો, ભલેને નિંદા કરે કે પછી સ્તુતિ કરે; લક્ષ્મી ભલે આવે કે મન ફાવે ત્યાં ચાલી જાય; જો મરણ થવાનું હોય, તો આજે જ થાય છે કે બીજા યુગમાં થાય, પરંતુ ધીર પુરુષો ન્યાયના માર્ગેથી એક ડગલું પણ વિચલિત થતા નથી.

People with steady and practical mind, and neutral disposition, do not deviate from the path of morals and justice, even if others praise or condemn them, even if they get money or being deprived of money. They do not have even fear of death. Such persons remain steady and unperturbed in any situation.

वृथा वृष्टि समुद्रेषु, वृथा तृप्तस्यभोजनम्,
वृथा दानम् अधर्मस्य, वृथा दीपो दिवापीच ।

સમુદ્રોમાં વૃષ્ટિ વૃથા છે, તૃપ્ત થએલાને ભોજન વૃથા છે, અધર્મી માણસને દાન આપવું (નકામું) વૃથા છે, અને દીવાઓ હોય ત્યાં એક દીવો સળગાવવો (નકામો) વૃથા છે.

It is useless to pour rain in oceans, in the same way delicious dishes of dinner won't attract whose belly is full. Your charity would go in vain if you donate your money to immoral, dishonest and irreligious person. Same is the case with lighting a lamp amidst an array of lamps.

केयुरा न विभूषयन्ति पुरुषम्, हारो न चंद्रोज्ज्वला;
न स्नानम् न विलेपनम् न कुसुम् अलंकारोती ना मुर्धजा ।
वाण्यको समलम् करोति पुरुषम्, या संस्कृताधार्यते;
क्षीयन्ते खलु भूषणानि सततं, वाग् भूषणम् आभूषणम् ।।

પુરુષને હીરા મોતી માણેક, ચંદ્ર જેવા ઉજળા હારો, સ્નાન, સુગંધીદાર અત્તરો, શોભા આપતા નથી. ફકત સંસ્કૃતિથી ભરેલી વાણી પુરુષને શોભા આપે છે, વાણીરૂપી આભુષણ અમર છે, બીજા બધા આભુષણો નાશ પામનારા છે.

A person is not adorned by jewels, pearls and ornaments, and moon-white garlands, or bath with perfumes. The only thing with which he appears graceful is his cultured language, and good manners. The ornament of such sophisticated speech is eternal, while the material ornaments are ephermeral or perishable.

पुस्तकस्था तु या विद्या, परहस्त गतम् धनम्;
कार्यकाले समुत्पन्ने, न सा विद्या नतदधनम् ।।

જે વિદ્યા પુસ્તકમાં રહેલી હોય અને જે ધન પારકાના હાથે પડેલું હોય, તે બંનેનો ઉપયોગ કરવાનો ખરેખરો કાળ આવી પહોંચે ત્યારે તે વિદ્યા પણ કામ લાગતી નથી, અને તે ધન પણ કામ લાગતું નથી.

Bookish knowledge or information remained in books and our money being in the hands of others- both cannot come to our help when needed badly.

गुणाः सर्वत्र पूज्यन्ते, पितृ वंशो निरर्थकः
वासुदेवम्  नमस्यन्ति, वसुदेवम् न मानवाः ।

આ જગતમાં ગુણની પૂજા થાય છે, વંશની નહિ. માનવી વસુદેવનાં પુત્રને (કૃષ્ણ)ને વંદે છે, વસુદેવને વંદન કરતા નથી.

The virtues/ qualities of a person is worshipped, and not the family he belongs to. People worships Lord Krishna, but not his father Vasudeva.

विध्वतम् च नृपत्वम् च, नैव तुल्य कदाचनम्;
स्वदेशे पुज्यते राजा, विद्वान सर्वत्र पूज्यते ।।

વિદ્વાન અને રાજાની સરખામણી થઈ શકતી નથી, (કારણ) રાજા તો એના દેશમાંજ પૂજાય છે, વિદ્વાન બધે (સર્વત્ર) પૂજાય છે.

A knowledgeable person or a scholar and a king can't be compared. A king is appreciated or hailed in his kingdom only, whereas a scholar receives universal acclaim.

आनन्दम् सदनम् सुताश्च सुधियः कान्ता मधुर भाषिणी,
सनमित्रम् सुधनम् स्वपोषिती, रतिश्चाग्ना परा सेवकाः ।
आतिथ्यम् शिवपूजनम् प्रतिदिनम् मिष्टान्न पानम् गृहे
साधोः संगम् उपासते हि सततम् धन्यो ग्रहस्थाश्रमः ।।

ઘર આનંદથી ભરેલું હોય, પુત્રો બુધ્ધિશાળી હોય, સ્ત્રી મધુર વચનો બોલનારી હોય, સારા મિત્ર હોય, ઘરમાં સારી રીતે પૈસા હોય, પોતાની સ્ત્રી અને નોકરો આજ્ઞાનું પાલન કરનારા હોય, મહેમાનોનો આદર સત્કાર થતો હોય, શિવનાં પૂજન થતાં હોય, દરરોજ સારો ખોરાક મળતો હોય, તેમજ સારા સજ્જનોનો હંમેશા સમાગમ થતો હોય, તેવા ગ્રહસ્થાશ્રમને ધન્ય છે.

The "Grahasthashram" (second phase of human life-domestic duties) is successful and happy of those persons- Whose house is a joyful haven, whose sons are educated and intelligent, whose wife is not buxom, whose friends are ideal, who has enough of wealth, whose wife and servants are obedient, where guests are well-received, and Lord Shiva is worshipped, where good food is available as well as whose house is a rendezvous of saintly persons.

सा भार्या या प्रियम् भृते, सा पुत्रो यत्र निरवृतिः
तत्र मित्रम् यत्र विश्वासः स देशो यत्र जिव्यते ।।

તે જ સ્ત્રી છે, જે પ્રિય બોલે છે; તે જ પુત્ર છે, જેના લીધે આરામ મળે છે;

તે જ મિત્ર છે, જેમાં વિશ્વાસ બેસે છે અને તે જ યોગ્ય દેશ છે, જયાં આજીવિકા મળતી રહે છે.

She is the right type of wife, who utters sweet words. He is the favourite son, who gives comfort to parents. He is a friend, who if faithful and that is the proper type of country where livelihood can easily be managed.

त्वमेकम् शरण्यम् , त्वमेकम् वरेण्यम् ,
त्वमेकम् जगत् पालकम्, स्व प्रकाशम्
त्वमेकम् जगतकत्रु पात्रु प्रहर्तु ,
त्वमेकम् परम् निश्चलम्, निर्विकल्पम् ।।

તું જ એક શરણ લેવા યોગ્ય છે -આશ્રય લેવા યોગ્ય છે. તું જ એક ઈચ્છવા યોગ્ય -પ્રાપ્ત કરવા યોગ્ય છે. તું જ એક આ જગતનું પાલન કરનાર અને સ્વ પ્રકાશથી પ્રકાશમાન છે. તું જ એક આ જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનાર છે, તું જ એક પરમ નિશ્ચલ અને નિર્વિકલ્પ છે.

Only God's name is worthy to seek shelter. Only His abode is worthy to desire and to attain to, because God is the only creator and operator of this world. He is the source of light. He is the destroyer too. Only He is steady and eternal in this world, everything except Him is changeable and ephemeral.

विद्या नाम नरस्य रुपम् अधिकम्, प्रचछन्न गुप्तम् धनम्
विद्या भोगकरा यशः सुखकरी, विद्या गुरुणाम् गुरुः ।
विद्या बंधुजनो विदेश गमने विद्या परा देवता;
विद्या राजसु पूजिता न तु धनम्, विद्या विहीनः पशुः ।।

વિદ્યા એ મનુષ્યનું સાચું અને ઉત્કૃષ્ટ રૂપ છે, વિદ્યા એ ન દેખાય તેવું ગુપ્ત ધન છે, વિદ્યા સુખભોગ આપનારી છે અને યશ આપનારી છે. વિદ્યા એ ગુરુઓનો પણ ગુરુ છે. વિદેશમાં વિદ્યા બંધુજન બને છે. વિદ્યા એ એક મોટી દેવતા-શકિત છે. રાજાઓ અને રાજપુરુષોમાં ધનનો નહિ, પણ વિદ્યાનો આદર થાય છે. ખરેખર વિદ્યા વિનાનો માણસ પશુ સમાન છે.

Having knowledge, is the real and noble form of an individual, It is an invisible and secret wealth, which extends comfort and prestige. It is the teacher (Guru) of teachers, as its a great godly power. The kings and the statesmen honour not wealth and riches, but knowledge and wisdom. It proves to be a brother or helpful to be relative when one is abroad. A person without knowledge is indeed like an animal.

शान्ताकारम् भुजगशयनम् पदमनाभम् सुरेशाम्;
विश्वाधारम् गगनसदृशम् मेघवर्णम् शुभांगम् ।
लक्ष्मीकान्तम् कमलनयनम् योगिभिध्यान गमयम्;
वन्दे विष्णुं भवभयहरएाम् सर्व लोकैक नाथम् ।।

જેમનો શાંત આકાર છે, શેષનાગ પર શયન કર્યું છે, નાભિમાંથી (બ્રહ્મા રૂપ) કમળ પ્રગટ થયું છે, સર્વે દેવના જેઓ ઈશ્વર છે અને વિશ્વના આધાર છે. આકાશ જેવા નિર્વિકાર -નિરાકાર-નિર્લેપ છે. મેઘ સમાન વર્ણ છે, મંગળમય અંગો વાળા છે, લક્ષ્મીના પ્રિય પતિ છે, કમલ સમાન નેત્રો છે, એકાગ્ર ચિત્તવાળા યોગીઓ ધ્યાન દ્વારા જેમને જાણી શકે છે -પ્રાપ્ત કરે છે, તેવા સર્વ લોકોના એકમાત્ર નાથ અને સંસારભયને હરનારા, સર્વવ્યાપક ભગવાન વિષ્ણુને હું વંદન કરું છું.

I bow my head down in reverence to Lord Vishnu who is omnipotent and omnipresent, He is the only Lord who relieves us from worldly fears. His form is quiet and peaceful, who's laid down on the Shesh Kobra. This universe, has symbolically come out like a lotus from his naval. He is the God of all Gods and the sole support of entire world, His complexion is like that of a cloud, His limbs are marvelous. He is shapeless, pure and neutral. He is a beloved husband of Laxmiji. His eyes are like lotus. Steadyminded Yougis only can know and attain Him through meditation.

उद्यम: साहसम् धैर्यम् बुध्धि: शक्ति: पराकम:
षडेते यत्र वर्तन्ते तत्र देव सहायकृत् ।

ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શકિત અને પરાક્રમ એ છ બાબતો જયાં હોય છે, ત્યાં દેવ સહાય કરનાર બને છે.

God helps to those who have diligence, patience, intelligence, strength, courage and adventurous disposition.

पापान्नि वारयति योज्यतेहिताय, गुह्यानी गुहति गुणान्प्रकटा करोति,
आपदतम् च न जहाति ददातिकाले, सनमित्र लक्षण मियम् प्रवदन्ति सन्त:।

જે પાપ કરતાં અટકાવે છે, જે હિતમાં જોડે છે, જે આપણા ગુપ્ત રાખવા યોગ્ય વાત ગુપ્ત રાખે છે અને ગુણોને પ્રકટ કરે છે, જે આપત્તિ વખતે પણ છોડતો નથી અને જે સમયે સમયે સલાહ આપતો રહે છે, આ બધા સારા મિત્રનાં લક્ષણો છે એમ સંતો કહે છે.

Naming the qualities of a good friend, the saints say that -a good friend is he, who prevents us frtom commiting sin, and divert us to our well being, he hides our secrects and exposes our virtues. He does not desert us while we are in trouble and advises us from time to time. Such a person can be called a noble friend.

वसुदेव सुतम् देवम् कंस चाणुर मर्दनम्
देवकी परमानंदम् कृष्णम् वन्दे जगत् गुरुम्

વસુ દેવજીનાં પુત્ર, કંસ રાજા અને ચાણુર મલ્લને મારનાર, માતા દેવકીજીને પરમ આનંદ આપનાર, અને જગતના ગુરુ એવા શ્રી કૃષ્ણ ભગવાનને હું નમન કરું છું.

O Lord Krishna, you are the son of Vasudeva, you are the destroyer of the monsters Kansa and Charun, you give supreme bliss to your mother Devakiji. So I Pray thee, as the Lord of the world.

मुकम् करोति वाचालम्, पंगुं लंघयते गिरिम्
यत् कृपा तमहम् वन्दे, परमानंदम् माधवम्

જેની કૃપા મૂંગાને બોલતો કરે છે, પાંગળાને પર્વત ઓળંગતો કરે છે, તે પરમ આનંદરૂપ માધવ ભગવાનને હું નમન કરું છું.

The grace and blessings of God; can turn a dumb into a vocal person. A lame man can ascend a mountain if blessed by Lord. So I bow down to such a Lord to have us grace and perfect bliss of Lord Madhava (Krishna)

त्वमेव माता च पिता त्वमेव, बन्धुश्च सखा त्वमेव,
त्वमेव विद्या द्रविणम् त्वमेव, त्वमेव सर्वम् मम देव देव.

તમે જ માતા છો, તમે જ પિતા છો, તમે જ બંધુ છો, તમે જ મિત્ર છો, તમે જ વિદ્યા છો, તમે જ ધન છો, હે દેવોના દેવ તમે જ મારું સર્વસ્વ છો.

O Lord, I establish all my relations with you. You are god of all gods for me. You alone are my mother, father, kinsman, friends and brother. Not only this, but you're the knowledge and you're the wealth. You are everything to me.

ब्रह्म मुरारि त्रिपुरान्तकारी, भानु शशी भूमिसुतो बुधस्च,
गुरुश्च शुक्र शनि राहु केतव, कुर्वेन्तु सर्वे मम सुप्रभातम् ।

(જગતના કર્તા) બ્રહ્માજી, મુર દૈત્યને મારનારા વિષ્ણુભગવાન, ત્રિપુર રાક્ષસને મારનારા, શિવજી, અને સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ (આ નવ ગ્રહો) મારું પ્રભાત સારું કરો.

I pray Lord Brahmaji (the creator of the universe), Lord Vishnu the destroyer of Mur- a monster, Lord Shiva, the destroyer of Tripur-another monster, I worship all the planets- the Sun, moon, mars, venus, jupiter, saturn, rahu,and ketu, mercury-to make my morning good.

कायेन वाचा मनसेन्द्रियैवा, बुध्यात्मना वा प्रकृते स्वभावात्
करोमि यद्यद् सकलम् परस्मै, नारायणायेति समर्पयामि ।।

શરીરથી, વાણીથી, મનથી, ઈન્દ્રિયોથી, બુધ્ધિથી, આત્મબુધ્ધિથી અથવા પ્રકૃતિના સ્વભાવથી, જે જે બીજાને માટે કરું છું તે હું નારાયણને સમર્પણ કરું છું.

O Lord, I perform my deeds with my body, mind and speech. I do it through intellect, nature and senses. Thus whatever I do, I offer them all to You, O Lord Narayana, please accept my dedication.

असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय,
मृत्योर्मा अमृतम् गमय ।

હે પરમાત્મા, તું અમને અસત્માંથી સત્માં લઈજા, અંધારાંમાંથી પ્રકાશમાં લઈ જા, મૃત્યુમાંથી અમૃતમાં લઈ જા.

O Lord, kindly lead me (by giving true knowledge) from unreal to the real, from darkness (of ignorance) to the light (of knowledge), and from death (sense of limitation or fear of death) to immoratality (limitlessness) or liberation.

यावत् स्वस्थमिदं देहं यावत् मृत्युश्च दुरतः
तावदात्महितं कुर्यात् प्राणान्ते कां करिष्यसि ।

જયાં સુધી આ દેહ સ્વસ્થ છે અને મૃત્યુ દૂર છે, ત્યાં સુધીમાં આત્મ કલ્યાણ કરી લેવું જોઈએ. પ્રાણોના અંત પછી શું કરીશું?

As far as our body is healthy and death doesn't looms large, we should strive hard for self-liberation, because what shall we do after death ?

अन्नदानत्परं दानं विद्या दान मतः परम्
अन्नेन क्षणिका तृप्तीर्यावज्जीवं च विद्यया ।

બીજા દાનોમાં અન્નદાન શ્રેષ્ઠ છે, પણ તેનાથી વિશેષ વિદ્યા દાન છે; કારણ કે અન્નાથી થોડો વખત તૃપ્તિ થાય છે, જયારે વિદ્યાથી તો જીવે ત્યાં સુધી તૃપ્તિ રહે છે.

Give away food to the hungry is best among charities, but giving knowledge to somebody, is superior to giving food, because food would satisfy a person for a short time, while knowledge would last with him for ever.

आलस्यम् हि मनुष्याणां, शरिरस्यो महान् रिपुः
नात्स्युद्यम समो बन्धुः कृत्वायं नावसीदति

આળસ એ માણસોના શરીરની અંદર રહેલો મોટામાં મોટો શત્રુ છે અને ઉદ્યમ જેવો બીજો કોઈ બંધુ નથી. એવા ઉદ્યમને કરવાથી માણસ દુઃખી થતો નથી.

Sluggishness or laziness is the greatest enemy of individual, whereas diligence is his greatest friend. If one is hard working and industrious he would not be unhappy and miserable.

गंगा सिंधु सरस्वती च यमुना, गोदावरी नर्मदा
कावेरी सरयु महेन्द्रतनया चर्मणवती, वेदिका
क्षिप्रा, वेत्रवती महासुरनदी, ख्याता गया गण्डकी
पूर्णाः पुण्य जलैः समुद्र सहिताः कुर्वन्तु मे मंगलम् ।

ગંગા, સિંધુ, સરસ્વતી, યમુના, ગોદાવરી, નર્મદા, કાવેરી, સરયુ, મહેન્દ્રતનયા, ચર્મણ્વતી, વેદિકી, ક્ષિપ્રા, વેત્રવતી, મહાસુરનદી અને પ્રખ્યાત થએલી જયા તથા ગંડકા-આ બધી નદીઓ પવિત્ર જળ વડે પરિપૂર્ણ થઈ સમુદ્ર સાથે મળીને મારું કલ્યાણ કરો.

I pray the sacred rivers of my country- the Ganga, Sindhu, Sarswati, Yamuna, Godavari, Narmada, Kaveri, Saryu, Mahendratanaya, Charmanvati, Vedica, Kshipra, Vetravati, Mahasurnadi-to do my well-being and bring prosperity alongwith the waters of the seas.

येषाम् न विद्या, न तपो, न दानम्, ज्ञानम् न शीलम् न गुणो, नधर्मह ते मृत्युलोके भुमि भार भूता, मनुष्यरुपेण मृगयास् चरन्ती।

જેમનામાં વિદ્યા ન હોય, તપ ન હોય, દાન કરવાની વૃત્તિ ન હોય, જ્ઞાન નહિ હોય, સહનશીલતા નહિ હોય, ધર્મ પ્રત્યે ભાવના નહિ હોય, તેવા પુરુષો આ મૃત્યુલોકમાં પૃથ્વીને ભારરૂપ છે અને મનુષ્યોનાં રૂપમાં પ્રાણીઓ તરીકે જ જીવે છે.

Those who do not have knowledge, penance or control of senses, inclination towards charity, tolerance and wisdom as well as religlious mindedness- such persons are burden some on this earth. They can't be called human beings, but animals.

कार्येषु मंत्री, भोजयेसु माता, सपनेसु रंभा, भतृ: धर्ममार्गे प्रेरयति अेतानी आदर्श स्त्रीणाम् लक्षणानि ।

કામકાજમાં મંત્રીનું કામ કરે, જમતી વખતે પતિને માતાના પ્રેમથી જમાડે, શયનખંડમાં સુંદર સ્ત્રી તરીકે વર્તે અને પતિને ધર્મના માર્ગે ચાલવાની પ્રેરણા આપે, એ આદર્શ સ્ત્રીનાં લક્ષણો છે.

There are certain characteristic features of an ideal woman: She works as a secretary, makes his husband have his lunch with motherly affection, appears and behaves as an attractittve partner in bedroom, and inspires her husband to be on the path of religion.

अच्युतम् केशवम् रामनारायणम्, क्रष्नदामोदरम् वासुदेवमं हरिम्
श्रीधरं माधवं, गोपिकावल्लभं, जानकीनायकं, रामचंद्रं भजे।

અચ્યુત, કેશવ, રામ, નારાયણ, ક્રષ્ન, દામોદર, વાસુદેવ, હરિ, શ્રીધર, માધવ, ગોપીજનવલ્લભ, જાનકીના પતિ રામચંદ્ર, તમોને હું ભજું છું.

I worship Gods ardently, having known by different names like-Achyut, Keshav, Ram, Narayana, krishna, Damodar, Vasudeva, Hari, shridhar, Madhav, Gopijan Vallabh, the husband of Jankiji Lord Ramchandraji...

सर्वत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित दुखमाप्नुयात् ।

આ જગતમાં સર્વે સુખી રહો, સર્વે નિરામય દુઃખ રહિત હો, સર્વેનું કલ્યાણ થાઓ, એટલે સર્વે લાભકારક- હિતકારક, અવસરો જુઓ અને કોઈ પણ દુઃખી ના થાઓ.

This is a very good message wishing well-being and prosperity not only to our relatives and friends, but to all, May all be happy. May all be healthy May all enjoy prosperity and nobody may suffer on this earth.

## VANDAN KARIE SHREE PRABHU TAMANE

VANDAN KARIE SHREE PRABHU TAMANE
PAHELU VANDAN MATPITANE,
BIJU VANDAN GURUJI TAMANE .....VANDAN
TRIJU VANDAN ADHYA SHAKTINE,
CHOTHU VANDAN UMA PATINE .... VANDAN
PANCHMU VANDAN PUROSHOTAM NE,
AASHISH AAPO SAHU SHUKH AMNE .....VANDAN

## SHREE GANESH GANNAYAK SWAMI

SHREE GANESH GAN NAYAK SWAMI,
RIDDHI SIDDHI NA TAME CHHO DATA,
BAL BUDHI AM AAPO SWAMI, TAMO CHHO JAGNA ANTERYAMI.
YASH AAPO AMANE SUKH DATA, RIDHI SIDHI NA TAME CHHO DATÀ,
KARJO KARAJ SAPHAL AMARA, GUNALA NISH DIN GAU TAMARA.
NARAD SHARAD GUN TARA GATA, RIDHI SIDHI NA TAME CHHO DATA,
AVICHAL VANI AMAME AAPO, DAS NANDUNA SANKAT KAPO.
VANDAN KARIA TUJ CHARANOMA-
RIDDHI SIDDHI NA TAME CHHO DATA.

## SHREE KRISHNA SHARANAM MAM

SHREE KRISHNA SHARANAM MAM,
KADAM KERI DALO BOLE SHREE KRISHNA SHARANAM MAM.
JAMUNA KERI PALO BOLE, SHREE KRISHNA SHARANAM MAM.
VRAJ CHORASI KOS BOLE, SHREE KRISHNA SHARANAM MAM.

## VAKHAT VAHI JAY ANMULO

VAKHAT VAHI JAY ANMULO, HARI RAS PAN KARATO JA,
VAHE CHHE GYAN GANGA, EMA TU SNAN KARTO JA.
SADA SATSANGMA RAHINE, BHALA BHAGVAN BHAJTO JA,
PRABHUNI BHAKTIMA TARU, JIVAN KURBAN KARTO JA.
JIVAN DIN CHARNU MATKU, NAKAMO MOH MAYANO,
UDI JAVU AHITHI ANTE, KARINE TYAG KAYANO.

## "વંદન કરીએ શ્રી પ્રભુ તમને"

વંદન કરીએ શ્રી પ્રભુ તમને
પહેલુ વંદન માત પિતાને, બીજું વંદન ગુરુજી તમને....વંદન
ત્રીજું વંદન આદ્યશકિતને, ચોથું વંદન ઉમાપતિને....વંદન
પાંચમું વંદન પુરુષોત્તમને, આશિષ આપો, સહુ સુખ અમને....વંદન

## "શ્રી ગણેશ ગણનાયક સ્વામી"

શ્રી ગણેશ ગણનાયક સ્વામી, રિદ્ધિ સિદ્ધિના તમે છો દાતા,
બળ બુદ્ધિ અમ આપો સ્વામી, તમો છો જગના અંતરયામી.
યશ આપો અમને સુખ દાતા, રિદ્ધિ સિદ્ધિના તમે છો દાતા,
કરજો કારજ સફળ અમારાં, ગુણલાં નિશ દિન ગાવું તમારાં.
નારદ શારદ ગુણ તારા ગાતા, રિદ્ધિ સિદ્ધિના તમો છો દાતા
અવિચળ વાણી અમને આપો, દાસ નંદુનાં સંકટ કાપો,
વંદન કરીએ તુજ ચરણોમાં-રિદ્ધિ સિદ્ધિના તમો છો દાતા.

## "શ્રી કૃષ્ણ શરણં મમ"

શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ્, કદમ કેરી ડાળો બોલે, શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ્,
જમુના કેરી પાળો બોલે, શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ્
વ્રજ ચોરાસી કોસ બોલે, શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ્

## "વખત વહી જાય અણમુલો"

વખત વહી જાય અણમુલો, હરિ રસ પાન કરતો જા,
વહે છે જ્ઞાનની ગંગા, એમાં તું સ્નાન કરતો જા.
સદા સત્સંગમાં રહીને, ભલા ભગવાન ભજતો જા,
પ્રભુની ભકિતમાં તારું, જીવન કુરબાન કરતો જા.
જીવન દિન ચારનું મટકું, નકામો મોહ માયાનો,
ઉડી જાવું અહીંથી અંતે, કરીને ત્યાગ કાયાનો.

## AHO DEVANA DEV

AHO DEVANA DEV HE VISHVASWANI,
KARU HU STUTI APNI SHISH NAMI;
DAYALU PRABHU APADATHI UGARO,
DINANATH TU EAK ADHAR MARO (1)

PRABHU AAP CHHO SARVANE PALNARA,
TAME CHHO SADA SANKATO TALNARA;
KIDHA CHEE KARODO TAME UPKARO,
DINANATH TU EAK ADHAR MARO (2)

HUN CHHU RANKNO RANK AGNAN PRANI,
NA MARI KASHI VAT TUTHI AJANI;
KARO HE DAYALU KSHAMA VANK MARO,
DINANATH TU EAK ADHAR MARO (3)

AME BALAKO BOLIE HATH JODI,
AMARI MATI HE PRABHU CHHEK THODI;
DAYA LAVINE PRATHANA DILE DHARO,
DINANATH TU EAK ADHAR MARO (4)

AMONE KUTUMBI JANO JE AMARA,
RAHIA SHARIRE SUKHI SARVA SARA;
SADA AAPAJO AAP SARA VICHARO,
DINANATH TU EAK ADHAR MARO (5)

NATHI ME KARI AAPNI KAI BHAKTI,
NATHI APANA GUN GAVANI SHAKTI;
DAYA LAVINE DAS DUKHO NIVARO,
DINANATH TU EAK ADHAR MARO (6)

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી,
કરુ હું સ્તુતિ આપની શીશ નામી;
દયાળુ પ્રભુ આપદાથી ઉગારો,
દીનાનાથ તું એક આધાર મારો. (૧)
પ્રભુ આપ છો સર્વને પાળનારા,
તમે છો સદા સંકટો ટાળનારા;
કીધા છે કરોડો તમે ઉપકારો,
દીનાનાથ તું એક આધાર મારો. (૨)
હું છું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી,
તમારી કશી વાત તુંથી અજાણી;
કરો હે દયાળુ ક્ષમા વાંક મારો,
દીનાનાથ તું એક આધાર મારો. (૩)
અમે બાળકો બોલીએ હાથ જોડી,
અમારી મતિ હે પ્રભુ છેક થોડી;
દયા લાવીને પ્રાર્થના દિલે ધારો,
દીનાનાથ તું એક આધાર મારો. (૪)
અમોને કુટુંબીજનો જે અમારા,
રહીએ શરીરે સુખી સર્વ સારા;
સદા આપજો આપ સારા વિચારો,
દીનાનાથ તું એક આધાર મારો. (૫)
નથી મેં કરી આપની કાંઈ ભકિત,
નથી આપના ગુણ ગાવાની શકિત;
દયા લાવીને દાસ દુખો નિવારો,
દીનાનાથ તું એક આધાર મારો. (૬)

## NANDA GHER AANAND THAY GOKULMA

NANDA GHER AANAND THAY GOKULMA, NANDA GHER AANAND THAY
AVINASHIA AVTAR LIDHO, MATA NU MAN HARKHAY.... GOKULMA
SHRAVAN VAD MAGHYA AATHAMNI RATE,
MAND MAND VAYU VAY..... GOKULMA
NANDNA LALNE MOTIDE VADHAVAVA,ZALHAL AARTI THAY.... GOKULMA
GANDA GHELA GOVALIYAO, NACHE KUDENE GAY..... GOKULMA
SHANGAR SAJINE GOPIO AAVE, LAINE PUJANO THAL..... GOKULMA
KANKU KESHARNA SATHIYA PURAYA,
GHER GHER TORAN BANDHAY..... GOKULMA
HIRA MANEKNA DAN APAYA, VIPRONE GAYO APAY..... GOKULMA
GHODE BESINE YUVANO CHALYA, GHARDAO PALHIMAY..... GOKULMA
CHANDO SURAJNE NAVLAKH TARALA,
DARSHAN KARI HARKHAY..... GOKULMA
SANKADIK BRAHMA NARAD SHANKAR
SWARGMA PULKIT THAY..... GOKULMA
SHIV RAM KAHE CHHE DHARMA PRASRAVAVA,
PRABHUNO AVTAR THAY..... GOKULMA

## BHED NA JANE KOI SAHEB TERA

BHED NA JANE KOI, SAHEB TERA, BHED NA JANE KOI,
SABU LELE PANI LELE, MAL MAL KAYA DHOY,
ANTAR GHATKA DAGH NA CHHUTE (2)
KAISE NIRMAL HOI ..... SAHEB TERA
AA GHAT BHITARI BAIL BANDHE HAIN, NIRMAL SAHEB TERA HOI,
SUKHIA BAITHE BHAJAN KARAT HAI (2)
DHUKHIA DIN BHAR ROI... SAHEB TERA
AA GHAT BHITAR AGAN JALAT HEI, DHUVA NA PRAGAT HOI,
KAI DIL JANE AAPKA (2) KAI SHIR BITI HOI - SAHEB TERA
JAL BIN BELA BEL BINA TUMBA, BIN FULE FAL HOI,
KAHAT KABIRA SUNO BHAI SAGHU,
GURU BIN GYAN NA HOI..... SAHEB TERA

## ''નંદ ઘેર આનંદ થાય ગોકુલમાં''

નંદ ઘેર આનંદ થાય ગોકુલમાં નંદ ઘેર આનંદ થાય
અવિનાશીએ અવતાર લીધો, માતાનું મન હરખાય....ગોકુલમાં
શ્રાવણ વદ મધ્યે આઠમની રાતે, મંદ મંદ વાયુ વાય....ગોકુલમાં
નંદના લાલને મોતીડે વધાવવા, ઝળહળ આરતી થાય....ગોકુલમાં
ગાંડા ઘેલા ગોવાળીયાઓ, નાચે કુદેને ગાયે....ગોકુલમાં
શણગાર સજીને ગોપીઓ આવે, લઈને પૂજાનો થાળ....ગોકુલમાં
કંકુ કેશરના સાથીઆ પુરાવ્યા, ઘેર ઘેર તોરણ બંધાય....ગોકુલમાં
ગાયો નાચે ગોવાળો નાચે, ગોરસનાં છાંટણા થાય....ગોકુલમાં
હીરા માણેકનાં દાન અપાયા, વિપ્રોને ગાયો અપાય....ગોકુલમાં
ઘોડે બેસીને યુવાનો ચાલ્યા, ઘરડાઓ પાલખીમાંય....ગોકુલમાં
ચાંદો સૂરજને નવલખ તારલા, દર્શન કરી હરખાય....ગોકુલમાં
સનકાદિક બ્રહ્મા નારદ શંકર, સ્વર્ગમાં પુલકિત થાય....ગોકુલમાં
શિવરામ કહે છે ધર્મ પ્રસરાવવા, પ્રભુનો અવતાર થાય....ગોકુલમાં

## ''ભેદ ન જાને કોઈ સાહેબ તેરા''

ભેદ ન જાને કોઈ સાહેબ તેરા ભેદ ન જાને કોઈ,
સાબુ લેલે પાની લેલે, મલ મલ કાયા ધોઈ,
અંતર ઘટકા ડાઘ ના છૂટે (૨) કૈસે નિર્મલ હોઈ....સાહેબ તેરા.
આ ઘટ ભીતર બૈલ બંધે હૈ, નિર્મલ સાહેબ તેરા હોઈ,
સુખીયા બૈઠે ભજન કરત હૈ (૨) દુખીયા દિનભર રોઈ....સાહેબ તેરા.
આ ઘટ ભીતર અગન જલત હૈ, ધુંઆ ન પ્રગટ હોઈ
કૈ દિલ જાને આપકા (૨) કૈ શિર બીતી હોઈ....સાહેબ તેરા.
જલ બીન બેલ, બેલ બીના તુંબા, બીન ફુલે ફલ હોઈ,
કહત કબીરા, સુનો ભાઈ સાધુ, ગુરુ બીન જ્ઞાન ન હોઈ....સાહેબ તેરા.

## Sayings by the Saints :

1. However plentiful the sand may be, but it won't have the fertility of clay and hence no grain could grow out of it.
   -Ravindranath Tagore.
2. Wealth is unsteady, mind is fickle, life is also ephemeral. Everything may be destroyed within a second. (So pray God, seek His shelter who is eternal).
3. Your life would be successful and you'd feel the sense of fulfilment if you-perform good actions through your body, do charity with your hands, go to pilgrimage on foot, praise and worship God and Guru with your toungue, have the 'darshan' of God by your eyes, listen to the religious discourse by ears, and bow your head down before God.
4. Lord Shiva resides in each living being and every individual represents a small part of God.
5. You may purchase everything with money, except happiness, peace, true friendship and health.
6. When we earn wealth indiscriminatingly and unscrupulously, we're sure to lose real hunger and sound sleep.
7. He, who is dubious about the success of a work and begins it doubtfully, he hardly gets success.
8. If you won't sow the seeds of knowledge in your young age, how could you expect the shadow of its tree in old age ?
9. Develop and inculcate these five virtues not only to command men, but even Gods: Humility, service, Love, Sweetness and forbearance.
10. Our future rests not on borrowed knowledge, but on our capacity to think independently, and on our determination of hard work. - Vyankat Raman

## મહાન અને સંત પુરુષોનાં ઉચ્ચારણો

૧. રેતીના કણની સંખ્યા ગમે તેટલી હોય, પણ તેમાં માટીનો ગુણ ન હોવાથી, તેમાં અનાજ ઉત્પન્ન થઈ શકતું નથી. - રવીન્દ્રનાથ ટાગોર

૨. ધન ચંચળ છે, મન ચંચાળ છે-જીવન પણ ક્ષણભંગુર છે ક્ષણ માત્રમાં બધું જ મટી જાય છે-નાશ પામે છે.

૩. શરીરથી સત્કાર કરો, હાથથી દાન આપો, પગથી યાત્રા કરો, જીભાથી ભગવાનનાં-ગુણીજનોનાં ગુણ ગાન ગાઓ.

૪. દરેક વ્યકિતમાં ઈશ્વરનો અંશ છે, જીવમાત્રમાં શિવ છે.

૫. તમે પૈસાથી બધુ ખરીદી શકો, પણ સુખ શાંતિ, સાચા મિત્રો કે તંદુરસ્તી પૈસાથી ખરીદી શકાતી નથી.

૬. સંસ્કાર વગરની સંપત્તિ આવે ત્યારે, સાચી ભૂખ અને સાચી ઊંઘ ચાલી જાય છે.

૭. જે માણસ કામ શરૂ કરતાં પહેલા જ એમ કહે છે કે આમાં કોઈ સફળ થતું નથી, છતાં પ્રયત્ન કરી જોઈએ, તે મોટા ભાગે નિષ્ફળ જ જાય છે.

૮. યુવાન વયમાં જ્ઞાનનો છોડ નહીં વાવો તો ઘડપણમાં એની છાયા મળશે નહિ.

૯. મનુષ્ય ઉપરાંત દેવોને પણ વશ કરવા માટે આ પાંચ ગુણો વિકસાવો (૧) નમ્રતા (૨) સેવા (૩) પ્રેમ (૪) મધુરતા અને (૫) ક્ષમા

૧૦. આપણું ભવિષ્ય બહારથી ઉછીના લીધેલા જ્ઞાન પર નહિ પણ સ્વતંત્ર રીતે વિચારવાની, આપણી ક્ષમતા, અને સખત પરિશ્રમ કરવાના આપણા દ્રઢ નિશ્ચય પર અવલંબે છે.

- વ્યંકટ રામન

11. Advice is hardly appreciated. Its a strange fact that he, who doesn't like it, requires it the most. - Lord Esterfield.

12. No power of the world can usurp the things which are there in my fate, and vice versa. However, the immense strength of God can turn impossible into possible hence His Prayer and my actions are the only resorts to fulfil my desires.

13. If possible, relieve a suffer from his pains. If this is not possible for you at least console him, sympathise with him, but never discourage or dishearten him.

14. One who doesn't know anything is clever at finding excuses. He cheats others but it is more risky that he cheats his ownself at the same time. Who would make such a person realize that he is doing great harm and injustic to his ownself ?

15. The worldly circumstances have becoming bizarre and grotesque. Ordeals are bound to prop up but keep yourself steady, have patience and be ready for future. Strengthen your inner power and will to cope with any situation.

16. The company of a rogue or a villain is like a coal. Which burns while hot and blacken our hands while fireless.

17. Man should always love truth at the same time he must be sweet-tongued.

18. A poor asks for a few things, an amorous asks more, but a greedy fellow would ask for everything (what you have). -Ratnasunder Surishwarji.

૧૧. શિખામણને ભાગ્યે જ આવકાર મળે છે. ખૂબી તો એ છે કે જેને સૌથી વધુ જરૂર હોય છે તેને જ એ ઓછી ગમે છે.

-લોર્ડ એસ્ટર ફીલ્ડ

૧૨. જે મારા ભાગ્યમાં છે એને દુનિયાની કોઈ તાકાત મારી પાસેથી છીનવી શકે એમ નથી -ને જે મારા ભાગ્યમાં નથી એને દુનિયાની કોઈ તાકાત મને આપી શકે એમ નથી. પણ ઈશ્વરની વિરાટ શકિત અશકયને પણ શકય બનાવે છે. માટે હવે તો પ્રાર્થના એ જ પારસમણિ અને કર્મ એ જ કામધેનુ.

૧૩. દુઃખીને બની શકે તો દુઃખમાંથી છોડાવવો, તે ન બની શકે તો છેવટે તેને દિલાસો તો અવશ્ય આપવો, પરંતુ નાહિંમત કરીને નાસીપાસ તો ન જ કરવો.

૧૪. જેને કશું જ ના આવડે એને બહાના કાઢતા સારી રીતે આવડે. આવી વ્યકિત બીજાને છેતરે છે. પણ જોખમકારક બાબત તો એ છે કે એ પોતાની જાતને પણ છેતરે છે, આવા માણસને કોણ ખ્યાલ આપી શકે કે એ પોતે જ પોતાને અન્યાય કરી રહેલો છે ?

૧૫. સંસારનાં સંજોગો વધારેને વધારે વિચિત્ર બનતા જાય છે. કસોટીઓ ઊભી થયે જ જવાની પણ અકળાવાનું નથી. ધીરજ રાખવાની છે. ભવિષ્ય માટે તૈયાર થવાનું છે. શકિત વધારવાની છે- તો ગમે એવા સંજોગોને પહોંચી વળાશે.

૧૬. દુર્જનોનો સંગ કોલસા જેવો હોય છે, જે ગરમ હોય તો અંગારો બની હાથ દઝાડે છે અને ઠંડો હોય ત્યારે હાથ કાળા કરે છે.

૧૭. માનવે હંમેશા સત્યપ્રિય બનવું જોઈએ. સત્યપ્રિય બનવા સાથે તેણે મધુરતાભાષી પણ બનવું જોઈએ.

૧૮. ગરીબ થોડું માંગે છે, વિલાસી ઘણું માંગે છે, પરંતુ, લોભી તો બધું જ માંગે છે. -રત્નસુંદર સુરિશ્વરજી.

19. Would you like to make someone your own ? If so, make a niche for yourself in his heart first. Make him realize that you are his own, then he is bound to be your own.

-Shri Ratnasunder Surishwarji

20. There's a way to heaven, but nobady bothers to travel on it. The hell has no door and yet people are eager to penitrate through it.

- A Chinese proverb

21. No strength of world can prevent what is destined to happen, will never happen. And what is not going to happen, will never happen. The creator has drawn your map of life when you were born, but you never know the map, so be like a leaf in a stream and live as life leads you.

22. Truth always demands sacrifice. It can't be had without paying a price.

23. Any work is bound to be successful, if done wiht sinceriety and truth fulness, dedication and devotion.

24. People are not interested in how you sailed amidst storms, but they're always anxious to know whether you anchored the boat at the shore.

25. One has to encounter with an untimely death, if one does not observe control over tongue, food, behaviour, passion, expenditure and his desires.

૧૯. કોઈને તમારે તમારા બનાવવા છે ? પહેલાં તમે એના બનો- તમે એના છો તેની પ્રતિતી એને કરાવો- તો એ તમારા બન્યા વિના નહિ જ રહે.

-શ્રી રત્નસુંદર સુરીશ્વરજી

૨૦. સ્વર્ગને રસ્તો છે પણ કોઈ તેના પર ચાલતું નથી. નરકને કોઈ બારણું નથી છતાં લોકો છેદ કરીને તેમાં દાખલ થવા ઈચ્છે છે.

-ચીની કહેવત

૨૧. જે થવાનું છે તેને દુનિયાની કોઈ તાકાત અટકાવી નથી શકતી, જે નથી થવાનું તે નથી જ થવાનું. ઈશ્વરે તમારા જીવનનો નકશો જન્મતાં જ બનાવી દીધો છે. તમને તેના માર્ગની આજીવન ખબર નથી પડતી, માટે જ વહેતા પાણીનું પાંદડું બનીને જીવો.

૨૨. સત્ય હંમેશા બલિદાન-કિંમત માંગે છે. તે વગર તે પ્રાપ્ત થતુ નથી.

૨૩. કોઈ પણ કાર્ય સચ્ચાઈ અને સમર્પણથી કરવામાં આવે તો સફળતા પ્રાપ્ત થાય છે.

૨૪. માર્ગમાં જે સંકટો નડયાં તેમાં દુનિયાને રસ નથી. તમે નાવ કિનારે લાવ્યા કે નહીં તેમાં જ તેને રસ છે.

૨૫. વાણીમાં, આહારમાં, વિલાસમાં, ભોગમાં અને ખર્ચમાં જો સંયમ રાખવામાં ન આવે તો આયુષ્ય પહેલાં મૃત્યુનો ભેટો થાય છે એમાં કોઈ શંકા નથી.

26. Exhibitting or revealing one's wealth may become cause to one's deterioration.
27. Knowledge is ageless and deathless. It is immortal and imperishable. It is the suprieme wealth in the world.
28. The sins taste very sweet till they are immature, but as they get ripe. they pain a lot.

-Gautam Buddha

29. Having religious attributes is more important than religion itself. If we involve them in all our actions we do, it is enough. Never mind if you can't spare time for religion then. -The Veda.
30. Getting maximum benefit out of minimum means and to lead a life satisfactorily -is the true art ot living.
31. A person having tolerance and patience is worshipped, as a raw stone is worshipped as an idol, after enduring the hammer's blows.
32. O Lord, begin to improve the world with me.
33. Never get hisheartende, frightened or defeated by the failures in your life. They may prove perhaps the stepping stones to suceess. To move discouragement and drive away disappointment, to be disappointed is as good as to forget God.
34. The greatest blunder of life is not to know one's ownself. And to rectify this error is to know one's true form.
35. If you 'know' your own self. You may know everything. so we have to 'know' and 'realize' our own true self first.

૨૬. શ્રીમંતાઈનું પ્રદર્શન એ વ્યકિતનું પતન કરવામાં નિમિત્ત બની શકે છે.

૨૭. જ્ઞાન અજરામર છે. એનો નાશ થતો નથી. આ દુનિયાની એ જ સર્વોપરિ સંપત્તિ છે.

૨૮. પાપ પરિપકવ નથી થતાં ત્યાં સુધી મીઠાં લાગે છે પણ પાકવા માંડે છે, ત્યારે બહુ દુખ દે છે. -ગૌતમ બુધ્ધ

૨૯. ધર્મ કરતાં ધાર્મિકતા વધુ મહત્ત્વની છે. આપણે ભલે ધર્મ માટે સમય ફાળવી ન શકીએ, પણ સંસાર સાગરમાં ધાર્મિકતાને જો દરેક પ્રવૃત્તિમાં સાથે રાખીએ તો એ પૂરતું છે. -વૈદિક સંકલન

૩૦. ઓછામાં ઓછા સાધનોમાંથી, વધુ લાભ ઉઠાવી, જિંદગી દરમ્યાન પૂરેપૂરા સંતોષી થવું, એ જ જિંદગી જીવવાની સાચી કળા છે.

૩૧. સહન શકિત હોય તે વ્યકિત જ પૂજાય છે. શિલ્પકારના હથોડા સહન કરનાર પથ્થર જ મૂર્તિ તરીકે પૂજાય છે.

૩૨. પ્રભુ તું આખા જગતને સુધારજે, પણ શરૂઆત મારાથી કરજે.

૩૩. જીવનમાં આવતી નિષ્ફળતાથી કયારેય હારશો નહિ, ડરશો નહિ, નિષ્ફળતા એ કયારેક શિલાન્યાસ હોય છે. નિરાશાને આજે જ હાંકી કાઢો, નિરાશ થવું એ તો પ્રભુના જીવનને ભૂલવા બરાબર છે.

૩૪. પોતાને નહિ ઓળખવું એ જ જીવનની સૌથી મોટી ભૂલ છે. એ ભૂલને સુધારવી એટલે પોતાનું સાચું સ્વરૂપ સમજવું.

૩૫. આપણે આપણને જાણવાનો છે, આપણે સ્વની ઓળખાણ કરવાની છે ને સ્વને જાણે તે સર્વસ્વ જાણી શકે છે.

36. If you would allow a sinful penny to enter your wardrob, it would drag all your money out, earned by fair means.
37. Never develop enmity with anybody, if you want to remove ill-will from your life, be friend of all.
38. Your life would be gay and happy, if you respect all and behave affectionately with everybody in every situation.
39. A humble and modest man is bound to be successful.
40. Happiness and hardship, pain and pleasure are like two wheels of a chariot of life. They inseparably co-exit.
41. Having experienced(life), some start opining, whereas some cease to opine.
42. Trust needs no proof, however, some proof is needed to examine the truth.
43. One who knows one's destination clearly, the entire world is ready to give him his way.
44. An idea of sadistic pleasure pollutes the mind, whereas a humanitarian notion gratifies the mind.
45. He, who respect others and is ready to serve the elderly people, enjoys good helth, long life, prestige and strength.
46. If one spoil one's life considering money as his chief end, the money can't improve the ife once spoiled.
47. Where money or matirial prosperity is considered to be the God, nobody worship the real God. He is forgetten.

૩૬. ઘરમાં પાપનો એક પૈસો પણ પેસી જશે તો, પુન્યના બધા જ પૈસાને ખેંચી જશે.

૩૭. જીવનમાંથી કડવાસને દૂર રાખવા માગતા હો તો કોઈને ય દુશ્મન બનાવશો નહી. સૌ સાથે મિત્રતા કેળવતા રહેજો.

૩૮. સૌ પ્રત્યે આદર ભાવના અને કોઈ પણ પરિસ્થિતિમાં પ્રેમ ભર્યો વર્તાવ જિંદગીને ખુશ ખુશાલ બનાવતો હોય છે.

૩૯. નમ્રતા ધારણ કરનાર માનવી સફળતા મેળવતો હોય છે.

૪૦. જયાં સુખ છે ત્યાં દુખ છે. સુખ અને દુખ બંને જીવન રથનાં પૈડાં છે.

૪૧. કેટલાક અનુભવને અંતે બોલે છે, કેટલાક અનુભવના અંતે બોલતા બંધ થાય છે.

૪૨. સત્યને કોઈ જ પુરાવાની જરૂર હોતી નથી છતાં સત્યને ચકાસવા માટે કોઈક પુરાવો જોઈએ છે.

૪૩. જે પોતાને કયાં જવું છે એ જાણે છે, એને આખી દુનિયા રસ્તો આપવા ખસી જતી હોય છે.

૪૪. બીજાને દુખ દેવાનો વિચાર મનને કલુષિત કરે છે. બીજાને સુખી કરવાનો સંકલ્પ મનને આનંદિત કરે છે.

૪૫. જેનો સ્વભાવ સન્માન આપવાનો રહયો છે અને જે હંમેશા વૃધ્ધોની સેવામાં તત્પર રહે છે તેના આયુષ્પ, વિદ્યા, યશ, અને બળમાં વૃધ્ધિ થયા કરે છે.

૪૬. પૈસાને જ મહાન ગણી જિંદગી બરબાદ કરવામાં આવે તો પછી બરબાદ થયેલી જિંદગીને પૈસાની કિંમત રહેતી નથી.

૪૭. જયાં પૈસો જ પરમેશ્વર છે ત્યાં સાચા પરમેશ્વરને કોઈ પૂજતું નથી.

48. Uttering harsh words or joining adventure by accident do not exhibit your strength. The true test of strength is in renunciation. -Ravindranath Tagore

49. Excellence is achived only when sacrifice and renunciation are clubbed together.

50. Be determinent and firm in your decision as well as in action. Don't leave it unfinished at a temporary failure.

51. My life itself is my message. -Gandhiji

52. One who tries to harm others, harms himself. One who tries to destroy others, destroys himself.

53. A person without proper understanding and sense of discremination is baser than an animal.

54. We know how to build a house, but not, to live happily in it. (OR) The art of bullding construction is easier than the art of living in it.

55. Be unpretentious. lead a normal life and expose your self as you are before the people. - Morari Bapu

56. As an earthen lamp is enough to illuminate the darkness in a night, one's efforts are enough, however little to achive great results. If positive attitude and virtues are developed, nothing is impossible to attain. -Morari Bapu

57. Relieve yourself from the anxiety of future, try to improve the presence, the future will antomatically be improved. -Morari Bapu

58. It you can keep your head cool, you could win the world. -Guru Nanak

59. Purity of thought and that of food are inter connected.

૪૮. કડકવાત બોલવાથી કે અકસમાતે સાહસનું કામ કરવાથી બળ પ્રકાશિત થતું નથી, ત્યાગ દ્વારા જ બળનો પરિચય મળે છે. -રવીન્દ્રનાથ

૪૯. શ્રેષ્ઠતા ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે ત્યાગ અને બલિદાન હોય.

૫૦. જે વાતને પૂરી કરવાનો નિર્ણય લીધો હોય, તેને ક્ષણિક નિષ્ફળતા મળતા અધુરી ન મૂકો.

૫૧. મારું જીવન એ જ મારો સંદેશ છે. -મહાત્મા ગાંધી

૫૨. જે ખાડો ખોદે છે તે જ પડે છે, જે ભાગલા પાડે છે તેનો પણ નાશ અવશ્ય થાય છે.

૫૩. વિવેક અને સમજદારી વગરનો મનુષ્ય એ પશુથી બદતર છે.

૫૪. મકાન કેમ બાંધવું તે આપણે જાણીએ છીએ, પણ તે મકાનમાં સુખરૂપ કેમ જીવવું તે આપણે જાણતા નથી.

૫૫. દંભ છોડો, જે છે તે જ સ્વરૂપમાં લોકો સમક્ષ રજુ થાઓ.

-મોરારી બાપુ

૫૬. ઘોર અંધારી રાતમાં એક કોડીયું ટમ ટમી જેમ ઘણો પ્રકાશ આપે છે. તેમ દરેક વ્યક્તિ પોતાની રીતે પ્રયાસ કરે તો, ઘણું થઈ શકે.- સારી વૃત્તિ કેળવાય તો સમાજમાં કશું મુશ્કેલ નથી.

-મોરારી બાપુ

૫૭. ભવિષ્યની ચિંતા છોડી વર્તમાનને સુધારવાનો પ્રયાસ કરો.

-મોરારી બાપુ

૫૮. જો તમે મગજને શાંત રાખી શક્તા હશો, તો તમે જગતને જીતી શકશો.

-ગુરુ નાનક

૫૯. વિચારની શુધ્ધિ અને આહારની શુધ્ધિ પરસ્પર સંકળાયેલા છે.

60. To know one's own self is the toughest art.
61. Laxmiji-the goddess of wealth-does not merely symbolize wealth; but also prosoerity, divine virtues, health, happiness, peace and convenience etc.
62. The best work is that which confer us peace and fulfilment, inner pleasure and real joy.
63. Good is omni present. He exists in every inch of this universe. The only thing is that it requires our vision to see him present every where.
64. If you aspire to lead a happy life, always consider the entire world as your own family.
65. The true humanitarian religion is to sympathise with the sufferers and try to remove their tears.
66. One can not be a saint or a fakir without sharing other's vowes and sorrows, consoling them and kindling faith in them.
67. ·Don't be happy watching others' pains, because pains and plights are unpredictable. They may turn to us any moment.
68. Nobody gets permanent happiness in the world. The cards of happiness and hardship turn alternativery, as does day and night.
69. A greedy knows no guru, friend nor relatives.
70. There is always a silver line behind each dark cloud. There's an immortal hope amidst thousands of disappontments.
71. The process of sin is always pleasant, but its results are never so.

૬૦. પોતાની જાતને જાણવી એ દુનિયાની અઘરામાં અઘરી કળા છે.

૬૧. લક્ષ્મીજી એટલે માત્ર ધન નથી. - પરંતુ ઐશ્વર્ય. આરોગ્ય, સુખશાંતિ અને અનુકૂળ પરિસ્થિતિ એ સઘળું છે.

૬૨. શ્રેષ્ઠ કાર્ય એ છે કે જેનાથી માનવ શાંતિ અને ધન્યતા અનુભવ શકે.

૬૩. ઈશ્વર પ્રત્યેક કણ-પ્રત્યેક જીવંત વસ્તુ અને સૃષ્ટિના અણુ અણુમાં પ્રવર્તમાન છે.-માત્ર જોવા જાણવાની દૃષ્ટિ હોવી જોઈએ.

૬૪. આનંદથી જીવવું હોય તો હંમેશા એવી ભાવના રાખો કે આખું જગત મારું કુટુંબ છે.

૬૫. સંસારમાં મનુષ્યે સમદુખિયા થવું અને કોઈનાં આંસુ લુછવાં એ જ ખરો માનવ ધર્મ છે.

૬૬. બીજાના દુઃખમાં ભાગીદાર થયા વિના, તેને આશ્વાસન આપીને જીવનમાં શ્રધ્ધા પ્રગટાવ્યા વિના પીર કે સંત થઈ શકાતું નથી.

૬૭. કોઈનું દુઃખ જોઈને તાલી પાડવી ન જોઈએ, કારણ કે આપણે જાણતા નથી કે આપણા ઉપર ક્યારે દુઃખનાં ડુંગર ખડકાશે.

૬૮. સંસારમાં કોઈને પણ કાયમી સુખ મળતું નથી. રાત્રિ પછી દિવસ એમ દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખનું ચક્ર ચાલ્યા જ કરે છે.

૬૯. લોભીને કોઈ જ ગુરુ-મિત્ર કે સગા સબંધી હોતા નથી.

૭૦. દરેક કાળા વાદળને એક રૂપેરી કિનાર હોય છે. હજારો નિરાશામાં એક અમર આશા છે.

૭૧. પાપ કરતી વખતે જેટલી મીઠાશ માણી હોય છે, એટલી જ કડવાશ એનાં પરિણામ રૂપે ગમે ત્યારે ભોગવવી પડે છે.

## Extracts from the Religious Discourse of Morari Bapu:

72. Untruth can't be turned into truth, even if repeated thousand times and vice versa.Truth can't be untruth even if distorted.
73. God has chosen woman to mother a child and not the man as women have imbibed love and dedication a great deal. A man can't be so much dedicated and loveable.
74. Knowleage knows no restriction of language.
75. Farewell to disease is health and bid adieu to sin is righteousness.
76. Learn a lesson from the trees. They give us fruits, flowers and shadow without asking for anything. But we are selfish. we cut the trees which bear no fruits.
77. Intoxication can be done in two ways : by drinking liquer cleverly, where as intoxication of soul can be had with love to God. The earlier would destroy human life, where-as the other relieves him of bondages of Life.
78. Try to witness ' Ram ' the goldy vertues in one another. Don't fall prey of attachment and jealousy.
79. No soap washes the sins of the sinner.
80. observe the sanctity by extending it to the right person.
81. Don't pretend. Never mind, if you don't read scriptures. but be simple and streightforward in life.
82. Introspection is better than blaiming anybody.
83. You may be required to pass through ordeals for the sake of truth, but never to deceive your conscience.
84. If you could pay half of your attention to your worldly affairs and the rest to God, it would also be a great success.

**મોરારીબાપુની કથામાંથી લીધેલાં કથનો છે.**

૭૨. અસત્યને લાખ દોહરાવો તોય સત્ય ન થાય અને સત્યને ગમે એટલું ખંડિત કરો તોય અસત્ય નહીં થાય.

૭૩. પ્રભુએ સ્ત્રીના પેટે જ બાળક જન્મ થાય એવી રચના કરી છે. કારણ કે સ્ત્રીમાં સમર્પણ છે. સ્ત્રીઓએ પ્રેમ વધુ આત્મસાત કર્યો છે. પુરુષમાં એટલું સમર્પણ ન હોઈ શકે.

૭૪. જ્ઞાનને ભાષાનું બંધન ન હોય.

૭૫. રોગનું જવું એ સ્વાસ્થ્ય અને પાપનું જવું તે પુન્ય.

૭૬. વૃક્ષો જેવા બનો. એ આપણને ફળ આપે છે, છાંયો આપે છે, પણ આપણી પાસેથી કશું લેતા નથી. આપણે સ્વાર્થી છીએ. જે ફળ ન આપે એટલે વૃક્ષોને કાપી નાંખીએ છીએ.

૭૭. નશો બે રીતે કરી શકાય (૧) મદીરાનો નશો. ચાલાકીથી પીવડાવાય, જયારે (૨) માયાનો નશો પ્રેમથી પીવડાવાય. પહેલો નશો માનવ જીવન ખતમ કરે છે. બીજો નશો માનવનો ઉધ્ધાર કરે છે.

૭૮. એક બીજામાં રામ જુઓ. રાગ દ્વેષ ન જુઓ.

૭૯. કાળા કામ કરનારાઓ ઉજળા થાય એવો કોઈ સાબુ હજી બન્યો નથી.

૮૦. દાન યોગ્ય પાત્રને જ આપવું તો જ એનું સત્ય જળવાશે.

૮૧. દંભ ન કરો. શાસ્ત્રો ન વાંચો તો કાંઈ નહી પણ જીવનમાં સરળ રહો.

૮૨. બીજાની ટીકા કરતાં પહેલાં પોતાની અંદર જુઓ.

૮૩. સત્ય માટે સહન કરવું પડે પણ વેચાવું કયારેય ન પડે.

૮૪. અડધું મન સંસારમાં હોય અને અડધું મન પ્રભુમાં હોય તો એ પણ મોટી સફળતા છે.

85. Involve yourself completely in whatever you do. Do it attentively and meticulously.

86. **Morari Bapu- On the use of Speech :-**

(1) Never speak till somebody wishes you to speak.

(2) Never speak till you're not asked to.

(3) Never speak without proper occasion.

(4) Never speak if there is no specific need.

(5) Never speak without prior thought.

(6) Many people speak without thinking and think after uttering.

(7) Don't speak without proof to avoid the risk of being a lier.

(8) Never tell lies.

(9) Don't speak without the strength of your charachter.

87. One who makes others weep is satan, who weeps at others sorrows is a human being; and who wipes the tears of suffering humanity is a saint.

88. Nobody should know when you perform an action of charity.

89. Lord Rama is not happy with his worship but he appeciates love and affection of the devotees. The kingdom of Ram is the kingdom of love and brotherhood.

90. The sense of possession is the cause of misery.

91. What is not there in India, you may find nowhere in the world, and whatever is there in the world, everything is there in India.

92. I've no objection if you purchase the Bible, but your home must not be devoid of the Ramayana and the Bhagwad Gita.

૮૫. જે કાંઈ કરો તેને શાંત ચિત્તે અને પૂરેપૂરા ધ્યાનથી કરો અને કામમાં ડૂબીને કરો.

૮૬. બોલવા-બાબત : (મોરારી બાપુ)

(૧) કોઈ બોલાવે નહિ ત્યાં સુધી બોલવું નહિ.

(૨) કોઈના પૂછયા વિના બોલવું નહિ.

(૩) પ્રસંગ વિના બોલવું નહિ.

(૪) અવસર (વિશિષ્ટ પ્રસંગ) વિના બોલવું નહિ.

(૫) વિચાર્યા વિના બોલવું નહિ.

(૬) ઘણા વિચાર્યા વિના બોલે અને બોલ્યા પછી વિચારે છે.

(૭) સાબિતી વિના બોલવું નહિ, ખોટા પડીએ એટલે ગેંગે ફેંગે કરવું પડે.

(૮) અસત્ય બોલવું નહિ.

(૯) ચરિત્રબળ વગર બોલવું નહિ તાકાત વિનાના શબ્દોનો કોઈ અર્થ રહેતો નથી. બધું વિચારીને જ બોલવું.

૮૭. આંસુ પાડે તે ઈન્સાન, આંસુ પડાવે તે સેતાન, અને આંસુ લુછે તે સંત.

૮૮. કોઈને ખબર ન પડે તે રીતે દાન કરજો.

૮૯. રામજીને પૂજા પ્રસન્ન નથી પણ પ્રેમ પ્રસન્ન છે. રામ રાજય એટલે પ્રેમ રાજય.

૯૦. આ મારું આ તારું એ જ દુ:ખનાં કારણ છે.

૯૧. ભારતમાં નથી તે દુનિયામાં કયાંય નથી અને દુનિયામાં છે તે બધું જ ભારતમાં છે.

૯૨. તમારા ઘરમાં રામાયણ ગીતા વસાવજો. બાઈબલ વસાવો તે સામે વાંધો નથી પણ આપણાં ધર્મનાં પુસ્તકો દરેકે વસાવવાં જોઈએ.

93. I would like to see the people of Gujarat vibrant and vigorous. Nobody should say that a greedy and mean minded Gujarati can't do anything. He can become as bold as anybody else. Simply he must learn to protect his self-respect at any cost.

94. Religion is nothing but nobility in speech and action.

95. The yard stick of a man's excellence is not his wealth but his virtues and meritorious deeds.

96. Never mind, if you can't to good to others, but don't think ill of anyone in your mind. -Gandhiji

97. The result of an action causes no tension, if you have dedicated your action to God.

98. It is the nature or disposition of a human being that creates friends or foes.

99. Truth as does butter, tends to come on the surface.

100. Poverty could be cured, but if idleness is attached to it, the disease would be incureable.

101. A wondering and unsteady mind causes restlessness. So control the mind to attain peace within.

102. A single noble and powerful thought is capable enough to change the entire world, provided it must be seized at a right miment.

103. Most of human misfortunes are created by him only.

૯૩. ગુજરાતની પ્રજાને હું તેજસ્વી જોવા ઈચ્છુ છું. કોઈ એમ ન કહી શકે કે કંગાળ કે ખોટી વણિકવૃત્તિનો ગુજરાતી શું કરી શકે ? બીજા કોઈપણ જેટલા બહાદુર થઈ શકે તેટલો ગુજરાતી પણ થઈ શકે. માત્ર તેણે પોતાના માન ખાતર મરતાં શીખવું જોઈએ. -સરદાર પટેલ

૯૪. ધર્મ એટલે સદાચાર-સારું આચરણ વર્તન-વાણીમાં હોય તે ધર્મનો ભાગ છે.

૯૫. મનુષ્યની શ્રેષ્ઠતાનો માપદંડ સંપત્તિ નથી, સંસ્કાર છે.

૯૬. તમે બીજાનું ભલું કદાચ ન કરી શકો તો કાંઈ નહિ, પરંતુ તમે મનમાં પણ બીજાનું બુરું ન વિચારો -ગાંધીજી

૯૭. સઘળું કાર્ય ઈશ્વરને સોંપી દેવાથી, તેના પરિણામ વિશે મનમાં તનાવ રહેતો નથી.

૯૮. મનુષ્યનો સ્વભાવ જ જીવનમાં શત્રુ કે મિત્રોને પેદા કરે છે.

૯૯. સત્ય અને માખણ, બંને અંતે તો સપાટી પર આવવાનો જ સ્વભાવ ધરાવે છે.

૧૦૦. એકલી ગરીબીના દર્દની દવા મળશે, પરંતુ તેની સાથે આળસનો રોગ જોડાયો હશે, તો તે અસાધ્ય બની જશે.

૧૦૧ શાંતિ જોઈતી હોય તો મનને અંકુશમાં રાખવાથી મળી રહેશે. મન ભટકે છે તેથી અશાંતિ ઊભી થાય છે.

૧૦૨. મનમાં એક જ સારો વિચાર સમગ્ર સૃષ્ટિને બદલાવી નાખવાની ક્ષમતા ધરાવે છે. માટે ઘડી પણ શુભ હોવી જોઈએ.

૧૦૩. માનવીનાં મોટાભાગનાં દુર્ભાગ્ય એણે જાતે સર્જેલાં હોય છે.

104. Life can exist where there is love. Life without love is death.

105. Its a misfortune that one doesnot know how to speak, but its still a greater misery that one does not know, when and how to keep quiet. -Hazarat Ali

106. When we have been born as a human being, we should do two things: to serve a cow and to worship God.

107. The water of a river never decreases, if birds drink water from it. In the same way, a little alm or donation from a household person, would cause no loss to his wealth.

108. Laxmi or wealth (Monery) is unsteady. If it is procured by unfair means it would destroy life.

109. O, human being! rejoice yourself by allowing noble thoughts in your mind, by uttering sweet words with your tongue, and by doing noble deeds with your hands.

110. Read a little, but think more. Speak a little, but listen more, This is the way to become a genius.

111. One who knows others is educated or learned, but who knows his ownself is wise.

112. An egoistic person can feel flattered, but he can't think wisely.

113. Torn clothes could be steached, but take care that your charactrer of meritorious values must not get torn, as no tailor would steach them.

114. Its an eternal truth that enmity is no solution to enmity, it could be averted by love and friendship only.
-Lord Buddha

115. Strength, wisdom and knowledge are sure means to solve the problems of the world.

૧૦૪. પ્રેમ હોય ત્યાં જ જીવન સંભવી શકે, પ્રેમ વગરનું જીવન મૃત્યુ છે.

૧૦૫. સારી રીતે બોલતાં ન આવડે એ કમનસીબી છે. પરંતુ એથી એ વધારે મોટી કમનસીબી ચુપ રહેતાં ન આવડે તે છે. -હઝરત અલી

૧૦૬. મનુષ્ય જન્મ લઈને, કરવાં બે કામ, ગાય માતા બચાવવી, લેવું પ્રભુનું નામ.

૧૦૭. પંખી પાણી પીએ તો નદીના પાણીમાં ઘટાડો થતો નથી, તેમ ગૃહસ્થ પોતાની સંપત્તિમાંથી થોડું દાન કરે તો સંપત્તિ ઘટતી નથી.

૧૦૮. લક્ષ્મી સ્વભાવે ચંચળ છે. કુટિલ નીતિથી મેળવેલું ધન નાશ કરે છે.

૧૦૯. હે મનુષ્ય! તારા મનથી સારા વિચાર કર, તારી જીભથી સારા શબ્દો બોલ, તારા હાથ વડે સારાં કામ કર, એ જ તારો ઉત્સવ.

૧૧૦. થોડું વાંચવું, વધુ વિચારવું, થોડુ બોલવું, વધુ સાંભળવું આ જ બુધ્ધિમાન બનવાનો ઉપાય છે. - ટાગોર

૧૧૧. જે બીજાને જાણે છે તે શિક્ષિત છે પરંતુ જે પોતાને ઓળખે છે તે બુધ્ધિમાન છે.

૧૧૨. અહંકારી વ્યકિત ફુલાઈ શકે પણ ફેલાઈ શકતી નથી.

૧૧૩. કપડાં ફાટે તો ચલાવી લેજો, પણ સંસ્કાર કે ચારિત્ર ન ફાટે તેની તકેદારી રાખજો. કેમ કે એને સાંધી આપનાર કોઈ દરજી નહિ મળે.

૧૧૪. આ સંસારમાં વેર બાંધવાથી વેર કદાપિ પણ સમતાં નથી- અવેરથી એટલે પ્રેમથી વેર સમી જાય છે એ સનાતન સત્ય છે.
-ભગવાન બુદ્ધ

૧૧૫. બળ, બુદ્ધિ, અને વિદ્યા થકી સંસારની સમસ્યા ઉકેલી શકાય છે.

116. Laziness is curse to mind and body. All sorts of vices generate out of it. It is a pillow of Satan to be laid down comfortably.

117. Idleness is not rest, miserness is not frugality, and extravagance is not generosity.

118. Self-confidence has a wonderful power to turn impossible into possible and difficult to easy.

119. Lotus grows amidst mud and there's an oasis in the desert.

120. Don't be an armchair critic, but be a helpful companion.

121. Every element of nature (river, wind, clouds etc.) has got its limitations. A human being also should draw and decide his limitation.

122. Here are the keys to happiness: Avoid sinfull earning, avoid overeating that leads to illness, avoid using bitter tongue which may cause quarrel.

123. A true saint is rarely found, if found, it is difficult to identify him, and if identified, it is still rare to digest his preaching.

૧૧૬. આળસ એ શરીર અને મનને મળેલો શ્રાપ છે. તે સર્વ પ્રકારના દુરાચારની જનેતા છે અને શેતાનને નિરાંતે સુઈ રહેવાનું ઓશિકું છે.

૧૧૭. આળસ એ આરામ નથી, કજુંસાઈ એ કરકસર નથી, અને ઉડાવપણું એ ઉદારતા નથી.

૧૧૮. આત્મશ્રધ્ધા એ માનવ હૃદયમાં પડેલી એક અદ્ભુત શકિત છે, જે અશકયને શકય, મુશ્કેલને આસાનમાં પલટાવી શકે છે.

૧૧૯. કાદવમાં કયારેક કમળ ઊગે છે અને રણમાં પણ મીઠી વીરડી હોય છે.

૧૨૦. માત્ર સલાહ આપી મુરબ્બી ન બનશો, પણ સહાયરૂપ બની સાથીદાર જરૂર બનજો.

૧૨૧. દરેકની મર્યાદા હોય છે, નદી, પવન, વગેરેની માનવીએ પણ પોતાની મર્યાદા નક્કી કરવી જોઈએ.

૧૨૨. સુખી થવાની ચાવી આ છેઃ પાપ થાય તેવું કમાવું નહિ, માંદા પડીએ તેવું ખાવું નહિ, દેવું થાય તેવું ખર્ચવું નહિ, અને લડાઈ થાય તેવું બોલવું નહિ.

૧૨૩. સાચા સંત મળવા દુર્લભ છે. મળે તો ઓળખવા દુર્લભ છે અને ઓળખાય તો જીરવવા દુર્લભ છે.

124. As we all are full of vices, it is our duty o get rid of them. - Gandhiji

125. A virtuous man finds nothing difficult. He can achieve his desired success.

126. A chain is a chain Whether it may be of gold or silver or iron, it is going to make you slave or to keep you in bondage. -Swami Ramtirtha

127. A noble result or fruit is acquired only by hard work, hardship and struggle.

128. Love is a way to heaven, its another name is humanity, True humanity lies in treating all living beings lovingly.-Gautam Buddha

129. Destiny and fate are known only to God and time.

130. Fate never favours who solely depend on fate, but supports those who works courageously. -Parashar

131. There is no smartness or intelligence in throwing somone down, but it lies in getting up the fallen or down-trodden.

132. I have no faith in such a religion which cannot wipe the tears of the widows or cannot put a chunk of loaf in hungry mouths-Swami Vivekananda

133. Position, power and wealth must be utilized rightfully. The trio may make or mar someone's life.

૧૨૪. આપણે બધા દોષથી ભરેલા છીએ, પણ દોષમુકત થવાનો પ્રયત્ન કરવાનું આપણા સૌનું કર્તવ્ય છે. -ગાંધીજી

૧૨૫. જે માનવીમાં સદ્‌ગુણ હોય તેને માટે કોઈ કાર્ય મુશ્કેલ નથી હોતું, સદ્‌ગુણથી એ ધારી સફળતા હાંસલ કરી શકે છે.

૧૨૬. સાંકળ સાંકળ જ હોય, ચાહે તે સોનાની હોય કે લોખંડની, તે તમને એક જ રીતે ગુલામ બનાવી દે છે. -સ્વામી રામતીર્થ

૧૨૭. જીવનમાં સંઘર્ષ કરનારને જ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. શ્રમ તકલીફ કે મુશ્કેલી વગર તે મળે નહિ.

૧૨૮. પ્રેમ એ સ્વર્ગનો માર્ગ છે. માનવતાનું બીજું નામ પ્રેમ છે. પ્રાણી માત્ર સાથે પ્રેમ કરવામાં જ સાચી માનવતા છે. -ગૌતમબુધ્ધ

૧૨૯. ભાવિમાં શું છૂપાયેલું છે, તે માત્ર વિધાતા અને કાળ જ જાણે છે.

૧૩૦. ભાગ્ય પર ભરોસો રાખીને બેસી રહેનારને ભાગ્ય સાથ આપતું નથી, પણ હિંમત રાખીને કામ કરનારને જ ભાગ્ય સાથ આપે છે. -પરાશર

૧૩૧. કોઈને પછાડવામાં હોંશિયારી નથી- પડી ગયેલાને બેઠા કરવામાં હોંશિયારી છે.

૧૩૨. જે ધર્મ વિધવાના આંસુ લુછી ન શકે કે અનાથના મુખમાં રોટલીનો ટુકડો મૂકી ન શકે એવા ધર્મમાં મને શ્રધ્ધા નથી. -સ્વામી વિવેકાનંદ

૧૩૩. સત્તા, શકિત અને સંપત્તિનો સદ્‌ઉપયોગ થવો જોઈએ. આ ત્રણે તાકાત તારક પણ છે અને મારક પણ છે.

KARO RAKSHA VIPAD MANHI, NAA EVI PRARTHNA MARI;
VIPADTHI NA DARUN KODI, PRABHU AE PRARTHNA MARI.
CHAHUN DUKH TAPTHI SHANTI, NA EVI PRARTHNA MARI;
SAHU DUKHO SHAKUN JITI, PRABHU AE PRARTHNA MARI.
SAHAYE KO CHADI AVE, NA EVI PRARTHNA MARI;
TUTONA ATMA BAL DORI, PRABHU A PRARTHNA MARI.
MANE CHHAL HANITHI RAKSHO, NA EVI PRARTHNA MARI;
DAGUNA ATMA PRATITI THI, PRABHU A PRARTHANA MARI.
PRABHU TUN PAR UTARE, NA EVI PRARTHNA MARI;
TARI JAVA CHAHUN SHAKTI, PRABHU A PRARTHNA MARI.
TUN LE SHIR BHAR UPADI, NA EVI PRARTHNA MARI;
UTHAVI HUN SHAKUN SAHAJE, PRABHU A PRARTHNA MARI.
SUKHI DINE SMARUN BHAVE, DUKHE ANDHAR RATRI A;
NA SHANKA TUN VISHE AVE, PRABHU A PRARTHNA MARI.

## SAHUNU KARO KALYAN

SAHUNU KARO KALYAN, DAYALU PRABHU,
SAHUNU KARO KALYAN
NAR NARI PASHU PAKSHI NI SATHE,
JIV JANTU NU TAMAM..... DAYALU PRABHU
JAGNA VASIO SAHU SUHK BHOGAVE,
ANANDE RAHI ATHO JAM..... DAYALU PRABHU
DUNIYAMA DARD DUKAL PADE NATHI,
LADE NAHI KOI GAM..... DAYALU PRABHU
SARVA JAGE SUKHAKARI VADHE NE,
VALI VADHE DHAN DHYAN.... DAYALU PRABHU
KOI KOINU BURU NAV ICHHE,
SAHUNU ICHHE SAHU SAMAN.....DAYALU PRABHU
POT POTANA DHARAMA PRAMANE,
SARVA BHAJE BHAGVAN..... DAYALU PRABHU

કરો રક્ષા વિપદ માંહી, ન એવી પ્રાર્થના મારી;
વિપદથી ના ડરું કોદિ, પ્રભુ એ પ્રાર્થના મારી.
ચહું દુઃખ તાપથી શાંતિ, ન એવી પ્રાર્થના મારી;
સહુ દુઃખો શકું જીતી, પ્રભુ એ પ્રાર્થના મારી.
સહાયે કો ચડી આવે, ન એવી પ્રાર્થના મારી;
તૂટો ના આત્મબળ દોરી, પ્રભુ એ પ્રાર્થના મારી.
મને છળ હાનિથી રક્ષો, ન એવી પ્રાર્થના મારી;
ડગું ના આત્મ પ્રતીતિથી, પ્રભુ એ પ્રાર્થના મારી.
પ્રભુ તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી;
તરી જાવા ચહું શકિત, પ્રભુ એ પ્રાર્થના મારી.
તું લે શિર ભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી;
ઉઠાવી હું શકું સ્હેજે, પ્રભુ એ પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરું ભાવે, દુઃખી અંધાર રાત્રીએ;
ન શંકા તું વિષે આવે, પ્રભુ એ પ્રાર્થના મારી. -રવીન્દ્રનાથ ટાગોર)

## સહુનું કરો કલ્યાણ (સવાર–સાંજની સમૂહ પ્રાર્થના)

સહુનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ, સહુનું કરો કલ્યાણ,
નરનારી પશુ-પક્ષીની સાથે, જીવ જંતુનું તમામ..દયાળુ પ્રભુ
જગનાવાસીઓ સહુ સુખ ભોગવે, આનંદે રહીઆઠો જામ...દયાળુ પ્રભુ
દુનિયામાં દર્દ દુકાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ...દયાળુ પ્રભુ
સર્વ જગે સુખાકારી વધે ને, વળી વધે ધન ધાન્ય...દયાળુ પ્રભુ
કોઈ કોઈનું બુરૂં નવ ઈચ્છે, સહુનું ઈચ્છે સહુ સમાન...દયાળુ પ્રભુ
પોત પોતાનાં ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન...દયાળુ પ્રભુ

## PRABHU MARI PASMAN RAHEJO

PRABHU MARI PASMA RAHEJO, MAGUN MANE AETALU DEJO;
SANJ SAVARE AARTI VELAYE, AVONE SUNDIR SAYAM.
ANTAR AANKH UGHADJO MARI, ATAM NA HE RAM
KAHEVANU TE KANMA KEHEJO..... MAGUN MANE
AKHA DAHADAMA EAK GHADI PAN, THAY RUDO SATSANG;
RAT DAHADO RAHUN VAHEVARMA, NE LAGE NA MAYANO RANG.
ATHE PAHORE AANAND DEJO..... MAGU MANE
BUDDHI TO MARI BADALAI NAHINE, KARUN NA KOINO DVESH,
NATAK VESH BHAJAVUN CHHATA PAN, BHULUN NA MARO VESH;
BHALE SHIRE DUKHAJ PADAJO..... MAGUN MANE AETALU
SAMAN BHAV RAHE SAHU JIVO PAR, DAYTYA PANU NAV THAY;
HUN PAD HAIYAMAN PASE NAHI NE, BHAKTI TARI NA BHULAY;
MARUN MAN SANKAT SAHAJO..... MAGUN MANE
AARE DEHNU AKHER VELAYE, THAVANU HOY TE THAY;
SAGAN NAHI PAN SANTO NO MELO, JIV KRASHNA TANA GUN GAY;
BE KAR JODI KARUN VINATI SHREE VRAJMA DEJO VAS.....MAGU N

## NAHI RE VESARUN HARI

NAHI RE VISARUN HARI, ANTARMATHI NAHIRE VISARUN HARI
JAL JAMANA NA PANIRE JATA,
SHIR PAR MATUKI DHARI.....ANTAR
AVATAN NE JATAN MARAG VACHCHE,
AMULAKH VASTU JADI....ANTAR MATHI
AVATAN NE JATAN VRANDA TE VANAMA,
CHARAN TAMARE PADI.... ANTAR MATHI
PILAN PITAMBAR JARKASHI JAMA,
KESAR AAD KARI.... ANTAR MATHI
MOR MUKUTNA KANE RE KUNDAL,
MUKH PAR MURALI DHARI...ANTAR MATHI
BAI MIRAN KANE PRABHU,
GIRIDHAR NA GUN VITAL VARNE VARI..... ANTAR MATHI

## પ્રભુ મારી પાસમાં રહેજો, માગું મને એટલું દેજો.

પ્રભુ મારી પાસમાં રહેજો, માગું મને એટલું દેજો,
સાંજ સવારે આરતી વેળાએ, આવોને સુંદીર શ્યામ.
અંતર આંખ ઉઘાડજો મારી, આતમનાં હે રામ,
કહેવાનું તે કાનમાં કહેજો..... માગું મને એટલું
આખા દહાડામાં એક ઘડી પણ થાય રૂડો સતસંગ,
રાત દહાડો રહું વહેવારમાં, ને લાગે ન માયાનો રંગ,
આઠે પહોરે આનંદ દેજો..... માગું મને એટલું
બુદ્ધિ તો મારી બદલાઈ નહિ ને, કરૂં ન કોઈનો દ્વેષ,
નાટક વેશ ભજવું છતાં પણ ભૂલું ન મારો વેશ,
ભલે શિરે દુઃખજ પડજો..... માગું મને એટલું
સમાન ભાવ રહે સહુ જીવો પર, દૈત્યપણું નવ થાય,
હું પદ હૈયામાં પેસે નહિને, ભક્તિ તારી ના ભૂલાય,
મારું મન સંકટ સહેજો..... માગું મને એટલું
આરે દેહનું આખર વેળાએ, થવાનું હોય તે થાય,
સગાં નહિ પણ સંતોનો મેળો, જીવ કૃષ્ણતણા ગુણ ગાય,
બે કર જોડી કરું વિનંતી, શ્રી વ્રજમાં દેજો વાસ..... માગું મને એટલું

## નહિ રે વિસારું હરિ

નહિ રે વિસારૂં હરિ, અંતરમાંથી નહિ રે વિસારૂં હરિ..... અંતરમાંથી
જલ જમનાના પાણી રે જાતાં, શિર પર મટુકી ધરી..... અંતરમાંથી
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમુલખ વસ્તુ જડી..... અંતરમાંથી
આવતાં ને જાતાં વૃન્દા તે વનમાં, ચરણ તમારે પડી..... અંતરમાંથી
પીળાં પીતાંબર જરકશી જામા, કેસર આડ કરી..... અંતરમાંથી
મોર મુકુટને કાને રે કુંડલ, મુખ પર મુરલી ધરી..... અંતરમાંથી
બાઈ મીરાં કહે પ્રભુ, ગિરિધરનાં ગુણ, વિઠ્ઠલ વરને વરી..... અંતરમાંથી

## HANSLO PINJARE PURANO

HANSALO PINJERE PURANO, GURUJI MARA,
HANSALO PINJERE PURANO
KAYANU KODIUN ZOLARE KHATUN,
NE ATAMADO MUZANO; .....GURUJI MARA
HAD MANS NE RUDHIR BHARELUN AA MATINU ANG;
CHAR DIVASNA CHANDERNA NO KACHO KAYA RANG;
KYAN JAINE TARO JIV BHARMANO ?.....GURUJI MARA
PAL PAL CHHALTI MARUGJAL SHI AA SANSARI JAL;
HOY BHALENE RANINO JAYO, SAHUNE MATHE KAL,
JE AVE TE JAY EATALUN JANO.....GURUJI MARA
BANDH GATHARIAN PAP PUNYANI, JAVUN SAME PAR,
UPER FUL NE NICHE KANTA, AVALO AA SANSAR;
AE JI, KAYANO KACHO TANO VANO.....GURUJI MARA

## TAME BHULYANE PANTH BATAVO - O PRABHU-

TAME BHULYANE PANTH BATAVO,
HE, JIVAN PANTH BATAVO RE.....O PRABHU
BHULO PADYO CHHUN BHAVANA RANMA,
RASTO MALE NAHI KOI,
BANINE BHOMIO AVO O BHUDHAR,
JOI RAHYO CHHUN VAT RE.....O PRABHU
BHAVRUPI AA RAN ATI VIKAT CHHE,
DAYA NIDHI DAYA LAVO,
HE KARUNAMAYA JAGATNA SWAMI,
BACHUN JO AAP BACHAVO RE.....O PRABHU
KAM KRODH NE MAD MOHANA,
KANTA PADYA, MARAGMA THAINE SANT,
LOBHNE THOB JARA NATHI JAGMAN,
PADYA CHHE IRSHANA FANTA RE.....O PRABHU
ANTARYAMI SAD SUNINE, SHARNE TAME MANE LEJO,
ANTAH KARANTHI POKAR PADUN,
JIVAN JYOT JAGAVO RE.....O PRABHU

## હંસલો પિંજરે પુરાણો

હંસલો પિંજરે પુરાણો, ગુરુજી મારા, હંસલો પિંજરે પુરાણો...
કાયાનું કોડિયું ઝોલારે ખાતું, ને આતમડો મુંઝાણો....ગુરુજી મારા
હાડ માંસ ને રૂધિર ભરેલું આ માટીનું અંગ,
ચાર દિવસના ચાંદરણાનો કાચો કાયા રંગ;
કયાં જઈને તારો જીવ ભરમાણો.....ગુરુજી મારા
પળ પળ છળતી મૃગજળશી આ સંસારી જાળ,
હોય ભલેને રાણીનો જાયો, સૌને માથે કાળ,
જે આવે તે જાય એટલું જાણો.....ગુરુજી મારા
બાંધ ગઠરિયાં પાપ પુન્ણની, જાવું સામે પાર,
ઉપર ફલને નીચે કાંટા, અવળો આ સંસાર;
એ જી, કાયાનો કાચો તાણો વાણો.....ગુરુજી મારા

## તમે ભૂલ્યાને પંથ બતાવો–ઓ પ્રભુ–

તમે ભૂલ્યાને પંથ બતાવો, હે, જીવન પંથ બતાવો રે..ઓ પ્રભુ તમે
ભૂલો પડયો છું ભવના રણમાં, રસ્તો મળે નહીં કોઈ,
બનીને ભોમિયો આવો ઓ ભૂધર, જોઈ રહ્યો છું વાટ રે..ઓ પ્રભુ તમે
ભવરૂપી આ રણ અતિ વિકટ છે, દયાનિધિ દયા લાવો,
હે કરરૂણામય જગતનાં સ્વામી, બચું જો આપ બચાવો રે..ઓ પ્રભુ તમે
કામ ક્રોધ ને મદ મોહના, કાંટા પડયા, મારગમાં થઈને સંત,
લોભને થોભ જરા નથી જગમાં, પડયા છે ઈર્ષાના ફાંટા રે..ઓ પ્રભુ તમે
અંતરયામી સાદ સુણીને, શરણે તમે મને લેજો,
અંતઃકરણથી પોકાર પાડું, જીવન જયોત જગાવો રે..ઓ પ્રભુ તમે

## JYOTSE JYOT JAGAVO, SADGURU

JYOTSE JYOT JAGAVO, SADGURU JYOTSE JYOT JAGAVO,
MERA ANTAR TIMIR MITAVO, HE SADGURU JYOTSE JYOT JAGAVO.
HE YOGESHVAR, HE GNANESHVAR, SARVESHVAR,
HE PARMESHVAR,
NIJKRUPA BARSAVO... SADGURU JYOTSE
HAM BALAK TERE, DVAR PE AYE,
MANGAL DARAS DIKHAVO...SADGURU
SHISH ZUKAY KARE TERI ARTI,
PREM SUDHA BARSAVO...SADGURU
ANTAR ME YUG YUG SE SOI,
CHIT SHAKTI KO JAGAVO...SADGURU
SACHI JYOT JAGE RADAYMAN,
SOHAM NAD JAGAVO...SADGURU
JIVAN MUKTANAND, AVINASHI,
CHARAN SHARAN LAGAVO...SADGURU

### KAYANA PINJARE PURAYO, PARDESHI HANSA

KAYANA PINJARE PURAYO, PARDESHI HANSA,
KAYANA PINJARE PURAYO
SAPNA JEVI TARA SUKHONI SAHYABI,
TOYE TUN MANMA FULAYO.....PARDESHI
AANKHO CHHATANYE BANYO TUN ANDHLO,
LALACHE TUN LAPTAYO...PARDESHI
GADPAN GHERAYUNE DOLYUN TYAN PINJARUN,
DUKHONO DARIO RELAYO.....PARDESHI
CHHUTVANE MATE FANFAN TUN MARTO,
AVE TANE TUN AKLAYO.....PARDESHI
BINDHUA SAR NA JOYO SANSARMA,
BHAKTI NO BHEKH JAGAYO..... PARDESHI

## TAMARO BHAROSO MANE BHARI

TAMARO BHAROSO MANE BHARI, SITANA SWAMI.....TAMARO
RANK UPAR VALO CHAMAR DHOLAVE, BHUPNE KIDHA BHIKHARI,
NAKH VADHARI VALE HIRANAKANSH MARYO, PRAHLAD LIDHO UGARI
PANDAVNI VALE SAHAYAJ KIDHI, LAKHA BHUVANE MELI BARI,
BAI MIRA KAHE PRABHU GIRDHAR NA GUN,
RANK UPAR JAVUN VARI.....TAMARO

## જયોતસે જયોત જગાવો, સદ્‌ગુરુ

જયોતસે જયોત જગાવો, સદ્‌ગુરુ જયોતસે જયોત જગાવો,
મેરા અંતર તિમિર મિટાવો, હે સદ્‌ગુરુ જયોત સે જયોત જગાવો.
હે યોગેશ્વર, હે જ્ઞાનેશ્વર, હે સર્વેશ્વર, હે પરમેશ્વર,
નિજ કૃપા બરસાવો.....સદ્‌ગુરુ
હમ બાલક તેરે દ્વાર પે આયે, મંગલ દરસ દિખાવો.....સદ્‌ગુરુ
શીશ ઝુકાય કરે તેરી આરતી, પ્રેમ સુધા બરસાવો.....સદ્‌ગુરુ
અન્તરમેં યુગ યુગ સે સોઈ, ચિતશકિત કો જગાવો.....સદ્‌ગુરુ
સાચી જયોત જગે હૃદયમેં, સોહમ્ નાદ જગાવો.....સદ્‌ગુરુ
જીવન મુકતાનંદ અવિનાશી, ચરણ શરણ લગાવો.....સદ્‌ગુરુ

## કાયાનાં પિંજરે પુરાયો, પરદેશી હંસા

કાયાનાં પિંજરે પુરાયો, પરદેશી હંસા, કાયાનાં પિંજરે પુરાયો
સપના જેવી તારા સુખોની સાહયબી, તોયે તું મનમાં ફુલાયો.....પરદેશી
આંખો છતાંયે બન્યો તું આંધળો, લાલચે તું લપટાયો.....પરદેશી
ઘડપણ ઘેરાયુંને ડોલ્યું ત્યાં પિંજરૂં, દુઃખોનો દરિયો રેલાયો.....પરદેશી
છૂટવાને માટે ફાંફાં તું માર તો, એવે ટાણે તું અકળાયો.....પરદેશી
બિંદુએ સાર ના જોયો સંસારમાં, ભકિતનો ભેખ જગાયો.....પરદેશી

## તમારો ભરોસો મને ભારી

તમારો ભરોસો મને ભારી, સીતાના સ્વામી.....તમારો
રંક ઉપર વાલો ચમર ઢોળાવે, ભૂપને કીધા ભિખારી,
નખ વધારી વાલે હીરણાકંસ માર્યો, પ્રહલાદ લીધો ઉગારી
પાંડવની વ્હાલે સહાય જ કીધી, લાખા ભુવને મેલી બારી.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરનાં ગુણ, રંક ઉપર જાઉં વારી.....તમારો

## PRABHU DVAR TAMRAN KHOLO

PRABHU DVAR TAMARAN KHOLO RE,
AVYO EAK PUNYA ATMA,
AA DUNIYANI SAGAI, AETO PYARMA PATHRAI,
AMA ATMA GAYO BHARMAI RE.....AVYO EAK
AA CHAREKORNI MAYA,
TEMAN SAGALA BHED SAMAYA,
MAN MANAVNA LOBHAYAN RE.....AVYO EAK
AA KAYANO KUMBH CHHE KACHO,
SAMAJO TO EMAN NA RACHO,
PRABHU TUN CHHE EAKAJ SACHO RE.....AVYO EAK
ANE SATKARMA KAI KIDHAN,
ANE DUKH SAHAN KARI LIDHA,
TARA NAMNA AMRUT PIDHA RE.....AVYO EAK
LIDHI TARA NAMNI MALA,
HAIYE BHAJILE CHHEL CHHOGALA,
O GIRDHARI GOPALA RE.....AVYO EAK
TARA HATHE CHHE MUJ NAIYAN,
TANE POKARUN TARVAIYA,
TAME AVONE RAKHVAIYA RE.....AVYO EAK
TAME VAHARE AVO NATH, MARO PAKADI LEJO HATH,
PACHHI CHHODUN NAHI SANGATH RE.....AVYO EAK
AA AVICHAL BHANU CHANDA,
AE TARI LILA GOVINDA,
O JASODAJINA NANDA RE.....AVYO EAK
PRABHU AE CHHE PRARTHANA MARI,
ATMANE LEJO TARI,
TAME SUNAJO KRASHNA MURARI RE.....AVYO EAK

## પ્રભુ દ્વાર તમારાં ખોલો રે

પ્રભુ દ્વાર તમારાં ખોલો રે, આવ્યો એક પૂણ્ય આત્મા,
આ દુનિયાની સગાઈ, એ તો પ્યારમાં પથરાઈ,
એમાં આત્મા ગયો ભરમાઈ રે....આવ્યો એક
આ ચારેકોરની માયા, તેમાં સઘળા ભેદ સમાયા,
મન માનવના લોભાયાં રે.....આવ્યો રે
આ કાયાનો કુંભ છે કાચો,સમજો તો એમાં ન રાચો,
પ્રભુ તું છે એક જ સાચો રે,.....આવ્યો રે
એણે સત્ કર્મ કંઈ કીધાં, એણે દુઃખ સહન કરી લીધાં,
તારા નામનાં અમૃત પીધાં રે.....આવ્યો રે
લીધી તારા નામની માળા, હૈયે ભજી લે છેલ છોગાળા,
ઓ ગિરધારી ગોપાલા રે...આવ્યો રે
તારા હાથે છે મુજ નૈયાં, તને પોકારું તરવૈયા,
તમે આવોને રખવૈયા રે.....આવ્યો રે
તમે વ્હારે આવો નાથ, મારો પકડી લેજો હાથ,
પછી છોડું નહિ સંગાથ રે.....આવ્યો રે
આ અવિચળ ભાનુ ચંદા, એ તારી લીલા ગોવિંદા,
ઓ જશોદાજીનાં નંદા રે.....આવ્યો રે
પ્રભુ એ છે પ્રાર્થના મારી, આત્માને લેજો તારી,
તમે સુણજો કૃષ્ણ મુરારી રે.....આવ્યો રે

## PREMAL JYOTI TARO DAKHAVI

PREMAL JYOTI TARO DAKHAVI, MUJ JIVAN PANTH UJAL.
DUR PADYO NIJ DHAMTHI HUN NE, GHERE GHAN ANDHAR,
MARGA SUZE NAV GHOR RAJANI MA, NIJ SHISHU NE
SAMBHAL...MARO JIVAN PANTH...1
DAG MAGTO PAG RAKH TUN STHIR MUJ, DUR NAJAR CHHO NA JAT,
DUR MARG JOVA, LOBH LAGIR NA, EAK DAGALUN BAS THAY
...MARE EAK DAGALU BAS THAY...2
AAJ LAGI RAHYO GARVAMAN HUN NE, MAGI MADAD NA LAGAR,
AAP BALE MARGA JOINE CHALVA, HAM DHARI MUDH BAL
...HAVE MAGUN TUJ ADHAR...3
BHABHAK BHARYA TEJTHI HUN LOBHAYO,
NE BHAY CHHATAN DHARYO GARVA;
VITYAN VARSONE LOP SMARANTHI, SKHALAN THAYA JE SARVA
...MARE AAJ THAKI NAVUN PARVA...4
TARA PRABHAVE NIBHAVYO MANE PRABHU, AAJ LAGI PREM BHER,
NISCHE MANE TUN STHIR PAGALETHI, CHALAVI PAHONCHADSE GHER
...DAKHVI PREMAL JYOTNI SER...5
KARDAM BHUMI KALAN BHARELI, NE GIRIVAR KERI KARAD,
DHAS MASATA JALKERA PRAVAHO, SARVA VATAVI KRUPAL
...MANE PAHOCHADSO NIJ DVAR...6
RAJANI JASE NE PRABHAT UJALSE, NE ŚMIT KARSE PREMAL,
DIVYA GANONA VADAN MANOHAR, MERE RADAY VASYAN CHIR KAL
...JE MEN KHOYAN HATAN KHSAN VAR...7

## DHAN NA MAGUN, DOLAT NA MAGUN

DHAN NA MAGUN, DOLAT NA MAGUN, MAGUN TAMARO SATH,
MUJANE DARSAN DYO DINA NATH.
SAMAY SAMAY NI CHHE BALI HARI,
TAMNE PUKARE AA BHAV BHIKHARI,
BALAK TARE SHARNE AVYO, BE KAR JODI HATH... MUJNE DARSAN
SAGAN SANBANDHI SUKHANA SNEHI, DUKH PADE TYARE KOI NA BELI,
DUKH DUNGAR AVI PADYO PRABHU, PAKADO MARO HATH...MUJNE
BHAKTAJANO TAMNE POKARE, KAHE PRABHUJI KYARE AVE,
BALAK TARI RAH JUA CHHE, DIN ANE RAT... MUJNE DARSAN

## પ્રેમળ જયોતિ તારો દાખવી

પ્રેમળ જયોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ
દૂર પડયો નિજ ધામથી હું ને, ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ...મારો જીવન પંથ ઉજાળ..૧
ડગ મગતો પગ રાખતું સ્થિર મુજ, દૂર નજર છો ના જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીરના,એક ડગલું બસ થાય...મારે એક ડગલું બસ થાય..૨
આજ લગી રહ્યો ગર્વમાં હું ને, માગી મદદ ના લગાર,
આપ બળે માર્ગ જોઈને ચાલવા, હામ ધરી મૂઢ બાળ...હવે માગું તુજ આધાર..૩
ભભક ભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ;
વિત્યાં વર્ષોને લોપ સ્મરણથી, સ્ખલન થયાં જે સર્વ...મારે આજ થકી નવું પર્વ..૪
તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ, આજ લગી પ્રેમ ભેર,
નિશ્ચે મને તુ સ્થિર પગલેથી, ચલવી પહોંચાડશે ઘેર..દાખવી પ્રેમળ જયોતિની સેર..૫
કર્દમ ભૂમિ કળણ ભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જલકેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ..મને પહોંચાડશો નિજ દ્વાર..૬
રજની જશે ને પ્રભાત ઉજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોના વદન મનોહર, મારે હૃદય વસ્યાં ચિર કાળ..જે મેં ખોયા હતા ક્ષણવાર..૭

## ધન ન માગું, દોલત ના માગું,

ધન ન માગુ, દોલત ના માગું, માગું તમારો સાથ મુજને દર્શન દ્યો દીનાનાથ.
સમય સમયની છે બલિહારી, તમને પુકારે આ ભવ ભિખારી,
બાળક તારે શરણે આવ્યો, બે કર જોડી હાથ.....મુજને દર્શન દ્યો
સગાં સંબંધી સુખના સ્નેહી, દુઃખ પડે ત્યારે કોઈ ના બેલી,
દુઃખ ડુંગર આવી પડયો પ્રભુ, પકડો મારો હાથ.....મુજને દર્શન દ્યો
ભકતજનો તમને પોકારે, કહે પ્રભુ કયારે આવે;
બાળક તારી રાહ જુએ છે, દિન અને રાત.....મુજને દર્શન દ્યો

## RAGHU PATI RAGHAV RAJA RAM

RAGHU PATI RAGHAV RAJA RAM, PATIT PAVAN SITARAM,
SITARAM SITARAM BHAJ MAN PYARE SITARAM ...RAGHUPATI
ISVAR ALLAH TERE NAM,
SABKO SANMATI DE BHAGVAN...RAGHUPATI
MANDIR MASJID TERE DHAM, SARE JAGMAN TE THAM...RAGHUPATI
RATE NINDRA DIVASE KAM,
KYARE BHAJISHUN SHREE BHAGVAN ..RAGHUPATI
EAK MURAKHNE AVI TEV, PATHAR EATALA PUJE DEV,
PANI DEKHI KARE SNAN, TULSI DEKHI TODE PAN,
TULSI PANE VASATA RAM,
KYARE LESHUN HARINUN NAM...RAGHUPATI
GANDHI GAUTAM ISHU NE RAM,
SAHU SANTONE KARU PRANAM ...RAGHUPATI
RAM LAXMAN BEVU BHAI, VACHAN KARAN VANMA JAY,
VACHAN KARAN VANMAN JAY, SATHE SITA MATA JAY
NAST THAYUN RAVAN ABHIMAN,
SEVA PAMYA SHREE HANUMAN...RAGHUPATI
NIRBAL KE BAL RAJARAM,
NIRDHAN KE DHAN SITARAM...RAGHUPATI
SHREE RAM LAXMAN JANKI, JAY BOLO HANUMAN KI

## MALI CHHE KAY MANAVNI, JAGATMAN DHPSALI THAJO

MALI CHHE KAY MANAVNI, JAGATMAN DHPSALI THAJO,
SUGANDHI ANYANE DEVA, TAME JATE BALI JAJO... MALI
TAMARUN THAY TE THAYE, NA KARJO DEHANI PARVA,
TAMARI DEH GHANTI THI, BIJANAN DUKH DALI JAJO...MALI
TAMARI JYOT BUZAVAVA, GHANA MEDANMAN PADSE,
TAMARI TEK SACHAVJO, BIJA KAHE TE GALI JAJO...MALI
PRALOBHAN AVASE SAMA, TAMONE PADVA MATE,
TAJINE RAH PADTI NO, VIJAY PANTHE VALI JAJO...MALI
PUNIT PYARO TAMARO CHHE, PACHHI PARVA KAHO KONI ?
JAGATMAN RAM BHAKTA THAJO, JAGE SACHUN RALI JAJO...MALI

## રઘુપતિ રાઘવ રાજા રામ

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ,
સીતારામ સીતારામ ભજમન પ્યારે સીતારામ...રઘુપતિ રાઘવ
ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન...રઘુપતિ રાઘવ
મંદિર મસ્જિદ તેરે ધામ, સારે જગમાં તે ઠામ...રઘુપતિ રાઘવ
રાતે નિદ્રા દિવસે કામ, કયારે ભજીશું શ્રી ભગવાન...રઘુપતિ રાઘવ
એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન
તુલસીપાને વસતા રામ, કયારે લેશું હરિનું નામ...રઘુપતિ રાઘવ
ગાંધી ગૌતમ ઈશુને રામ, સૌ સંતોને કરું પ્રણામ...રઘુપતિ રાઘવ
રામ લક્ષ્મણ બેઉ ભાઈ, વચન કારણ વનમાં જાય,
વચન કારણ વનમાં જાય, સાથે સીતા માતા જાય,
નષ્ટ થયું રાવણ અભિમાન, સેવા પામ્યા શ્રીહનુમાન...રઘુપતિ રાઘવ
નિર્બલ કે બલ રાજા રામ, નિર્ધન કે ધન સીતારામ...રઘુપતિ રાઘવ
શ્રી રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી

## મળી છે કાય માનવની, જગતમાં ધૂપસળી થાજો

મળી છે કાય માનવની, જગતમાં ધૂપસળી થાજો,
સુગંધી અન્યને દેવા, તમે જાતે બળી જાજો.....મળી છે કાય
તમારું થાય તે થાયે, ન કરજો દેહની પરવા,
તમારી દેહ ઘંટીથી, બીજાનાં દુઃખ દળી જાજો.....મળી છે કાય
તમારી જયોત બુઝાવવા, ઘણા મેદાનમાં પડશે,
તમારી ટેક સાચવજો, બીજા કહે તે ગળી જાજો.....મળી છે કાય
પ્રલોભન આવશે સામા, તમોને પાડવા માટે,
તજીને રાહ પડતીનો, વિજય પંથે વળી જાજો.....મળી છે કાય
પુનિત પ્યારો તમારો છે, પછી પરવા કહો કોની ?
જગતમાં રામ ભકત થાજો, જગે સાચું રળી જાજો.....મળી છે કાય

## JAGATMAN JANMA LENARA, JIVANNO SAR JOTO JA

JAGATMA JANMA LENARA, JIVANNO SAR JOTA JA,
JIVE CHHE TUN JE ASHAYE, TE ASHA PAR KARTO JA..... JAGATMA
JAGATNI JULMI JVALAO, KARODO JIVNE BALE,
THAYA KAYN BHASM TUN THASHE, TO TENI RAKH LETO JA...JAGATMA
BHARYO SANSAR SAGAR, AA MAD MOHNE KRODHE,
UTARSHE PAR KINARE? JA RA ANDAJ GANA TO JA..... JAGATMA
PADYO CHHE PURVANA PAPE, THASE SHUN PAR PASTAYE,
SADA SATSANG-SABUTHI, RADAYNO MEL DHOTO JA....JAGATMA
JAGATNO MOH MITYA CHHE, SAMAJ JE BRAHM SACHO CHHE;
ATMA KALYAN KARNARUN, SAHUNA GNAN DETO JA..... JAGATMA
KATHAN CHHE MOX NO MARAG, MAYA JULAM GHANO KARSE,
PRAVASI VYAS EKAL TUN, KARI SATKARMA BADHATO JA..JAGATMA

## TAME BHAVE BHAJO BHAGVAN

TAME BHAVE BHAJO BHAGVAN, JIVAN THODU RAHYU,
RE KARO ATMANUN KALYAN...... JIVAN THODU
TAME KARELA KOL TO BHULI GAYA,
JUTHI MAYANAN MOHAMAN GHELA THAYA,
TAME BHULYA CHHO SAN NE BHAN,
JIVAN THODU RAHYU....TAME
BALPAN NE YUVANI SAGHLUN GAYUN,
NATHI BHAKTINA MARGE DAGALUN BHARYUN,
HAVE BAKI CHHE TEMAN DYO DHAYAN,
JIVAN THODU RAHYU..... TAME BHAVE
PACHHI GHADPANMAN PRABHU BHAJA SHE NAHI,
LOB MOH VAIBHAV TYAJASE NAHI,
BANO PRABHUMAN AAJEJ MASTAN,
JIVAN THODU RAHYU.... TAME BHAVE
AAM VATOMAN DIN BADHA VITI JASHE,
PACHHI OCHINTU JAMNU TEDU THASE,
NAHI CHALE TAMARU TOFAN...... JIVAN THODU RAHYU..... TAME
TAME CHETINE BHAKTINUN BHATHUN BHARO,
KAINK KARTAN PRABHUJINE URAMAN DHARO,
TAME THODA DIVASNA MAHEMAN, JIVAN THODUN RAHYUN.... TAME

## જગતમાં જન્મ લેનારા, જીવનનો સાર જોતો જા

જગતમાં જન્મ લેનારા, જીવનનો સાર જોતો જા
જીવે છે તું જે આશાએ, તે આશા પાર કરતો જા.....જગતમાં
જગતની જુલ્મી જવાળાઓ, કરોડો જીવને બાળે,
થયા કૈં ભસ્મ, તું થાશે તો તેની રાખ લેતો જા.....જગતમાં
ભર્યો સંસાર સાગર, આ મદ મોહને ક્રોધે,
ઊતરશે પાર કિનારે? જરા અંદાજ ગણતો જા.....જગતમાં
પડયો છે પૂર્વના પાપે, થશે શું પાર પસ્તાયે,
સત સત્‌સંગ-સાબુથી, હૃદયનો મેલ ધોતો જા.....જગતમાં
જગતનો મોહ મિથ્યા છે, સમજજે બ્રહ્મ સાચો છે;
આત્મ કલ્યાણ કરનારું, સહુને જ્ઞાન દેતો જા.....જગતમાં
કઠણ છે મોક્ષનો મારગ, માયા જુલમ ઘણો કરશે;
પ્રવાસી વ્યાસ એકલ તું, કરી સત્‌કર્મ બઢતો જા.....જગતમાં

## તમે ભાવે ભજો ભગવાન, જીવન થોડું રહ્યું

તમે ભાવે ભજો ભગવાન, જીવન થોડું રહ્યું,
રે કરો આત્માનું કલ્યાણ, જીવન થોડું રહ્યું
તમે કરેલા કોલ તો ભૂલી ગયા, જૂઠી માયાનાં મોહમાં ઘેલા થયા,
તમે ભૂલ્યા છો સાન ને ભાન, જીવન થોડું રહ્યું.....તમે ભાવે
બાળપણ ને યુવાની સઘળું ગયું નથી ભકિતનાં માર્ગે ડગલું ભર્યું
હવે બાકી છે તેમાં દ્યો ધ્યાન.....જીવન થોડું રહ્યું...તમે ભાવે
પછી ઘડપણમાં પ્રભુ ભજાશે નહિ, લોભ મોહ વૈભવ ત્યજાશે નહિ
બનો પ્રભુમાં આજે જ મસ્તાન.....જીવન થોડું રહ્યું...તમે ભાવે
આમ વાતોમાં દિન બધા વીતી જશે, પછી ઓચિંતુ જમનું તેડું થશે,
નહિ ચાલે તમારું તોફાન.....જીવન થોડું રહ્યું...તમે ભાવે
તમે ચેતીને ભકિતનું ભાથું ભરો, કાંઈક કરતાં પ્રભુજીને ઉરમાં ધરો,
તમે થોડા દિવસના મહેમાન, જીવન થોડું રહ્યું.....તમે

## PRUBHUJINE PADADAMAN RAKH MAN

PRUBHAJINE PADADAMAN RAKHMAN,
PUJARITARA ATAMNE OJALMAN RAKHMAN,
VAYU VIZASENE DIVADO HOLASE,
AVI BHITI VANTOLIANI RAKHMAN.... PUJARI
AADE UBHO TARO DUH ADIKHAM,
BHALI JASE AETO KHAKHMAN.... PUJARI TARA
UDI UDI AVYAN PANKHI HIMALETHI,
THAK BHARELO AENI PANKMAN.... PUJARI TARA
SAT SAMUNDER PAR KARYA TENUN,
NATHI RE GUMAN AENI ANKHMAN....... PUJARI TARA
ANKHNA RATAN TARAN CHHONE HOLAY,
CHHONE HIRA LUNTAYA TARA LAKHMAN...... PUJARI TARA
HAIYANO HIRO TARO NAHIRE LUTAYA KOTHI,
KACHNA MANINO MOH RAKHMAN...... PUJARI TARA

## AEKALO JANE RE, AEKALO JANE RE

AEKALO JANE RE, AEKALO JANE RE,
TARI HAK SUNI JO KOINA AVE TO..... AEKALO JANE RE
JYARE SAHUNA MON SIVAY, ORE ORE O ABHAGI,
SAHUNA MO SIVAY,
JYARE SAHUA BESE MON FERVI, SAHUA THARI JAY,
TYARE HAIYU KHOLI,
ARE TUN MON MUKI, TARA MANANU GANU,
AEKALO GANERE.... TARI HAKSUNI..... AEKALO JANERE
JYARE SAHUA PACHHA JAY, ORE ORE O ABHAGI,
SAHUA PACHHA JAY,
JYARE RANVAGADE NISARVA TANE, SAHU KHUNE SANTAY,
TYARE KANTARANE,
O TARE LOHI NIKALTE CHARNE BHAI..... AEKALO JANERE
JYARE DIVO NA DHARE KOI, ORE ORE OABHAGI,
DIVO NA DHARE KOI,
JYARE GHAN GHORI RATE, BAR VASE TANE JOI,
TYARE ABHANI VIJE, TUN SALAGI JAI, SAHUNO DIVO...AEKLO
TARI HAK SUNI JO KOI NA AVE TO..... TUN AEKALO JANE RE

**પ્રભુજીને પડદામાં રાખમાં, પૂજારી તારા આતમને ઓજલમાં રાખમાં**

પ્રભુજીને પડદામાં રાખમાં, પૂજારી તારા આતમને ઓજલમાં રાખમાં,
વાયુ વીંઝાશેને  દીવડો હોલાશે, એવી ભીતી વંટોળીયાની ભાખમાં.....
પૂજારી તારા
આડે ઊભો તારો દેહ અડીખમ, ભળી જાશે એ તો ખાખમાં....પૂજારી તારા
ઊડી ઊડી આવ્યાં પંખી હિમાળેથી, થાક ભરેલો એની પાંખમાં...પૂજારી તારા
સાત સમુંદર પાર કર્યા તેનું, નથી રે ગુમાન એની આંખમાં..પૂજારી તારા
આંખના રતન તારાં છોને હોલાય, છોનેહીરા લૂંટાય તારા લાખમાં...
પૂજારી તારા
હૈયાનો હીરો તારો નહિ રે લૂંટાય કોથી, કાચના મણીનો મોહ રાખમાં.....
પૂજારી તારા

**એકલો જાને રે, એકલો જાને રે**

એકલો જાને રે, એકલો જાને રે, તારી હાક સુણી જો કોઈ નાં આવે તો.....
એકલો જાને રે
જ્યારે સહુના મોં સીવાય, ઓરે ઓરે ઓ અભાગી, સૌના મોં સીવાય,
જ્યારે સૌએ બેસે મોં ફેરવી, સૌએ ઠરી જાય, ત્યારે હૈયું ખોલી,
અરે તું મોં મૂકી, તારા મનનું ગાણું, એકલો ગાને રે... એકલો જાને રે
જ્યારે સૌએ પાછાં જાય, ઓરે, ઓરે, ઓ અભાગી, સૌએ પાછાં જાય
જ્યારે રણવગડે નિસરવા ટાણે, સૌ ખૂણે સંતાય, ત્યારે કાંટારાને,
ઓ તારે લોહી નીકળતે ચરણે ભાઈ..... એકલો જાને રે
જ્યારે દીવો ના ધરે કોઈ, ઓરે ઓરે ઓ અભાગી, દીવોના ધરે કોઈ,
જ્યારે ધનઘોરી રાતે, બાર વાસે તને જોઈ,
ત્યારે આભની વીજે, તું સળગી જઈ સૌનો દીવો,..... એકલો જાને ર
તારી હાક સુણી જો કોઈનાં આવે તો.... તું એકલો જાને રે

**HAJIE NA JAGE MARO ATAM RAM**

HAJIE NA JAGE MARO ATAM RAM,
SAMUNDER GHUGHAVE CHHE DUR,
VAYU SUCHAVE, GANDU TUR,
SAMAJU NA BHARTI KE, AATE AAVE CHHE TUFAN.... HAJIE
SADH SANDHA FAD FADE, DOR DHINGA KAD KADE,
HAJAR SAHU TANDEL, AEK AA SUNA CHHE SUKAN..... HAJIE
VAHAN RAKHUN NANGRALUN, VEPAR SHE RETE KHEDUN,
SAVAYA THASE KE JASHE, MUL GAY DAM.... HAJIE NA
HAVE TO THAY CHHE MODUN, VINAVUN HUN PAYE PADUN,
MARE TO THAVA BETHO CHHE, FERO AA NAKAM,
MARO FERO AA NAKAM,
JAGOJI MARA ATAMRAM, VAHALA ATAMRAM..... HAJIE NA

**KEM KARIE RE AME KEM KARIE, DUNIA DUKHNO DARIO**

KEM KARIE RE AME KEM KARIE, DUNIA DUKHNODARIO,
EAMAN KEM RAHIA,
TARVE RE JAIA AME, TARI NAV SHAKIA VAHALA,
BESI JO RAHIA AME TO DUBI MARIA..... DUNIA DUKHNO
VISAY VELAMAN AME TAKI NAV SHAKIA VAHALA,
MAYA RUPI MAGAR DEKHI DARI JAIE..... DUNIA DUKHNO
KARMA SANJOGE AME AVI ATVANA VHALA,
AE MOXDHAMNA AME HANSALA CHHIE.... DUNIA DUKHNO
KEM KARIA RE AME KEM KARIA,
DAV LAGYO DUNGARIA HAVE KEM KARIA,
HALVA RE JAIA AME TO, HALI NAV SHAKIA VAHALA,
BESI JO RAHIA AME, TO BALI MARIE..... DUNIA DUKHNO

## હજીએ ન જાગે મારો આતમ રામ

હજીએ ન જાગે મારો આતમ રામ,
સમુંદર ઘુઘવે છે દૂર, વાયુ સૂચવે ગાંડુ તૂર,
સમજુના ભરતી કે, આતે આવે છે તૂફાન..... હજીએ
સઢ સંધા ફડફડે, દોર ધીંગા કડકડે,
હાજર સૌ ટંડેલ, એક આ સૂના છે સુકાન..... હજીએ
વહાણ રાખું નાંગરેલું, વેપાર શી રીતે ખેડું,
સવાયા થાશે કે જાશે, મૂળગાય દામ..... હજીએ
હવે તો થાય છે મોડું, વીનવું હું પાયે પડું,
મારે તો થાવા બેઠો છે, ફેરો આ ન કામ, મારો ફેરો આ ન કામ,
જાગોજી જાગોજી મારા આતમ રામ, વ્હાલા આતમ રામ..... હજીએ

## કેમ કરીએ રે અમે કેમ કરીએ, દુનિયા દુઃખનો દરિયો

કેમ કરીએ રે અમે કેમ કરીએ, દુનિયા દુઃખનો દરિયો, એમાં કેમ રહીએ.
તરવા રે જઈએ રે અમે, તરી નવ શકીએ વહાલા,
બેસી જો રહીએ અમે તો ડૂબી મરીયે..... દુનિયા દુઃખનો દરિયો
વિષય વેળામાં અમે ટકી નવ શકીએ વહાલા,
માયા રૂપી મગર દેખી ડરી જઈએ..... દુનિયા દુઃખનો દરિયો
કર્મ સંજોગે અમે આવી અટવાણા વહાલા,
એ મોક્ષધામના અમે હંસલા છીએ..... દુનિયા દુઃખનો દરિયો
કેમ કરીએ રે અમે કેમ કરીએ, દવ લાગ્યો ડુંગરીએ હવે કેમ કરીએ,
હાલવા રે જઈએ અમે તો હાલી નવ શકીએ વહાલા,
બેસી જો રહી એ અમે તો બળી મરીએ..... દુનિયા દુઃખનો દરિયો

## PATHIK TARE VISAMANA DUR DUR AARA

PATHIK TARE VISAMANA DUR DUR AARA (2)
NA SINCHSE KOI MARGE TARA
HIMANSHU NI SHITAL DHARA, ABHE VARSE DHOM DHAKHARA,
RETINA PATHARA, UNI RETINA PATHARA.....DUR DUR
FULKE BUL BUL VATENA MALASHE,
HARNA KE ZARANA DRASTENA PADSHE,
SONERI SAPNUN AEKE NA JADSE, MUKTI MARAG NYARA....
DUR DUR
VAHAN MALE NA KOI VATE, PAGNA KUNAN TALIAN FATE,
KANTALINE SHIRTHI SEVANA, FENKI NA DETO BHARA.....
DUR DUR
TARA MRUTYUNI SANJIVANI DHARA,
SARJI RAHESHE JIVAN AMARA,
ROME ROME JYOTI JAGE, AGIANAN CHAMKARA..... DUR DUR
SIMA STHANE KHODAI JAJE, MARG SUCHAK TUN BANJE AAJE,
PAYAMAN PURAI HARKHE TUN JAJE,
KALASHNA CHAMKARA.... DUR DUR

## JAY CHHE ANMUL GHADI, BHAKTINI KONE PADI

JAY CHHE ANMUL GHADI, BHAKTINI KONE PADI,
JIVAN JAYE RAHI, BHAKTI NI KONE PADI..... JAY CHHE
KAYAM CHALE CHHE VANKO, RAKHE VAIBHAV NO FANKO,
AVALI GEDNO TAKO, BHETI JASE KOI KAKO,
KALI YUG NI AANDHI CHADI, BHAKTINI KONE PADI.. JAY CHHE
BANGALA MOTOR VADI, LAVYO CHHE SUNDAR LADI,
PIA CHHE DARU NE TADI, JUDI KADHI CHHE MADI,
ROJ KARE TADA TADI, BHAKTINI KONE PADI..... JAY CHHE
BHOGONI BHUKH TANE KHASHE, TYARE TUN HABAKI JASE,
DAZINE DODATO JASHE, PUNIT SHNU SAMJASHE,
NARHARI MOTANI GHADI, BHAKTINI KONE PADI.. JAY CHHHE

## પથિક તારે વિસામાના, દૂર દૂર આરા (૨)

પથિક તારે વિસામાના દૂર દૂર આરા (૨) ના સીંચશે કોઈ મારગે તારા
હિમાંશુની શીતળ ધારા, આભે વરસે ધોમ ધખારા,
રેતીના પથારા ઊની રેતીના પથારા.. દૂર દૂર આરા
ફૂલ કે બુલબુલ વાટેના મળશે, હરણાં કે ઝરણાં દૃષ્ટેના પડશે,
સોનેરી સપનું એકેના જડશે, મુક્તિ મારગ ન્યારા.. દૂર દૂર આરા
વાહન મળે ના કોઈ વાટે, પગના કુણાં તળિયાં ફાટે,
કંટાળીને શીરથી સેવાના, ફેંકીના દેતો ભારા.. દૂર દૂર આરા
તારા મૃત્યુની સંજીવની ધારા, સર્જી રહેશે જીવન અમારા,
રોમે રોમે જયોતિ જાગે, આગિયાનાં ચમકારા..દૂર દૂર આરા
સીમા સ્થાને ખોડાઈ જાજે, માર્ગ સૂચક બનજે તું આજે,
પાયામાં પૂરાઈ હરખે તું જાજે, કળશનાં ચમકારા..દૂર દૂર આરા

## જાય છે અણમૂલ ઘડી, ભકિતની કોને પડી

જાય છે અણમૂલ ઘડી, ભકિતની કોને પડી
જીવન જાયે રહી, ભકિતની કોને પડી.....જાય છે
કાયમ ચાલે છે વાંકો, રાખે વૈભવનો ફાંકો,
અવળી ગેડનો તાકો, ભેટી જાસે કોઈ કાકો,
કળિયુગની આંધી ચડી, ભકિતની કોને પડી.....જાય છે
બંગલા મોટર વાડી, લાવ્યો છે સુંદર લાડી,
પીએ છે દારુ ને તાડી, જુદી કડી છે મળી,
રોજ કરે તડાતડી, ભકિતની કોને પડી.....જાય છે
ભોગોની ભૂખ તને ખાશે, ત્યારે તું હબકી જાશે,
દાઝીને દોડતો જાશે, પુનિત શું સમજાશે
નરહરિ મોતની ઘડી, ભકિતની કોને પડી.....જાય છે.

## SAMJANTHI JIVAN JIVAVANUN

SAMJANTHI JIVAN JIVVANUN, SATHE SAMJANTHI MARVANUN
JIVATAR SHABDNO ARTH VICHARO,
JIVAN TO CHHE TARVANUN.....SAMJANTHI JIVAN
DUBVANO JO PRASANG AVE,
MRUTYU NE NOTARVANUN.....SAMJANTHI JIVAN
AE MRUTYU MAN AMARTA CHHE,
HASATAN HASATAN VICHARVANUN.....SAMJANTHI JIVAN
PUNIT PANTH AE CHHE VIRTANO,
MRUTYU MUTHIMAN DHARVANU.....SAMJANTHI JIVAN

## CHAR DIVASNA CHANDRANA PAR JUTHI MAYA SHA MATE ?

CHAR DIVASNA CHANDARNA PAR JUTHI MAYA SHA MATE,
JE NA AVE SANGATHE, TENI MAYA SHA MATE,
AA VAIBHAV SATHE NA AVE, PYARA SNEHI PAN NA AVE,
TUN BAHU MATHE CHHE JALAVAVA,
AE JOBAN SATHE NAHI AVE (2)
AHINUN CHHE AHIN RAHEVANUN, ANI DOSTI SHA MATE,
JE NA AVE SHAGATHE, TENI MAYA SHA MATE
AA BANDHELA MAHELATONUN,
DOLATNUN KALE SHUN THASE (2)
JAVUN PADE CHHE ANDHARYNU,
TYARE PARIVARONUN SHUN THASE......JENA AVE SANGATHE
SUNVALI DORINA AA BANDHAN,
AA SAHU PREM THAKI BANDHI,
PAN TUTE TENUN AYUSHYA NE, TYARE KOI NA BANDHE
BHID PADE TYATE TAD TAD TUTE,
AVAN BANDHAN SHA MATE.....JENA AVE SANGATHE
JE NA AVE SANGATE, TENI MAYA SHA MATE.

## સમજણથી જીવન જીવવાનું

સમજણથી જીવન જીવવાનું, સાથે સમજણથી મરવાનું.
જીવતર શબ્દનો અર્થ વિચારો, જીવન તો છે તરવાનું.....સમજણથી
ડૂબવાનો જો પ્રસંગ આવે, મૃત્યુને નોતરવાનું.....સમજણથી
એ મૃત્યુમાં અમરતા છે, હસતાં હસતાં વિચરવાનું.....સમજણથી
પુનિત પંથ એ છે વીરતાનો, મૃત્યુ મુઠીમાં ધરવાનું.....સમજણથી

## ચાર દિવસનાં ચાંદરણા પર જૂઠી માયા શા માટે ?

ચાર દિવસનાં ચાંદરણા પર જૂઠી મમતા શા માટે,
જે ના આવે સંગાથે તેની માયા શા માટે ?
આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહી પણ ના આવે,
તું બહુ મથે છે જાળવવા, એ જોબન સાથે નહિ આવે (૨)
અહીંનું છે અહીં રહેવાનું, એની દોસ્તી શા માટે
જે ના આવે સંગાથે, તેની માયા શા માટે ?
આ બાંધેલા મહેલાતોનું, દોલતનું કાલે શું થાશે (૨)
જાવું પડે છે અણધાર્યું, ત્યારે પરિવારોનું શું થાશે.....જે ન આવે
સુંવાળી દોરીના આ બંધન, આ સૌ પ્રેમ થકી બાંધી,
પણ તૂટે તેનું આયુષ્યને, ત્યારે કોઈ ના બાંધે
ભીડ પડે ત્યારે તડ તડ તૂટે, એવાં બંધન શા માટે.....જે ન આવે
જે ના આવે સંગાથે, તેની માયા શા માટે ?

## BHALE DUNIAMA KHUB SUKH MALE

BHALE DUNIAMA KHUB SUKH MALE,
HARI SHARAN VINA AE NAKAMUN CHHE
AE SUKHTHI NA BHAV ROG TALE,
HARI SHANRAN VINA AE NAKAMU CHHE
BHALE SUNDER TAN TUJNE MALIYUN,
VALI SUNDER NARTHI SHNUN VALIYUN,
VALI LAXMI DEKHI MAN CHALIUN,
HARI SHARAN VINA AE NAKAMUN CHHE.....BHALE
KOI PARANGAT THAI VED BHANE, VALI PANDIT PANKTI BHED GANE
KOI VADVIVADE CHADE RANE,
HARI SHARAN VINA AE NAKAMUN CHHE.....BHALE
BHALE JYAN TYA N TUJNE MAN MALE, RAJA JEVA SHIR CHARAN DHALE
UNCHA MAHELO MAN VAS KARE,
HARI SHARAN VINA AE NAKAMUN CHHE.....BHALE
KOI DANI THAINE DAN KARE, KOI VEDANT KERI VATO KARE,
KOI SUNDER KANTHE GAN KARE,
HARI SHARAN VINA AE NAKAMUN CHHE.....BHALE
HARI SHARAN TANI CHHE BALIHARI,
PUNIT SMARANO CHHE SUKH BHARI,
NARHARI ANUBHAV VICHARI,
HARI SHARAN VINA AE NAKAMU CHHE.....BHALE

## JIVAN JIVAVANI KALA JANO

JIVAN JIVAVANI KALA JANO, AA JIVAN JIVAVA JEVUN CHHE
AENI DHARMA THAKI VIDHI JANO,
AA JIVAN JIVAVA JEVUN CHHE.....JIVAN
VIGNAN NE DHARMA MILAVI DO, SHAKTI NE SHANTI LAVI DO,
JIVAN NE PURNA BANAVI DO, AA JIVAN JIVAVA JEVUN CHHE....JIVAN
KOI BAHOSHI MAN JIVE CHHE, KOI DURGANDHIMAN MAAHALE CHHE,
KOI VIRLA JIVAN MANE CHHE, AA JIVAN JIVAVA JEVUN CHHE...JIVAN
JIVANMAN PRAKASH NE PRAGTAVO,
PUNIT SUGANDH NE PRASARAVO,
NAHARI SANCITNE GUNJAVO,
AA JIVAN JIVAVA JEVUN CHHE.....JIVAN

## ભલે દુનિયામાં ખૂબ સુખ મળે

ભલે દુનિયામાં ખૂબ સુખ મળે, હરિ શરણ વિના એ નકામું છે.
એ સુખથી ના ભવ રોગ ટળે, હરિ શરણ વિના એ નકામું છે.
ભલે સુંદરતન તૂજને મળીયું, વળી સુંદર નારથી શું વળીયું,
વળી લક્ષ્મી દેખી મન ચળીયું, હરિ શરણ વિના એ નકામું છે......ભલે
કોઈ પારંગત થઈ વેદ ભણે, વળી પંડિત પંકિત ભેદ ગણે
કોઈ વાદ વિવાદે ચડે રણે, હરિ શરણ વિના એ નકામું છે.....ભલે
ભલે જયાં ત્યાં તુજને માન મળે, રાજા જેવા શિર ચરણ ઢળે,
ઊંચા મહેલોમાં વાસ કરે, હરિ શરણ વિના એ નકામું છે.....ભલે
કોઈ દાની થઈને દાન કરે, કોઈ વેદાંત કેરી વાતો કરે,
કોઈ સુંદર કંઠે ગાન કરે, હરિ શરણ વિના એ નકામું છે.....ભલે
હરિ શરણતણી છે બલિહારી, પુનિત સ્મરણો છે સુખભારી,
નરહરિ અનુભવ વિચારી, હરિશરણ વિના એ નકામું છે.....ભલે

## જીવન જીવવાની કળા જાણો

જીવન જીવવાની કળા જાણો, આ જીવન જીવવા જેવું છે.
એની ધર્મ થકી વિધિ જાણો, આ જીવન જીવવા જેવું છે.....જીવન
વિજ્ઞાન ને ધર્મ મિલાવી દો, શકિત ને શાંતિ લાવી દો,
જીવનને પૂર્ણ બનાવી દો, આ જીવન જીવવા જેવું છે.....જીવન
કોઈ બાહોશીમાં જીવે છે, કોઈ દુર્ગંધીમાં મ્હાલે છે,
કોઈ વિરલા જીવન માણે છે, આ જીવન જીવવા જેવું છે......જીવન
જીવનમાં પ્રકાશને પ્રગટાવો, પુનિત સુગંધને પ્રસરાવો,
નરહરિ સંગીતને ગૂંજાવો, આ જીવન જીવવા જેવું છે.....જીવન

## JE GAME JAGATGURU DEV JAGDISHNE

JE GAME JAGATGURU DEV JAGDISHNE,
TE TANO KHAR KHARO FOK KARVO
AAPANO CHINTAVYO ARTHA KAI NAVSARE, URE EAK UDVAG DHARVO,
.....JE GAME
HUN KARUN HUN KARUN AEJ AGNANTA,
SAKATNO BHAR JYAM SWAN TANE.....JE GAME
SRUSHTI MANDAN CHHE SARVA AENI PERE,
JOGI JOGESHVARA KOIK JANE,
NIPAJE NARTHI TO KOI NA RAHE DUKHI,
SHATRU MARINE SAHU MITRA RAKHE..... JE GAME
RAY NE RANK KOI DRASHTE AAVE NAHI,
BHAVAN PAR BHAVAN PAR CHHATRA DAKHE.....JE GAME
RUTULATA PATRA FAL FUL AAPE YATHA,
MANAVI MURKH MANVYARTH SOCHE.....JE GAME
JEHANA BHAGYAMAN JE SAME JE LAKHUN,
TEHANE TE SAME TEJ PAHONCHE.....JE GAME
GRANTH GARBAD KARI, VAT NA KARI KHARI,
JEH NE JE GAME TENE PUJE.....JE GAME
MAN VACHAN KARMA THI AAP MANI LAHE,
SATYA CHHE, AEJ MAN AEM SOCHE..... JE GAME
SUKH SANSARE MITHIYA KARI MANJO,
KRASHNA VINA BIJUN SARVA KACHUN.....JE GAME
JUGAL KAR JODI KARI NARSAINYO AEM KAHE,
JANMA PRATI JANMA HARINE JA JACHUN..... JE GAME

## EVI CHHE KUDRATNI KALA

EVI CHHE KUDRATNI KALA, ANDHARYUN TE AGAL THAY,
APANUN DHARYUN KAI NAV THAY, PRABHUNUN DHARYUN AGAL THAY.
RAJA DASRATH ENA MANAMA VICHARE,
VAHELI SAVARE RAMNE GADIE BESADUN
VAHELI SAVARE RAM VANVAS JAY .....ANDHARYUN TE AGAL THAY.
RAJA RAVAN ATI MAHA BALIO, SITA MATANUN HARAN KARI GAYO,
SONERI LANKAMA LAGI CHHE AAG .....ANDHARYU TE AGAL THAY.
ARJUN NANDAN ATI MAHA BALIO,
SATE KOTHA JITVANE UDHDHE CHADHYO,
SATME KOTHE VAHALO RANMAN ROLAY.....ANDHARYU TE AGAL
SADGURU KABIRJI SWARGE SIDHAVE, HINDU MUSLIM ZADADO CHALAVE
CHADAR KHASEDTAN FULDAN VERAY.....ANDHARYUN TE AGAL

## જે ગમે જગતગુરુ દેવ જગદીશને

જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવસરે, ઉરે એક ઉદવેગ ધરવો.....જે ગમે
હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, સકટનો ભાર જયમ શ્વાન તાણે.....જે ગમે
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગશ્વરા કોઈક જાણે,
નીપજે નરથી તો કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સહુ મિત્ર રાખે,....જે ગમે
રાયને રંક કોઈ દૃષ્ટે આવે નહિ, ભવન પર છત્ર દાખે.....જે ગમે
ઋતુલતા પત્ર ફળ ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ સોચે.....જે ગમે
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.....જે ગમે
ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે.....જે ગમે
મન વચન કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ શોચે...જે ગમે
સુખ સંસારે મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું.....જે ગમે
જુગલકર જોડી કરી નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું..જે ગમે

## એવી છે કુદરતની કળા

એવી છે કુદરતની કળા, અણધાર્યું તે આગળ થાય
આપણું ધાર્યું કાંઈ નવ થાય, પ્રભુનું ધાર્યું આગળ થાય
રાજા દશરથ એના મનમાં વિચારે,
વહેલી સવારે રામને ગાદીએ બેસાડું
વહેલી સવારે રામ વનવાસ જાય.....અણધાર્યું તે આગળ થાય
રાજા રાવણ અતિ મહા બળિયો, સીતા માતાનું હરણ કરી ગયો,
સોનેરી લંકામાં લાગી છે આગ,.....અણધાર્યું તે આગળ થાય
અર્જુન નંદન અતિમહા બળિયો, સાતે કોઠા જીતવાને યુધ્ધે ચઢયો,
સાતમે કોઠે વ્હાલો રણમાં રોળાય.....અણધાર્યું તે આગળ થાય.
સદ્‌ગુરુ કબીરજી સ્વર્ગે સીધાવે, હિંદુ મુસ્લિમ ઝઘડો ચલાવે
ચાદર ખસેડતાં ફૂલડાં વેરાય.....અણધાર્યું તે આગળ થાય

## TEDAN AVYAN RE MARA RAMNA

TEDAN AVYAN RE MARA RAMNA,
NAVADUN MARUN HALAK DOLAK THAY RE, PRAVASI VIRA .....TEDAN
AKUL VYAKUL THAVE JIVADO, MANADUN ENA MAYAMAN KHENCHI JAYRE,
PRAVASI VIRA .....TEDA
VAHALA SAGANI MAYA MELAVI,
DATYUN MUKHUN PUCHHAVA LAGYA SAHURE, PRAVASI VIRA .....TEDA
CHHELLI GHADINI DHAMAN CHALATI,
CHHUPUN CHHUPUN DUKH BAHU THAY RE, PRAVASI VIRA.....TEDA
KOPYO VAYUNE PIT KOPIA, ROKAY GAYA SVAS NALINAN DWAR RE,
PRAVASI VIRA .....TEDA
KAYA SUNO RE JIV LIDHO, TARO MARO PURO THAYO HISABRE,
PRAVASI VIRA .....TEDA
AVUN BOLINE JIV UPDYO, AVI BHARAYO SWAS NALINI MANY RE,
PRAVASI VIRA .....TEDA
KAYNI NADI BHAGI RE HALVA, TUTAVA LAGYA MANDVANDANA BANDH RE,
PRAVASI VIRA .....TEDA
HANSALO CHALYO MUKINE PINJARU,
CHHULTI PANDYA KAIN KAYA KIRA BANDH RE, PRAVASI VIRA .....TEDA
AVYO AVORE HANS CHALYO, EAK GHADI PAN BHAJYO NAHI BHAGLAN RE
PRAVASI VIRA .....TEDA
GOVIND NO NATH JE GHADI RUTHIO,
NANKHE TENE LAX CHORASI MAYN RE PRAVASI VIRA .....TEDA

## SAMARNE SHREE HARI (PRABHATIUN)

SAMARNE SHREE HARI, MEL MAMATA PARI,
JONE VICHARI TUN MUL TARUN;
TUN ALYA KONANE KONE VALAGI RAHYO,
VAGAR SAMAJYE KAHE MARUN MARUN.....SAMARNE
DEH TARO NATHI, JOTUN JUGATE KARI, RAKHATAN NAVRAHE, NISCHE JAYE;
DEH SAMBANDH TAJE, NAV NAVA BAHU THASE,
PUTRA KAVATRA PARIVAR VAHAYE.....SAMAR NE
DHANTANUN DHTANTUN, AHONISH ADARE, AEJ TARE ANTARAT MOTI,
PASE CHHE PIYU ALYA, KEM GAYO VISARI,
HATHATHI BAJI GAI THAYOU RE KHOTI .....SAMAR NE
BHAR NINDRA BHARYO, RUNDHI GHERYO GHANO,
SANTNA SHABD SUNI KAN NA JAGE,NA JAGATA NARSAIYA CHHE LAJATI GHANI
JANMO JANAM TARI KHANT BHANGE .....SAMAR NE

## તેડાં આવ્યાં રે મારા રામના

તેડાં આવ્યાં રે મારા રામના,
નાવડું મારું હાલક ડોલક થાય રે, પ્રવાસી વીરા.....તેડા આવ્યા રે
આકુળ વ્યાકુળ થાયે જીવડો, મનડું એને માયામાં ખેંચી જાય રે, પ્રવાસી વીરા... તેડા
વ્હાલા સગાની માયા મેલવી, દાટયું મૂકયું પૂછવા લાગ્યા સૌ રે, પ્રવાસી વીરા... તેડા
છેલ્લી ઘડીની ધમણ ચાલતી, છુપુ છુપુ દુઃખ બહુ થાય રે, પ્રવાસી વીરા...તેડા
કોપ્યો વાયુને પીત કોપ્યાં, રોકાઈ ગયા શ્વાસનળીનાં દ્વાર રે,-પ્રવાસી વીરા...તેડા
કાયા રાણી કહે છે જીવને, આમ શું ચાલ્યા છોડીને પ્રાણાધાર,-પ્રવાસી વીરા...તેડા
કાયા સુણો રે જીવ લીધો, તારો મારો પૂરો થયો હિસાબ રે,-પ્રવાસી વીરા...તેડા
એવું બોલીને જીવ ઉપડયો, આવી ભરાયો શ્વાસનળીની માંય રે, પ્રવાસી વીરા..તેડા
કાયાની નાડી ભાગી રે હાલવા, તૂટવા લાગ્યા, માંડવડાનાં બંધ રે,-પ્રવાસી વીરા..તેડા
હંસલો ચાલ્યો મૂકીને પીંજરૂ, છૂટા પડયા કાંઈ કાયા કેરા બંધરે,-પ્રવાસી વીરા...તેડા
આવ્યો એવો રે હંસ ચાલ્યો, એક ઘડી પણ ભજયો નહી ભગવાન રે,-પ્રવાસી વીરા તેડા
ગોવિંદનો નાથ જે ઘડી રૂઠયો, નાખે તેને લક્ષ ચોર્યાસી માંય રે, -પ્રવાસી વીરા...તેડા

## સમરને શ્રી હરિ (પ્રભાતિયું)

સમરને શ્રી હરિ, મેલ મમતા પરી, જોને વિચારી તું મૂળ તારું,
તું અલ્યા કોણને કોને વળગી રહ્યો, વગર સમજયે કહે મારું મારું...સમરને
દેહ તારો નથી, જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવ નવા બહુ થશે, પુત્ર કલત્ર પરિવાર વહાવે....સમરને
ધનતણું ધ્યાન તું, અહોનીશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા કેમ ગયો વિસરી, હાથથી બાજી ગઈ થયો રે ખોટી....સમરને
ભર નિદ્રા ભર્યો રૂંધી ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણી કાં ન જાગે;
ન જાગતાં નરસૈયાં છેલાજ અતિ ઘણી, જનમો જનમ તારી ખાંત ભાંગે....સમરને

## SUKH DUKH MANAMAN NA AANIA (PRABHATIUN)

SUKH DUKH MANAMAN NA ANIYA, GHAT SATHE RE GHADIAN;
TALYAN TE KOINA NAV TALE, RAGHU NATH NA JADIAN....SUKH
NAL RAJA SARKHO NAR NAHI, JENI DAMYANTI RANI;
ARDHE VASTRE VANMA BHAMYAN,
NA MALYAN ANNA NE PANI..... SUKH
PANCH PANDAV SARKHA BANDHVA, JENE DRAUPADI RANI;
BAR VARAS VAN BHOGAVYAN, NAYANE NINDRA NA ANI...SUKH
SITA SARAKHI SATI NAHI, JENA RAMJI SWAMI;
RAVAN TENE HARI GAYO, SATI MAHA DUKH PAMI..... SUKH
RAVAN SARKHO RAJIO, JENI MANDODARI RANI;
DASH MASTAK CHHEDAI GAYNAN, BADHI LANKA LUTANI..SUKH
HARISH CHANDARA RAJA SATVADIO, TARA LOCHANI RANI;
TENE VIPATI BAHUPADI, BHARYAN NICH GHER PANI..... SUKH
SIVAJI SARKHA SATA NAHI, JENI PARVATI RANI,
BHOLVAYA BHILADI THAKI, TAPMAN KHAMI GANANI...SUKH
SARV DEVONE JYARE BHID PADI, SAMARYA ANTAR JANI;
BHAVAT BHANGI RE BHUDHARE,
MAHETA NARSINYANA SWAMI..... SUKH DUKH

## AKHIL BRAHMADMA EAK TUN (PRABHATIUN)

AKHIL BHAHMAND MAN EAK TUN SHREE HARI,
JUJVE RUPE ANANT BHASE;
DEHMA DEV TUN, TEJMAN TATVA TUN,
SHUNYAMAN SHABD THAI VED VASE.
PAVAN TUN PANI TUN, BHUMI TUN BHUDHARA,
VRUKHS THAI FULI RAHYO AKASE;
VIVIDH RACHANA KARI, ANEK RAS LEVANE,
SHIVTHAKI JIV THAYO EAJ ASHE.
VRUKHSMAN BIJ TUN, BIJMAN VRUKSH TUN,
JOVUN PATANTARO EAJ PASE;
BHANE NARSAINYO JE, MAN TANI SHODHANA,
PRITKARUN PREMTHI PRAGAT THASE.

## સુખ દુઃખ મનમાં ન આણિયે (પ્રભાતિયું)

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડીયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં..... સુખ દુઃખ મનમાં
નળરાજા સરખો નર નહિ, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી..... સુખ દુઃખ મનમાં
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રોપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયને નિદ્રા ન આણી..... સુખ દુઃખ મનમાં
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી..... સુખ દુઃખ મનમાં
રાવણ સરખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી..... સુખ દુઃખ મનમાં
હરિશ્ચન્દ્ર રાજા સત્‌વાદિયો, તારા લોચની રાણી;
તેને વિપતિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી..... સુખ દુઃખ મનમાં
શિવજી સરખા સતા નહિ, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી..... સુખ દુઃખ મનમાં
સર્વ દેવોને જ્યારે ભીડ પડી, સમર્યા અંતર જામી;
ભાવટ ભાંગી રે ભૂધરે, મહેતા નરસૈંયાનાં સ્વામી..... સુખ દુઃખ મનમાં

## અખિલ બ્રહ્માંડમાં એક તું (પ્રભાતિયું)

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તુ, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈયો જે, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.

## (WEDDING SONG)
## VARARAJA UTARE AAVE TYARE GAVAY

RUKMINI LAKHI KAGAL MOKLE RE, DWARIKANA NATH RE,
KUNDAN PURAMAN, PADHARJO RE..... JADAVRAY
TE DINNE KARNE, TAJI CHHE BHUKH NE TARAS RE... JADAVRAY(1)
SHAMALIA TAMO SAMBHALO RE,
BAL PANANI PRIT RE.....JADVARAY(2)
SHISHUPAL SAINYA LAI AVYORE,
ABLANI KARJO SAMBHAL RE.....JADAVRAY(3)
ANKHLDI ZUMI RAHI RE,
BHAKTA VATSAL BHAGVAN RE..........JADAVRAY(4)
JAS TAMARA SAMBHLI RE,
TRUPT THAYAN MARAN MANRE.....JADAVRAY(5)
AVGUN UR DHARSO NAHIRE, JOSO NAHI KAI JAT RE..JADAVRAY(6)
HUN CHHUN JANMO JANAMNI RE,
CHARAN KAMAL NI DASI RE.....JADAVRAY(7)
RAGHUNATH NA SWAMI SHAMAL RE,
ABLANI PURJO ASH RE.....JADAVRAY(8)

## (WEDDING SONG) RADHAJI GHANUN HARKHYAN MAN

RADHAJI GANUN HARKHYAN MAN, AJ AMERO AVTAR DHANYA,
PRAGATYUN PURVA JANAMNU PUNYA,
TO PURAN BRAHMA NE PARANIA RE.
MARA MANMAN HATI EK VAT, TE TAME JANI JADUNATH,
JANMO JANAM TAMARI SATH,
TO PURAN BRAHMA NE PARANIA RA .....(1)
ANTRIKHS THI BAHU VAJAN VAGE,
JANE GAGANMAN MEHULIO GAJE,
DEVTA AVYA VADHAV VANE KAJE,
TO PURAN BRAHMA NE PARANIA RE.....(2)
SAHU SAJAN MALI BETHA CHHE TOLE,
NAND JASODAE LIDHAN CHHE KHOLE,
VALLABH UBHA VAVAJ DHOLE,
TO PURAN BRAHMA NE PARANIA RE..... (3)

## લગ્ન પ્રસંગનાં ગીત

### વરરાજા ઉતારે આવે ત્યારે ગવાય

રૂકમિણી લખી કાગળ મોકલે રે, દ્વારીકાના નાથ રે,
કુંદનપુરમાં પધાર જો રે...... જાદવરાય
તે દીનને કારણે તજી છે, ભૂખ ને તરસ રે...... જાદવરાય (૧)
શામલીયા તમો સાંભળો રે, બાલપણાની પ્રીત રે...... જાદવરાય (૨)
શિશુપાળ સૈન્ય લઈ આવ્યો રે, અબળાની કરજો સંભાળ રે..જાદવરાય(૩)
આંખલડી ઝુમી રહી રે, ભકત વત્સલ ભગવાન રે...... જાદવરાય (૪)
જશ તમારા સાંભળી રે, તૃપ્ત થયાં મારાં મન રે..... જાદવરાય (૫)
અવગુણ ઉર ધરસો નહિ રે, જોશો નહિ કઈ જાત રે...... જાદવરાય (૬)
હું છું જન્મો જનમની રે, ચરણ કમલની દાસી રે...... જાદવરાય (૭)
રઘુનાથનાં સ્વામી શામળા રે, અબલાની પૂરજો આશ રે.....જાદવરાય (૮)

### (લગ્ન પ્રસંગનાં ગીત)

### '' રાધાજી ઘણું હરખ્યાં મન''

રાધાજી ઘણું હરખ્યાં મન, આજ અમારો અવતાર ધન્ય,
પ્રગટયું પૂર્વ જન્મનું પુણ્ય, તો પુરણબ્રહ્મ ને પરણીએ રે...
મારા મનમાં હતી એક વાત, તે તમે જાણી જદુનાથ;
જન્મો જનમ તમારી સાથ, તો પુરણબ્રહ્મને પરણીએ રે......(૧)
અંતરિક્ષથી બહુ વાજાં વાગે, જાણે ગગનમાં મેહુલિયો ગાજે,
દેવતા આવ્યા વધાવવાને કાજે, તો પુરણબ્રહ્મને પરણીએ રે......(૨)
સૌ સાજન મળી બેઠા છે ટોળે, નંદ જસોદાએ લીધાં છે ખોળે,
વલ્લભ ઊભા વાવજ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે......(૩)

## WEDDING SONG-DHOL
## GOKULMAN EK NANDAJINUN DHAM

GOKULMAN EK NANDAJI NUN DHAM,
THYATHI PRAGATYA SHREE SUNDIR SYAM;
KARVA SEVAK JANANAN KAM,
TO DHANYA JASODA MAVDI RE.....
BHUTAL BHAR THYO ATI BHARE,
TYARE HARIAE MANUSHA DEHA DHARI
KNSA SURANE NANKHVA MARI,
TO DHANYA JASODA MAVDI RE.....(1)
TETRIS KAROD DARSHANE AVE,
TAN MAN SAHIT BAHU BHET LAVE;
MANUNI NISHDIN MANGAL GAVE,
TO DHANYA JASODA MAVDI RE..... (2)
SHIVJI KAHE CHHE SUNO MORI MAY,
MATAJI AMNE AAPO VADHAI,
JACHAKJAN SAHU AVYA DHAI,
TO DHANYA JASODA MAVDI RE..... (3)
MANEK MOTI NE HIRA ZAVER,
NANDJINE DWARE LILA LAHER;
DAN APE NIT NAV NIDH DHARE,
TO DHANIYA JASODA MAVDI RE .... (4)
NANA VIDHNA VAJINTRA VAGE,
PARNE PODHYA HARI BHAKTA NE KAJE;
TOPI UPAR KOTI SURAJ BIRAJE,
TO DHANYA JASODA MAVDI RE..... (5)
KAMAL NAYAN HARINI, JYOT APAR, UR MHEKE MOTINO HAR;
KEDE KANDORA NE SANKLI SARA,
TO DHANYA JASODA MAVDI RE..... (6)
SUNDER SARITA JAMUNANA NIR,
TYAN RAME HARI BALI BHADRA VIR;
GUNVANTA GUNA NAN GAMBHIR,
TO DHANYA JASODA MAVDI RE..... (7)
DARSAN KARE TENA BHAVDUKH TALE,
MOTIA VADHAVE TENAN RUP NIHALE;
JASUMATI SUTNAN CHARAN PAKALE,
TO DHANYA JASODA MAVDI RE..... (8)

## (લગ્નનાં ગીત-ઘોળ)

## ''ગોકુલમાં એક નંદજીનું ધામ''

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટયા શ્રીસુંદીરશ્યામ;
કરવા સેવક જનનાં કામ, તો ધન્ય જસોદા માવડી રે..... ટેક.
ભૂતલ ભાર થયો અતિ ભારી, ત્યારે હરીએ મનુષા દેહ ધારી;
કંસાસુરને નાંખવા મારી, તો ધન્ય જસોદા માવડી રે..... (૧)
તેત્રીસ કરોડ દર્શને આવે, તન મન સહિત બહુ ભેટ લાવે;
માનુની નિશદીન મંગલ ગાવે, તો ધન્ય જસોદા માવડી..... (૨)
શિવજી કહે છે સુણો મોરી માય, માતાજી અમને આપો વધાઈ;
જાચકજન સહુ આવ્યો ધાઈ, તો ધન્ય જસોદા માવડી રે..... (૩)
માણેકમોતીને હીરા ઝવેર, નંદજીને દ્વારે લીલા લહેર;
દાન આપે નિત નવ નિધ ધરે, તો ધન્ય જસોદામાવડી રે..... (૪)
નાના વિધનાં વાજીંત્ર વાગે, પારણે પોઢયા હરિ ભક્તને કાજે;
ટોપી ઉપર કોટી સુરજ બિરાજે, તો ધન્ય જસોદા માવડી રે..... (૫)
કમલ નયન હરિની જ્યોત અપાર, ઉર મહેકે મોતીનો હાર;
કેડે કંદોરાને સાંકળી સારા, તો ધન્ય જસોદા માવડી રે..... (૬)
સુંદર સરિતા જમુનાના નીર, ત્યાં રમે હરિ બલિભદ્રવીર;
ગુણવંતા ગુણનાં ગંભીર, તો ધન્ય જસોદા માવડી રે..... (૭)
દર્શન કરે તેનાં ભવ દુઃખ ટળે, મોતીએ વધાવે તેનાં રૂપ નિહાળે;
જસુમતિ સુતનાં ચરણ પખાળે, તો ધન્ય જસોદા માવડી રે..... (૮)

**(DHOL WEDDING SONG) -PAGARAN VHELA PADHAR JO RE**

JIRE PAGARAN VHELA PADHARJO,
SUDHARJORE SUDHARJO SEVAKNAN KAM.....PAGRAN
JI RE TAMO VINA, SARVE SHOBHE NAHI,
GHANU LOBHE RE, GHANU LOBHE MALVA MAN..PAGRAN..1
JI RE VHALANI JOVUN CHHUN VATADI,
PAVAN KARJO RE, PAVAN KARJO AMARAN DHAM..PAGRAN..2
JI RE ABALANI ASHA PURJO,
GHANUN SHUN KAHIA RE,
GHANUN SHUN KAHIA PRAN ADHAR...PAGRAN..3
JI RE RAM KRISHNA, PRABHUJAN RANKNE,
VHALA PURJO RE, VHALA PURJO, JANAMNI ASH..PAGRAN..4

**(DHOL WEDDING SONG) -GANGA JAMNANA NIR MANGAVO**

GANGA JAMANANA NIR MANGAVO,
VAR VANMALINE UGHLAVO
KESARIA VAGA NE SOLE SANAGARO,
TO VARGHODE VAR SHOBHTO RE
PAGHADIA SONA SHER BANDHAVO,
PHUMATDI LATKE LATKAVO
BANDHU VARNE KHUNP DHOLAVO,
TO VARGHODE VAR SHOBHTO RE.....1
SHREEFAL FOFAL LIDHAN CHHE HATH,
MOD BANDHI JASODA MAT,
VAMAN DIVADO GRAHYO CHHE HATH,
TO VARGHODE VAR SHOBHTO RE.....2
GOKULMAN SAHU JOVANE MALYAN,
RUP DEKHI SAHUNU CHITADUN CHALIYUN,
VALLABHNUN MAN ANADMAN MALYNU,
TO VARGHODE VAR SHOBHTO RE.....3

## પગરણ વ્હેલા પધારજો રે. (ધોળ-લગ્નગીત)

જી રે પગરણ વ્હેલા પધારજો ;
સુધારજો રે સુધારજો સેવકનાં કામ...પગરણ.....ટેક
જી રે તમો વિના સર્વે શોભે નહિ,
ઘણું લોભે રે ઘણું લોભે મળવા મન...પગરણ.....૧
જી રે વ્હાલાની જોઉં છું વાટડી,
પાવન કરજો રે, પાવન કરજો, અમારાં ધામ...પગરણ.....૨
જી રે અબલાની આશા પૂરજો,
ઘણું શું કહીએ રે, ઘણું શું કહીએ પ્રાણ આધાર...પગરણ.....૩
જી રે રામકૃષ્ણ, પ્રભુજન રંકને,
વ્હાલા પુરજો રે વ્હાલા પુરજો, જનમની આશ...પગરણ.....૪

## ગંગા જમનાના નીર મંગાવો (ધોળ- લગ્નગીત)

ગંગા જમનાનાં નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો,
કેસરીયા વાગા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે ...ટેક
પાઘડીએ સોના સેર બંધાવો, ફુમતડી લટકે લટકાવો;
બંધુવરને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે.....૧
શ્રીફળ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધી જસોદા માત,
વામન દીવડો ગ્રહ્યો છે હાથ, તો વરઘોડે વર શોભતો રે.....૨
ગોકુળમાં સહુ જોવાને મળ્યાં, રૂપ દેખી સહુનું ચીતડું ચળિયું,
વલ્લભનું મન આનંદમાં મળ્યું, તો વરઘોડે વર શોભતો.....૩

## DHOL WEDDING SONG -GOR SHREE GANGACHARYA BOLAVO

GOR SHREE GANGACHARAYA BOLAVO,
VIVAH SAMAGRI SARVE LAKAHVO
JE JOIYE TE SARVE MANGAVO,
TO MANDAP MANDIRE SHOBHTO RE.....
SHREEFAL FOFAL MINDHOL MANGAVO,
NANA RANG UTTAM MANGAVO,
KANKU PITHI SARVE MANGAVO, TO MANDAP MANDIRE SHOBHTO RE.....1
SAGAN VHALAN SARVE BOLAVO, JASODAJI KHAVUN KHAVADAVO,
LEJO JENE JEVUN MAN BHAVE, TO MANDAP MANDIRE SHOBHTO RE.....2
VRAJVASI SAHU AVE NE JAY, MANDAPME ATI ANAND THAY,
JACHAKJAN SAHU AVE NE JAY, TO MANDAP MANDIRE SHOBHTO RE.....3
VRAJMNE NITYA VAKHAN KAHEVAY, GOKULMAN JO GAMATUN THAY,
VALLABH SHANJI VIVAH GAI, TO MANDAP MANDIRE SHOBHTO RE.....4

## DHOL WEEDING SONG --GURECHARNE KAR JODI LAGUN

GURU CHARANE KAR JODI RE LAGUN,
SADARE PRABHUJINI BHAKTI MAGUN,
HARI GUN GAI ANAND SHUN JAGUN,
TO SAMBHAL SWAMI KARNUN VINANTI RE.....
BHAKTI NO MARAG BHUDHAR KAIN NAV LETI,
DUKHNE SUKH SHARIRE SAHETI,
SADA PRABHUJI NA VISVASE RAHETI,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE....1
DURBAL JANI PRABHU DAYA KIJE,
CHARAN KAMALNI SEVA DIJE,
HARIGUN GAI MARUN MAN REJE,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE....2
HUN APRADHI NE KON MARUN GAJUN,
SANSAR SAGAR KAY, PERE TAJUN;
RAMNUN NAM KAY PER BHAJUN,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE....3
RAMJI VINA KARAJ KAYI PERE SARSE,
MITHADI MAYA PRABHU MAN MARUN HARSE,
LAKHS CHORSINO FERO PADASE,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE....4
KAYA VADINO KON RAKHEVAL,
SEVAK JANI PRABHU SANMUKH BHALO

(CONTINUED.....)

## ધોળ- લગ્નગીત ગોર શ્રી ગંગાચાર્ય બોલાવો

ગોર શ્રી ગંગાચાર્ય બોલાવો, વિવાહ સામગ્રી સર્વે લખાવો,
જે જોઈએ તે સર્વે મંગાવો, તો મંડપ મંદિરે શોભતો રે.....ટેક
શ્રીફળ ફોફળ મિંઢોળ મંગાવો, નાના રંગ ઉત્તમ મંગાવો,
કંકુ પીઠી સર્વે મંગાવો, તો મંડપ મંદિરે શોભતો રે.....૧
સગાં વ્હાલાં સર્વે બોલાવો, જશોદાજી ખાવું ખવડાવો;
લેજો જેને જેવું મન ભાવે, તો મંડપ મંદિરે શોભતો રે.....૨
વ્રજવાસી સૌ આવે ને જાય, મંડપમેં અતિ આનંદ થાય;
જાચકજન સૌ આવેને જાય, તો મંડપ મંદિરે શોભતો રે.....૩
વ્રજમેં નિત્ય વખાણ કહેવાય, ગોકુલમાં જો ગમતું થાય;
વલ્લભ સાંજી વિવાહ ગાઈ, તો મંડપ મંદિરે શોભતો રે.....૪

## ધોળ-લગ્નગીત ગુરુચરણે કર જોડી લાગું

ગુરુચરણે કર જોડી રે લાગું, સદા રે પ્રભુજીની ભકિત માંગું;
હરિગુણ ગાઈ આનંદ શું જાગું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....ટેક
ભકિતનાં મારગ ભૂધર કાંઈ નવ લેતી, દુઃખને સુખ શરીરે સહેતી;
સદા પ્રભુજીનાં વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે.....૧
દુર્બલ જાણી પ્રભુ દયા કીજે, ચરણકમળની સેવા દીજે,
હરિગુણ ગાઈ મારું મન રીઝે, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે.....૨
હું અપરાધીને કોણ મારું ગજું, સંસાર સાગર કયા પેર તજું;
રામનું નામ કયા પેર ભજું, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે.....૩
રામજી વિના કારજ કયા પેર સરસે, મીઠડી માયા પ્રભુ મન મારું હરશે;
લક્ષ ચોરાસીનો ફેરો પડશે, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે.....૪
કાયાવાડીનો કોણ રખેવાળ, સેવક જાણી પ્રભુ સન્મુખ ભાળો;

LAKHS CHORASI NO FERO TALO,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....5
JUGJIVAN TAME DEVAKINAJAYA, KOI NA JANE PRABHU TAMARI MAYA,
NANDJINA SUT GOKULMAN KAHEVAYA,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....6
DHAN JIVAYUN GOKUL NI GOPI, JADAV KULNI LAJJA LOPI,
TAN MAN DHAN HARI CHARANE SONPI,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....7
GIRI GOVRDHAN NAKH PAR TOLYO, JAI MATHURA ME KANSA NE ROLYO.
MAT PITANA BANDHAN CHHODAVYAN,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....8
RAMNU NAM PRAHLADJI BHANYA,
NARSHINH RUPE HIRANYA KANS NE HANYA,
SAGHLA BHUPMEN CHHOTAME BALIA,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....9
RAM AVTARE RAVANNE MARYO, BANDHI SAGAR SENA PARUTARI,
BHAKT VIBHISHNNE RAJE BESARYO,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....10
SUDAMANE HARIA NAVNIDHI API JANMOJANAMNU DARIDYA KAPUN,
DHRUVANE RAJ AVICHAL APYNUN,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....11
RANKA VANKA NE KALU KEVAL KUBA, RAGHU RAY AYODHYANAN SUBA:
HANUMAN HARI CHARNE SANMUKH UBHA,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....12
NARSINH MEHTANUN HARIE PURYUN MOSALUN,
MIRABAI KIRTAN GAI RASALUN
PANDAVNUN PRABHUE KARYUN RAKHEVALUN,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....13
NABHA PIPA NAMDEV TAMARAN, DARSHAN DIDHAN HARIA, FER DWARE;
BHAKTI KARI JEVI KHANDANI DHAR,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....14
BHAKT KARANE DAS AVTAR DHARYA, VAMAN RUPE BALI RAJANE MARYA:
LAI BHUMIDAN PAG PITH PAR DHARYA,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....15
ARAJ AMARI SUNAJO SWAMI, HUN PAMAR PRABHU TAMANE PAMI,
DAS VALLABH KAHE SHIS NAMI,
TO SAMBHAL SWAMI KARUN VINANTI RE.....16

લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૫
જુગજીવન તમે દેવકીના જાયા, કોઈ ન જાણે પ્રભુ તમારી માયા,
નંદજીના સુત ગોકુલમાં કહેવાયા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૬
ધન જીવ્યું ગોકુલની ગોપી, જાદવકુળની લજ્જા લોપી;
તન મન ધન હરિ ચરણે સોંપી, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૭
ગિરિ ગોવર્ધન નખ પર તોળ્યો, જઈ મથુરા મેં કંસને રોળ્યો;
માતપિતાનાં બંધન છોડાવ્યાં, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૮
રામનું નામ પ્રહ્લાદજી ભણ્યા, નૃસિંહરૂપે હિરણ્યાકંસને હણ્યા;
સઘળા ભૂપમેં છો તમે બળિયા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૯
રામાવતારે રાવણને માર્યો, બાંધી સાગર સેના પાર ઉતારી;
ભકત વિભીષણને રાજે બેસાર્યો, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૧૦
સુદામાને હરિએ નવનિધિ આપી, જન્મોજન્મનું દ્રારિદ્ર કાપ્યું;
ધ્રુવને રાજ અવિચલ આપ્યું, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૧૧
રંકા વંકાને કાલુ કેવલ કુબા, રઘુરાય અયોધ્યાનાં સુબા;
હનુમાન હરિ ચરણે સન્મુખ ઊભા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૧૨
નરસિંહ મહેતાનું હરિએ પૂર્યું મોસાળું, મીરાંબાઈ કીર્તન ગાઈ રસાળું;
પાંડવનું પ્રભુએ કર્યું રખેવાળું, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે....૧૩
નાભા પિપા નામદેવ તમારાં, દર્શન દીધાં હરિએ ફેર દ્વારે;
ભકિત કરી જેવી ખાંડાની ધાર, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે....૧૪
ભક્ત કારણે દશ અવતાર ધર્યા, વામન રૂપે બલિરાજાને મારયા;
લઈ ભૂમિ દાન પગ પીઠ પર ધર્યા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે....૧૫
અરજ અમારી સુણજો સ્વામી, હું પામર પ્રભુ તમને પામી;
દાસ વલ્લભ કહે શિશ નમાવી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે....૧૬

## TUN TO RAM RATAN KAR RANGMAN

TUN TO RAM RATAN KAR RANGMAN,
TARUN JAYE CHHE JUVANI NUN JOR,
AVASAR AVO NAHI MALE......
JI RE KACHO KUMBH JALE BHARYO,
TENE FUTATAN NAHI LAGE VAR...... AVASAR.....1
JI RE KACHO SUTRANO TANTANO,
JENE TUTATAN NAHI LAGE VAR..... AVASAR.....2
JI RE VADI KHILI NE FULAYO MOGARO,
TENE KARMATAN NAHI LAGE VAR..... AVASAR.....3
JI RE BAJIGARE BAJI RACHI,
AENE SAMETATAN NAHI LAGE VAR..... AVASAR.....4
JI RE PANCH TATVANUN PUTALUN,
MAHNI BOLAN HARO RAM..... AVASAR.....5
JI RE GAGAN MANDAL MA CHORI RACHI,
TYAN PARNE CHHE ATAMRAM..... AVASAR.....6
JI RE DAS PRITAMNI VINATI,
AMNE MALYA CHHE SAT GURU SYAM..... AVASAR.....7

## HUN TO HARJI JOVANE NISARI

HUN TO HARAJI JOVANE NISARI, MARA GURUJIA DIDHO UPDESH,
VAHALAJI NE NIRAKHAVA,
MARE SHIL SANTOSH KALLAN KAMBI,
MARE ZANZAR PREM VAIRAGYA..... VAHALAJINE.....1
ME TO SAV SONANU LIDHUN BEDALUN,
CHHODI CHALYA GHARANA KAM..... VAHALAJINE.....2
VAHALO BANSI BAJAVE ENA RANGAMAN,
MARA GHARMAN GHADI NA RAHEVAY..... VAHALAJINE.....3
VAHALO SHERI NI VACHHE SAMO MALYO,
HUN TO LALILALI LAGUN PAY..... VAHALAJINE..... 4
VAHALE CHUNDADI ODHADI PAKA RANANI,
CHHEDE ATMA RAMNO RANG.....VAHALAJINW.....5
HUN TO BHARAME BHULI SHENTHO PURIO,
PURI DAS GOPALNI ASH.....VAHALAJINW.....6

## તું તો રામરટણ કર રંગમાં

તું તો રામરટણ કર રંગમાં, તારું જાય છે જુવાનીનું જોર

અવસર આવો નહિ મળે.....

જી રે કાચો કુંભ જલે ભર્યો, તેને ફૂટતાં નહિ લાગે વાર...અવસર...૧

જી રે કાચો સૂતરનો તાંતણો, તેને તૂટતાં નહિ લાગે વાર...અવસર...૨

જી રે વાડી ખીલીને ફૂલ્યો મોગરો, તેને કરમાતાં નહિ લાગે વાર..અવસર..૩

જી રે બાજીગરે બાજી રચી, એને સમેટતાં નહિ લાગે વાર...અવસર...૪

જી રે પાંચ તત્ત્વનું પુતળું, માંહી બોલનહારો રામ...અવસર...૫

જી રે ગગન મંડલમેં ચોરી રચી, ત્યાં પરણે છે આત્મારામ...અવસર...૬

જી રે દાસ પ્રિતમની વિનતિ, અમને મળ્યા છે સત્ગુરુ શ્યામ...અવસર...૭

## હું તો હરજી જોવાને નિસરી

હું તો હરજી જોવાને નીસરી, મારા ગુરુજીએ દીધો ઉપદેશ, વ્હાલાજીને નીરખવા

મારે શીલ સંતોષ કલ્લાં કાંબી, મારે ઝાંઝર પ્રેમ વૈરાગ્ય...વ્હાલાજી...૧

મેં તો સાવ સોનાનું લીધું બેડલું, છોડી ચાલી ઘરનાં કામ...વ્હાલાજી...૨

વ્હાલો બંસી બજાવે એના રંગમાં, મારા ઘરમાં ઘડીના રહેવાય...વ્હાલાજી...૩

વ્હાલો શેરીની વચ્ચે સામો મળ્યો, હું તો લળી લળી લાગુ પાય..વ્હાલાજી..૪

વ્હાલે ચુંદડી ઓઢાડી પાકા રંગની, છેડે આત્મારામનો રંગ...વ્હાલાજી...૫

હું તો ભર્મે ભૂલી સેંથો પૂરિયો, પૂરી દાસ ગોપાલની આશ...વ્હાલાજી...૬

## (MANGAL) JIV TUN KAHNASE AAYO

JIV TUN KHANSE AYO, KHAN CHAL JAYEGO,
JIVAT KARILE PAHICHAN, MUA PASTAYEGO.....JIV TUN
SATYA LOKSE AYO, TRIGUNME SAMAY RAHYO,
BHUL GAYO VO DESH, MAYA MEN LAPTAY RAHYO.....JIV TUN
NAHI TERO GAMNE THAM, NAHI PUR PATAN,
HAI RE BHVATALU LOK, NAHI KOI, APANA.....JIV TUN
KAHE KABIR VICHAR, HANSA MANGAL GAVHI,
HANS GAYE SAT LOK, BAHAR NAHI AVAHI.....JIV TUN

## (MANGAL) MANSHA DEHI PAI

MANASHA DEHI PAI, RAM GUN GAIA,
SURATI AKAN KUVARI, HANSAKO BAHAIA.....MANSHA
SAT GURU VIPRA BOLAY, LAGAN LAKHAIA,
VEGE KARELO VIVAH, DHIL MAT LAIA.....MANSHA.....1
PANCH PACHIS SHUNAR, MANGAL GAIA,
LAX CHORASI NO FERO, BAHAR NAHI AIYA.....MANSHA.....2
SURAT NURAT DOVU BETHE, HATHE VARO JODIA,
JAM SHUN JIV UGAR, TANKHA TODIA.....MANSHA.....3
HANSA A KARYO VICHAR, SURATI SHUN YON KAHI,
TUM JUG JUG AKAN KUVARI, ATA DIN KYON KAHI
.....MANSHA.....4
SURTIA HANSANE KARI SALAM, PIYU TUM SAT KAHI,
MOHE SATGURU MALYA NAHI, ETA DIN KYON RAHI
.....MANASHA.....5
PARAM PURUSH KI SEJ, AKHANDIT KHELANA,
PIYO RE PYALA PREM, ADHAR RAHI ZILANA....MANASHA.....6
PURUSH PURATAN LAI, SHABD SUNAI A,
KAHE KABIR BHAJO RAM, PARAM PAD PAIA...MANASHA.....7

## (મંગલ) જીવ તું કહાંસે આયો

જીવ તું કહાંસે આયો. કહાં ચલ જાયેગો;
જીવત કરલે પહિચાન, મુએ પસતાયેગો.....જીવ તું...
સત્ય લોકસે આયો, ત્રિગુણમેં સમાઈ રહ્યો;
ભૂલ ગયો વો દેશ, માયામેં લપટાય રહ્યો.....જીવ તું.....૧
નહિ તેરો ગામને ઠામ, નહિ પુર પાટણ;
હૈ રે ભવટાળુ લોક, નહિ કોઈ આપણા.....જીવ તું.....૨
કહે કબીર વિચાર, હંસા મંગલ ગાવહી;
હંસ ગયે સતલોક, બહાર નહિ આવહી.....જીવ તું.....૩

## (મંગલ) મનષા દેહી પાઈ

મનષા દેહી પાઈ, રામ ગુણ ગાઈએ,
સુરતિ અકન કુંવારી, હંસા કો બહાઈએ...મનષા...
સતુગુરુ વિપ્ર બોલાય, લગન લખાઈએ;
વેગે કરીલો વિવાહ, ઢીલ મત લાઈએ...મનષા...૧
પાંચ પચ્ચીસ શું નાર, મંગલ ગાઈએ;
લક્ષ ચોરાસીનો ફેરો, બહાર નહિ આઈએ...મનષા...૨
સુરત નુરત દોઉ બેઠે, હથેવારો જોડીએ,
જમ શું જીવ ઉગાર, તનખા તોડીએ...મનષા...૩
હંસા એ કર્યો વિચાર, સુરતિ શું યોં કહી;
તુમ જુગ જુગ અકન કુંવારી, એતા દિન કયોં કહી...મનષા...૪
સુરતિએ હંસાને કરી સલામ, પિયુ તુમ સત્ કહી;
મોહે સત્ગુરુ મળ્યા નહિ, એતા દિન કયોં રહી...મનષા...૫
પરમ પુરુષકી સેજ, અખંડિત ખેલના;
પિયો રે પ્યાલા પ્રેમ, અધર રહી ઝીલના...મનષા...૬
પુરુષ પુરાતન લાઈ, શબ્દ સુનાઈએ;
કહે કબીર ભજો રામ, પરમ પદ પાઈએ...મનષા...૭

## RAHI JANE AAJANI RAT, HANSA RE RAJA

RAHI JANE AAJANI RAT,
HANSA RE RAJA, RAHI JANE AAJANI RAT
KARAVI CHHE MANADANNI VAT,.....HANSARE RAJA.....
PAHELO VISAMO HANSA, GHARNE UMBERIA,
BIJO VISAMO ZAMPA BAHAR.....HANSA RE RAJA.....
TRIJO VISAMO HANSA, GAMNE GONDARIA RE,
CHOTHO VISAMO SMASHAN,.....HANSA RE RAJ.....
MA NE MASHI TO HANSA, BANNE BENDIO RE,
CHAKALA SUDHINO SANGATH.....HANSA RE RAJA.....
CHAR JANA RE HANSA, UNCHAKINE CHALYA RE,
PANCHMO KARE RE PUKAR.....HANSA RE RAJA.....
GADUN BHARINE HANSA, KATHI RE MANGAVI,
KORI MATAKIMA ANGAR.....HANSA RE RAJA......
SMASHANE JAINE HANSA, CHITA RE KHADKAVI,
JAMANE ANGUTHE MUKI AAG....HANSA RE RAJA.....
SAGAN SAMBANDHI HANSA, SATHE NA AAVSE NE,
AAVASE PUNYA NE PAP.....HANSA RE RAJA.....
GHARNI NAREI RE HANSA, GHAR PAR JAY BETHE NE,
KHOLIAAA NI THAI GAI RAKH.....HANSA RE RAJA.....

## રહી જાને આજની રાત, હંસા રે રાજા

રહી જાને આજની રાત, હંસા રે રાજા રહી જાને આજની રાત
કરવી છે મનડાંની વાત..... હંસા રે રાજાને આજની રાત
પહેલો વિસામો હંસા, ઘરને ઉંબરિયે,
બીજો વિસામો ઝાંપા બહાર.....હંસા રે રાજાને આજની રાત
ત્રીજો વિસામો હંસા, ગામને ગોંદરી એ રે,
ચોથો વિસામો સ્મશાન.....હંસા રે રાજાને આજની રાત
માને માશી તો હંસા, બંને બેનડીઓ રે,
ચકલા સુધીનો સંગાથ.....હંસા રે રાજાને આજની રાત
ચાર જણા રે હંસા, ઊંચકીને ચાલ્યા રે,
પાંચમો કરે રે પુકાર.....હંસા રે રાજાને આજની રાત
ગાડું ભરીને હંસા., કાઠી રે મંગાવી,
કોરી મટકીમાં અંગાર.....હંસા રે રાજાને આજની રાત
સ્મશાને જઈને હંસા, ચિતા રે ખડકાવી
જમણે અંગુઠે મૂકી આગ.....હંસા રે રાજાને આજની રાત
સગાં સંબંધી હંસા, સાથે ના આવશે ને,
આવશે પુણ્ય ને પાપ.....હંસા રે રાજાને આજની રાત
ઘરની નારી રે હંસા, ઘર પર જઈ બેઠી ને,
ખોળીયાંની થઈ ગઈ રાખ.....હંસા રે રાજાને આજની રાત

## AVYO TUN AKLO NE JAVUN CHHE AKLUN

AAVYO TUN AKLO NE JAVUN CHHE AKLUN,
KOINO NATHI SATHVARO RE,
VARA PACHI BHAI AVE CHHE VARO (2)
AJA MARO KAL TARO RE.....AAVIO.....1
AREKAYAMANKALIYOBETHO, THODOTHODOAETOKHASERE,
SAGAN SAMBANDHIO JOTAN J RAHESENE (2)
OCHINTATO LAI JASE RE.....2
LAKADA BHEGU LAKDU THAINE (2) FAGANNE HOLI THASE RE,
DHAN VAIBHAVNE MAMATA TARE, (2)
CHAR GHADINU SAPNU RE.....AAVIO.....3
MARUN MARUN KARINE MURKH MARE CHHE,
AANTE NATHI KAIN TARUN RE (2)
JANM JIVANNU SARTHAK KARILE,
SANT SANGNI NISHALE RE.....AAVIO.....4
GOVINDNA NATHNU BHAJAN KARI LE,
ANDHARETHI AJAVALE RE,
AAVYO TUN AKLO NE JAVUN CHHE AKALUN,
KOINO NATHI SATHAVORO RE.....AAVIO.....5

## MARANNI AKARI GHATI

MARANNI AAKARI GHATI, JIVAN MAN AAVAVANI CHHE
RUPALI DEHO AAKHAR JARURTHI BALVANI CHHE....MARANNI
MARANTHI KADI NAHI DARVUN, MARAN NE JANI NE MARVUN,
KARINE KAM SANCHARVUN, MAJAO MANAVANI CHHE
.....MARANNI
KARODO JANMANA PAPO, PRABHUNA NAMATHI KAPO,
RADAYMA SHANNE STHAPO, UPADHI TALVANI CHHE
.....MARANNI
SADA SANTOSH DHARINE, BHARO DAGALUN VICHARINE,
PUNIT AA JINDAGI NE, SAMAJ THI GALVANI CHHE.....MARANNI

## આવ્યો તું એકલોને જાવું છે એકલું

આવ્યો તું એકલોને જાવું છે એકલું, કોઈનો નથી સથવારો રે,
વારા પછી ભાઈ આવે છે વારો (૨) આજ મારો કાલ તારો રે...આવ્યો...૧
આરે કાયામાં કાળીયો બેઠો, (૨) થોડો થોડો એ તો ખાશે રે,
સગાં સંબંધીઓ જોતાં જ રહેશે ને (૨) ઓચિંતા તો લઈ જાશે રે...આવ્યો..૨
લાકડાં ભેગું લાકડું થઈને (૨) ફાગણની હોળી થાશે રે,
ધન વૈભવને મમતા તારી, (૨) ચાર ઘડીનું સપનું રે...આવ્યો...૩
મારૂ મારૂ કરીને મૂરખ મરે છે, અંતે નથી કાંઈ તારું રે(૨)
જન્મ જીવનનું સાર્થક કરી લે, સંત સંગની નિશાળે રે...આવ્યો...૪
ગોવિંદના નાથનું ભજન કરી લે, અંધારેથી અજવાળે રે,
આવ્યો તું એકલો ને જાવું છે એકલું, કોઈનો નથી સથવારો રે...આવ્યો...૫

## મરણની આકરી ઘાટી

મરણની આકરી ઘાટી જીવનમાં આવવાની છે.
રૂપાળી દેહો આખર જરૂરથી બાળવાની છે......મરણની આકરી
મરણથી કદી નહિ ડરવું, મરણને જાણીને મરવું,
કરીને કામ સંચરવું, મજાઓ માણવાની છે......મરણની આકરી
કરોડો જન્મનાં પાપો, પ્રભુના નામથી કાપો,
હૃદયમાં શાંતિને સ્થાપો, ઉપાધિ ટાળવાની છે......મરણની આકરી
સદા સંતોષ ધરીને, ભરો ડગલું વિચારીને,
પુનિત આ જિંદગીને, સમજથી ગાળવાની છે......મરણની આકરી

## TEDUN THAYUN KIRTARNUN

TEDUN THAYUN KIRTARNU, GAYA VINA KEM CHALSHE
ZANNKHI THAI YAM DUTNI, GAYA VINA KEM CHALSHE
JAVUN MAJAL MOTI MAHI, TAIYARI KAIN KIDHI NATHI
BHATHU BANDHYU NA SANGH MA,
BHATHAN VINA KEM CHALSHE.....BHATHA VINA
SHANGAR GHADINE ANGMAN, RAMATO PRIYANA SANGMA,
AE RAMATO NA AAVE SANGMAN,
RAMYA VINA KEM CHALSHE.....RAMYA VINA
MITRO MAHIN TUN MAHALTO, FAKKAD BANI FARTO HATO,
NA AKALO KAINYA JATO,
SOBAT VINA KEM CHAL SHE.....SOBAT VINA
SEVAK TANA SAHVASMAN, HUKAMO KARYA ULLASMA
NOKAR MALE NA SATHMA,
NOKAR VINA KEM CHALSHE.....NOKAR VINA
SUKHA BHOGNAN SADHAN GAYAN, HAJAR HATA KAINA MANA,
ANTE NA AAVE SADHNO,
SADHAN VINA KEM CHALSHE.....SAHDAN VINA
MAYA NE MILKAT, KHARE TANE MUKI JAVU PADASHE,
NANA NAKAMA AAKHARE,
NANA VINA KEM CHALSHE.....NANA VINA
PRARMARTHNI PRITI KARO, BATHUN BHAKTINU BHARO,
ATMA SUDDHI TO KARO,
TENA VINA KEM CHALSHE.....TENA VINA

## VAKHAT VAHI JAY ANMULO

VAKHAT VAHI JAY ANMULO, JARI RASPAN KARTO JA,
VAHE CHHE GYANANNI GANGA, AEMAN TUN SNAN KARTO JA
SADA SAT SANGMA RAHINE, BHALA BHAGWAN BHAJATO JA
PRABHUNI BHAKTI MA TARU, JIVAN KURBAN KARTTO JA
JIVAN CHAR DINANUN CHATAKUN, NAKAMO MOH MAYANO,
UDI JAVUN CHHE ANTE TO AHIN THEI TYAG KAYANO

## તેડું થયું કિરતારનું

તેડું થયું કિરતારનું, ગયા વિના કેમ ચાલશે,
ઝાંખી થઈ યમદુતની, ગયા વિના કેમ ચાલશે ?
જાવું મજલ મોટી માંહી, તૈયારી કાંઈ કીધી નથી
ભાથું બાંધ્યુંના સંઘમાં, ભાથાં વિના કેમ ચાલશે.....ભાથા વિના
શણગાર ઘડીને અંગમાં, રમતો પ્રિયાનાં સંગમાં,
એ રમતો ન આવે સંગમાં, રમ્યા વિના કેમ ચાલશે.....રમ્યા વિના
મિત્રો મહીં તું મહાલતો, ફક્કડ બની ફરતો હતો,
ના એકલો કાંઈએ જતો, સોબત વિના કેમ ચાલશે.....સોબત વિના
સેવક તણા સહવાસમાં હુકમો કર્યા ઉલ્લાસમાં,
નોકર મળે ના સાથમાં , નોકર વિના કેમ ચાલશે.....નોકર વિના
સુખ ભોગનાં સાધન ગયાં, હાજર હતા કાંઈના મણા,
અંતે ના આવે સાધનો, સાધન વિના કેમ ચાલશે.....સાધન વિના
માયા ને મિલ્કત, ખરે ટાણે મૂકી જાવું પડશે,
નાણાં નકામા આખરે, નાણાં વિના કેમ ચાલશે.....નાણા વિના
પરમાર્થની પ્રીતિ કરો, ભાથું ભકિતનું ભરો,
આત્મશુધ્ધિ તો કરો, તેના વિના કેમ ચાલશે.....તેના વિના

## વખત વહી જાય અણમુલો

વખત વહી જાય અણમુલો, જરી રસપાન કરતો જા
વહે છે જ્ઞાનની ગંગા, એમાં તું સ્નાન કરતો જા
પ્રભુની ભકિતમાં તારું જીવન કુરબાન કરતો જા
સદા સતુસંગમાં રહીને, ભલા ભગવાન ભજતો જા
જીવન ચાર દીનનું ચટકું, નકામો મોહ માયાનો,
ઊડી જાવું છે અંતે તો અહીંથી ત્યાગ કાયાનો

**MAILI CHADAR ODHAKE, KAISE DVAR TUMHARE AAVUN**

MAILI CHADAR ODHAKE KAISE DVAR TUMARE AAVUN
HE PAVAN PARMESHWAR MERE,
MANHI MAN SHARMAVUN.....MAILI..
TUMANE MUZAKO JAGMEN BHEJA, NIRMAL DE KAR KAYA,
AAKARKE SANSSARMAN MAINNE, ISKO DAGHA LAGAYA
JANMO JANAMKI MELI CHADAR,
KASE DAGH CHUDAVUN.....MAILI..
NIRMAL VANI PAKAR TUJASE, NAM NA TERA GAYA,
NAIN ZUKAKAR HE PARMESHAVAR,
KABHI NA TUJAKO DHYAYA,
MAN VINA KE TAR TUTE, AB KYA GITT SUNAVUN.....MAILI..
IN PAIRONSE CHALKAR TERE, MANDIR KABHI NA AYA,
JAHAN JAHAN HO PUJAN TERA,
KABHI NA SHISH ZUKAYA,
HE HARI HAR MAIN HAR KE AAYA,
AB KYA HAR CHADAVUN.....MAILI..

**JANAR TO JATA RAHYAN, SADGUN EANA SAMBHARE**

JANAR TO JATA RAHYAN, PAN SADGUN AENA SAMBHARE,
LAKHO LUNTAVI DO BHALE PAN, MARNAR PACHHA NE MALE,
VAIBHAV MALE, KIRTI MALE, LAKSHMI GAYELI SAMPADE,
AA SAHU MALE AA JAGATMA, MARNAR PACCHA NA MALE.
VAID HAKIM KE DOCTARO, VIGNANIO MOTA BHALE,
KHSAN AEK JIVAN NADAI SAKE, MARNAR PACHHA NA MALE
RADNAR KOI RADSO NAHI, CHHE KAYADO KIRTARNO,
JANAR TO JATA RAHYAN, RADVATHI PACHHA NA MALE.
MARNAR AGNIMAN BALE, JIVANAR AGNI VIN BALE,
RADYA KARVATHI SHUN VALE ? MARNAR PACHHA NA MALE.

## મૈલી ચાદર ઓઢકે , કૈસે દ્વાર તુમ્હારે આવું

મૈલી ચાદર ઓઢકે, કૈસે દ્વાર તુમ્હારે આવું,
હે પાવન પરમેશ્વર મેરે, મનહી મન શરમાવું.....મૈલી..
તુમને મુઝકો જગમેં ભેજા, નિર્મળ દે કર કાયા,
આકરકે સંસારમાં મૈંને, ઈસકો દાઘ લગાયા
જન્મો જન્મકી મૈલી ચાદર, કૈસે દાઘ છુડાઉ.....મૈલી..
નિર્મલ વાણી પાકર તુજસે, નામ ન તેરા ગાયા,
નૈન ઝુકા કર હે પરમેશ્વર, કભી ન તુજકો ધ્યાયા,
મન વીણા કે તાર તૂટે, અબ કયા ગીત સુનાવું.....મૈલી..
ઈન પૈરોંસે ચલકર તેરે, મંદિર કભી ન આયા,
જહાં જહાં હો પૂજન તેરે, કભી ન શીશ ઝુકાયા,
હે હરિહર મૈં હાર કે આયા, અબ કયા હાર ચઢાવું.....મૈલી..

## જનાર તો જતા રહ્યાં, સદ્‌ગુણ એના સાંભરે

જનાર તો જતા રહ્યાં, પણ સદ્‌ગુણ એના સાંભરે,
લાખો લૂંટાવી દો ભલે પણ, મરનાર પાછા ન મળે
વૈભવ મળે કીર્તિ મળે, લક્ષ્મી ગએલી સાંપડે
આ સહુ મળે આ જગતમાં, મરનાર પાછા ન મળે.
વૈદ હકીમ કે ડોકટરો, વિજ્ઞાનીઓ મોટા ભલે,
ક્ષણ એક જીવનના દઈ શકે, મરનાર પાછા ન મળે.
રડનાર કોઈ રડશો નહિ, છે કાયદો કિરતારનો,
જનાર તો જતા રહ્યાં, રડવાથી પાછા ન મળે,
મરનાર અગ્નિમાં બળે, જીવનાર અગ્નિ વીણ બળે,
રડયા કરવાથી શું વળે? મરનાર પાછા ન મળે.

## PRANIA BHAJI LENE KIRTAR

PRANIA BHAJI LENE KIRTAR, AATO SWAPNU CHHE SANSAR
DHAN DOLATNE MAL KHAJANA, PUTRA ANE PARIVAR,
AEMANTHI TUN JASHE AEKALO,
ANTE KHASE JAM KERO MAR.....PRANIA
UNCHI MEDI NE AJAB ZARUKHA, GOKH TANO NAHI PAR,
KOTI DHVAJ, ANE LAKHPATI,
TENA BANDHYAN RAHNYAN GHARBAR.....PRANIA
UPER FARERA FAR FARE, NE HETHE BANDHYA SHIFAL CHAR,
THIK KARINE THATHDIMAN GHALYO,
PACHHI VANSE PADE POKAR.....PRANIA
SEJ TALAI VINA SUTO NAHI, JIV HUNNAR KARTO HAJAR,
KHOLI KHOLINE KHUB JALAVYO,
JEM LODHUN GALE LUHAR.....PRANIA
SMASANE JAINE CHEH KHADAKI, MATHE KASTNO BHAR,
AGNI MELINE UBHA RAHYA,
ANE NISCHAY JALE ANGAR.....PRANIA
SNAN KARINE CHALI NIKALYA, NAR NE VALI NAR,
BHOJO BHAGAT KAHE TER DIN ROINE,
PACHHI MELYO VISAR.....PRANIA

## RAKHANAN RAMAKDAN NE MARA RAME RAMATAN

RAKHNAN RAMAKDAN NE, MARA RAME RAMATAN RAKHYAN RE,
MRUTYU LOKANI MATI MATHE,
MANAV KAHINE BHAKHYAN RE.....RAKHNA
DOLE DOLE ROJ RAMAKDAN, NITYA NITYA RAMATUN MANDE RE,
AA MARUN, AA TARUN KHAHINE, EK BIJANE BHAN DE RE....RAKHNA
KACHI MATINI KAYA MATHE, MAYA KERO RANG LAGAVYO,
DHINAGALA DHINGLIA GHAR MANDYA TYAN,
TO VIZANALA VINZAYA RE.....RAKHNA
TANT ANANT NE TANT NA TUTYO, RAMAT ADHURI RAHIGAI
TANADAN NE MANDANNI VATO,
AAVI TEVI GAI RE.....RAKHANA

## પ્રાણીયા ભજી લેને કિરતાર

પ્રાણીયા ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર
ધન દોલતને માલ ખજાના, પુત્ર અને પરિવાર
એમાંથી તું જાશે એકલો, અંતે ખાશે જમ કેરો માર.....પ્રાણીયા
ઊંચી મેડીને અજબ ઝરુખા, ગોખ તણો નહિ પાર,
કોટિ ધ્વજ અને લખપતિ, તેનાં બાંધ્યાં રહ્યાં ઘરબાર.....પ્રાણીયા
ઉપર ફરેરા ફરફરે ને હેઠે બાંધ્યા શ્રીફળ ચાર,
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછી વાંસે પડે પોકાર.....પ્રાણીયા
સેજ તળાઈ વિના સૂતો નહિ, જીવ હુન્નર કરતો હજાર,
ખોળી ખોળીને ખૂબ જલાવ્યો, જેમ લોઢું ગાળે લુહાર.....પ્રાણીયા
સ્મશાને જઈને ચેહ ખડકી, માથે કાષ્ટનો ભાર,
અગ્નિ મેલીને ઊભા રહ્યા, અને નિશ્ચય જલે અંગાર.....પ્રાણીયા
સ્નાન કરીને ચાલી નીકળ્યા, નરને વળી નાર,
ભોજો ભગત કહે તેર દિન રોઈને પછી મેલ્યો વિસાર.....પ્રાણીયા

## રાખનાં રમકડાં ને મારા રામે રમતાં રાખ્યાં રે

રાખનાં રમકડાં ને મારા રામે રમતાં રાખ્યાં રે,
મૃત્યુલોકની માટી માથે, માનવ કહીને ભાખ્યાં રે.....રાખના
ડોલે ડોલે રોજ રમકડાં, નીત્ય નીત્ય રમતું માંડે રે,
આ મારું આ તારું કહીને, એકબીજાને ભાંડે રે.....રાખના
કાચી માટીની કાયા માથે, માયા કેરો રંગ લગાવ્યો,
ઢીંગલા ઢીંગલીએ ઘર માંડયાં ત્યાં તો વિઝણલા વીંઝાયા રે.....રાખના
તંત અનંતને તંત ન તૂટયો, રમત અધૂરી રહી ગઈ,
તનડાં ને મનડાંની વાતો, આવી તેવી ગઈ રે.....રાખના

## PRAYER -MAN VANI NE KARMATHI

MAN VANI NE KARMA THI, VANDUN SADGURU DEV
ASHA TRUSHNA TYAGINE, KARUN SADA HUN SEV
SATYA SWARUP SAMJAVINE, AAPYUN NIRMAL GYAN
MAYA MOH CHHUTI JATAN, THAYUN SWARUP NUN BHAN
AAP VINA AA VISHVA MA, KO NAHI MAM ADHAR,
AAPAJ TARANHAR CHHO, AAPAJ MARANHAR
JEVO GANO TEVOJ HUN DAS TANO PAN DAS,
DAYA KARI DEJO MANE, AAP CHARAN MAN VAS
SADA RADAY VISE RAHO, SADAY RAKHO RAHEM,
HUN LAHARI SAGAR TAME, AEMAN KAIN NA VAHEM
SARVA RITE HUN AAPANO HE DIN BANDHU DEV,
KARUNA THATAN AAPANI, MUKTI MALE TAT KHEV
KOTI KOTI VANDANA, AAP CHARAN MOZAR,
KRUPA RUPI NAVAKA VADE, UTARO BHAVA JAL PAR
JAGANA SARJANHAR JE, JAGNA TARAN HAR,
TE PARE BHRAHM PARMATMA NE, VANDUN KOTI VAR
KOTI KOTI PRANAM HO, HE BHAV TARAN HAR,
AAP VINA AA RANKNO, KON KARE UDDHAR
KARUNA SAGAR AAP CHHO, GYAN TANA BHANDAR,
SAHEJ KRUPA JO THAY TO, THAYE BEDO PAR
TAN MAN DHAN ARPI DIDHAN, HAVE NA HUN HAKDAR,
FAVE TEM TAME KARI SHAKO, HE MAM PRAN AADHAR.

## પ્રાર્થના- મન વાણી ને કર્મથી

મન વાણીને કર્મથી, વંદું સદ્‌ગુરુ દેવ
આશા તૃષ્ણા ત્યાગીને, કરું સદા હું સેવ,
સત્ય સ્વરૂપ સમજાવીને, આપ્યું નિર્મળ જ્ઞાન,
માયા મોહ છૂટી જતાં, થયું સ્વરૂપનું ભાન
આપ વિના આ વિશ્વમાં , કો નહીં મમ આધાર,
આપ જ તારણહાર છો, આપ જ મારણહાર
જેવો ગણો તેવો જ હું દાસ તણો પણ દાસ,
દયા કરી દેજો મને આપ ચરણમાં વાસ.
સદા હૃદય વિષે રહો, સદાય રાખો રહેમ,
હું લહરી સાગર તમે, એમાં કાંઈ ન વહેમ
સર્વ રીતે હું આપનો હે દીન બંધુ દેવ,
કરુણા થતાં આપની, મુક્તિ મળે તત્ખેવ.
કોટી કોટી વંદના, આપ ચરણ મોઝાર,
કૃપારૂપી નૌકા વડે, ઊતારો ભવજલ પાર.
જગના સર્જન હાર જે જગતના તારણહાર,
તે પર બ્રહ્મ પરમાત્માને, વંદું કોટી વાર.
કોટી કોટી પ્રણામ હો, હે ભવ તારણ હાર,
આપ વિના આ રંકનો, કોણ કરે ઉધ્ધાર.
કરુણા સાગર આપ છો, જ્ઞાન તણા ભંડાર,
સહેજ કૃપા જો થાય તો, થાયે બેડો પાર.
તન મન ધન અર્પી દીધાં, હવે ન હું હકદાર,
ફાવે તેમ તમે કરી શકો, હે મમ પ્રાણ આધાર.

HUN POTE PAN AAPNO, SADAY TABEDAR,
AGNANI MATI MANDA CHHUN, AAPNI BHAVNA HAR
ACHINTYA NE AVYAKTA RUP, NIRGUN NIRAKAR
KARUNA SINDHU SADGURU, SACHA TARANHAR
JENE KRUPA KARI AAPYUN ATAM GYAN
TE SADGURU CHARNE NAMUN, TAJI DEH ABHIMAN

## HARI AUM TATSAT SHREE NARAYAN TUN

HARI AUM TATSAT SHREE NARAYAN TUN,
PURUSHOTAM GUGU TUN;
SIDDH BUDDHA TUN, SKAND VINA YAK, SAVITA PAVAK TUN;
BRAHM MAZAD TUN, YAHVA SHAKTI TUN,
ISHU PITA PRABHU TUN;
RUDRA VISHNU TUN, RAM KRISHNA TUN, RAHIM TAO TUN;
VASUDEV GO - VISHVA RUPTUN, CHIDAND HARI TUN;
ADVITYA TUN, AKAL NIRBHAY,
ATMALING SHIV TUN..... HARI AUM

## MANDIR TARUN VISHVA RUPALU

MANDIR TARUN VISHVA RUPALU, SUNDER SARJAN HARA RE,
PAL PAL TARAN DARSHAN THAYE,
DEKHE DEKHAN HARA RE..... MANDIR TARU
NAHI PUJARI, NAHI KOI DEVA, NAHI MANDIRNE TALAN RE,
NIL GAGANMAN MAHIMA GATA,
CHANDO SURAJ TARA RE..... MANDIR TARU
VARN AN KARTAN SHOBHA TARI, THAKYA KAVI GANDHIRA RE,
MANDIR MA TUN KYAN CHHUPAYO,
SHODHE BAL ADHIRA RE..... MANDIR TARU

હું પોતે પણ આપનો, સદાય તાબેદાર,
અજ્ઞાની મતિમંદ છું, આપની ભાવના હાર.
અચિંત્યને અવ્યક્ત રૂપ નિર્ગુણ નિરાકાર,
કરુણા સિંધુ સદ્‌ગુરુ, સાચા તારણ હાર.
જેણે કૃપા કરી આપ્યું આતમ જ્ઞાન,
તે સદ્‌ગુરુ ચરણે નમું, તજી દેહ અભિમાન.

## " હરિ ૐ તત્ સત્ શ્રીનારાયણ તું"

હરિ ૐ તત્ સત્ શ્રીનારાયણ તું, પુરુષોતમ્ ગુરુ તું,
સિધ્ધ બુધ્ધ તું, સ્કંદ વિનાયક, સવિતા પાવક તું,
બ્રહ્મ મઝદ તું, યહવ શક્તિ તું, ઈશુ પિતા પ્રભુ તું,
રૂદ્ર વિષ્ણુ તું, રામ-કૃષ્ણ તું, રહીમ તાઓ તું,
વાસુદેવ ગો - વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું,
અદ્વિતીય તું, અકાલનિર્ભય, આત્મલિંગ શિવ તું..... હરિ ૐ

## મંદિર તારું વિશ્વરૂપાળું

મંદિર તારું વિશ્વરૂપાળું, સુંદર સરજન હારા રે,
પળપળ તારાં દર્શન થાયે, દેખે દેખન હારા રે..... મંદિર તારું
નહિ પૂજારી નહિ કોઈ દેવા, નહિ મંદિરને તાળાં રે,
નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા રે..... મંદિર તારું
વર્ણન કરતાં શોભા તારી, થાક્યા કવિ ગણ ધીરા રે,
મંદિરમાં તું ક્યાં છુપાયો ? શોધે બાળ અધીરાં રે..... મંદિર તારું

## AHO DEVNA DEV HE VISHVA SWAMI

AHO DEVNA DEV HE VISHVA SWAMI, KARUN HUN STUTI APNI SHISH NAMI,
DAYALU PRABHU APDATTHI UGARO,
DINA NATH TUN EAK ADHAR MARO..... AHO DEVNA DEV
PRABHU APP CHHO SARVNE PALNARA,
TAME CHHO SADA SANKA TO TALNARA,
KIDHA CHHE KARODO TAME UPKARO,
DINA NATH TUN EAK ADHAR MARO..... AHO DEVNA
HUN CHHUN RANKNO RANK AGNAN PRANI,
NA MARI KASHI VAT TUNTHI AJANI,
KARO HE DAYALU, KHSHAMA VANK MARO,
DINA NATHA TUN EAK ADHAR MARO..... AHO DEVNA
AME BALO BOLIA HATH JODI, AMARI MATI HE PRABHU CHHEK THODI,
DAYA LAVINE PRATHNA DIL DHARO,
DINA NATH TUN EAK ADHAR MARO..... AHO DEVNA
AMENE KUTUMBI JANO JE AMARAN, RAHIA SHARIRE SUKHI SARVA SARAN,
SADA APJO AAP SARA VICHARO,
DINA NATH TUN EAK ADHAR MARO..... AHO DEVNA
NATHI ME KARI APNI KAIN BHAKTI,
NATHI APNA GUN GAVANI SHAKTI,
DAYA LAVINE DAS DUKHO NIVARO,
DINA NATH TNU EAK ADHAR MARO..... AHO DEVNA

## "AUM JAY ANTAR YAMI"

AUM JAY ANTAR YAMI, PRABHU, JAY, ANTARYAMI,
VISHVATANA GADNARA (2) MAYA NAN SWAMI..... AUM JAY
ANDHARUN ANTARMAN ALAGUN AAP KARO PRUBHU (2)
ZAGMAG JYOTI TAMARI (2), ANTAR MANHI DHARO..... AUM JAY
BHAVMAN BHATAKTAN BHAV GHANA VITI GAYA PRABHU (2)
AAGE NA ANT JANATO (2), THODI KARONE DAYA..... AUM JAY
DAGLE PAGLE SUKH NAHI DEKHUN, JARI PRABHU (2)
SUKH SAGAR DUKHMATHI (2), KADHO HATH GRAHI..... AUM JAY
JAD CHETAN MAN AAP, SAHUTHI CHHO NYARA PRABHU (2)
SHIVRAMNA CHHO SWAMI (2) DARSHAN DO PYARA ..... AUM JAY

## " અહો દેવના દેવ હે વિશ્વ સ્વામી"

અહો દેવના દેવ હે વિશ્વ સ્વામી, કરું હું સ્તુતિ આપની શીશ નામી,
દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર મારો..... અહો દેવના
પ્રભુ આપ છો સર્વને પાળનારા, તમે છો સદા સંકટો ટાળનારા,
કીધા છે કરોડો તમે ઉપકારો, દીનાનાથ તું એક આધાર મારો..... અહો દેવના
હું છું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી, ન મારી કશી વાત તુંથી અજાણી,
કરો હે દયાળુ ક્ષમા વાંક મારો, દીનાનાથ તું એક આધાર મારો.... અહો દેવના
અમે બાળકો બોલીએ હાથ જોડી, અમારી મતિ હે પ્રભુ છેક થોડી,
દયા લાવીને પ્રાર્થના દિલ ધારો, દીનાનાથ તું એક આધાર મારો..... અહો દેવના
અમે ને કુટુંબી જનો જે અમારાં, રહીએ શરીરે સુખી સર્વ સારાં,
સદા આપજો આપ સારા વિચારો, દીનાનાથ તું એક આધાર મારો..... અહો દેવના
નથી મેં કરી આપની કાંઈ ભક્તિ, નથી આપનાં ગુણ ગાવાની શક્તિ,
દયા લાવીને દાસ દુઃખો નિવારો, દીનાનાથ તું એક આધાર મારો..... અહો દેવના

## ૐ જય અંતરયામી

ૐ જય અંતરયામી, પ્રભુ જય અંતરયામી,
વિશ્વતણા ઘડનારા (૨) માયાના સ્વામી.....ૐ જય
અંધારું અંતરમાં અળગું આપ કરો પ્રભુ (૨)
ઝગમગ જયોતિ તમારી (૨) અંતર માંહી ધરો.....ૐ જય
ભવમાં ભટકતાં ભવ ઘણા વીતી ગયા પ્રભુ (૨)
આગે ન અંત જણાતો (૨) થોડી કરોને દયા.....ૐ જય
ડગલે પગલે સુખ નહિ દેખું જરી પ્રભુ (૨)
સુખ સાગર દુઃખમાંથી (૨) કાઢો હાથ ગ્રહી.....ૐ જય
જડ ચેતનમાં આપ, સૌથી છો ન્યારા પ્રભુ (૨)
શિવરામના છો સ્વામી (૨) દર્શન દો પ્યારા.....ૐ જય

## SHREE RAM CHANDRA KRUPALU, BHAJMAN

SHREE RAM CHANDRA, KRUPALU BHAJ MAN
HARAN BHAV BHAY DARUNAM,
NAV KANJ LOCHAN, KANJ MUKH KAR
KANJ PAD KANJARUNAM.....1
KANDARP AGANIT AMIT CHHABI,
NAV NIL NIRAJ SUNDERAM
PAT PIT MANHU TADIT RUCHI SHUCHI,
NAOMI JANKA SUTAVARAM.....2
BHAJ DIN BANDHU DINESH DANAV,
DAITY VANSH NIKANDANAM,
RAGHU NAND ANAND KAND KAUSHAL
CHAND DASHARATH NANDANAM.....3
SHIR MUKUT KUNDAL TILAK CHARU, UDARANG VIBHUSHANAM,
AA JANU BHUJ SHAR CHAPDHAR,
SANGRAM JIT KHAL DUSHANAM.....4
ITI VADATI TULASIDAS SHANKAR, SHESH MUNI MAN RANJANAM,
MAM RADAY KUNJ NIVAS KARU
KAMADI KHAL DAL GANJNAM.....5

## SUNAVO GITA SAR

SUNAVO GITA SAR, UTARO BHAV PAR,
GURUJI MARA, HUN PUJUN CHARAN TAMARA.
HUN AAVI PADYO CHHUN AA JAGMAN, NATHI RE KOI DILASO MANMAN
HUN RAKHADI RAZLI THAKYO,.....GURUJI MARA.....HUN PUJUN.....
HAJI DILMAN KAIN KAIN ASHA MANE,
SATPATH BATAVNARA SHODHUN TANE,
JYOTIMAN JYOT MILAVO.....GURUJI MARA, HUN PUJUN.....
HASHE DOSH AMARA SAHU MAF KARO,
AM DIN GARIBNI VHAR KARO,
TAME DAIVI DAYA VARSAVO.....GURUJI MARA, HUN PUJUN.....
JO DAS PAR TAME DAYA KARO,
TO BHAVNO FERO PALMAN HARO,
HUN ASHA A AHIN AVYO.....GURUJI MARA, HUN PUJUN.....

## શ્રી રામચંદ્ર કૃપાલુ, ભજમન

શ્રી રામચન્દ્ર કૃપાલુ, ભજમન હરણ, ભવ ભય દારૂણમ્,
નવ કંજ લોચન, કંજ મુખ, કર કંજ, પદ કંજારૂણમ્..... (૧)
કંદર્પ અગણિત અમિત છબી, નવનીલ નીરજ સુંદરમ્,
પટ-પીત માનહુ તડિત રૂચિ શુચિ, નૌમી જનક સુતાવરમ્..... (૨)
ભજ દીન બંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકંદનમ્,
રઘુનંદ આનંદ કંદ કૌશલ ચંદ દશરથ નંદનમ્..... (૩)
શિર મુકુટ કુંડલ તિલકચારૂઉદાર અંગ વિભુષણમ્,
આજાનું ભુજ શર ચાપધર સંગ્રામ જિત ખલ દૂષણમ્..... (૪)
ઈતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનમ્,
મમ હૃદય કુંજ નિવાસ કરૂ કામાદિ ખલ - દલ ગંજનમ્..... (૫)

## સુણાવો ગીતા સાર

સુણાવો ગીતા સાર, ઉતારો ભવ પાર,
ગુરુજી મારા હું પૂજું ચરણ તમારાં.
હું આવી પડયો છું આ જગમાં, નથી રે કોઈ દીલાસો મનમાં,
હું રખડી રઝડી થાકયો.....ગુરુજી મારા, હું પૂજું.....
હજી દિલમાં કંઈ કંઈ આશા મને, સત્પંથ બતાવનારા શોધું તને,
જ્યોતિમાં જ્યોત મિલાવો.....ગુરુજી મારા, હું પૂજું.....
હશે દોષ અમારા સહુ માફ કરો, અમ દીન-ગરીબની વ્હાર કરો,
તમે દૈવી દયા વરસાવો.....ગુરુજી મારા, હું પૂજું.....
જો દાસ પર તમે દયા કરો, તો ભવનો ફેરો પલમાં હરો,
હું આશાએ અહીં આવ્યો.....ગરુજી મારા, હું પૂજું.....

## HE PARMESHVAR MANGAL DATA

HE PARMESHVAR MANGAL DATA,
CHHIA AME SAHU TARA BAL,
DE DARSHAN TUJ DIVYA MANOHAR,
VANDAN KARIA VARMVAR.
SAVAR PADENE PANKHI JAGE, KIL KIL GAYE TARUN GAN,
ZALAR ZULANE MANDIR GUNJE,
JAY JAY THAYE TARUN NAM..... HE PARMESHVAR
PAR HITKARI TUN CHHE SWAMI,
SAKAL JAGATNO SARVADHAR,
NANA MOTA SAHU MANVANO,

AEKAJ TUN CHHE TARANHAR..... HE PARMESHVAR
BHANTAR GANTAR AVUN DEJE, DEJE BHAKTI TUJ GNAN,
MAT PITTANE SANT GURUNA,
RAJIPANUN KARIA PAN.....HE PARMESHVAR

## JAY GANESH GAN NAYAK DEVA

JAY GANESH GAN NAYAK DEVA, KARIA TAMARI SEVA (2)
SHUBH KARYA NO PRARAMBH KARIA,
SWAMI DUNDALA TAMNE SAMRIA,
SHAKTI DEJO BHAKTI KARVA,
ASHISH TAMARI LEVA..... KARIA TAMARI SEVA
GAURI NANDAN KARIA VANDAN,
ABIL GULAL NE LAVYA CHANDAN,
BHAKTONA PRABHU CHHO BHID BHANJAN,
BHOLA SHANKAR DEVA..... KARIA TAMARI SEVA
BAL BUDDHI NE AVICHAL VANI,
DEJO RIDDHI SIDDHI NA SWAMI,
DAS BHAKTONI VINANTI MANI,
AAVO DARSHAN DEVA..... KARIA TAMARI SEVA

## હે પરમેશ્વર મંગલદાતા

હે પરમેશ્વર મંગલદાતા, છીએ અમે સૌ તારાં બાળ,
દે દર્શન તુજ દિવ્ય મનોહર, વંદન કરીએ વારંવાર.
સવાર પડે ને પંખી જાગે, કિલ કિલ ગાયે તારું ગાન,
ઝાલર ઝુલણે મંદિર ગૂંજે, જય જય થાયે તારું નામ..... હે પરમેશ્વર
પરહિતકારી તું છે સ્વામી, સકલ જગતનો સર્વાધાર,
નાના મોટા સૌ માનવનો, એક જ તું છે તારણહાર..... હે પરમેશ્વર
ભણતર ગણતર એવું દેજે, દેજે ભક્તિ તુજ જ્ઞાન,
માતપિતાને સંત ગુરુના, રાજીપાનું કરીએ પાન..... હે પરમેશ્વર

## જય ગણેશ ગણનાયક દેવા

જય ગણેશ ગણનાયક દેવા, કરીએ તમારી સેવા, કરીએ તમારી સેવા,
શુભ કાર્યનો પ્રારંભ કરીએ, સ્વામી દુંદાળા તમને સમરીએ,
શક્તિ દેજો ભક્તિ કરવા, આશિષ તમારા લેવા..... કરીએ તમારી
ગૌરીનંદન કરીએ વંદન, અબીલ ગુલાલને લાવ્યા ચંદન,
ભક્તોનાં પ્રભુ છો ભીડ ભંજન, ભોળા શંકર દેવા.....કરીએ તમારી
બળ બુધ્ધિને અવિચાળ વાણી, દેજો રિધ્ધિ સિધ્ધિના સ્વામી,
દાસ ભક્તોની વિનંતી માની, આવો દર્શન દેવા..... કરીએ તમારી

## NA VISHRIA

NA VISARIA RUDA RADAYMANTHI RAM,
HARATAN, FARATAN LAIA, KARIA GHARNA KAM,
JIBHALDI TANE HARIGUN GATAN,
SHUN BESE CHHE DAM ? ..... NA VISHRIA
PAG APYA TANE TIRATH KARVA, HATH SEVA KAM,
NAYAN APYA TANE PRABHU NIRAKHVA,
KIRTAN SUNVA KAN..... NA VISHRIA
MANAVNO AVTAR FARI FARI, NAHI MALE MAN MAAN,
AVYA TEVA CHALYA JASO,
MUKI MAN GUMAN..... NA VISHRIA
KESHAV KAHE SANBHAL PRANI, KAHEVUN MARUN MAAN,
ADADHE VACHANE RAJ APYUN,
GAJ GUNIKANE VIMAN..... NA VISHRIA

## GODINI SAKHI

SANJ PADE DIN ATHME, CHAKVA CHAKVI ROY,
CHALO CHAKVA TAHAN JAIA,
JAHAN SANJ PADATI NA HOY.....1
GODI PUCHHE GODIA, KON BHALO A DESH,
SAMPAT HOY TO GHAR BHALA,
NAHI TO BHALO PARDESH.....2
SAMPAT DEKH MAT RACHIA, VIPAT PADE MAT ROY,
SAMPAT SOHI VIPAT HE, RAM KARE SO HOY.....3
TIMIR GAYU RAVI DEKHTA, KUBUDDHI GAI GURU GNAN,
SAMPAT GAI ATI LOBHSE BHAKTI GAI ABHIMAN.....4
ABHIMANI KUNAJAR BHAYO, LYO APNE SHIR BHAR,
TAKO YAMRAJ DARTE, JYON LOHA JALE LUHAR.....5

## ના વિસારીએ

ના વિસારીએ, રૂડા હૃદયમાંથી રામ.
હરતાં લઈએ, ફરતાં લઈએ, કરીએ ઘરનાં કામ,
જીભલડી તને હરિ ગુણ ગાતાં, શું બેસે છે દામ?.....ના વિસારીએ
પગ આપ્યાં તને તીરથ કરવા, હાથ સેવા કામ
નયન આપ્યા તને પ્રભુ નીરખવા, કીરતન સુણવા કાન...ના વિસારીએ
માનવનો અવતાર ફરી ફરી, નહિ મળે મન માન,
આવ્યા તેવા ચાલ્યા જશો, મૂકી મન ગુમાન.....ના વિસારીએ
કેશવ કહે સાંભળ પ્રાણી, કહેવું મારું માન,
અડધે વચને રાજ આપ્યું, ગજ ગુણીકાને વિમાન.....ના વિસારીએ

## ગોડીની સાખી

સાંજ પડે દિન આથમે, ચકવા ચકવી રોય,
ચલો ચકવા તહાં જઈએ, જહાં સાંજ પડતી ન હોય. .....૧
ગોડી પૂછે ગોડીઆ, કોણ ભલો એ દેશ,
સંપત હોય તો ઘર ભલા , નહીં તો ભલો પરદેશ. .....૨
સંપત દેખ મત રાચીએ, વિપત પડે મત રોય,
સંપત સોહી વિપત હે, રામ કરે સો હોય. .....૩
તિમિર ગયું રવિ દેખતાં, કુબુધ્ધિ ગઈ ગુરુજ્ઞાન,
સંપત ગઈ અતિ લોભસે, ભકિત ગઈ અભિમાન. .....૪
અભિમાની કુંજર ભયો, લ્યો અપને શિર ભાર,
તાકો યમરાજ ડારતે, જર્યો લોહા જલે લુહાર. .....૫

## RAG GODI - SHREE GURUNE LAGUN PAY(AARTI)

SHREE GURUNE PAYE LAGUN,
PAHELA VAHELA SHREE GURUNE LAGUN PAYE,
KRUPA KAROTO KRASHNA SEVA KARUN,
BIJUN HUN KAIN NA MAGUN.....PAHELA VAHELA.....1
DIYO UPDESH SADA SUKHKARI, JO MAN NIRMAL THAY,
TRIVIDH TAP MATSAR MOHE MAMATA,
VIKAR SAGHLO JAY .....PAHELA VAHELA.....2
GURU DARSHANNO MAHIMA MOTO, JANE SANT SUJAN,
BHAV DHARI JE KOI SEVA KARSE,
PAME PAD NIRVAN.....PAHELA VAHELA.....3
VED PURAN BHAGVAT BOLE,
JENE HOA GURUJINO DRUDH VISVAS,
SHREE GURU NARAYAN TENE MALSE,
KAHE JAN VAISHNAV DAS.....PAHELA VAHELA.....4

## RAG GODI- BAHUT BHALO HE BHAI (AARTI)

BAHUT BHALO HE BHAI, AVSAR BAHUT BHALO HE BHAI.
MANSA DEH DEVTAKO DURLABH,
SO DEH TEN PAI..... AVSAR BAHUT.....1

TAJ PAKHAND AVIDHYA PRAPANCH, CHHOD GUMAN BADAI,
MAT TAT SWARATH KE LOBHI,
MAYA JAL BANDHAI..... AVSAR BAHUT.....2

JAB LAG JARA NIKAT NAHIN TERE, LE GURUGYAN BADAI
SANT SANGAT MALI BHAJO BHAGVANT,
SOHI SAKAL SUKHDAI..... AVSAR BAHUT.....3

KARUN POKAR CHET NAR ANDHE, AA TAN AELE GUMAI,
KAHE KABIR DEH KACHKO KUMPO,
BINSAT BER NA LAI..... AVSAR BAHUT.....4

## રાગ ગોડી-''શ્રી ગુરુને પાયે લાગું'' આરતી

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વહેલા શ્રી ગુરુને પાય લાગું.
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઈ ન માંગું.....પહેલા...૧
દીયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મળ થાય
ત્રિવિધ તાપ મત્સર મોહ મમતા, વિકાર સઘળો જાય....પહેલા...૨
ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,
ભાવ ધરી જે કોઈ સેવા કરસે, પામે પદ નિર્વાણ.....પહેલા ...૩
વેદ પુરાણ ભાગવત બોલે, જેને હોય ગુરુજીનો દૃઢ વિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવ દાસ.....પહેલા ...૪

## રાગ ગોડી-''બહુત ભલો હે ભાઈ'' આરતી

બહુત ભલો હે ભાઈ, અવસર બહુત ભલો હે ભાઈ
મનષા દેહ દેવતાકો દુર્લભ, સો દેહ તેં પાઈ.....અવસર...૧
તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ,
માત તાત સ્વારથ કે લોભી, માયા જાળ બંધાઈ.....અવસર...૨
જબ લગ જરા નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ,
સંત સંગત મલી ભજો ભગવંત, સોહી સકલ સુખદાઈ...અવસર...૩
કરું પોકાર ચેત નર અંધે, આ તન એળે ગુમાઈ,
કહે કબીર દેહ કાચકો કુંપો, બિનસત બેર ન લાઈ....અવસર...૪

## GODI-KAHE NA MANGAL GAYE

KAHE NA MANGAL GAYE, JASODA MAYYA,
KAHEN MANGAL GAYE
PURAN BRAHM AKHAND AVINASI,
SO TERI DHENU CHARAVE.....JASODA.....1
KOTI KOTI BRAHMANDANA KARTA, JAP TAP DHYAN NA AAVE
NAJANU A KON PUNYASE,
TAKO GOD KHELAVE .....JASODA.....2
BRAHMADIK INDRADIK SHANKAR, NIGAM NETI KARI GAVE,
SHESH SAHASTRA MUKHE JAPAT NIRANTAR,
SO TAKO PAR NA PAVE.....JASODA.....3
SUNDHER VANDAN KAMAL DAL LOCHAN,
GAU DHENU KE SANGE AVE,
AARTI KARATA JASODA MAYYA,
KABIRAJI DARSHAN PAVE .....JASODA.....4

## GODI-AYSE HI BANI AAI, AB MERE

AYSEHE BANI AAI, AB MERE, AYSE HI BANI AAI,
KOI EK NINDE, KOI EK VANDE,
CHHANDI LOK BADAI.....AB MERE.....1
KULSE NIKAL BHAYE JAB GUNAKA, BAHOLUN KUL NA SAMAI,
KESARI KOT PADE JO LANGHAN,
BHUKHE GHAS NA KHAI.....AB MERE.....2
BHAVSAGAR TARNEKE KARAN, NAMKI NAV BANAI,
RAM KAHYA SO PAR UTAR GAYE,
DUBI LOK BADAI.....AB MERE.....3
PAD GAI CHHAP BHAKTA BHAYE NIRBHAY,
UR ANTAR LAPTAI,
DAS KABIRA DAGE NAHIN KABHU,
SACHI ATAL SAGAI.....AB MERE.....4

## ગોડી–કાહે ન મંગલ ગાયે

કાહે ન મંગલ ગાયે જશોદા મૈયા, કાહે ન મંગલ ગાયે,
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સો તેરી ધેનૂ ચરાવે.....જસોદા...૧
કોટિ કોટિ બ્રહ્માંડના કર્તા, જપ તપ ધ્યાન ન આવે,
ના જાણું એ કોન પુણ્યસે, તાકો ગોદ ખિલાવે.....જસોદા...૨
બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર, નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ર મુખે જપે નિરંતર સો તાકો પાર ન પાવે.....જસોદા ...૩
સુંદર વદન કમલ દલ લોચન, ગૌધેનુ કે સંગે આવે,
આરતી કરત જશોદા મૈંયા, કબીરજી દર્શન પાવે.....જસોદા ...૪

## ગોડી–ઐસી હી બની આઈ, અબ મેરે

ઐસી હી બની આઈ, અબ મેરે ઐસી હી બની આઈ
કોઈ એક નિંદે, કોઈ એક વંદે, છાંડી લોક બડાઈ.....અબ મેરે...૧
કુલસે નીકલ ભયે જબ ગુનકા, બહોળું કુલ ન સમાઈ,
કેસરી કોટ પડે જો લાંઘન, ભૂખે ઘાસ ન ખાઈ.....અબ મેરે...૨
ભવ સાગર તરાનેકે કારણ, નામ કી નાવ બનાઈ,
રામ કહ્યા સો પાર ઉતર ગયે, ડૂબી લોક બડાઈ.....અબ મેરે...૩
પડ ગઈ છાપ ભકત ભયે નિર્ભય, ઉર અંતર લપટાઈ,
દાસ કબીરા ડગે નહીં કબ હું, સાચી અટલ સગાઈ.....અબ મેરે...૪

## GODI-GAU CHARI GHER AVE

GAU CHARI GHER AVE SHAMALIO VAHALO, GAUCHARI, GHER AAVE
PINDHARO PARVARYO MOHA, MADHURI SI MORLI BAJAVE
.....SHAMALIO.....1
GALE GUNJAMANINO HAR MANOHAR, MOR MUGAT SHIR SHOHE,
SYAM TANI SUNDERTA JOINE, VRAJ NARI NA MAN MOHE
.....SHAMALIYO.....2
AGAR CHANDANNA SER DEVDAVUN, MOTINA CHOCK PURAVUN,
NARSANYA NA SWAMI MARE MANDIRE PADHARO, SHERIA FULDAN
.....VERAVUN......3

## GODI - KHELAT CHARO BHAI SHREE AGANAMAN

KHELAT CHARO BHAI, SHREE AANGNAMAN,
KHELAT CHARO BHAI,
RAMHI LAXMAN, BHARAT, SHATRUGHAN,
SHOBHA VARNI NA JAI..... SHREE AANGNAMA.....1
CHAR RANTAKO KHEL RACHYO HE, FULANKI GEND BANAI,
TIN LOK JAKE SAKAL SAMPRADA,
AVADHPURI CHALI AI.....SHREE AANGNAMA .....2
THER THER MUNIJAN KE ASHRAM, BAITHE DHYAN LAGAI,
RAJA DASHARATH GHAR NOBAT BAJE,
GHER GHER BAJAT VADHAI.....SHREE AANGNAMA.....3
SHIV SANAKADIK AUR BRAHMADIK,
SHESH SAHASTRA MUKHE GAVE,
SHIR MUGAT KAR DHANUSH BIRJE,
DASHARATH SUT RAGHU RAI.....SHREE AANGNAMA .....4
KANAK BHUVANME RATNA SIHASAN,
THAN BETHE RAGHURAI,
MATA KAUSHALYA KARAT AARATI,
AANAND UR NA SAMAI.....SHREE AANGNAMA.....5
SARYU KE TIRE AYODHYA NAGARI, APNE HATH BANAI,
TULSIDAS KAHE DHAN KAUSHALYA,
BHAGYA BADO JIN PAI.....SHREE AANGNAMA.....6

## ગોડી - ગૌ ચારી ઘેર આવે

ગૌ ચારી ઘેર આવે, શામળિયો વહાલો, ગૌ ચારી ઘેર આવે,
પીંઢારો પરવર્યો મોહન, મધુરીશી મુરલી બજાવે...શામળિયો...૧
ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર શોહે,
શ્યામતણી સુંદરતા જોઈને, વ્રજનારીના મન મોહે...શામળિયો...૨
અગર ચંદનના સેર દેવડાવું, મોતીના ચોક પુરાવું,
નરસૈંયાના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું
...શામળિયો...૩

## ગોડી-ખેલત ચારો ભાઈ, શ્રી આંગનામાં

ખેલત ચારો ભાઈ, શ્રી આંગનામાં, ખેલત ચારો ભાઈ,
રામહી લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, શોભા વરણી ન જાઈ...શ્રી આંગનામાં...૧
ચાર રતનકો ખેલ રચ્યો હે, ફૂલન કી ગેંદ બનાઈ,
તીન લોક જાકે સકલ સંપ્રદા, અવધપુરી ચલી આઈ....શ્રી આંગનામાં...૨
ઠેર ઠેર મુનિજન કે આશ્રમ, બૈઠે ધ્યાન લગાઈ,
રાજા દશરથ ઘેર નોબત બાજે, ઘેર ઘેર બાજત વધાઈ...શ્રી આંગનામાં...૩
શિવ સનકાદિક ઔર બ્રહ્માદિક, શેષ સહસ્ત્ર મુખે ગાવે,
શિર મુગટ કર ધનુષ બિરાજે, દશરથ સુત રઘુરાઈ....શ્રી આંગનામાં...૪
કનક ભુવનમેં રત્ન સિંહાસન, તહાઁ બેઠે રઘુરાઈ,
માતા કૌશલ્યા કરત આરતી, આનંદ ઉર ન સમાઈ....શ્રી આંગનામાં...૫
સરયુ કે તીરે અયોધ્યા નગરી, અપને હાથ બનાઈ,
તુલસીદાસ કહે ધન કૌશલ્યા, ભાગ્ય બડો જીન પાઈ....શ્રી આંગનામાં...૬

## AARATI - AARTI HO DEV SHIROMANI TERI

AARTI HO DEV SHIROMANI TERI, AVGAT VIGAT JUGAT NAHIN JANUN,
KYAN PAHONCHE BUDH MERI, AARATI HO DEV SHIROMANI TERI.....
NIRAKAR NIRLEP NIRANJAN, GUN ATIT TUM DEVA,
GYAN DHYAN SE RAHET NYARE, KIS BIDH KIJE SEVA
.....AARATI HO.....1
NIGAM NETI BRAHMADIK KHOJE, SHESH PAR NAHIN PAVE,
SHANKAR DHYAN DHARE NISHBASUR, SOBHI AGAM BATAVE
.....AARATI HO.....2
SAB GAYE ANUMAN AA APNE, TAMO GAT LAKHIE NA JAY,
KAHE KABIR KRUPA KARI JAN PAR, JYON HE TYON SAMJAYE
.....AARATI.....3

## AARATI-SHREE PADMANABH PARIBRAHM PURUSHOTTAM

SHREE PADMNABH PARI BRAHM PURUSHOTTAM PEDHE NAHE RE,
HARI AVIGAT GOVIND SANTJI RE,
SAHAY KARO SHREE PATRA DHANI RE,
HARI CHATRUBHUJ SYAMAL VARNA,
SARANG DHAR SOHAMANO RE,
HARI RUVEDELO VAIKUNTH NATHJIRE,
DUKRIT HJARAN DAMODAR RE,
HARI NIRANJAN NIRAKAR,
NISHKALANK PURUSE ARADHIA RE,
DHAN GAYE DWARIKA NATHJI RE,
SYAMAL VARNA SOHAMANO RE,
HARI SEVYO SAMARATH SAR, PARLE ANO KOI NAV LAHE RE,
HARI SOHE CHHE AVINAS VAHALO,
VAS AAPE VAIKUNTH DHANI RE,
HARI MADHAV MUKUND MORAR,
MAHA HAVA DEV SOHAMANO RE,
HARI BHAKTI MUKTI DARAR LAIO RE,
NARAYAN CHHE NIRMALO RE,

(CONTINUED AT NEXT PAGE....)

## આરતી –આરતી હો દેવ શિરોમણિ તેરી

આરતી હો દેવ શિરોમણિ તેરી, અવિગત વિગત જાુગત નહીં જાણું,
કયાં પહોંચે બુધ મેરી, આરતી હો દેવ શિરોમણિ તેરી.....
નિરાકાર નિર્લેપ નિરંજન, ગુણ અતીત તુમ દેવા,
જ્ઞાન ધ્યાન સે રહેત ન્યારા, કિસ વિધ કીજે સેવા.....આરતી હો.....૧
નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે,
શંકર ધ્યાન ધરે નીશબાસુર, સોભી અગમ બતાવે.....આરતી હો.....૨
સબ ગાયે અનુમાન આ આપણે, તમો ગત લખીએ ન જાય,
કહે કબીર કૃપા કરી જન પર, જયોં હે ત્યોં સમજાયે.....આરતી હો.....૩

## આરતી –શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઢે નહીં રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે, સહાય કરો શ્રીપત્ર ઘણી રે,
હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગ ઘર સોહામણો રે,
હરિ રૂવેડેલો વૈકુંઠ નાથજી રે, દુકીત હરણ દામોદર રે,
હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુષે આરાધીયે રે
ધન ગાયે દ્વારિકા નાથજી રે, શ્યામલ વર્ણ સોહામણો રે,
હરિ સેવ્યો સમરથ સાર, પાર લે એનો કોઈ નવ લહે રે,
હરિ સોહે છે અવિનાશ વ્હાલો, વાસ આપે વૈકુંઠ ઘણી રે,
હરિ માધવ મુકુંદ મોરાર, મહા હવ દેવ સોહામણો રે,
હરિ ભકિત મુકિત દાતાર લઈઓ રે, નારાયણ છે નિર્મળો રે,

(આગળના પાના પર ચાલુ.....)

## AARATI - CONTINUED....

SADA SARANGDHAR SHUN VICHAR, PARLE KANAYO AATMA RE,
AAVI VEGE MALYO VISHVAS,
TARONE TRIBHUVAN TALVALE RE,
JIV TO MOHYO CHHE KULMAHI, KALI KALE JIV JAMPIO RE,
HARI VINA NAV LAHE SHVAS,
SHVAS SADA SARANG DHAR RE,
SADA VAISHNAVA MAN RAHE ULAS,
ANAND ANGE ULATYO RE,
BHALE AVYA PARIBRAHM RAY,
VAHALO VAISHNAVJAN MANHI PARVARYO RE
HARINO VARTYO JAYJAY KAR,
SAR BOLONE HAVE SHCHA DHANINO RE,
HARINO AAVYO JYARE MAN VISHVAS,
TYARE PAS CHHUTYA AA KHANA RE,
HARI GHER GHER VAIKUNTH VAS, DAS TUMARO VINAVE RE,
BHALE AAVYA PARIBRAHM RAY,
SAMARTH DHANI SANTE SAVIO RE,

### "DOHRO"

ADI ANADI AK TUN, STHAVAR JANGAM TARUN NAM
TUN AMAR NE TARUN NAM, SAKAL VAISHNAV NE PRANAM.

### "O ISHVAR BHAJIA TANE"

O ISHVAR BHAJIA TANE, MOTUN CHHE TUJ NAM,
GUN TARA NIT GAIYE, THAY AMARAN KAM.
HET LAVI HASAV TUN, SADA RATH DIL SAF,
BHUL KADI KARIA AME, TO PRABHU KARJE MAF.
PRABHUJI ATALUN AAPAJO KUTUMB POSAN THAY,
BHUKHYA KOI SUVE NAHIN, SADHU SANT BADHAY.

આરતી- આગળની ચાલુ....

સદા સારંગધર શું વિચાર, પાર લે કનૈયો આત્મા રે,
આવી વેગે મળ્યો વિશ્વાસ, તારોને, ત્રિભુવન ટળવળે રે,
જીવતો મોહયો છે ફૂલ મહીં, કલીકાલે જીવ જંપીઓ રે,
હરિ વિના નવ લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર રે,
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટયો રે,
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, વ્હાલો વૈષ્ણવ જન માંહી પરવર્યો રે,
હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોને હવે સાચા ધણીનો રે,
હરિનો આવ્યો જયારે મન વિશ્વાસ, ત્યારે પાસ છૂટયા આ ખાણના રે
હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે રે,
ભલે આવ્યા પરિબ્રહ્મ રાય, સમર્થ ધણી સંતે સેવ્યો રે

## દોહરો

આદિ અનાદિ એક તું, સ્થાવર જંગમ તારું નામ
તું અમર ને તારું નામ, સકલ વૈષ્ણવને પ્રણામ

## ઓ ઈશ્વર ભજીએ તને

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારાં નીત ગાઈએ, થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.
પ્રભુજી એટલું આપજો, કુટુંબ પોષણ થાય,
ભૂખ્યા કોઈ સૂવે નહીં, સાધુ સંત બધાય.

(આગળનાં પાન પર ચાલુ....)

## O ISHVAR - (...CONTINUED )

ATITHI JANKHO NAV PADE, AASHISH NA DUBHAY,
JE AAVE MAM AANGANE, ASHISH DETO JAY.
SVABHAV AVO AAPAJO SAHU ICHHE AMA HIT,
SHATRU ICHHE MITRATA NE, PADOSI ICHHE PRIT.
VICHAR VANI VARTANE, SAHUNO SACHO PREM,
SAGAN SNAHI SHATRUNU, ICHHUN KHUSHAL KHAM.
JOVA AAPI AAKHADI, SAMBHAL VANE KAN,
JIBH BANAVI BOLAVA, BHALUN KARYUN BHAGVAN.
O ISVAR TUN EK CHHE, SARAJYO TNE SANSAR,
PRUTHAVI PANI PARAVATO, KIDHAN TEN TAYAR.
TARA SARA SHOBHITA, SURAJ NE VALI SOM,
TE TO SAGLA TEN RACHYA, JABARUN TARU JOM.
AMNE APYA GYAN GUN, TENO TUN DATAR,
BOLE PAPI PRANIO, A TARO UPKAR.
KAP KALESH-KANKASH NE, KAP PAP PARITAP,
KAP KUMATI, KARUNA KIJE, KAP KASTA SUKH AAP.
O ISHVAR TAMNE NAMU, MANGUN JODI BE HATH,
APO SARA GUNNE, SUKHAMAN RAKHO NAM.
MAN VANI NE HATHTHI, KARIA SARAN KAM,
AVI BUDDHI DO MANE, PALO BAL TAMAM.

(આગળનાં પાના પરનું ચાલુ....)

અતિથિ ઝાંખો નવ પડે, આશિષ ના દુભાય,
જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય.
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છે અમ હિત,
શત્રુ ઈચ્છે મિત્રતા ને, પડોશી ઈચ્છે પ્રીત.
વિચારવાણી વર્તને, સૌનો સાચો પ્રેમ,
સગાં સ્નેહી મિત્રનું, શત્રુનું ઈચ્છું કુશળક્ષેમ
જોવા આપી આંખડી, સાંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.
ઓ ઈશ્વર તું એક છે, સજર્યો તેં સંસાર,
પૃથ્વી પાણી પર્વતો, કીધાં તેં તૈયાર
તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ,
તેં તો સઘળા તેં રચ્યા, જબરું તારું જોમ.
અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર.
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર
કાપ કલેશ-કંકાસને, કાપ પાપ પરિતાપ
કાપ કુમતી, કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ.
ઓ ઈશ્વર તમને નમું, માંગું જોડી બે હાથ,
આપો સારા ગુણ ને, સુખમાં રાખો નાથ
મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ,
એવી બુધ્ધિ દો મને, પાળો બાળ તમામ.

## AANAND MANGAL KARUN AARATI

AANAND MANGAL KARUN AARATI, HARI GURU SANTNI SEVA
PREM DHARI MARE MANDIRE PADHARO,
SUNDAR SUKHADAN LEVA...AANDAND.....1
KOTI TIRATH MARA SANTNE CHARNE,
GANGA JAMANA REVA,
TRIBHUVAN TARAN JAGAT UDHHANRN,
MURTI AKAL ABHEDA,...AANDAND.....2
RATNA KO BHAVAN, BAHER BHITAR, ANANDRUPI REVA,
KAHE PRITAM OTHAKH ANUSARA,
HARIJAN TE HARI JEVA...AANDAND.....3

## AARATI -JAY JAGDISH HARE

JAY JAGDISH HARE, PRABHU JAY JAGDISH HARE
BHAKTA JANOKE SANKAT (2)
KHASNAMAIN DUR KARE...AUM JAY...1
JO DHAYAVE FAL PAVE, DUKH VINSE MANAKA ...(PRABHU)
SUKH SAMPATI GHAR AWE (2) KAST MITE TANKA...AUM JAY...2
MAT PITA TUM MERE, SHARAN GRAHUN KISKI... (PRABHU)
TUM BINA AUR NA DUJA (2) ASH KARUN JISKI...AUM JAY...3
TUM PURAN PARMATMA, TUM ANTARYAMI...(PRABHU)
PARAM BRAHM PARMESHVAR (2)
TUM SABKE SWAMI...AUM JAY...4
TUM KARUNA KE SAGAR, TUM PALAN KARTA... (PRABHU)
MEN BALAK AGNANI (2) KRUPA KARO BHARATA...AUM JAY...5
TUM HO EK AGOCHAR, SABKE PRAN PATI ...(PRABHU)
KISH VIDH MILUN DAYAMAYA (2)
TUMKO MEN KUMATI...AUM JAY...6
DIN BANDHU DUKHHARTA, RAKSHAK TUM MERE... (PRABHU)
KARUNA HASTA BADHAVO (2)
SHARAN PADUN TERE...AUM JAY...7
VISHAYA VIKAR MITAVO, PAP HARO DEVA ....(PRABHU)
SHRADHA BHAKTI BAHDAVO (2)
SANTAN KI SEVA ...AUM JAY...8

## આનંદ મંગલ કરું આરતી

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરૂ સંતની સેવા,
પ્રેમ ધરી મારે મંદિરે પધારો, સુંદર સુખડાં લેવા.....આનંદ.....૧
કોટિ તીરથ મારા સંતને ચરણે, ગંગા જમુના રેવા,
ત્રીભુવન તારણ જગત ઉધ્ધારણ, મૂર્તિ અકલ અભેદા.....આનંદ.....૨
રત્ન કો ભવન બાહર ભીતર, આનંદરૂપી રેવા,
કહે પ્રીતમ ઓળખ અનુસારા, હરિજન તે હરિ જેવા.....આનંદ.....૩

## આરતી -જય જગદીશ હરે

જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે
ભકતજનોકે સંકટ, ક્ષણમેં દૂર કરે.....ઓમ જય.....૧
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનસે મનકા,
સુખ સંપત્તિ ઘર આવે, કષ્ટ મીટે તનકા.....ઓમ જય.....૨
માતપિતા તુમ મેરે, શરણ ગ્રહું કીસકી,
તુમ બીન ઔર ન દુજા, આશ કરું જીસકી.....ઓમ જય.....૩
તુમ પુરણ પરમાત્મા, તુમ અંતરયામી,
પરમબ્રહ્મ પરમેશ્વર, તુમ સબકે સ્વામી.....ઓમ જય.....૪
તુમ કરુણા કે સાગર, તુમ પાલનકર્તા,
મેં બાલક અજ્ઞાની, કૃપા કરો ભર્તા.....ઓમ જય.....૫
તુમહો એક અગોચર, સબકે પ્રાણ પતિ,
કિસ વિધ મિલું દયામય, તુમકો મેં કુમતિ.....ઓમ જય.....૬
દીન બંધુ દુખ હરતા, (પ્રભુ) રક્ષક તુમ મેરે,
કરુણા હસ્ત બઢાવો, શરણ પડું તેરે.....ઓમ જય.....૭
વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા
શ્રધ્ધા ભકિત બઢાવો, સંતનકી સેવા.....ઓમ જય.....૮

## STHIT PRAGNA NA LAKSHANO (EVENING PRAYER)

**SANSKRIT SLOKA:**

YAM BRAHMA VARUNENDRA,
RUDRA MARUTHA: STUNVANTI DIVYA STAVAY
VEDAS SANG PADAKRAMO UPNISHADAYA,
GAYANTI YAM SAMGAHA,
DHYANA VASTHIT TAD GATEN MANASA,
PASYANTI YAM YOGINO,
YASHYAMTUM NA VIDUHU SURA SUR GANA,
DEVAY TASMAI NAMAH.

-I bow my head down to the supreme soul, who is being worshipped by Brahma, Varuna, Indra and Marut with best of means, the Rishis recite the hymns from the vedas, the upanishads and the Samveda, attentively, the Yogis have whose 'darshana' through meditation and contemplation, the Gods and the devils do not perceive whose significance....I bow my head in obeisence to such a supreme soul.

### VANDANA

JENE DIVYA STAVO VADE STAVI RAHYA, SURYAGNI VA VADALAN
JENA MANTRA PUARAN SHASTRA BHAJANO, GAYE RUSHI VYAKULAN
YOGI DYAN DHARIJ SAYAM KARI, JENI KARE ZANKHNA,
JENO PAR NA KOI YE LAHI SHAKYA, TE DEVNE VANDANA

**ARJUN BOLYA:**

SAMADHIMAN STHIT PRAGN, JANVO KEM KESHAV ?
BOLE RAHE FARE KEM, MUNI JE STHIR BUDDHI NO.....1

**SHREE BHAGVAN BOLYA:**

MANANI KAMNA SARVE CHHODINE, ATMAMAN J JE,
RAHE SANTUSHTA ATMATHI, TE SHITA PRAGNA JANVO.....2

(CONTINUED....)

## સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો (સાંજની પ્રાર્થના)

સંસ્કૃત શ્લોકઃ

યમ્ બ્રહ્મા વરુણેન્દ્ર રૂદ્ર મરુતઃ સ્તુનવન્તી દિવ્યૈ સ્તાવૈ
વેદસ્ સાંગ પદક્રમો પનિષદૈ, ગાયન્તિ યમ્ સામગાઃ
ધ્યાનાવસ્થિત તદ્ગતેન મનસા, પશ્યન્તિ યમ્ યોગીનો
યશ્યાંતં ન વિદુઃ સુરા સુર ગણા, દેવાય તસ્મૈ નમઃ

બ્રહ્મા, વરુણ, ઈન્દ્ર અને મરુત, ઉત્તમ સાધનો વડે જેમની સ્તુતિ કરે છે; સામ વેદનું ગાન કરવાવાળા, મુનિ, અંગ, પદ, ક્રમ અને ઉપનિષદની સાથે, વેદ મંત્રો સહિત જેમની સ્તુતિ કરે છે, યોગીઓ સમાધિ લગાવીને, પરમાત્મામાં મન પરોવીને, જેમનાં દર્શન કરે છે તથા દેવતા અને દૈત્ય જેમની મહીમાનો, પાર પામી શકતા નથી તે પરમાત્માને નમસ્કાર કરું છું.

**વંદના**

જેને દિવ્ય સ્તાવો વડે સ્તાવી રહ્યાં, સૂર્યાગ્નિ વા વાદળાં
જેના મંત્ર, પુરાણ, શાસ્ત્ર ભજનો, ગાયે ઋષિ વ્યાકુળાં;
યોગી ધ્યાન ધરી જ, સંયમ કરી, જેની કરે ઝંખના
જેનો પાર ન કોઈયે લહી શકયા, તે દેવને વંદના

**અર્જુન બોલ્યાઃ**

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ કેશવ ?
બોલે, રહે ફરે, કેમ, મુનિ જે સ્થિર બુધ્ધિનો.....૧

**શ્રી ભગવાન બોલ્યાઃ**

મનની કામના સર્વે છોડીને, આત્મામાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.....૨

(આગળના પાના પર ચાલુ....)

## CONTINUED.... CHITTEPRAGNA LAKSHNO

DUKHE UDVEG NA CHITE, SUKHONI JANKHNA GAI,
GAYA RAG BHAYA KRODH,
MUNI TE SHTHIR BUDDHI NO.....3

AAṢAKTA NAHI JE KYANYA, MALYE KAIN SHUBHA SUBHA,
NA KARE HARSH KE DVESH, TENI PRAGNA THAI STTHIR.....4

KACHBO JEM ANGONE, TEM JE VISHAYO THAKI,
SANKELE INDRIYO PURNA, TENI PRAGNA THAI STHIR.....5

NIRAHARI SARIRINA, TALE CHHE VISHAYO CHHATAN,
RAS RAHI JATO TEMAN, TE TALE PEKHATAN PARM.....6

PRAYATNMA RAHE TOYE, SHANA YE NAR NA HARE,
MAN NE INDRIO MAST, VEG THI VISHAYO BHANI.....7

YOGTHI TE VASHE RAKHI, RAHEVUN MAT PARAYA,
INDRIO SANYAME JENI, TENI PRAGNA THAI STHIR.....8

VISHAYONU RAHE DHYAN, TEMAN ASHKTI UPJE,
JANME ASHAKTI THI KAM, KAMTHI KRODH NIPAJE.....9

KRODHTHI MUDHATA AVE, MUDHATA SMRUTINE HARE,
SMRUTI LOPE BUDDHI NASH,
BUDDHI NASHE VINASH CHHE.....10

RAG NE DVESH CHHUTELI, INDRIO VISHAYO GRAHE,
VASHENDRIYA STHIRATMA JE,
TE PAME CHHE PRASANNATA.....11

PAMYO PRASANTA TENA DUKHO, SAHU NASH PAMATAN,
PAMYO PRASANTA TENI
BUDDHI SHRGRAH BANE STHIR.....12

AYOGINE NATHI BUDDHI, AYOGINE NA BHAVANA,
NA BHAVHIN NE SHANTI,
SUKH KYATHI ASHANTNE.....13

(CONTINUED...)

**સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો (આગળનું ચાલુ...)**

દુઃખે ઉદ્વેગનાં ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ, ભય, ક્રોધ, મુનિ તે સ્થિર બુધ્ધિનો.....૩
આસકત નહિ જે કયાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૪
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૫
નિરાહારી શરીરિનાં, ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરમ.....૬
પ્રયત્નમાં રહે તોયે, શાણા યે નર ના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી.....૭
યોગથી તે વશે રાખી, રહેવું મત્ પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૮
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસકિત ઉપજે,
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે.....૯
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિ લોપે બુધ્ધિ નાશ, બુધ્ધિનાશે વિનાશ છે.....૧૦
રાગને દ્વેષ છુટેલી, ઈન્દ્રિયો વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા.....૧૧
પામ્યે પ્રસન્નતા તેનાં દુઃખો, સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા તેની બુધ્ધિ શીઘ્ર બને સ્થિર.....૧૨
અયોગીને નથી બુધ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવ હીનને શાંતિ, સુખ કયાંથી અશાંતને.....૧૩

(આગળ...)

INDRIYO VISHAYE DODE, TE PUNTHE JE VAHE MAN,
DEHINI TE HARE BUDDHI, JEM VA NAVNE JALE.....14

TETHI JENE BADHI RITE, RAKSHELI VISHAYO THAKI,
INDRIYO NIGRAHE RAKHI, TENI PRAGNA THAI STHIR.....15

NISHA JE SARVA BHUTONI, TEMA JAGRAT SANYAMI,
JEMAN JAGE BHADHAN BHUTO,
TE GNANI MUNI NI NISHA.....16

SADA BHARATA ACHAL PRATISTH,
SAMUDRAMAN NIR BADHAN PRAVESE,
JEMA PRAVESE SAHU KAM TEM,
TE SHANTI PAME NAHI KAM KAMI.....17

CHHODINE KAMANA SARVE, FARE JE NAR NISHPRUH,
AHANTA MAMATA MUKI, TE PAME SHANTI BHARAT.....18

AA CHHE BRAHM DASHA ANE, PAMYENA MOHAMAN PADE,
ANT KALE YA TE RAKHI, BRAHM NIRVAN MELAVE.....19

TVMEV MATA CHA PITA TVAMEV,
TVAMEV BANDHU CHA SAKHA TVAMEV,
TVAMEV VIDYA, DRAVINAM TVAMEV
TVAMEV SARVAM MAM DEV DEVA

ASHTYO MAHNETHI, PRABHU PARAM SATYE TUN LAI JA
UNDA ANDHARETHI, PRABHU PARAM TEJE TUN LAI JA
MAHA MRUTYU MATHIN, AMRUT SAMIPE NATH LAI JA
TUN HINO HUN CHHUN TO, TUJ DARSH NA DAN DAIJA.

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો (આગળનું ચાલુ...)
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુધ્ધિ, જેમ વા નાવને જળે.....૧૪
તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૧૫
નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.....૧૬
સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ,
સમુદ્રમાં નીર બધા પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામ કામી.....૧૭
છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ;
અહંતા મમતા મૂકી, તે પામે શાંતિ ભારત.....૧૮
આ છે બ્રહ્મ દશા એને, પામ્યે ના મોહમાં પડે,
અંત કાળેય તે રાખી, બ્રહ્મ નિર્વાણ મેળવે.....૧૯
त्वमेव माता च पिता त्वमेव,
त्वमेव बंधुश्च सखा त्वमेव
त्वमेव विद्या, द्रविणं त्वमेव,
त्वमेव सर्वम मम देव देव.
અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઉંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા,
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ તું લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દરશનાં દાન દઈજા.

## VAISHNAVJAN ( RAG-KALERO )

VAISHNAVJAN TO TENE RE KAHIE,
JE PID PARAI JANE RE,
PAR DUKHE UPKAR KARE TOYE,
MAN ABHIMAN NA AANERE.....

SAKAL LOKMAN SAHUNE VANDE,
NINDA NA KARE KENI RE,
VACH KACCH MAN NISCHAL RAKHE,
DHANDHAN JANANI TENI RE.....1

SAMDRASHTI NE TRUSHNA TYAGI,
PARSTREE JENE MAT RE,
JIHVA THAKI ASATYA NA BOLE,
PAR DHAN NAV ZALE HATHRE.....2

MOH MAYA VYAPE NAHI JENE,
DRADH VAIRAGYA JENA MAN MA RE
RAM NAM SHUN TALI RE LAGI,
SAKAL TIRATH TENA TANMA RE.....3

VAN LOBHI NE KAPAT RAHIT CHHE,
KAM KRODH NIVARYAN RE,
BHANE NARSAINYO TENU DARSHAN KARTAN,
KUL EKOTER TARYAN RE....4

## વૈષ્ણવ જન ( રાગ કાલેરો)

વૈષ્ણવ જન તો તેને રે કહીએ,
જે પીડ પરાઈ જાણે રે..
પર દુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે..
સકળ લોકમાં સહુને વંદે,
નિંદા ન કરે કેની રે..
વાચ કાછ મન નિશ્ચલ રાખે,
ધન ધન જનની તેની રે.....૧
સમદષ્ટિને તૃષ્ણા ત્યાગી,
પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે,
પરધન નવ ઝાલે હાથ રે.....૨
મોહ માયા વ્યાપે નહીં જેને,
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામ નામ શું તાળી રે લાગી,
સકળ તીરથ તેના તનમાં રે.....૩
વણલોભીને કપટ રહિત છે,
કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં,
કુળ એકોતેર તાર્યા રે.....૪

## HE PRABHU HE PRABHU SHUN KAHUN (SHRIMAD RAJCHANDRA)

HE PRABHU HE PRABHU SHUN KAHUN DINANATH DAYAL,
HUN TO DOSH ANANTNU, BHAJAN CHHUN KARUNAL.....1
SHUDDH BHAV MUJMAN NATHI, NATHI SARVA TUJ RUP,
NATHI LAGHUTA KE DINATA,
SHUN KAHUN PARAM SWARUP.....2
NATHI AGNA GURUDEV NI, ACHAL KARI URMANHI,
AAP TANO VISVAS DRUDH; NE PARMADAR NAHI.....3
JOG NATHI SATSANGNO, NATHI SAT SEVA JOG,
KEVAL ARPANATA NATHI, NATHI ASHRYA ANUYOG.....4
HUN PAMAR SHUN KARI SHAKUN, AVO NATHI VIVEK,
CHARAN SHARAN DHIRAJ NATHI,
MARAN S UDHINI CHHEK.....5
ACHINTYA TUJ MAHATMAYA NO,
NATHI PRAFULLIT BHAV,
ANSH NA AKE SNAHNO, NA MALE PARAM PRABHAV......6
ACHAL RUP AASAKTI NAHIN, NAHIN VIRAH NO TAP,
KATHA ALABHYA TUJ PREMNI, NAHIN TENO PARITAP.....7
BHAKTI MARG PRAVESH NAHIN,
NAHIN BHAJAN DRUDH BHAN,
SAMAJ NAHIN NIJ DHARMNI, NAHIN SUBH DESE STHAN.....8
KAL DOSH KALITHI THAYO, NAHIN MARYADA DHARMA,
TOYE NAHI VYAKULTA, JUVO PRABHU MUJ KARMA.....9
SEVANE PRATIKUL JE, TE BANDHAN NATHI TYAG,
DEHENDRIY MANE NAHI, KARE BAHYA PAR RAG.....10
TUJ VIYOG SFURTO NATHI, VACHAN NAYAN YAMNAHIN,
NAHI UDAS ANUBHAKTA THI, TEM GRUHADIK MANHIN.....11

( CONTINUED...)

## હે પ્રભુ હે પ્રભુ શું કહું (શ્રીમદ્ રાજચંદ્ર)

હે પ્રભુ હે પ્રભુ શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.....૧
શુધ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ ?......૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહિ.....૩
જોગ નથી સતસંગનો, નથી સત સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.....૪
હું પામર શું કરી શકું, એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.....૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિતભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.....૬
અચળરૂપ આસકિત નહીં, નહીં વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ.....૭
ભકિત માર્ગ પ્રવેશ નહીં, નહીં ભજન દઢ ભાન,
સમજ નહીં નીજ ધર્મની, નહીં શુભ દેશે સ્થાન.....૮
કાળ દોષ કળીથી થયો, નહીં મર્યાદા ધર્મ,
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.....૯
સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.....૧૦
તુજ વિયોગ સ્ફૂરતો નથી, વચન નયન યમ નાહીં,
નહિ ઉદાસ અનુભકતથી, તેમ ગૃહાદિક માંહીં.....૧૧

(આગળ....)

AHAMBHAVTHI RAHIT NAHIN,
SWADHARMA SANCHAY NAHIN,
NATHI NIVRUTTI NARMAL PANE,
ANYA DHARMANI KAIN .....12

AEM ANANT PRAKARTHI, SADHAN RAHIT HUNY,
NAHIN AEKAE SADGUN PAN, MUKH BATAVUN SHUN Y ?.....13

KEVAL KARUNA MURTI CHHO, DIN BANDHU DINANATH,
PAPI PARAM ANANTH CHHUN,
GRAHO PRABHUJI HATH.....14

ANANT KALTHI ATHADYO, VINA BHAN BHAGWAN,
SEVYA NAHIN GURU SANTNE, MUKYUN NAHIN ABHIMAN.....15

SANT CHARAN ASHAYA VINA, SADHAN KARYAN ANEK,
PAR NA TETHI PAMIO, UGYO NA ANSH VIVEK.....16

SAHU SADHAN BANDHAN THAYAN, RAHYO NA KOI UPAY,
SAT SADHAN SAMAJYO NAHI,
TYAN BANDHAN SHUN JAY.....17

PRABHU PRABHU LAY LAGI NAHI,
PADYO NA SADGURU PAY,
DITHA NAHIN NIJ DOSH TO, TARIA KON UPAY ?.....18

ADAMA ADHAM ADHIKO PATIT, SAKAL JAGATMAN HUN Y;
AE NISCHAYA AAVYA VINA, SADHAN KARSE SHUN Y.....19

PADI PADI TUJ PAD PANKAJE, FARI FARI MAGUN AEJ,
SADGURU SANT SWARUP TUJ,
AE DRUDHTA KARI DEJ.....20

## **હે પ્રભુ હે પ્રભુ શું કહું**(આગળનું ચાલુ...)

અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાંહીં,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.....૧૨

એમ અનંત પ્રકારથી સાધન રહિત હુંય,
નહીં એકે સદ્‌ગુણ પણ, મુખ બતાવું શું ય ?.....૧૩

કેવળ કરુણા મૂર્તિ છો, દીન બંધુ દીનાનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.....૧૪

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહીં ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન.....૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક,
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક.....૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત્‌સાધન સમજયો નહીં, ત્યાં બંધન શું જાય.....૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદગુરુ પાય,
દીઠા નહીં નિજ દોષ તો, તરીયે કોણ ઉપાય ?.....૧૮

અધમાધમ અધિકો પતીત, સકળ જગતમાં હું ય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય.....૧૯

પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ.....૨૦

## BAHU PUNYA KERA PUNJ THI SHUBH DEH

BAHU PUNYA KERA PUNJTHI,
SUBH DEH MANAV NO MALYO,
TOYE ARE BHAV CHAKRANO, ANTO NAHIN EAKE TALYO,
SUKH PRAPT KARTAN SUKH TALE CHHE, LESH A LAXE LAHO,
XAN XAN BHAYANKAR BHAVMARANE,
KAN AHO RAKHI RAHO.....1

LAXMI ANE ADHIKAR VADHATA, SHUN VADYUN TE TO KAHO?
SHUN KUTUMB KE PARIVARTHI,
VADHAVA PANU A NAY GRAHO
VADHAVA PANU SANSARNU, NARDEHNE HARI JAVO,
ANO VICHAR NAHIN AHOHO, EK PAL TAMNE HAVO ?.....2

NIRDOSH SUKH, NIRDOSH ANAND,
LYO GAME TYANTHI BHALE,
A DIVYA SHAKTIMAN JETHI, JANJIRETHI NIKALE,
PAR VASTUMAN NAHIN MUNZAVO, ANI DAYA MUJNE RAHI,
A TYAGVA SITHANT KE, PASCHAT DUKH TE SUKH NAHIN...3

HUN KON CHHUN ? KYANTHI THAYO ?
SHUN SWARUP CHHE MARUN KHARUN ?
KONA SABANDHE VALGANA CHHE ?
RAKHUN KE A PARHARUN ?
ENO VICHAR VIVEK PURVAK, SHANT BHAVE JO KARYO,
TO SARVA ATMIK GYANANA,
SIDDHANI TATV ANUBHAVYA.....4

TE PRAPT KARVA VACHAN KONU, SATYA KEVAL MANVUN?
NIRDOSH NARNU KATHAN MANO, TEH JENE ANU BHAVYUN;
RE ATMA TARO, ATMA TARO, SHIGHRA ANE OLAKHO,
SARVATAMAMAN SAMDRUSTI DYO,
AA VACHANNE RADAYE LAHO.....5

## બહુ પુણ્ય કેરા પૂંજથી શુભ દેહ

બહુ પુણ્ય કેરા પૂંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો.
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો રાચી રહો ?.....૧
લક્ષ્મી અને અધિકાર વધતાં , શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો, એક પળ તમને હવો ?.....૨
નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી, જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહીં મુંઝવો, એની દયા મૂજને રહી,
એ ત્યાગવા સિધ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહી.....૩
હું કોણ છું ? કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરૂં ?
કોના સબંધે વળગણો છે? રાખું કે એ પરહરૂં ?
એનો વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યો,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિધ્ધાંત તત્ત્વ અનુભવ્યાં.....૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું,
રે આત્મા તારો, આત્મા તારો, શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લહો.....૫

## VANDAN / PRANIPAT STUTI-(SHRIMAD RAJCHANDRA)

AHO AHO SHREE SADGURU, KARUNA SINDHU APAR;
AA PAMAR PAR PRABHU KARYO, AHO AHO UPKAR.
SHUN PRABHU CHARAN KANE DHARUN, ATMATHI SAHU HIN;
TE TO PRABHUA APIO, VARTUN CHARNADHIN.
AA DEHADI AAJTHI, VARTO PRABHU AADHIN;
DAS DAS HUN DAS CHHUN, AA AAP PRABHUNO DIN.
SHAT STHANAK SAMJAVINE, BHINN BATHVYO AAP;
MYAN THAKI TARVARVAT, A UPKAR AMAP;
JE SWARUP SAMAJYA VINA, PAMYO DUKH ANANT;
SAMJAVYUN TE PAD NAMUN, SHREE SADGURU BHAGVANT.
PARAM PURUSH PRABHU SADGURU,
PARAM GYAN SUKHDHAM;
JENE APYUN BHAN NIJ, TENE SADA PRANAM.
DEH CHHATAN JENI DASHA, VARTE DEHATIT;
TE GNANI NA CHARANMAN, HO VANDAN AGANIT.

HE PARAM KRUPALU DEV, JANM JARA MARANA DE SARVA DUKHO NO, ATYANT KHASYA KARNARO, AVO VITRAG PURUSHNO MUL DHARMA, (MARGA) AAP SHIMADE ANANT KRUPA KARI, MANE APYO, TE ANANT UPKARNO PRATI UPKAR VALVA HUN SARVTHA ASAMATHRA CHHUN, VALI AAP SHRIMANT KAIN PAN LEVANE SARVTHA NISPRUH CHHO, JETHI HUN MAN VACHAN, KAYANI AKAGRATATHI, AAPNAN CHARANARVINDMAN NAMASKAR KARUN CHHUN AAPNI PARAM BHAKTI ANE VITRAG PURUSHNA MUL DHARMANI UPASNA MARA HARADAYNE VISHE BHAV PARYANT AKHAND JAGRAT RAHO ATLUN MAGU CHHUN TE SAFAL THAO.

AUM SHANTI SHANTI SHANTI

## વંદન તથા પ્રણિપાત સ્તુતિ (શ્રીમદ્ રાજચંદ્ર)

અહો અહો શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો અહો ઉપકાર,
શું પ્રભુચરણ કને ધરૂં, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ દાસ હું દાસ છું, આ આપ પ્રભુનો દીન
ષટ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ
જે સ્વરૂપ સમજયા વિના, પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદગુરુ ભગવંત
પરમ પુરુષ પ્રભુ સદગુરુ, પરમજ્ઞાન સુખધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

હે પરમકૃપાળુ દેવ, જન્મ જરા મરણાદિ સર્વ દુખોનો, અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ ધર્મ (માર્ગ) આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું, વળી આપ શ્રીમંત કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો, જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભકિત અને વીતરાગ પુરુષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિશે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માંગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિ શાંતિ શાંતિ.

## SHREE SADGURU UPKAR -MAHIMA
## (SHRIMAD RAJCHANDRA)

PRATHAM NAMUN GURURAJ NE,
JENE AAPYUN GNAN,
GNANE VIRNE OLAKHYA, TALYUN DEH ABHIMAN.....1
TE KARAN GURURAJNE, PRANMUN VARMVAR,
KRUPA KARI MUJ UPARE,
RAKHO CHARAN MOJAR.....2
PANCHAM KALE TUN MALYO, ATM RATN DATAR,
KARAJ SARYAN MAHARA, BHAVYA JIV HITKAR.....3
AHO UPKAR TUMARDO, SAMBHARUN DIN RAT
AVE NAYANE NIR BAHU, SAMBHALTAN AVDAT.....4
ANANAT KAL HUN ATHADYO,
NA MALYA GURU SHUDH SANT,
DUSHAM KALE TUN MALYO,
RAJ NAM BHAGVANT.....5
RAJ RAJ SAHU KO KAHE, VIRLA JANE BHED,
JE JAN JANE BHED TE, TE KARSE BHAV CHHED.....6
APURVA VANI TAHARI, AMRUT SARKHI SAR,
VALI TUJ MUDRA APURVA CHHE,
GUN GUN RATNA BHANDAR.....7
TUJ MUDRA TUJ VANAINE, ADARE SAMYAK VANT,
NAHIN BIJANO AASHARO, A GUHYA JANE SANT.....8
BAHYA CHARAN SU SANTNA, TALE JANANA PAP,
ANTAR CHARITRA GURURAJNUN,
BHANGE BHAV SANTAP.....9

## શ્રી સદ્‌ગુરુ ઉપકાર -મહિમા (શ્રીમદ્ રાજચંદ્ર)

પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ અભિમાન.....૧
તે કારણ ગુરુરાજને, પ્રણમું વારંવાર,
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર.....૨
પંચમ કાળે તું મળ્યો, આત્મ રત્ન-દાતાર,
કારજ સાર્યાં માહરાં, ભવ્ય જીવ હિત કાર.....૩
અહો ઉપકાર તમારડો, સંભારૂં દિનરાત,
આવે નયને નીર બહુ, સંભાળતાં અવદાત.....૪
અનંત કાળ હું આથડયો, ન મળ્યા ગુરુ શુધ્ધ સંત,
દુષમ કાળે તું મળ્યો, રાજ નામ ભગવંત.....૫
રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ,
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ.....૬
અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર,
વળી તુજ મુદ્રા અપૂર્વ છે, ગુણ ગુણ રત્નભંડાર.....૭
તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યકવંત,
નહીં બીજાનો આશરો, એ ગુહય જાણે સંત.....૮
બાહ્યા ચરણ સુ સંતનાં, ટાળે જનનાં પાપ,
અંતર ચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવ સંતાપ.....૯

## GHARMAN KASHI

GHARMAN KASHI NE GHARMAN MATHURA,
GHARMAN GOKUL GAM,
MARE NATHI JAVUN TIRATH DHAM.....MARE NATHI JAVUN
MAT PITANA CHARANOMA CHHE,
ADSATH TIRATH DHAM.....MARE
NITYA ṢAVARE PAGE LAGINE, KARVAN BIJAN KAM
PAHELAN MATA, PACHHITHI PITA,
PACHHI LEVUN PRABHU KERUN NAM.....MARE
MATA PITANI SEVA KARATA, MARANA SHRAVAN KUMAR,
ITIHAS ANO AMAR THAI GAYO,
AMAR THAI GAYUN ANUN NAM.....MARE
BHAVSAGARMA BHATKO NAHIN BHAI,
SACHO CHHE ATAM RAM
MATPITANU JENE DILDUN DUKHAVYUN,
TENAN NAHI AVE TIRATH KAM.....MARE
BHAKTI KARATAN PRABHU MALE CHHE,
DEV DEVI MALE CHHE TAMAM,
KOI PAN KIMATE GOTO DHARAMSHI,
MAVTAR NA MALE KOI GAM.....MARE

## VIDHI NA LEKH LAKHYA NAV JAY

VIDHINA LEKH LAKHYA NAV JAY,
TAME LAKH KARONE CHATURAI.....VIDHINA
HARISHCHANDRA RAJA MAHA SATVADI,
NICH GHARE KAM VECHAY,
ROHIT ANO KUVAR KANAIYO, VINA KAFAN DATAY.....VIDHINA
SHETH SAGALSHA, CHANDRAVATI RANI, BHUKHTHI KAM PIDAY
CHELAYO ANO LADAKVAYO, KHANDNIA KHANDAY.....VIDHINA
PANCH PANCH PANDAVO KUNTA MATA, TE KAM VANMA JAY,
DRAVPADI NARI SATI AMNI, BHARI SABHAMAN LUNTAY.....VIDHINA
EVAN AMNE JYARE DUKH PADYAN, TYARE MANAVNUN SHUN KAHEVAY,
DAS TAMARO KAHE KAR JODI, TAME LAKH KARONE UPAY.

## ઘરમાં કાશી

ઘરમાં કાશી ને ઘરમાં મથુરા, ઘરમાં ગોકુળ ગામ
મારે નથી જાવું તીરથ ધામ,....મારે નથી જાવું તીરથ ધામ
માત પિતાનાં ચરણોમાં છે, અડસઠ તીરથ ધામ.....મારે
નિત્ય સવારે પગે લાગીને, કરવાં બીજાં કામ,
પહેલાં માતા, પછીથી પિતા, પછી લેવું પ્રભુ કેરૂ નામ.....મારે
માતા પિતાની સેવા કરતાં, મરાણા શ્રવણ કુમાર,
ઈતિહાસ એનો અમર થઈ ગયો, અમર થઈ ગયું એનું નામ.....મારે
ભવસાગરમાં ભટકો નહીં ભાઈ, સાચો છે આતમ રામ,
માતપિતાનું જેણે દિલડું દુખાવ્યું, તેનાં નહિ આવે તીરથ કામ.....મારે
ભકિત કરતાં પ્રભુ મળે છે, દેવ દેવી મળે છે તમામ,
કોઈપણ કિંમતે ગોતો ધરમસી, માવતર ના મળે કોઈ ગામ.....મારે

## વિધિનાં લેખ લખ્યા નવ જાય

વિધિનાં લેખ લખ્યા નવ જાય, તમે લાખ કરોને ચતુરાઈ.....વિધિનાં..
હરિશચંદ્ર રાજા મહા સતવાદી, નીચ ઘરે કેમ વેચાય,
રોહિત એનો કુંવર કનૈયો, વિના કફન દટાય.....વિધિનાં..
શેઠ સગાળશા, ચંદ્રાવતી રાણી, ભૂખથી કેમ પીડાય,
ચેલૈયો એનો લાડકવાયો ખાંડણીએ ખંડાય.....વિધિનાં..
પાંચ પાંચ પાંડવો કુંતા માતા, તે કેમ વનમાં જાય,
દ્રૌપદી નારી સતી એમની, ભરી સભામાં લુંટાય.....વિધિનાં..
એવાં એમને જયારે દુઃખ પડયાં, ત્યારે માનવનું શું કહેવાય,
દાસ તમારો કહે કર જોડી, તમે લાખ કરોને ઉપાય.....વિધિનાં..

## RAM RAS AISA HEI

RAM RAS AISA HEI, MERE BHAI,
JE KOI PIVE AMAR HO JAY
UNCHA UNCHA SAB KOI CHALE, NICHA NA CALE KOI
NICHA NICHA JO KOI CHALE,
SABSE UNCHA CHA HOI...RAM RAS.....1
MITHA MITHA SAB KOI PIVE, KADAVA NA PIVE KOI,
KADAVA KADAVA JO KOI PIVE,
SABSE MITHA HOI...RAMRAS.....2
DHARUVNE PIYA PRAHLADNE PIYA,
AUR PIYA ROHIDAS,
DAS KABIRNE BHAR BHAR PIYA,
AUR PIVANKI ASH...RAMRAS.....3

## SADGURU SANT KABIR

SADGURU SANT KABIR, PAYE LAGUN,
SADGURU SANT KABIR
ABUDH JIVADO MARO, MAYAMAN FASAYO.....
LAKH CHORASI YONIMAN ATVAYO,
UGARO DINANATH GURU MARA.....SADGURU
JORU CHHORU NE BHERU, KOI NATHI TARUN,
BHAJAN VINA JIVAN ALE GAYUN TARUN
AAPO BHAKTI GYAN, GURU MARA.....SADGURU.....2
DAGMAG DOLE NAVALDI MARI,
SOMANAN SADGURU KABIR KRUPA KARI,
TARO BHAVJAL PAR, GURU MARA.....SADGURU.....3

## રામ રસ ઐસા હૈ

રામ રસ ઐસા હૈ, મેરે ભાઈ જે કોઈ પીવે અમર હો જાય
ઊંચા ઊંચા સબ કોઈ ચાલે, નીચા ન ચાલે કોઈ
નીચા નીચા જો કોઈ ચાલે, સબસે ઊંચા હોઈ.....રામરસ.....૧
મીઠા મીઠા સબ કોઈ પીવે, કડવા ન પીવે કોઈ,
કડવા કડવા જો કોઈ પીવે, સબસે મીઠા હોય.....રામરસ.....૨
ધ્રુવને પીયા, પ્રહલાદને પીયા, ઔર પીયા રોહીદાસ,
દાસ કબીરને ભરભર પીયા, ઔર પીવનકી આશ.....રામરસ.....૩

## સદ્‌ગુરુ સંત કબીર

સદ્‌ગુરુ સંત કબીર, પાયે લાગું, સદ્‌ગુરુ સંત કબીર
અબુધ જીવડો મારો, માયામાં ફસાયો,
લખ ચોરાસી યોનિમાં અટવાયો,
ઉગારો દીનાનાથ ગુરુ મારા.....સદ્‌ગુરુ.....૧
જોરૂ છોરૂ ને ભેરુ, કોઈ નથી તારું,
ભજન વિના જીવન એળે ગયું તારૂં,
આપો ભક્તિ જ્ઞાન, ગુરુ મારા.....સદગુરુ.....૨
ડગમગ ડોલે નાવલડી મારી,
સોમનાં સદ્‌ગુરુ કબીર કૃપા કરી,
તારો ભવ જળ પાર, ગુરુ મારા.....સદ્‌ગુરુ.....૩

## TUN SAMAJ SAMAJ MAN

TUN SAMAJ SAMAJ MAN ABHIMANI, TARI CHAR DIVASNI MIJBANI
SANSAR KUVO CHHE ANDHARO,
NATHI NIKALVANO KOI ARO,
GHATMAL MATE NAHI FARVANI.....TARI CHAR.....1

JAGPATINI CHHE JABARI MAYA,
AMAN SAPDAYA DAHYA DAHYA,
CHHETARTI A CHHANI MANI.....TARI CHAR.....2

JENE SHARNU HARINU LIDHUN CHHE,
ANE KAM SAFAL SAHU KIDHUN CHHE
ANE NATHI UPADHI TARVANI.....TARI CHAR.....3

TARI PAL PAL LAKENE JATI, A VAT TANE NATHI SAMAJATI,
GOVIND SHIKHAMAN LE MANI.....TARI CHAR.....4

## KRUSHNA JOYANA KOD

MANE KRUSHNA JOYANA KOD, SAIYAR CHALONE
DAHERE DAHERE DIVADA KARUN, HUN PUJUN SHANKAR SHIV,
SHAMALIA VAR HO PAMVANE,
HUN TO KARUN RE SHAMBHUNI SEV.....SAIYAR.....1

CHANDANBHARI TALAVDI RE, MOTIDE BANDHI PAL,
KANJI DHUA RUDAN DHOTIAN RE,
RADHA RANI LAINE HAR.....SAIYAR.....2

SASU AMARI JASOMATI, SASARA SHREE NAND RAY,
KANTH KODILO HO KANJI RE,
MARUN SASARUN GOKUL GAM.....SAIYAR.....3

GAY SHIKHE NE SAMBHLE, HARI RADHAJINO RAS,
TE NAR VAIKUNTH PAMSE RE,
GUN GAVE NARSAINO DAS.....SAIYAR.....4

## તું સમજ સમજ મન

તું સમજ સમજ મન અભિમાન, તારી ચાર દિવસની મિજબાની
સંસાર કૂવો છે અંધારો, નથી નીકળવાનો કોઈ આરો,
ઘટમાળ મટે નહીં ફરવાની.....તારી ચાર.....૧
જગપતિની છે જબરી માયા, એમાં સપડાયા ડાહ્યા ડાહ્યા,
છેતરતી એ છાની માની.....તારી ચાર.....૨
જેણે શરણું હરિનું લીધું છે, એણે કામ સફળ સૌ કીધું છે,
એને નથી ઉપાધિ તરવાની.....તારી ચાર.....૩
તારી પલપલ લાખેણી જાતી, એ વાત તને નથી સમજાતી,
ગોવિંદ શિખામણ લે માની.....તારી ચાર.....૪

## કૃષ્ણ જોયાના કોડ

મને કૃષ્ણ જોયાનાં કોડ, સૈયર ચાલો ને
દહેરે દહેરે દીવડા કરું, હું પૂંજું શંકર શિવ,
શામળિયા વર હો પામવાને, હું તો કરૂં રે શંભુની સેવ.....સૈયર.....૧
ચંદન ભરી તલાવડી રે, મોતીડે બાંધી પાળ,
કાનજી ધુએ રૂડાં ધોતીયાં રે, રાધા રાણી લઈને હાર.....સૈયર.....૨
સાસુ અમારી જસોમતિ, સસરા શ્રી નંદ રાય,
કંથ કોડીલો હો કાનજી રે, મારું સાસરું ગોકુળ ગામ.....સૈયર.....૩
ગાય શીખેને સાંભળે, હરિ રાધાજીનો રાસ,
તે નર વૈકુંઠ પામશે રે, ગુણ ગાવે નરસૈંયો દાસ.....સૈયર.....૪
સૈયર ચાલે ને.....

## VANMAN CHALYA RAGHURAY

VANMAN CHALYA, RAGHURAY, VANMAN CHALYA RAGHURAY
AAGAL AAGAL RAMJI CHALE, VACHMAN SITAMAY,
PACHHAL PACHHAL PAG SAMBHALI,
CHALE LAXMAN BHAI.....VANMA.....1
PASHU PANKHIO TOLE MALINE, JOI RAHYA HARKHAI,
VRAKS VELIO NAMI NAMINE, FAL APE SUKHDAI.....VANMA.....2
KANTA KANKARA KHADA TEKARA, GHARTIMAN JAI SAMAI,
MEGH MANDAL FAR FAR VARSE,
CHHAYA KARE SUKH DAY.....VANMA.....3
SITARAMNA DARSHAN KARVA, NARNARI AAVE DHAI,
DARSHAN KARINE PAVAN THAINE,
BOLE JAY RAGHU RAI.....VANMA.....4
DEVO FULNI VRASHTI KARE CHHE, VARMVAR HARKAI,
SHIVRAM JAGNUN MANGAL KARVA,
CHALYA SHREE RAGHURAI.....VANMA.....5

## UDDHAR KARO BHAGVAN

UDDHAR KARO BHAGWAN, TUMARI SHARAN PADE,
BHAVPAR KARO BHAGVAN, TUMARI SHARAN PADE

BHAV PAR KARO BHAGVAN, TUMARI SHARAN PADE,
SHARAN PADE.....UDDHAR KARO.....1

KAISE TERA NAM JAPUN MEN, KAISE TUMARI LAGAN LAGAYE,
RADAY JAGADO DHYAN, TUMARI SHARN PADE...UDDHAR KARO...2

TUMHI SYAMAL KRISHNA MORARI,
RAM TUMHI GANPATI TRIPURARI,
TUMHI BANE HANUMAN, TUMARI SHARAN PADE...UDDHAR KARO...3

PANTH MATOKI SUN SUN PAKE,
DVAR TERE TAK PAHONCH NA PAKE,
BHATKE BICH JA HAM, TUMARI SHARAN PADE...UDDHAR KARO...4

AISI ANTAR JYOT JAGANA,HAM DONOKO SARAN LAGANA,
HE PRABHU DHYANI DHYAN, TUMARI SHARAN PADE...UDDHAR...5

## વનમાં ચાલ્યા રઘુરાય

વનમાં ચાલ્યા રઘુરાય, વનમાં ચાલ્યા રઘુરાય
આગળ આગળ રામજી ચાલે, વચમાં સીતામાઈ,
પાછળ પાછળ પગ સંભાળી ચાલે લક્ષ્મણ ભાઈ.....વનમાં.....૧
પશુ પંખીઓ ટોળે મળીને , જોઈ રહ્યાં હરખાઈ,
વૃક્ષ વેલીઓ નમી નમીને, ફળ આપે સુખદાઈ.....વનમાં.....૨
કાંટા કાંકરા ખાડા ટેકરા, ધરતીમાં જાય સમાય,
મેઘ મંડળ ફર ફર વરસે, છાયા કરે સુખદાય......વનમાં.....૩
સીતા રામનાં દર્શન કરવા, નરનારી આવે ધાઈ
દર્શન કરીને પાવન થઈને, બોલે જય રઘુરાય.....વનમાં.....૪
દેવો ફૂલની વૃષ્ટિ કરે છે, વારંવાર હરખાઈ,
શિવરામ જગનું મંગળ કરવા, ચાલ્યા શ્રી રઘુરાય.....વનમાં.....૫

## ઉધ્ધાર કરો ભગવાન

ઉધ્ધાર કરો ભગવાન, તુમરી શરન પડે, ભવપાર કરો ભગવાન, તુમરી શરન પડે
ભવપાર કરો ભગવાન , તુમરી શરન પડે, શરન પડે શરન પડે...ઉધ્ધાર...૧
કૈસે તેરા નામ જપું મેં, કૈસે તુમરી લગન લગાયે,
હૃદય જગાદો ધ્યાન, તુમરી શરન પડે...ઉધ્ધાર...૨
તુમહી શ્યામલ ક્રીષ્ન મોરારી, રામ તુમ્હી ગણપતિ ત્રિપુરારી,
તુમહી બને હનુમાન, તુમરી શરન પડે...ઉધ્ધાર...૩
પંથ મતોકી સુન સુન પાકે, દ્વાર તેરે તક પહોંચ ન પાકે,
ભટકે બીચ જ હામ, તુમરી શરન પડે...ઉધ્ધાર...૪
એસી અંતર જયોત જગાના, હમ દોનોંકો સરન લગાના,
હે પ્રભુ ધ્યાની ધ્યાન તુમરી શરન પડે...ઉધ્ધાર...૫

## TIRATH KAHAN JANA MERA BHAI

TIRATH KAHAN JANA MERE BHAI,
T IRATH KAHAN JANA MERA BHAI.
GHARME GANGA, GHARME JAMUNA,
GHARME SARSVATI MAI,
BAHIR SABJAG PATTHAR PANI,
BHATAK BHATAK GHAR AAI.....TIRATH.....1
DIN DIN BHATAKA RAT JAGAYA, TABHI NA MILA SAIN,
NEK KAMAI KARLE BHAI, ISMAN SAB KUCHH AAI.....TIRATH...2
MANME MAKKA, MANMEN KASHI, MANMAN SALEM BHAI,
ATAM GANGA MALMAL NAHAI,
JANMA MARAN MIT JAY.....TIRATH.....3
MAN MALA DIN RAIN CHALAI, SOHAM SOHAM EHI,
ANT SAME BIN KAPADE PAHENE, DHADHI MUCHH MUNDAI,
JATA BADHAI BHABHUT LAGAI,
AE SAB JAG THAGVAI.....TIRATH.....4

## ARAJI AMARI SUNO SHRINATHJI

ARAJI AMARI SUNO SHREENATHJI, LAI JAJE TARAN DHAM MAN,
HAN RE MARA ANT SAMAYNA BELI,
HAN RE HAVE MELO NAHI HADSELI
HUN TO AAVI UBHO TAM DWARE SHREENATHAJI.....LAI.....1
HAN RE NATH KARUNATANA CHHO SINDHU,
HAN RE HUN TO YACHUN CHHUN EAKAJ BINDU,
EAK BINDUMAN NAHI THAY OCHHUN, SHREENATHAJI.....LAI.....2
HARE MARU ANTAR LEJO VANCHI,
HANRE NATHI MENDIMAN LALI LAKHAVI,
PANE PANE AE PRASARI JATI, SHREENATHAJI.....LAI.....3
HANRE TANE SAMAJU NE SHUN SAMJAVUN,
HA RE KAHETO ANTAR KHOLI BATUVUN,
TARA BHAKTONO EAKAJ AASHRAY SHREE NATHAJI.....LAI.....4

## તીરથ કહાં જાના મેરા ભાઈ

તીરથ કહાં જાના મેરા ભાઈ, તીરથ કહાં જાના મેરા ભાઈ
ઘરમેં ગંગા ઘરમેં જમુના, ઘરમેં સરસ્વતી માઈ,
બહિર સબ જગ પથ્થર પાની, ભટક ભટક ઘર આઈ...તીરથ કહાં...૧
દિન દિન ભટકા રાત જગાયા, તબહિ ન મીલા સાંઈ,
નેક કમાઈ કરલે ભાઈ, ઈસમાં સબકુછ આઈ...તીરથ કહાં...૨
મનમેં મક્કા, મનમેં કાશી, મનમાં સાલેમ ભાઈ,
આતમ ગંગા મલમલ નહાઈ, જનમ મરણ મીટ જાઈ...તીરથ કહાં...૩
મન માલા દિન રૈન ચલાઈ, સોહં સોહં એહી
અંત સમે બીન કપડે પહેને, દાઢી મુછ મુંડાઈ,
જટા બઢાઈ ભભુત લગાઈ, એ સબ જગ ઠગવાઈ...તીરથ કહાં...૪

## અરજી અમારી સુણો શ્રીનાથજી

અરજી અમારી સુણો શ્રી નાથજી, લઈ જાજે તારાં ધામમાં,
હાં રે મારા અંત સમયનાં બેલી, હાં રે હવે મેલો નહી હડસેલી,
હું તો આવી ઊભો તમ દ્વારે શ્રીનાથજી.....લઈ જાજે.....૧
હાં રે નાથ કરુણાતણા છો સિંધુ, હાં રે હું તો યાચું છું એક જ બિંદુ,
એક બિંદુમાં નહી થાય ઓછું, શ્રી નાથજી.....લઈ જાજે.....૨
હાંરે મારું અંતર લેજો વાંચી, હાં રે નથી મેંદીમાં લાલી લખાવી,
પાને પાને એ પ્રસરી જતી, શ્રી નાથજી .....લઈ જાજે.....૩
હાં રે તને સમજુને શું સમજાવું, હાં રે કહે તો અંતર ખોલી બતાવું,
તારા ભકતોનો એક જ આશ્રય શ્રીનાથજી .....લઈ જાજે.....૪

## MEN PREMNI DORI BANDHI RE

MEN PREMANI DORI BANDHI RE, TARA CHARANMAN
CHITADANE LEJE SANDHI RE, TARA CHARANAMAN
MAN MARU JYAN TYAN BHATAKE, KARE PAPO HALKE PALKE,
ANE PAKADI BANDHI LEJE RE,
TARA CHARANMAN.....ME PREMNI.....1
SANSAR TANA CHAKKERMAN, BHATAKI BHATAKI HUN THAKYO,
MANE DUKHIA RANE LEJO RE,
TARA CHARANMAN.....ME PREMNI.....2
KAHETAN SHARMAYUN RAM, GUNEGAR KHARO HU TARO,
KARJE GUNO MAF TUN MARO RE,
TARA CHARANMAN.....ME PREMNI.....3
AMRUT JARA NA GAMATUN, VISHY UPER CHITADUN BHAMATUN,
BHAKTO NE KHENCHI LEJE RE,
TARA CHARANMAN.....ME PREMANI.....4

## TUN KYAN JASHE MANAVA

TUN KAYAN JASHE MANAVA KE, SUNJE VAT KAHUN EK NANI
BHATAKI BHATAKI THAKYA CHARANO, VAYAN KAIN AE VAHANA,
TOY TANAE KAI KAM MALYU NAHI, KOI NAHI THEKANA,
ANAVA KOI NAHI THEKANA..... TUN KYAN.....1

ANDH THAINE SHID ATHDAYO, BABBE NAYAN CHHE TARAN,
THOKAR KHADHI BANDHYA MANAVA, PAP TANA BAHU BHARA,
O MANAVA PAP TANA BAHU BHARA.....TU KYAN.....2

MAD MOH NE MAYA TUN, CHHODI DENEN MANAVA,
KAM KRODH NE DUR KARI DE,

BHAVSAGAR TARAVA O MANAVA,
BHAVSAGAR TARVA.....TU KYAN.....3

RANKA MANU TO EAM KAHE CHHE JAGNI MAYA KHOTI.
AATAM DIVADO PRAGTAVI TUN, (2)
SHODH KARILE SACHI, O MANAVA,
SHODH KARILE SACHI.....TU KYAN.....4

## મેં પ્રેમની દોરી બાંધી રે

મેં પ્રેમની દોરી બાંધી રે, તારા ચરણમાં
ચિતડાંને લેજે સાંધી રે, તારા ચરણમાં
મન મારું જયાં ત્યાં ભટકે, કરે પાપો હલકે પલકે,
એને પકડી બાંધી લેજે રે, તારા ચરણમાં.....મેં પ્રેમની દોરી.....૧
સંસાર તણા ચક્કરમાં, ભટકી ભટકી હું થાકયો,
મને દુખીયારાને લેજો રે, તારા ચરણમાં.....મેં પ્રેમની દોરી.....૨
કહેતાં શરમાવું રામ, ગુનેગાર ખરો હું તારો,
કરજે ગુહો માફ તું મારો રે, તારા ચરણમાં.....મેં પ્રેમની દોરી.....૩
અમૃત જરા ના ગમતું, વિષયો પર ચીતડું ભમતું,
ભકતોને ખેંચી લેજે રે, તારા ચરણમાં.....મેં પ્રેમની દોરી.....૪

## તું કયાં જાશે મનવા

તું કયાં જાશે મનવા કે, સુણજે વાત કહું એક નાની
ભટકી ભટકી થાકયાં ચરણો, વાયાં કંઈ એ વહાણાં
તોય તને કાંઈ કામ મળ્યું નહિ (૨)
કોઈ નહિ ઠેકાણા મનવા કોઈ નહિ ઠેકાણા.....તું કયાં જાશે.....૧

અંધ થઈને શીદ અથડાયો, બબ્બે નયન છે તારાં,
ઠોકર ખાધી બાંધ્યા મનવા (૨)
પાપ તણા બહુભારા ઓ, મનવા પાપતણા બહુ ભારા.....તું કયાં જાશે.....૨

મદ મોહને માયા તું, છોડી દેને મનવા, કામ ક્રોધને દૂર કરી દે (૨)
ભવ સાગર તરવા ઓ મનવા -ભવ સાગર તરવા.....તું કયાં જાશે.....૩

રંક મનુ તો એમ કહે છે, જગની માયા ખોટી
આતમ દીવડો પ્રગટાવી તું (૨)
શોધ કરીલે સાચી ઓ મનવા, શોધ કરીલે સાચી.....તું કયાં જાશે.....૪

## BHAKTI KERUN BHATUN BHARI LE

BHAKTI KERUN BHATUN BHARILE,
AVASE TUJANE KAM,
EAK DIVAS O MANVA MARA,
JAVUN HARINA DHAM
DHAN DOLAT NE MAL KHAJANA,
ANT SAMAYE AVE NA SATH,
MAT PITANE GURU CHARANMAN,
ADSHTH TIRATH DHAM....EAK DIVAS.....1
MAN CHHE MATHURA, DIL CHHE DWARIKA,
TARA RADAYE BIRAJYA RAM,
KAYA KASHI DEH DEVALMAN,
GOTILO ATAMRAM.EAK DIVAS.....2
SUNDIR KAYA PADSHE CHITAMAN,
JALI JASE TARA HAD NE CHAM,
MARO MARO KARI NE RAKHYO JENE,
BHULI JASHE TAMAM.....EAK DIVAS.....3
BABU TANE SAMJAVE SHANMAN,
MARUN MARUN MUKI DE TAMAM,
AKHAR JIVADO CHALI JASE TO,
RAM BOLO BHAI RAM.....EAK DIVAS.....4

## ભક્તિ કેરું ભાથું ભરીલે

ભક્તિ કેરું ભાથું ભરીલે,
આવશે તુજને કામ
એક દીવસ ઓ મનવા મારા,
જાવું હરિનાં ધામ
ધન દોલતને માલ ખજાના,
અંત સમયે આવે ન સાથ,
માત પિતાને ગુરુ ચરણમાં,
અડસઠ તીરથ ધામ...એક દિવસ...૧
મન છે મથુરા, દિલ છે દ્વારિકા,
તારા હૃદયે બીરાજયા રામ,
કાયા કાશી દેહ દેવળમાં,
ગોતીલો આતમ રામ...એક દિવસ...૨
સુંદીર કાયા પડશે ચિતામાં,
જલી જશે તારાં હાડને ચામ,
મારો મારો કરીને રાખ્યો જેણે,
ભૂલી જશે તમામ...એક દિવસ...૩
બાબુ તને સમજાવે શાનમાં,
મારું મારું મૂકી દે તમામ,
આખર જીવડો ચાલી જશે તો,
રામ બોલો ભાઈ રામ...એક દિવસ...૪

## RATE NIDRA DAHADE KAM

RATE NIDRA DAHADE KAM, KYARE BHAJASUN SITARAM
TARI EK EK PAL JAY LAKHNI,
TUN TO MALA JAPILE MARA RAMNI....TUN TO MALA.....
SATHE LAVYA SHUN LAIJASO, AVYA TEVA KHALI JASO,
JIVAN DHANYA BANAVO, BHAKTI DAMTHI....TU TO MALA.....1
JUTHA JAGNAN JUTHA KHEL, MANVA MARUN TARUN MEL,
TUN TO CHHODI DENE CHINTA,
AAKHA GAMNI...TUN TO MALA ....2
RAJA RANGILA RANCHHOD, MARA CHITDANA CHOR,
MANE LAGI RE LAGAN TARA NAMNI.....TUN TO MALA.....3

## BHAKTI NO UPDESH ( SHREEMAD RAJCHANDRA )

SHUBH SITALMAY CHHAYN RAHI,
MANVANCHHIT JYAN FAL PANKTI KAHI,
JIN BHAKTI GRAHO, TARUKALP AHO,
BHAJINE BHAGVANT BHAVANT LAHO.....1
NIJ ATM SWARUP MUDA PRAGATE, MAN TAP UTAP TAMAM MATE,
ATI NIRJARATA VAN DAM GRAHO,
BHAJINE BHAGVANT BHAVANT LAHO.....2
SAMBHAVI SADA PARINAM THASHE,
JADMAND ADHOGATI JANMA JASE
SHUBH MANGAL AA PARIPUNA CHAHO,
BHAJINE BHAGVANT BHAVANT LAHO.....3
SHUBH BHAV VADE MAN SHUDDH KARO,
NAVKAR MAHA PAD NE SAMARO
NAHI AH SAMAN SUMANTRA KAHO,
BHAJINE BHAGVANT BHAVANT LAHO.....4
KARSHO KSHYA KEVAL RAG KATHA,
DHARSO SHUBH TATV SWARUP YATHA,
NRUP CHANDRA PRAPANCH ANANT DAHO,
BHAJINE BHAGVANT BHAVANT LAHO.....5

## રાતે નિદ્રા, દહાડે કામ

રાતે નિદ્રા, દહાડે કામ, કયારે ભજશું સીતારામ,
તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપીલે મારા રામની.....તું તો.....
સાથે લાવ્યા શું લઈ જશો, આવ્યા તેવા ખાલી જશો,
જીવન ધન્ય બનાવો, ભકિત દામથી..... તું તો માળા.....૧
જૂઠા જગનાં જૂઠા ખેલ, મનવા મારું તારું મેલ,
તું તો છોડી દે ને ચિંતા આખા ગામની.....તું તો માળા.....૨
રાજા રંગીલા રણછોડ, મારા ચિતડાનાં ચોર,
મને લાગી રે લગન તારા નામની.....તું તો માળા.....૩

## ભકિતનો ઉપદેશ (તોટક છંદ) (શ્રીમદ્ રાજચંદ્ર)

શુભ શીતળમય છાંય રહી, મનવાંછિત જયાં ફળ પંકિત કહી,
જીન ભકિત ગ્રહો તરૂકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો.....૧
નિજ આત્મ સ્વરૂપ મુદા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે,
અતિ નિર્જરતા વણ દામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો.....૨
સમભાવી સદા પરિણામ થશે, જડમંદ અધોગતિ જન્મ જશે,
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો.....૩
શુભ ભાવ વડે મન શુધ્ધ કરો, નવકાર મહાપદને સમરો,
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો.....૪
કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વ સ્વરૂપ યથા,
નૃપ ચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો.....૫

## SHRIMAD RAJCHANDRA

BINA NAYAN PAVE NAHI, BINA NAYANKI BAT
SEVE SADGURUKE CHARAN, SO PAVA SAXAT.....1

BUZI CHAHAT JO PYASKO, HAI BUZANKI RIT
PAVE NAHI GURU GAM BINA, AEHI ANADI STHIT.....2

AEHI NAHI HAI KALPANA, AEHI NAHI VIBHANG
KAINAR PANCHAM KALME, DEKHI VASTU ABHANG.....3

NAHI DETUN UPDESHKU, PRATHAM LEHI UPDESH,
SABASE NYARA AGAM HAI, VO GNANI KA DESH.....4

JAP TAP OR VRATADI SAB, TAHA LAGI BRAHM RUP,
JAHA LAGI NAHI SANTKI, PAI KRUPA ANUP.....5

PAYAKI AE BAT HAI, NIJ CHHANDAN KO CHHOD,
PICHHE LAG SATPURUSH KE, TO SAB BANDHAN TOD.....6

## SHRIMAD RAJCHANDRA

NIRKHI NE NAVYAUVANA, LESH NA VISHAY NIDAN
GANE KASTANI PUTALI, TE BHAGVAN SAMAN.....1

AA SAGHALA SANSARNI, RAMANI NAYAK RUP
AE TYAGI TYAGYU BADHU, KEVAL SHOK SWARUP.....2

AEK VISHAYNE JITATA, JITYO SAHU SANSAR,
NRUPATI JITATA, JITIA, DAL, PUR NE ADHIKAR.....3

VISHAYRUP ANKURTHI, TALE GNAN NE DHYAN
LESS MADIRA PANTHI, CHHAKE JYAM AGNAN.....4

(CONTINUED....)

## શ્રીમદ્ રાજચંદ્ર

બિના નયન પાવે નહિ, બિના નયનકી બાત
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત.....૧
બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝન કી રીત,
પાવે નહીં ગુરુગમ બિના, એ હી અનાદિ સ્થિત.....૨
એહી નહિ હૈ કલ્પનાં, એહી નહિ વિભંગ,
કઈનર પંચમ કાળમેં, દેખી વસ્તુ અભંગ.....૩
નહિ દે તું ઉપદેશ કુ, પ્રથમ લેહિ ઉપદેશ,
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.....૪
જપ તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ,
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ.....૫
પાયાકી એ બાત હૈ, નિજ છંદન કો છોડ,
પિછે લાગ સત્પુરુષ કે, તો સબ બંધન તોડ.....૬

## શ્રીમદ્ રાજચંદ્ર

નીરખીને નવયૌવના, લેશં ન વિષય નિદાન,
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.....૧
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ,
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ.....૨
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર,
નૃપતિ જીતતાં જીતીયે, દળ, પુર ને અધિકાર.....૩
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન,
લેશ મદિરા પાનથી, છાકે જયમ અજ્ઞાન.....૪

(આગળ....)

## SHRIMAD RAJCHANDRA (CONTINUED....)

JE NAV VAD VISHUDDH THI, DHARE SHIYAL SUKHDAI
BHAV TENO LAV PACHHI RAHE, TATV VACHAN AE BHAI.....5
SUNDER SHIYAL SUR TARU, MAN VANI NE DEH,
JE NAR NARI SEVASE, ANUPAM FAL LE TEH.....6
PATRA VINA VASTU NA RAHE, PATRE ATMIC GNAN,
PATRA THAVA SEVO SADA, BRAHM CHARYA MATI MAN.....7

## (SHRIMAD RAJCHANDRA) YAM NIYAM SANYAM

### (KEVALYA BIJ SHUN)

YAM NIYAM SANYAM AAP KIYO,
PUNI TYAG BIRAG ATHAG LAHYO,
VANVAS LIYO MUKH MAUN RAHYO,
DRADH ASAN PADM LAGAY DIYO.....1
MAN YON NIRODH SWABODH KIYO,
HATH JOG PRAYOG SUTAR BHAYO,
JAP BHED JAPE TAP TYOTHI TAPE,
URSEHI UDASI LAHI SAB PAI.....2
SAB SHASTRAN KE DHARI HIYE,
MAT MANDAN KHANDAN BHED LIYE,
VAH SADHAN BAR ANANT KIYO,
TADAPI KACHHU HATH HAJU NA PRAYO.....3
AB KYO NA BICHARAT HAI MANSE,
KACHHU AUR RAHA UN SADHANSE ?
BIN SADGURU KOI NA BHED LAHE,
MUKH AGAL HAI KAR BATKAHE ?.....4
KARUNA HAM PAVAT HE TUMKI,
VAH BAT RAHI SU GURU GAMKI,
PAL ME PRAGATE MUKH AGALSE,
JAG SADGURU CHARNA SUPREM BASE.....5
TANASE MANSE DHANSE SABSE,
GURU DEVKI AAN SVA ATMA BASE,
TAB KARAJ SIDDH BANE APANO,
RAS AMRUT PAVHI PREM DHANO.....6 (CONTINUED...)

## નીરખીને નવયૌવના (આગળનું ચાલુ...)

જે નવ વાડ વિશુધ્ધથી, ધરે શિયળ સુખદાઈ,
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વ વચન એ ભાઈ.....૫
સુંદર શિયળ સુર તરુ, મન વાણી ને દેહ,
જે નરનારી સેવસે, અનુપમ ફળ લે તેહ.....૬
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.....૭

## યમનિયમ સંયમ (શ્રીમદ્ રાજચંદ્ર)

## (કૈવલ્ય બીજ શું -ત્રોટક છંદ)

યમનિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહયો,
વનવાસ લિયો મુખમૌન રહ્યો, દઢ આસન પદમ્ લગાય દિયો...૧
મન યૌન-નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો,
જપ ભેદ જપે તય ત્યોંહી તપે, ઉર સેંહી ઉદાસી લહિ સબ પૈ...૨
સબ શાસ્ત્રન કે ધારી હિયે, મન મંડન ખંડન ભેદ લીયે,
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો...૩
અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધન સે ?
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે ?...૪
કરૂના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરૂગમકી,
પલમેં પ્રગટે મુખ આગલસે, જગ સદ્ગુરુ મને સુપ્રેમ બસે...૫
તનસે મનસે ધનસે સબસે, ગુરુદેવકી આન સ્વઆત્મ બસે,
તબ કારજ સિધ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો...૬

(પાછળ....)

## YAM NIYAM SAYAM (CONTINUED....)

VAH SATYA SUDHA DARSAV HINGE,
CHATURAGUL HE DAGHE MILHE,
RAS DEV NIRANJAN KO PIVAHI,
GAHI JOG JUGO JUG SO JIVA HI.....7
PAR PREM PRAVAH BADHE PRABHUSE,
SAB AGAM BHED SU UR BASE,
VAH KEVALKO BIJ GYANI KAHE,
NIJKO ANUBHAV BATLAI DE YE,....,8

## VANK NATHI KAI MARO RE LAXMAN

VANK NATHI KAI MARO RE LAXMAN, VANK NATHI KAI MARO;
SATI SITAJI RATHMA BETHANE, LAXMAN HAKANHARO,
RUSHI MUNINA ASHRAME AAVYA,
AAVYO GANGA KINARO RE...LAXMAN

LAXMAN KAHE SUNO MATAJI, DOSH KARMANO NIYARO RE,
KOI KARANE RAMJI RUTHIA, TYAG KARE RE TAMARO...LAXMAN

RADATE MODHE SITAJI BOLYA, SHU APRADH HAMARO,
TAN MAN DHANTHI SATIE SEVIA,
PATNINO DHARMA BAJAVYO...LAXMAN

NAGAR VISHE BE NARNARI LADTA DHOBI BOLYO DHUTARO,
RAME SITANE GHARMA RAKHI,
NATHI AVO HU THANARO...LAXMAN

VAN VAGADAMA JIVAN VITAVYU, DUKHNO NA AAVYO AARO,
BHAVINI JO KHABAR HOT TO PRAN TAJIT TYA MARO...LAXMAN

GARBHVATINE KON UTARE, VANVAGDAMA AKELI,
LAXMAN KAHE SUNO MATAJI,
RAM DHANI RAKHEVALO...LAXMAN

MARE KARANE RAVAN MARIYO SAMUDRA BANDHI PAL,
KAHE PURSOTAM SUNO MATAJI,
RAM DHANI SAMBALO...LAXMAN

## યમનિયમ સંયમ (આગળનું ચાલુ...)

વહ સત્ય સુધા દરશાવ હિંગે, ચતુરાંગુલ હે દગસે મિલહે,
રસ દેવનીરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સોજીવહી...૭
પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે, સબ આગમ ભેદ સુઉર બસે,
વહ કેવલકો બીજ ગ્યાની કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે...૮

## વાંક નથી કાંઈ મારો રે લક્ષ્મણ

વાંક નથી કંઈ મારો રે લક્ષ્મણ, વાંક નથી કાંઈ મારો,
સતી સીતાજી રથમાં બેઠાને, લક્ષ્મણ હાંકનહારો.
ઋષિ મુનિના આશ્રમે આવ્યા, આવ્યો ગંગાકિનારો.....લક્ષ્મણ
લક્ષ્મણ કહે સુણો માતાજી, દોષ કર્મનો ન્યારો રે,
કોઈ કારણે રામજી રૂઠિયા, ત્યાગ કરે રે તમારો રે.....લક્ષ્મણ
રડતે મોઢે સીતાજી બોલ્યા, શું અપરાધ હમારો,
તન મન ધનથી સતીએ સેવીઆ, પત્ની ધર્મ બજાવ્યો.....લક્ષ્મણ
નગર વિષે બે નરનારી લડતા, ધોબી બોલ્યો ધુતારો,
રામે સીતાને ઘરમાં રાખી, નથી એવો હું થનારો.....લક્ષ્મણ
વન વગડામાં જીવન વીતાવ્યું, દુખનો ન આવ્યો આરો,
ભાવિની જો ખબર હોત તો, પ્રાણ તજીત ત્યાં મારો.....લક્ષ્મણ
ગર્ભવતીને કોણ ઉતારે, વન વગડામાં અકેલી,
લક્ષ્મણ કહે સુણો માતાજી, રામ ધણી રખવાળો.....લક્ષ્મણ
મારે કારણે રાવણ મારીયો, સમુદ્ર બાંધી પાળ,
કહે પુરુષોત્તમ સુણો માતાજી, રામધણી સંભાળો.....લક્ષ્મણ

## JIVATA SHIKHO RUDI RITE

JIVATA SHIKHO RUDI RITE, RUDA KARJO KAM,
EK DIN TAMARI ZUPDIE, AAVASHE RAJA RAM.....AAVASHE
BHUKHYA NE BHOJAN KARAVO, TARSYA NE DO PANI,
JIVANA NI AA VADI TAMARI, THASHE NA DHULDHANI,
THAY KASOTI AKARI TOYE, HAIYA RAKHAJO HAM.....EK DIN...
APINE AANKHO MICHINE, TARAT PACHHA VALJO,
ME APYU CHHE MANMA AVU, ABHIMAN NA KARJO,
APJO JE KAI MALI SHAKE TE, KARJO SAHUNA KAM.....EK DIN...
BHAKTO THODU THODU DAINE, RAJI RAHEJO,
HAIYANA UMALKE SAUNE JAY SHREERAM KAHEJO,
VER ZERNE VISARI JAINE, DEJO SAHUNE MAN.....EK DIN...

## CHITT TUN SHIDNE CHINTA KARE

CHITT TU SHIDNE CHINTA DHARE,
KRASHNANE KARUN HOY TE KARE,
STHAVAR JANGAM JAD CHETANMA,
MAYANU BAL THARE,
SMARAN KAR SHREE KRISHNA CHANDRANU,
JANMA MARAN BHAY HARE...KRISHNA...1
NAV MAS PRANI SHREE KRASHNANU,
DHYAN GARBHMA DHARE,
MAYANU AVARAN KARYU TYARE,
LAKH CHORASI FARE...KRISHNA...2
TUN ANTAR UDVEG DHARE, TETHI KARAJ SHUN SARE?
DHANINO DHARYO MANSUBO,
HAR BRAHMATHI NAVFARE...KRISHNA...3
DORI SARVNI ENA HATHMA,
BHARVYU DAGALU BHARE,
JEVA JANTRA VAGADE JANTRI,
TEVO SVAR NISARE...KRISHNA...4
THANAR VASTU THAYA KRE,
JYAM SHRIFAL PANI BHARE,
JANAR VASTU ENI PERE JASE,
JYAM GAJ KOLU GALE...KRISHNA...5 ( CONTINUED...)

## જીવતાં શીખો રૂડી રીતે

જીવતાં શીખો રૂડી રીતે, રૂડાં કરજો કામ
એકદિન તમારી ઝૂંપડીએ, આવશે રાજારામ..... આવશે રાજા રામ
ભૂખ્યાને ભોજન કરાવો, તરસ્યાને દો પાણી,
જીવનની આ વાડી તમારી, થાશે ના ધૂળધાણી,
થાય કસોટી કપરી તોયે, હૈયે રાખજો હામ..... એક દિન તમારી...
આપીને આંખો મીચીને, તરત પાછા વળજો,
મેં આપ્યું છે મનમાં એવું, અભિમાન ના કરજો,
આપજો જે કંઈ મળીશ કે તે, કરજો સૌનાં કામ..... એક દિન તમારી...
ભક્તો થોડું થોડું દઈને રાજી રહેજો,
હૈયાનાં ઉમળકે સૌને જય શ્રીરામ કહેજો,
વેર ઝેરને વિસરી જઈને, દેજો સૌને માન.... એક દિન તમારી ઝૂંપડીએ....

## ચિત્ત તું શીદને ચિંતા ધરે

ચિત્ત તું શીદને ચિંતા ધરે ? કૃષ્ણને કરવું હોય તે કરે,
સ્થાવર જંગમ જડ ચેતનમાં, માયાનું બળ ઠરે,
સ્મરણ કર શ્રીકૃષ્ણ ચંદ્રનું, જન્મ મરણ ભય હરે..... કૃષ્ણને..... ૧
નવ માસ પ્રાણી શ્રીકૃષ્ણનું, ધ્યાન ગર્ભમાં ધરે,
માયાનું આવરણ કર્યું ત્યારે, લખ ચોરાશી ફરે..... કૃષ્ણને..... ૨
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કરાજ શું સરે ?
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે..... કૃષ્ણને..... ૩
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે,
જેવા જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે..... કૃષ્ણને..... ૪
થનાર વસ્તુ થયા કરે, જયમ શ્રીફળ પાણી ભરે,
જનાર વસ્તુ એણી પેરે જાસે, જયમ ગજ કોળું ગળે..... કૃષ્ણને..... ૫

(પાછળ....)

**CHITT TUN SHIDNE CHINTA KARE** (CONTINUED..)

JENUN JETALU JE JYAM KALE, TE TENE KAR THARE,
AMA FER PADE NAHI KOITHI,
SHID KUNTAI TU MARE...KRISHNA NE...6
TARU DHARYU THATU HOY TO, SUKH SAME DUKH HARE,
AAP TANO AGNAN PANU A,
MUL VICHARE KHARE...KRISHNA NE...7
THAVANO ANCHINTANYU THASE, UPNISHAD OCHARE,
RAKH BHAROSO RADHA VARNO,
DAYA SHID NE DARE...KRISHNA NO...8

## CHAR DIVASNA CHANDARNA MA

CHAR DIVASNA CHANDARNA MA,
JUTHI MAYA SHA MATE ?
JE NA AAVE SANGATE,
TENI CHINTA SHA MATE-
AA DOLAT SATHE NAHI AVE,
PYARA SNEHI PAN SATHE NAHI AAVE,
TU KHUB MATHE JENE JALALVA,
AE YAUVAN SATHE NAHI AVE,
AHINU AHIA RAHEVANU,
ANI CHINTA SHA MATE ? .....JE NA AVE.....
AA BANDHELI MAHELATO NU,
DOLATNU KALE SHUN THASHE ?
JAVU PADSHE JO ANDHARYU,
PARIVARNU TYARE SHUN THASHE ?
SAHUNU BHAVI SAHUNI SANGATE,
AENI CHINTA SHA MATE ? .....JE NA AVE.....
AA SUVALI DORINA BANDHAN,
PREMTHI AAJE SAHU BANDHE,
PAN TUTASHE JYARE AYUSHYA,
TYARE KOI ANE NA SANDHE-
BHID PADE TYARE TAD TAD TUTE,
AVA BANDHAN SHA MATTE ? .....JE NA AVE.....

(આગળનું ચાલુ....)

જેનું જેટલું જે જયમ કાળે, તે તેને કર કરે,
એમાં ફેર પડે નહી કોઈથી, શીદ કુંટાઈ તું મરે..... કૃષ્નને..... ૬
તારું ધાર્યું થાતું હોય તો, સુખ સમે દુખ હરે,
આપ તણું અજ્ઞાનપણું એ, મૂળ વિચારે ખરે..... કૃષ્નને..... ૭
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે,
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે..... કૃષ્નને..... ૮

## ચાર દિવસનાં ચાંદરણામાં

ચાર દિવસનાં ચાંદરણામાં, જૂઠી માયા શા માટે?
જે ના આવે સંગાથે, તેની ચિંતા શા માટે ?
આ દોલત સાથે નહીં આવે, પ્યારા સ્નેહી પણ સાથે નહીં આવે,
તું ખૂબ મથે જેને જાળવવા, એ યૌવન સાથે નહીં આવે
અહીંનું અહીંયા રહેવાનું, એની ચિંતા શા માટે?...જે ના આવે સંગાથે
આ બાંધેલી મહેલાતોનું, દોલતનું કાલે શું થાશે?
જાવું પડશે જો અણધાર્યું, પરિવારનું ત્યારે શું થાશે?
સૌનું ભાવિ સૌની સંગાથે, એની ચિંતા શા માટે?...જે ના આવે સંગાથે
આ સુંવાળી દોરીનાં બંધન, પ્રેમથી આજે સૌ બાંધે,
પણ તૂટશે જયારે આયુષ્ય, ત્યારે કોઈ એને ના સાંધે-
ભીડ પડે ત્યારે તડ તડ તૂટે, એવા બંધન શા માટે?...જે ના આવે સંગાથે

## KONE RE GHADI RE KAYA KONE RE GHADI

KONE RE GHADI RE KAYA, KONE RE GHADI
HE AAVI TE MAZANI KAYA, KONE RE GHADI .....
(UPPER VOICE) PRUTHAVI JAL TEJNE VAYU,
NABHNE MILAVYA JENE,
SANDHETHI SANDA SANDHI MAILAVI DIDHI KADI.....HE KONE REGHADI

(UPPER VOICE) NAVSO NAVVANUN NADI, KEVI DIDHI GOTHAVI RE,
LOHINI SARVANI, KEVI KADHE CHHE HADI.....AAVITE MAZANI...

(UPPER VOICE) KAI RE VIJALITHI CHALE,
SHARIRNO SANCHO RE BHAI,
ANNNE PANI MATE MUKI CHHE NALI.....AAVITE MAZANI...

(UPPER VOICE) DHAD NE MANS SATE, BANDHI DIDHAN DORDA RE,
RAXNE MATE RUDI CHAMADI MADHI.....AAVITE MAZANI...
GYANEINDRIO, KARMEINDRIONI, KARAMAT KEVI RE KIDHI
NAV NAV DARVAJA AE MELI CHOKIO KHADI.....AAVITE MAZANI...

(UPPER VOICE) KARIGAR KAYANO GOTYO JADE NAHI RE BHAI,
HARI GAYA VIGNANI NE, KHABAR NA PADI.....HE AAVI TE MAZANI...

## TARE MOTA GHARNU TEDUN

TARE MOTA GHARNU TEDUN, EK DIN AVASHE RE,
ANAKANI KAIN NA CHALE, JYARE AE BOLAVSHE
.....TARE MOTA GHARNU

BISTRO SATHE NAHIN LEVA DE, SANDESHO PAN NAHIN KAHEVA DE,
TUJNE TARA GHAR MAHENTHI, AEKALDO UTHAVSE RE
.....TARE MOTA GHARNU

SAGAN SANBANDHI JOTA RAHESHE, ROTAN ROTAN VIDAY DESHE,
MARGDAMAN KHAVA MATE, BHATHU NA BANDHAVSHE RE
.....RARE MOTA GHARNU

JIVTAR AELE PURUN THASE, AVYO AEVO JAGTHI JASE,
UPALI KORAT PUCHHSE TYARE, JAVAB KYANTHI LAVSHE RE
.....TARE MOTA GHARNU
(CONTINUED.. NEXT PAGE)

## કોણે રે ઘડી રે કાયા કોણે રે ઘડી

કોણે રે ઘડી રે કાયા, કોણે રે ઘડી
હે આવી તે (૨) મઝાની કાયા, કોણે રે ઘડી...
(ઊંચેથી) પૃથ્વી જલ તેજને વાયુ, નભને મીલાવ્યા જેણે,
સાંધેથી સાંધા સાંધી મીલાવી દીધી કડી... હે આવી તે મઝાની...
(ઊંચેથી) નવસો નવ્વાણું નાડી, કેવી દીધી ગોઠવી રે,
લોહીની સરવાણી, કેવી કાઢે છે હડી... આવી તે મઝાની...
(ઊંચેથી) કઈ રે વીજળીથી ચાલે, શરીરનો સંચો રે ભાઈ,
અન્નને પાણી માટે મૂકી છે નળી... હે કોણે રે ઘડી...
(ઊંચેથી) ઘડને માંસ સાથે, બાંધી દીધાં દોરડા રે,
રક્ષણને માટે રૂડી ચામડી મઢી... હે આવી તે મઝાની...
(ઊંચેથી) જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયોની કરામત કેવી રે કીધી,
નવ નવ દરવાજાએ, મેલી ચોકીઓ ખડી... હે આવી તે મઝાની...
(ઊંચેથી) કારીગર કાયાનો ગોત્યો જડે નહીં રે ભાઈ
હારી ગયા વિજ્ઞાની ને ખબર ના પડી... હે આવી તે મઝાની...

## તારે મોટા ઘરનું તેડું

તારે મોટા ઘરનું તેડું એક દિન આવશે રે,
આનાકાની કંઈ ના ચાલે, જયારે એ બોલાવશે..... તારે મોટા ઘરનું.....
બિસ્તરો સાથે નહીં લેવા દે, સંદેશો પણ નહીં કહેવા દે
તુજને તારા ઘરમાંહેથી, એકલડો ઉઠાવશે રે..... તારે મોટા ઘરનું.....
સગાં સંબંધી જોતાં રહેશે, રોતાં રોતાં વિદાય દેશે,
મારગડામાં ખાવા માટે, ભાથું ના બંધાવશે રે..... તારે મોટા ઘરનું.....
જીવતર એળે પૂરું થાશે, આવ્યો એવો જગથી જાશે
ઉપલી કોરટ પૂછશે ત્યારે, જવાબ કયાંથી લાવશે રે..... તારે મોટા ઘરનું.....

(પાછળના પાને)

## TARE MOTA GHARNUN TEDUN (CONTINUED..)

PUNIT PADAVI TUJNE API, MANAVTAMAN DIDHO STHAPI,
RAMBHAKTA JO NAHI NTHAYO TO,
THER THER BHATKAVSHE RE.....TARE MOTA GHAR....

## PRABHUNI RACHANA CHHE AVI

PRABHUNI RACHANA CHHE AVI, KOI AAVE KOI JAY
AVYA ANE VAHELA MODA, LEVI PADE VIDAY.....PRABHUNI

ANTIM GHADI JE PALE LAKHANI, KEME MITYA NA THAY (2)
GNANI DHYANI SHODHI VALYA PAN,
JADYO NATHI UPAY.....PRABHUNI

SWAJANNE VAHALANI MAYA, DUNIYANI SADAI, (2)
FARI FARINE NAM RATILO, JAKHAM EM RUZAY....PRABHUNI

PRITINE MAMTANA TANTU, BANDHAN BANI JAY (2)
JIVATAMANI MUKTI MARGE, AVRODHI BANIJAY.....PRABHUNI

PURVA JANMANA KARMO PRAMANE,
AYUSHAYA REKHA DORAY (2)
JATIL CHHE AA KOYADO,
ANE KAHE CHHE KRMANO NYAY.....PRABHUNI

MAN VANCHHIT MALE NA KOINE,
PRABHUNU DHARYUN THAY (2)
BHANGELAN SWAPNANE BHULI,
DHARYA DHARO MANMANY.....PRABHUNI

VIRAHNI CHHE AAG VASAMI, DIVO KARO DIL MANY (2)
SAMAJVUN PADE CHHEVATE,
KHILYUN TE KARMAY.....PRABHUNI

ADBHUT CHHE AASAMUH PRATHNA, HAIYU N HALVUN THAY,
SHANTI SHANTI AAPO PRABHU,
VAS VAIKUNTH MAN THAY.....PRABHUNI

## તારે મોટા ઘરનું તેડું (આગળનું ચાલુ)

પુનીત પદવી તુજને આપી, માનવતામાં દીધો સ્થાપી,
રામભક્ત જો નહીં થયો તો, ઠેર ઠેર ભટકાવશે રે...તારે મોટા ઘરનું તેડું...

## પ્રભુની રચના છે એવી કોઈ આવે કોઈ જાય

પ્રભુની રચના છે એવી, કોઈ આવે કોઈ જાય,
આવ્યા એણે વહેલા મોડા, લેવી પડે વિદાય...... પ્રભુની રચના

અંતિમ ઘડી જે પળે લખાણી, કેમે મિથ્યા ન થાય (૨)
જ્ઞાની ધ્યાની શોધી વળ્યા પણ જડયો નથી ઉપાય..... પ્રભુની રચના

સ્વજનને વ્હાલાની માયા, દુનિયાની સગાઈ (૨)
ફરી ફરીને નામ રટીલો, જખમ એમ રૂઝાય..... પ્રભુની રચના

પ્રીતિને મમતાના તંતુ, બંધન બની જાય (૨)
જીવાત્માની મુકિત માર્ગે, અવરોધી બની જાય..... પ્રભુની રચના

પૂર્વ જન્મના કર્મો પ્રમાણે, આયુષ્ય રેખા દોરાય (૨)
જટીલ છે, આ કોયડો એને કહે છે કર્મનો ન્યાય..... પ્રભુની રચના

મન વાંછિત મળે ન કોઈને, પ્રભુનું ધાર્યું થાય (૨)
ભાંગેલાં સ્વપ્નાને ભૂલી ધૈર્ય ધરો મનમાંય..... પ્રભુની રચના

વિરહની છે આગ વસમી, દીવો કરો દિલ માંય (૨)
સમજવું પડે છેવટે, ખીલ્યું તે કરમાય..... પ્રભુની રચના

અદ્‌ભુત છે આ સમૂહ પ્રાર્થના, હૈયું હળવું થાય (૨)
શાંતિ શાંતિ આપો પ્રભુ, વાસ વૈંકુઠમાં થાય..... પ્રભુની રચના

## MATINI KAYA

MATINI AA KAYANO,
TUN NA KARTO VISVAS,
AEK DIVAS TO MANAV TARE,
MARVANU CHHE KHAS

HASHE MANORATH MOTA MANMAN,
RAHEVANA A SAGHLA TANMAN,
THAYANA KOINA PURNA THAVANA,
RAKHIS NA TUN AASH.....AEK DIVAS

JYARE TYARE SARVE JAVANU,
AEMAN SHUN ASHAKT THAVANU,
VASTUNE VYAKTINO VHALA,
AKHAR CHHE VINAS.....AEK DIVAS

PALMA PRAN JASE A CHALI,
PADSE KAYA PINJAR KHALI,
A PINJARNI RAKHTANO PAN,
MATIMAN CHHE VAS.....AEK DIVAS

MARVA PAHELAN MANAV PRITE,
SHRI RANCHHOD REZAV KOI RITE,
BIJUN NAHITO NAM SMARAN TUN,
KARJE SWASO SWAS.....AEK DIVAS

## માટીની કાયા

માટીની આ કાયાનો,
તું ના કરતો વિશ્વાસ,
એક દિવસ તો માનવ તારે,
મરવાનું છે ખાસ.
હશે મનોરથ મોટા મનમાં,
રહેવાના એ સઘળા તનમાં,
થયાનાં કોઈનાં પૂર્ણ થવાના,
રાખીશ ના તું આશ...એક દિવસ...
જયારે ત્યારે સર્વે જવાનું,
એમાં શું આસકત થવાનું,
વસ્તુને વ્યકિતનો વ્હાલા,
આખર છે વિનાશ...એક દિવસ...
પલમાં પ્રાણ જશે આ ચાલી,
પડશે કાયા પિંજર ખાલી,
એ પિંજરની રાખતણો પણ,
માટીમાં છે વાસ...એક દિવસ...
મરવા પહેલાં માનવ પ્રીતે,
શ્રી રણછોડ રીઝવ કોઈ રીતે,
બીજું નહી તો નામ સ્મરણ તું,
કરજે શ્વાસો શ્વાસ...એક દિવસ...

## BHAI MARO SATHI DO

BHAI MARO SATHIDO RESANO TENE KON MANAVAVA JAY,
KACHI MATINAN GHADYA GHADULA, GHAT A FUTI JAY,
PARDESHINI PRITI BHAI,
PALMAN TUTI JAY.....BHAI MARO
PINJARMANTHI POPAT HALYO, PINJAR ZOLAN KHAY
SARKHI MALI SAHELIO KAIN
AVALA MANGAL GAY.....BHAI MARO
PANCH TATUANO PIND AMARO, TE KEM CHHODYO JAY,
GNAN GARIBI RAKHUN RADAYMAN,
THANAR VASTU THAY.....BHAI MARO
SADGURUNU SMARAN KARTAN, RADAY KAMAL KHULI JAY,
KAHET KABIRA SUNO BHAI SADHU,
VAIKUNTH VASI THAY.....BHAI MARO

## KAYANU RUDUN PINJARUN CHHODINE JAVANU

KAYANU RUDUN PINJARUN CHHODINE JAVANUN
SAMJI LE HANSA DHARYUN DHANINU THAVANU
.....KAYANU RUDUN
KONI MATA, KONA PITA, KONA BHAI BHERU,
SATHE NAHIN AVASHE KOI, JAVA THASE TEDUN
PAR BHAVNU LENU DENU, PURUN THAI JAVANU,
.....KAYANU RUDUN
BHALE HOY RAJA MOTO, BHALE HOY BHIKHARI,
SAHUNA MATE CHHE SARAKHI AGAN PATHARI,
SAPNA JEVUN SUKH AA KYANTHI TAKVANU
.....KAYANU RUDUN
RAMNI RAMATNI BHEDO TUN TO NAHIN JANE,
BHOGAVAVU PADSE, TARA KARMO PRAMANE,
BINDU SAHU JAGANA MEDE, VIKHRAI JAVANU
.....KAYANU RUDUN

## ભાઈ મારો સાથીડો

ભાઈ મારો સાથીડો રિસાણો, તેને કોણ મનાવવા જાય
કાચી માટીનાં ઘડયા ઘડુલા, ઘાટ એ ફૂટી જાય.
પરદેશીની પ્રીતિ ભાઈ, પળમાં તૂટી જાય.....ભાઈ મારો
પીંજરમાંથી પોપટ હાલ્યો, પીંજર ઝોલાં ખાય,
સરખી મળી સાહેલીઓ કંઈ, અવળા મંગળ ગાય.....ભાઈ મારો
પંચ તત્ત્વનો પીંડ અમારો, તે કેમ છોડયો જાય
જ્ઞાન ગરીબી રાખું હૃદયમાં, થનાર વસ્તુ થાય.....ભાઈ મારો
સદ્‌ગુરુનું સ્મરણ કરતાં, હૃદય કમળ ખૂલી જાય
કહત કબીરા સુનો ભાઈ સાધુ, વૈકુંઠવાસી થાય.....ભાઈ મારો

## કાયાનું રૂડું પીંજરું છોડીને જવાનું

કાયાનું રૂડું પીંજરું છોડીને જવાનું
સમજી લે હંસા ધાર્યુ ધણીનું થવાનું.....કાયાનું રૂડું
કોની માતા, કોના પિતા, કોના ભાઈ ભેરુ,
સાથે નહીં આવશે કોઈ જવા થાશે તેડું,
પરભવનું લેણું દેણું પૂરું થઈ જવાનું.....કાયાનું રૂડું
ભલે હોય રાજા મોટો, ભલે હોય ભિખારી,
સૌના માટે છે સરખી અગન પથારી,
સપના જેવું સુખ આ કયાંથી ટકવાનું.....કાયાનું રૂડું
રામની રમતની ભેદો તું તો નહીં જાણે,
ભોગવવું પડશે, તારા કર્મો પ્રમાણે,
બિન્દુ સૌ જગના મેડે, વિખરાઈ જવાનું.....કાયાનું રૂડું

## HE NATH JODI HATH PAYE

HE NATH JODI HATH PAYE, PREMTHI SAHU LAGIA,
SHARNU MALE SACHUN TAMARUN, AEJ RADAYTHI MAGIA,
JE JIV AAVYO AAP PASE, CHARANMAN APANAVJO,
PARMATMA A AATMANE,
SHANTI SACHI AAPJO (REPEAT)
VALI KARMANAN YOGE KARINE, JE KULMAN A AVTARE,
TYAN PURNA PREME O PRABHUJI, AAPNI BHAKTI KARE
LAKHS CHORASINA BANDHNONE, LAKSMA LAI KAPJO,
PARMATMA A AATMANE,
SHANTI SACHI AAPJO (REPEAT)
SUSAM PATI, SUVICHARNE, SAT KARMANO DAI VARSO,
JANMO JANAM TAM BHAKTITHI, KIRTAR PAR UTARJO,
AA LOKNE PARLOKMAN, TAM PREM RAG RAG VYAPJO,
PARMATMA A AATMANE,
SHANTI SACHI AAPJO (REPEAT)
MALE MOX KE SUKH SWARGNA, ASHA URE AVI NATHI,
DYO DEH DURLABH MANVINO,
BHAJAN KARVA BHAVTHI (REPEAT)
SACHUN BATAVI RUP SHRI RANCHHOD, RADAYESTHAPJO,
PARMATMA A AATMANE,
SHANTI SACHI AAPJO (REPEAT)

**હે નાથ જોડી હાથ પાયે (રાગ –બહુ પુન્ય કેરા પુંજથી)**

હે નાથ જોડી હાથ પાયે, પ્રેમથી સહુ લાગીએ,
શરણું મળે સાચું તમારું, એજ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો,
વળી કર્મનાં યોગે કરીને, જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભકિત કરે,
લક્ષ ચોર્યાસીનાં બંધનોને, લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો
સુસંપતિ, સુવિચારને, સત્કર્મનો દઈ વારસો,
જન્મો જન્મ તમ ભકિતથી, કિરતાર પાર ઉતારજો
આ લોકને પરલોકમાં, તમ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
મળે મોક્ષ કે સુખ સ્વર્ગનાં, આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો, ભજન કરવા ભાવથી.
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ, હૃદયે સ્થાપજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

## AATALO SANDESHO MARA

AATALO SANDESHO MARA SADGURUNE KAHEJO
SEVAKNA RUDIYAMAN RAHEJO.....SANDESHO MARA
KAYANA DELAL AMNE KACHAN RE LAGE,
TENO BHAROSO AMNE DEJO.....SANDESHO MARA-1
KAYA PADASENE HANSA KYAN JAI SAMASE,
TE GHAR BHATLAVI AMANE DEJO,.....SANDESHO MARA-2
BRAHM SVARUP MARI NAJARE NA AAVE
TENA TE DARSHAN AMNE DEJO.....SANDESHO MARA-3
JANAMO JANAM MARA RUDIAMAN RAHEJO
EVI TE VRUTI AMANE DEJO.....SANDESHO MARA-4
DHARMADASNI AARAJI SUNO RE GONSAI,
BHAKTINE MUKTI AMANE DEJO.....SANDESHO MARA-5

## SATYANAM SADGURU (SHANTI PRATHNA)

SATYANAM SADGURU KABIR HAI PYARE
HE NATH SADGURU, MEN SHARAN TUMHARE,
PRABHU TARE DWARE, AAVYO AA AATAMA
SHANTI AAPO HE PARMATMA
AAJ AME KARIA CHHE TARI PRARTHANA
SHANTI AAPO HE PARMATMA
JANMO JANMANAN FERA TALO
MUKTI AAPO HE PARMATMA
ANE MATE UGHADO MOXNI BARI
SHANTI AAPO HE PARMATMA

AUM
SHANTIH,
SHANTIH,
......SHANTIH......

## આટલો સંદેશો મારા

આટલો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો,
સેવકનાં હૃદયામાં રહેજો.....સંદેશો..
કાયાનાં દેવળ, અમને કાચાં રે લાગે,
તેનો ભરોસો અમને દેજો.....સંદેશો..૧
કાયા પડશેને હંસા કયાં જઈ સમાશે,
તે ઘર બતલાવી અમને દેજો.....સંદેશો..૨
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ન આવે,
તેનાં તે દર્શન અમને દેજો.....સંદેશો..... ૩
જનમો જનમ મારા રૂદીયામાં રહેજો,
એવી તે વૃત્તિ અમને દેજો.....સંદેશો..... ૪
ધર્મદાસની અરજી સુણો રે ગોંસાઈ,
ભક્તિને મુક્તિ અમને દેજો.....સંદેશો..... ૫

## સત્યનામ સદ્‌ગુરુ (શાંતિ પ્રાર્થના)

સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે,
હે નાથ સદ્‌ગરુ મૈં શરણ તુમ્હારે.
પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા,
શાંતિ આપો હે પરમાત્મા.
આજ અમે કરીએ છે તારી પ્રાર્થના,
શાંતિ આપો હે પરમાત્મા.
જન્મો જન્મનાં ફેરા ટાળો,
મુક્તિ આપો હે પરમાત્મા.
એને માટે ઉઘાડો મોક્ષની બારી,
શાંતિ આપો હે પરમાત્મા. ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ.

## AATLUN TUN APJE, BHAGVAN MANE CHHELLI GHADI

AATLUN TUN APJE, BHAGVAN MANE CHHELLI GHADI.....AATLUN
NA RAHE MAYA TANA BANDHAN, MANE CHHELLI GHADI.
JINDGI TEN A DIDHI MARI, JIVANMAN SAMJYO NAHI,
ANT SAMAYE AE RAHE SAMJAN,
MANE CHHELLI GHADI.....AATLUN
HATH PAG NIRBAL BANE NE, SWAS CHHELLO SANCHARE,
AAPJE TYARE PRABHUMAY MAN,
MANE CHHELLI GHADI.....AATLUN
MARAN SHAYYA PAR PADUN NE, MINCHAY CHHELLI AANKHDI,
O DAYALU AAPJE DARSHAN MANE CHHELLI GHADI.....AATLUN
JINDAGI SALAGI RAHI, SANSARNA SANTAPMAN,
APJE SANTIBHARUN JIVAN, MANE CHHELLI GHADI.....AATLUN
AGANIT ADHARMO MEN KARYAN,
TAN MAN VACHAN YOGE KARI,
O XMA SAGAR XMA MANE, AAPAJO CHHELLI GHADI.....AATLUN
ANT SAMAYE AAVI MUJNE, NA DAME DUSHMAN MANE,
JAGRATPANE MANMAN RAHE,
TARUN SMARAN CHHELLI GHADI......AATLUN

## TO NAMRATA DUKHMAN AAVE

TO NAMRATA DUKHMAN AAVE,
SUKHE ABHIMAN AAVE CHHE,
GHANA ANUBHAV MALE TYARE,
JIVANMAN GYAN AAVE CHHE.
BHANELA KHAY CHHE THOKAR,
BHULE TYAN BHAN AAVE CHHE,
JUVANIMAN NAHI SAMAJE,
TO BUDHAPE SHAN AAVE CHHE.
PALPALNO SADUPAYOG AVO KARO
KE KALPAN JOYA KARE,
TUN HASATO HASATO JAY
ANE DUNIA BADHI ROYA KARE.

## આટલું તું આપજે, ભગવાન

આટલું તું આપજે, ભગવાન મને છેલ્લી ઘડી,
ના રહે માયા તણા બંધન, મને છેલ્લી ઘડી......આટલું તું
જિંદગી તે આ દીધી મારી, જીવનમાં સમજ્યો નહીં,
અંત સમયે એ રહે સમજણ, મને છેલ્લી ઘડી......આટલું તું
હાથ પગ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લે સંચરે,
આપજે ત્યારે પ્રભુમય મન, મને છેલ્લી ઘડી......આટલું તું
મરણ શય્યા પર પડું ને, મિંચાય છેલ્લી આંખડી,
ઓ દયાળુ આપજે દર્શન મને છેલ્લી ઘડી......આટલું તું
જિંદગી સળગી રહી, સંસારનાં સંતાપમાં,
આપજે શાંતિભર્યું જીવન, મને છેલ્લી ઘડી......આટલું તું
અગણિત અધર્મો મેં કર્યાં, તન મન વચન યોગે કરી,
ઓ ક્ષમા સાગર ક્ષમા મને, આપજો છેલ્લી ઘડી......આટલું તું
અંત સમયે આવી મુજને, ના દમે દુશ્મન મને,
જાગ્રતપણે મનમાં રહે, તારું સ્મરણ છેલ્લી ઘડી.....આટલું તું

## તો નમ્રતા દુઃખમાં આવે

તો નમ્રતા દુઃખમાં આવે, સુખે અભિમાન આવે છે,
ઘણા અનુભવ મળે ત્યારે, જીવનમાં જ્ઞાન આવે છે.
ભણેલા ખાય છે ઠોકર, ભૂલે ત્યાં ભાન આવે છે,
જુવાનીમાં નહિ સમજે, તો બુઢાપે શાન આવે છે.
પળપળનો સદ્ઉપયોગ એવો કરો કે કાળપણ જોયા કરે,
તું હસતો હસતો જાય અને દુનિયા બધી રોયા કરે.

## BHAKTI KARTAN CHHUTE MARA PRAN

BHAKTTI KARTAN CHUTE MARA PRAN,
PRABHU AVUN MANGUN RE,
RAHE JANAM JANAMNO TAMARO SATH,
PRABHU AVUN MANGUN RE.
TARUN MUKHADUN MANOHAR JOYA KARUN,
MARUN DILADUN TUJMAN PRERYA KARUN,
RAHE PRIT TAMARI NATH,
PRABHU AVUN MANGUN RE..... BHAKTI
MARI AASHA NIRASHA KARSHO NAHIN,
MARA AVGUN HAIYE DHARSHO NAHIN,
RAHE SWASE SWASE SHYAM,
PRABHU AVUN MANGUN RE..... BHAKTI
MARA PAPNE TAPNO NASH KARO,
TARA NANDU SEVAKNE SAHAY KARO,
RAHE CHARAN KAMAL VISHVAS,
PRABHU AVUN MANGUN RE..... BHAKTI KARTA.

## AMNE ANTSAMAYE UPKARI

A0MANE ANT SAMAYE UPKARI, LEVA AAVAJO RE,
SHRIMAD SATGURU NAM TAMARUN,
PRANJATAN PAN THAY NA NYARUN,
MANHAR MANGAL MURTI NATH, BATAVAJO RE....AMANE (1)
VIKAT SAMAY SACHAVAJO WHALA, KAHUN KOTI KARI KALAVALA,
AAVI DINDAYAL DAYA DARSHAVJO RE.....AMANE (2)
VASAMI ANT SAMAYNI VELA, VAHARE DHAJO VITTHAL VAHELA,
PRANAT PASNUN PAHELA PAN PARKHAVAJO RE.....AMANE (3)
MARKAT JEVUN MAN AMARUN, TATVA TODE TAN TAMARUN,
ANTARNUN ANDHARUN SADYA SAMAVJO RE.....AMANE (4)
DEJO DARSHAN JANMAN HARI, PARAM KRIPALU BIRUD TIHARI,
RATNMAY BALIHARI BAP BACHAVJO RE.....AMANE (5)

## ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માંગું રે,
રહે જનમ જનમનો તમારો સાથ પ્રભુ એવું માંગું રે.
તારું મુખડું મનોહર જોયા કરું, મારું દિલડું તુજમાં પ્રેર્યા કરું,
રહે પ્રીત તમારી નાથ, પ્રભુ એવું માંગું રે..... ભક્તિ કરતાં.
મારી આશા નિરાશા કરશો નહીં, મારા અવગુણ હૈયે ધરશો નહીં,
રહે શ્વાસે, શ્વાસે શ્યામ, પ્રભુ એવું માંગું રે..... ભક્તિ કરતાં.
મારા પાપને તાપનો નાશ કરો, તારા નંદુ સેવકને સહાય કરો,
રહે ચરણ કમળ વિશ્વાસ, પ્રભુ એવું માંગું રે..... ભક્તિ કરતાં.

## અમને અંત સમયે ઉપકારી

અમને અંત સમયે ઉપકારી, લેવા આવજો રે,
શ્રીમદ્ સત્ ગુરુ નામ તમારું, પ્રાણ જતાં પણ થાય નયારૂ,
મનહર મંગળ મૂર્તિ નાથ બતાવજો રે..... અમને (૧)
વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટી કરી કાલાવાલા,
આવી દીનદયાળ દયા દર્શાવજો રે..... અમને (૨)
વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વિઠ્ઠલ વ્હેલા,
પ્રણત પાસનું પહેલા પણ પરખાવજો રે..... અમને (૩)
મરકટ જેવું મન અમારું, તત્વ તોડે તાન તમારું,
અંતરનું અંધારૂં, સદ્ય સમાવજો રે..... અમને (૪)
દેજો દર્શન જનમન હારી, પરમ કૃપાળુ બિરૂદ તિહારી,
રત્નમય બલિહારી બાપ બચાવજો રે..... અમને (૫)

## BHAJOMAN RE PANKHIDAN

BHAJOMAN RE PANKHIDAN, MAT PADO, PANJRE,
SANSAR MAYA JAL CHHE,
EK DIVASMAN TRANAJ FERA, SADAYE ZAMPE KALRE,
ANCHINTAVIO TANE LAI JASE,
PACHHI KON CHHODAVAN HARRE.....BHAJO (1)
ANYA DEVANKI PUJA KIDHI,
NAHIN OLAKHYA AATAM RAM RE,
BHUTNI PERE BHAMATO FARE CHHE,
ANO ALE GAYO AVATAR RE.....BHAJO (2)
JYARE SAROVAR BHARIYAN HATAN,
TYARE PRATHAM NA BANDHI PAL RE,
NIR SAGALAN VADHI GAYA,
PACHHI HATH GHASE SHUN THAY RE..... BHAJO (3)
SHERI LAGI SARVE SUNDARI,
ZAMPA LAGI MA NE BAPRE,
TIRTHA LAGI SAGA BANDHUO,
HANS TUN EKLO JAY RE....BHAJO (4)
HAD BALE JEM LAKDUN RE,
KESH BAJE JEM GASRE,
KANCHAN SARAKHI TARI KAYA BALE,
KAIN NA AAVE TARI SATH RE.....BHAJO (5)
MARUN MARUN PRANI MITHYA THASE,
JOTHO A JAGAT VAHEVAR RE,
DAS RANCHHOD PRABHU HARINE BAJILO,
PALME UTARE BHAVPAR RE......BHAJO (6)

## MANGAL MANDIR KHOLO

MANGAL MANDIR KHOLO, DAYAMAYA MANGAL MANDIR KHOLO....
JIVAN VAN ATI VEGE VATAVYUN, DVAR UBHO SISHU BHOLO;
TIMTIR GAYUN NE JTYOTI PRAKASHYO,
SISHUNE URMAN LO LO..... DAYAMAYA (1)
NAM MADHURTAM RATYO NIRANTAR, SISHU SAH PREME BOLO;
DIVYA TRUSHATUR AVYO BALAK,
PREM AMIRAS DHOLO..... DAYAMAYA (2)

## ભજો મન રે પંખીડાં

ભજો મન રે પંખીડાં, મત પડો, પાંજરે, સંસાર માયા જાળ છે,
એક દીવસમાં ત્રણ જ ફેરા, સદાય ઝાંપે કાળ રે,
અણચિંતવ્યો તને લઈ જાશે, પછી કોણ છોડાવન હાર રે......ભજો...૧

અન્ય દેવનકી પૂજા કીધી, નહીં ઓળખ્યા આતમરામ રે,
ભૂતની પેરે ભમતો ફરે છે, એનો એળે ગયો અવતાર રે..... ભજો...૨

જ્યારે સરોવર ભર્યાં હતાં, ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે,
નીર સઘળાં જ્યારે વહી ગયાં, પછી હાથ ઘસે શું થાય રે..... ભજો...૩

શેરી લગી સર્વે સુંદરી, ઝાંપા લગી માને બાપ રે,
તીર્થ લગી સગાબંધુઓ, હંસ તું એકલો જાય રે..... ભજો...૪

હાડ બળે જેમ લાકડું રે, કેશ બળે જેમ ઘાસ રે,
કંચન સરખી તારી કાયા બળે, કાંઈ ન આવે તારી સાથ રે..... ભજો...૫

મારું મારું પ્રાણી મિથ્યા થાશે, જુઠો આ જગત વહેવાર રે,
દાસ રણછોડ પ્રભુ હરિને ભજીલો, પલમેં ઉતારે ભવપાર રે..... ભજો...૬

## મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો, દયામય, મંગલ મંદિર ખોલો...
જીવન વન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયુંને જ્યોતિ પ્રકાશ્યો શિશુને ઉરમાં લોલો...દયામય...૧
નામ મધુરતમ રટયો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક, પ્રેમ અમીરસ ઢોળો...દયામય...૨

## BHULYO RE MAN BHAMARA TUN KYAN BHAMYO

BHULYO RE MAN BHAMARA TUN KYAN BHAMYO,
BHAMYO DIVAS NE RATJI,
MAYANO BANDHELO PRANIO,
SAMAJYO NAHIN SHUDDH VATJI....BHULYO....1
KHUMBH KACHO NE KAYA JAVARUN, JOINE KARORE JAJANJI,
VANSANTAN VAR LAGE NAHIN, RAKHO RUDUN JATAJI....BHULYO....2
KONA CHHORUN KONA VACHHERUN,
KONA MA ANE KONA BAPAJI,
ANT KALE JAVUN EKLA,
SATHE PUNYA NE PAPJI....BHULYO....3
JE GHER NOBAT VAGATI, RUDA CHHATRISH RAGAJI,
KHANDER THAI KHALI PADYAN,
KALA UDE CHHE KAGAJI....BHULYO....4
JIVANNI ASHA DUNGAR JEVADI, MARAN PAGALAN NE HETH JI,
MOTA MOTA CHALI GAYA, LAKHO LAKHPATI SHETHJI....BHULYO....5
ULATI NADI PUR UTARI, JAVUN PELE PARJI,
AAGAL NIR MALE NAHIN, JE JOTATE LEJO SATHAJI....BHULYO....6
SAT KARMA SAT VASTU VAHORJO, ISHVAR SUMARAN SATHJI,
KABIRA JUHARINE NISARYA,
LEKHU SAHEB NE HATHJI....BHULYO....7

## JUNUN TO THAYUN RE DEVAL

JUNUN TO THAYNU RE DEVAL, JUNUN TO THAYUN,
MARO HANSALO NANO NE DEVAL JUNUN TO THAYUN
AARE KAYA RE HANSA, DOLVANE LAGI RE,
PADI GAYA DANT,
MAYALI REKHUN TO RAHYUN.....MARO HANSALO....1
TARE NE MARE HANSA,
PRITYUN BANDHANI, UDIGAYO HANS,
PINJAR PADI TO RAHYUN.....MARO HANSALO....2
BAI MIRA KAHE CHHE PRABHU,
GIRIDHAR NA GUN,
PREMNO PIALO TAMNE PIVUNNE AVUN....MARO HANSALO....3

## ભૂલ્યો રે મન ભમરા તું કયાં ભમ્યો

ભૂલ્યો રે મન ભમરા તું કયાં ભમ્યો, ભમ્યો દિવસને રાતજી;
માયાનો બાંધેલો પ્રાણીઓ, સમજયો નહિ શુધ્ધ વાતજી...ભૂલ્યો...૧
કુંભ કાચોને કાયા જાવરૂં, જોઈને કરો રે જતનજી,
વણસતાં વાર લાગે નહિ, રાખો રૂડુ જતનજી...ભૂલ્યો...૨
કોનાં છોરૂ કોનાં વાછેરૂ, કોનાં મા અને કોનાં બાપજી,
અંત કાલે જાવું એકલો, સાથે પુણ્ય ને પાપજી...ભૂલ્યો...૩
જે ઘેર નોબત વાગતી, રૂડા છત્રીસ રાગજી,
ખંડેર થઈ ખાલી પડયાં, કાળા ઉડે છે કાગજી...ભૂલ્યો...૪
જીવનની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠજી,
મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠજી...ભૂલ્યો...૫
ઊલટી નદી પૂર ઊતરી, જાવું પેલે પારજી,
આગળ નીર મળે નહી, જે જોઈએ તે લેજો સાથજી...ભૂલ્યો...૬
સત્‌કર્મ સત્ વસ્તુ વ્હોરજો, ઈશ્વર સુમરણ સાથજી,
કબીરા જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથજી...ભૂલ્યો...૭

## જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયુ
આરે કાયા રે હંસા, ડોલવાને લાગી રે, પડી ગયા દાંત,
માંયલી રેખું તો રહ્યું .....મારો હંસલો.....૧
તારે ને મારે હંસા, પ્રિત્યુ બંધાણી, ઊડી ગયો હંસ,
પીંજર પડી તો રહ્યું.....મારો હંસલો.....૨
બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરિધરનાં ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉને પીવું.....મારો હંસલો.....૩

## JONE VICHARI TUN JIVADA

JONE VICHARI TUN JIVADA, SHA SHUKHMEN MOHI RAHYOJI
AAVYO TYARE TUN EKLO, JATA EKLO JAVUJI
VACHAMEN SAMBANDH SHA KAMNA,
MAYA JALMEN BANDHAYO JI.....JONE VICHARI.....1
MARUN MARUN SHUN KARI RAHYO, NAHI MALE TARUN TANJI,
JUTHA RE PUTRANE PREMADA,
JUTHO BHAVANO BHANDARJI.....JONE VICHARI.....2
DHAN RE MALYANO DHARMA AEJ CHHE,
JE KAI HATHE RAYAJI,
ANT SAME SAHU MELI JASE,
PALME THASHE PARAYOJI.....JONE VICHARI.....3
JAM RE JORAVAR LAI JASHE,
MALSE CHORYASIMAN THELIJI,
DARUN DUKH JANMA MARANNUN,
TYAN KON TARO BELIJI.....JONE VICHARI.....4
SACHUN SAGPAN HARI GURU SANTNUN, JIVNE JALMENTHI KADHEJI,
SUKH RE AAPINE DUKH DUR KARE,
ARIBRAMHA NE BHETAVEJI.....JONE VICHARI.....5
MANI SHAKE TO MANJE, LEVO MANASHANO LAHAVOJI,
DAS KABIR SACHUN KAHE,
FARI NAHI MALE AAVO DAVJI.....JONE VICHARI.....6

## EAKJ DE CHINGARI MAHANAL

EAKJ DE CHINGARI MAHANAL, EKAJ DE CHINGARI
CHAKMAK LODHUN GHASATAN GHASATAN,
KHARCHI JINADGI SARI
JAMAGARIMAN TANKHO NA PADIO,
NA FALI MAHENAT MARI MAHANAL.....1
CHANDO SALAGYO, SURAJ SALAGYO, SALGI AABH ATARI,
NA SALAGI EK SAGADI MARI, VAT VIPATNI BHARI... MAHANAL...2
THANDIMAN MUJ KAYA THATHRE, KHUTI DHIRAJ MARI,
VISHVANAL HUN ADHIK NA MANGUN,
MAGU EK CHINGARI...MAHANAL...3

## જોને વિચારી તું જીવડા

જો ને વિચારી તું જીવડા, શા સુખમેં, મોહી રહ્યોજી.
આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાઉજી,
વચમેં સંબંધ શા કામના, માયાજાળમે બંધાયોજી.....જોને વિચારી.....૧
મારું મારું શું કરી રહ્યો, નહિ મળે તારું તનજી,
જૂઠા રે પુત્ર ને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી.....જોને વિચારી.....૨
ધન રે મળ્યા નો ધર્મ એજ છે, જે કાંઈ હાથે વપરાયજી,
અંત સમે સહુ મેલી જાશે, પલમેં થાશે પરાયોજી.....જોને વિચારી.....૩
જમ રે જોરાવર લઈ જશે, મેલશે ચોર્યાસીમાં ઠેલીજી,
દારૂણ દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી.....જોને વિચારી.....૪
સાચું સગપણ હરિગુરુ સંતનું, જીવને જાલમેંથી કાઢેજી,
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવેજી.....જોને વિચારી.....૫
માની શકે તો માનજે, લેવો મનષાનો લ્હાવોજી,
દાસ કબીર સાચું કહે, ફરી નહિ મળે આવો દાવજી.....જોને વિચારી.....૬

## એક જ દે ચિનગારી મહાનલ

એક જ દે ચિનગારી મહાનલ, એક જ દે ચિનગારી,
ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ના પડીયો, ન ફળી મહેનત મારી...મહાનલ એક જ...૧
ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો, સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી...મહાનલ એક જ...૨
ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ હું અધિક ન માંગું, માંગું એક ચિનગારી...મહાનલ એક જ...૩

## GHADI RE UPAR GHADIARAN VAGE

GHADI RE UPAR GHADIARAN VAGE, UMAR OCHHI THAY;
AA AVASAR CHHE HARI BHAJVANO
KAHO KEM RAHIA SOI....
NANA THAKI MOTERA KIDHA, MATA MANGAL GAY;
KAL AVSAR TO KOIYE NA DITHO,
OCHINTO VALI AAVE..... GHADI RE (1)
JOBANIYANAN MOJAN PAHERI, JAYE NAGARAN DETI,
ANT KAL TO AAVI MALASE,
KOI NA SHAKYO CHETI..... GHADI RE (2)
SANSAR SAGALO KALE KHADHO, AAKHAR AA VAR KUDO;
JAMDUT TO JOTA RAHESHE,
HARI NE NAME CHHUTO..... GHADI RE (3)
HARI NE BHAJIA HARISHU TAJIA, NARHARJINE NAMIA;
LAJ KAJ TO LAXMI VARANE,
RAMADE TEM RAMIAE..... GHADI RE (4)
HARINE BHAJIA, BIJUN TAJIA, MAYA MOTI KHAY;
DEKHAT DEKHAT DUBAKAN MARE,
DUNIA DUBI JAY..... GHADI RE (5)
AA AVSAR CHHE HARI BHAJVANO, JOJO MAN VICHARI;
SARJANHARNUN SUMARAN BHULYO,
JITI BAJI HARI.....GHADI RE (6)
KOIYE BALI, KOIYE ZALI, KAYA KOIYE DATI;
PAVAN BHELO PAVAN THASE,
MITTI BHELI MITTI..... GHADI RE (7)
NARSAIYNANO SWAMI SHAMALIO, VED PURANE SACHO;
JAMNA SHIR PAR PAGALUN DAINE,
VEGE VAIKUNTH JAY..... GHADI RE (8)

## ઘડી રે ઉપર ઘડિયારાં વાગે

ઘડી રે ઉપર ઘડિયારાં વાગે, ઉમર ઓછી થાય;
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીયે સોઈ.....
નાના થકી મોટેરા કીધા, માતા મંગલ ગાય;
કાલ અવસર તો કોઈએ ન દીઠો, ઓચીંતો વળી આવે...ઘડી રે ઉપર...૧
જોબનીયાનાં મોજાં પહેરી, જાયે નગારાં દેતી;
અંત કાલ તો આવી મળશે, કોઈ ન શકયો ચેતી...ઘડી રે ઉપર...૨
સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કુડો;
જમદૂત તો જોતા રહેશે, હરિને નામે છૂટો...ઘડી રે ઉપર...૩
હરિને ભજીએ; હરિ શું તજીએ, નરહરજીને નમીએ;
લાજ કાજ તો લક્ષ્મી વરને, રમાડે તેમ રમીએ...ઘડી રે ઉપર...૪
હરિને ભજીએ, બીજું તજીએ, માયા મોટી ખાઈ;
દેખત દેખત ડૂબકાં મારે, દુનિયા ડૂબી જાય...ઘડી રે ઉપર...૫
આ અવસર છે હરિ ભજવાનો, જોજો મન વિચારી,
સર્જનહારનું સુમરણ ભૂલ્યો; જીતી બાજી હારી...ઘડી રે ઉપર...૬
કોઈએ બાળી, કોઈએ ઝાળી, કાયા કોઈએ દાટી;
પવન ભેળો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી...ઘડી રે ઉપર...૭
નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો;
જમના શિર પર પગલું દઈને, વેગે વૈંકુઠ જાય...ઘડી રે ઉપર...૮

**KIRTAN NA PADO** (TO BE SUNG DURING 8 TO 11 A.M.)

## RAM RAY MANKI ASHA PAUN (RAG MOTI ASHAVARI)

RAM RAY MANKI ASHA PADU, TASE KAYA NAGAR BASAVU,
SOLA KHAI DASH DARVAJA, BAVAN BANYA HE KINGORA;
TRANSE SATH VAKO SHIRA LAGA, KOT BANYA CHOFERA...1
PANCH PRADHAN KIYA VASH APANE, PRAJA DUKHI NA HOY,
CHETAN PURUSH KARE KOTVALI, NAGAR NA LUNTE KOI....2
GADH PAR RAJA RAJ KARAT HAY, NISH DIN PURAT DUHAI,
KAM KRODH DOW GARDAN MARE, AISI ADAL CHALAI...3
GNAN BHANDAR BHARE BHARPUR,
KACHHU KHARCHO, KACHHU KHAO,
DAS KABIR CHADHE GADH UPER, JIT NISHAN BAJAI...4

(MORNING KIRTAN) MOTI ASHAVARI

## KABIR HARI RANG LAGA HO

KABIR HARI RANG LAGA HO,
TASE MERA MANAKA DHOKHA BHAGA HO,
KOI KAHE HARI JOGI JANGAM
KOI KAHE KACHHU NAHI,
HAM TUM DEKHO RUDIA BHITAR,
TUM DEKHO SAB MANHI. .....1
ALAKH RUP GUN LAKHYA NA JAY, ANJAN RATA LOI,
EK VELA MAN DRUDH KARI RAKHO,
TO NISHCHE DARSHAN HOY.....2
SEJ SUNME RAIN AMARI,
TATVA DEKHI MAN LAGA,
AAP MADHYE AAP HI DEKHA,
IS VIDH SANSHAY BHAGA......3
KAHET KABIR EK MAT PAYA,
KAYA NAGAR MOZARI,
TUM SAHEB HAM SEVAK TERA,
TARAN TARAN MORARI......4

## રામ રાય મનકી આશા પાઉં (રાગ : મોટી આશાવરી)

રામ રાય મનકી આશા પાઉ, તાસે કાયા નગર બસાવું,
સોલા ખાઈ દશ દરવાજા, બાવન બન્યા હે કીંગોરા,
ત્રણસે સાઠ વાકો શિરા લગા, કોટ બન્યા ચોફેરા.....૧
પાંચ પ્રધાન કિયે વશ અપને, પ્રજા દુઃખી ન હોય,
ચેતન પુરુષ કરે કોટવાલી, નગર ન લૂંટે કોઈ.....૨
ગઢ પર રાજા રાજ કરત હૈ, નિશ દિન પૂરત દુહાઈ,
કામ ક્રોધ દોઉ ગરદન મારે, ઐસી અદલ ચલાઈ.....૩
જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઓ,
દાસ કબીર ચઢે ગઢ ઉપર જીત નિશાન બજાઈ....૪

## કબીર હરિ રંગ લાગા હો – સવારનાં કીર્તન (મોટી આશાવરી)

કબીર હરિ રંગ લાગા હો, તાસે મેરા મનકા ધોખા ભાગા હો,
કોઈ કહે હરિ જોગી જંગમ, કોઈ કહે કછુ નાહિ,
હમ તુમ દેખો હૃદીયા ભીતર, તુમ દેખો સબ માંહી.....૧
અલખ રૂપ ગુણ લખ્યા ન જાય, અંજન રાતા લોઈ,
એકવેળા મન દૃઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોય.....૨
સેજ સુનમે રૈન અમારી, તત્ત્વ દેખી મન લાગા,
આપ મધ્યે આપ હિ દેખા, ઈસ વિધ સંશય ભાગા.....૩
કહત કબીર એક મત પાયા, કાયા નગર મોઝારી,
તુમ સાહેબ હમ સેવક તેરા, તારન તરન મોરારી.....૪

(MORNING KIRTAN MOTI ASHAVAR)

## RAJA RAMJAPO MERE BHAI

RAJA RAM MERA BHAI, JAKE CHAUD BADAI,
MANGI MUKTI BHAKTI KYON NA MANGI,
CHINYA NAHI RAGHU RAY,
JAB CHINYA TABLEVANA DEVA,
SADHAN KARLE BHAI..... (1)
JAB HARI JANYA TAB MAN MANYA,
MANSHA BHOG LAGAI,
KOTI KOTI TIRTH VRAT KINA,
EK SIDDHI NAV PAI..... (2)
KAHET KABIRA EK SAKAL SADHANMEN,
JANMO JANMA FARI AYA,
AB SANT SANGAT RUCHI MAGUN,
JENE HARIJASH SUJASH SUNAYO..... (3)

## DEH KI THASHE MITTI (MOTI ASHAVARI)

DEHKI THASE MITTI, MURAKH TARI BUDDHI KYAN NATHI,
JIV AAYO TYARE SHUN LAI AAYO, JASHE TYARE NAGO,
NIRLAJ TUJNE LAJJA NA AVI,
TANE KON PAHERAVE VAGO..... (1)

KUD KAPAT KARI BAHU DHAN SANCHYA,
SANCHYA DHAN KON KHASE,
JIVNE JYARE JAM LAI JASE,
TYAN KON VAHARE DHASHE..... (2)

VEDH VINTI BAJU BANDH BARKHA KAIN NA AVE TARI SATH,
CHETAN HARA CHETO MANAVI,
JAVUN CHHE JAMNE HATH..... (3)

UNCHA VAS DEKHI SHUN FULYO,
SHUN MOHYO SUNDAR NARI,
NARSANYANA SWAMINI BHAKTI VINA,
TANE KON PAMADE MUKTI..... (4)

## રાજા રામ જપો મેરે ભાઈ (રાગ : મોટી આશાવરી)

રાજા રામ જપો મેરે ભાઈ, જાકે ચૌદ બડાઈ,
માંગી મુક્તિ ભક્તિ કયોં ન માંગી, ચિન્યા નહિ રઘુરાય,
જબ ચિન્યા તબ લેવા ન દેવા, સાધન કરલે ભાઈ....૧
જબ હરિ જણ્યા તબ મન માન્યા, મનષા ભોગ લગાઈ,
કોટી કોટી તીર્થ વ્રત કીના, એક સિધ્ધિ નવ પાઈ.....૨
કહત કબીર એક સકલ સાધન મેં, જન્મો જન્મ ફરી આયા,
અબ સંત સંગમ રુચિ માંગું, જેણે હરિજશ સુજશ સુનાયો.....૩

## દેહકી થશે મિટ્ટી (રાગ : મોટી આશાવરી)

દેહકી થશે મિટ્ટી, મૂરખ તારી બુદ્ધિ કયાં નાઠી,
જીવ આયો ત્યારે શું લઈ આયો, જાશે ત્યારે નાગો,
નિર્લજ્જ તુજને લજ્જા ન આવી, તને કોણ પહેરાવે વાગો.....૧
કુડ કપટ કરી બહુ ધન સાંચ્યા, સાંચ્યા ધન કોણ ખાસે,
જીવને જ્યારે જમ લઈ જાશે, ત્યાં કોણ વહારે ધાશે.....૨
વેઢ વીંટી બાજુ બંધ બરખા, કંઈ ન આવે તારી સાથ,
ચેતન હારા ચેતો માનવી, જાવું છે જમને હાથ......૩
ઊંચા વાસ દેખી શું ફૂલ્યો, શું મોહ્યો સુંદર નારી,
નરસૈંયાના સ્વામીની ભક્તિ વિના, તને કોણ પમાડે મુક્તિ.....૪

MORNING KIRTAN (MOTI ASHAVARI)

## RAM RAY AADI CHAKAR TERA

RAM RAY AADI CHADAR TERA, TASE MAHIMA DYO AMARA,
SAT JUG, TRETA, DWAPAR GAYA, KALIYOG KIRTI TUMAHARI,
TIN LOK JAB SRUSHTI NIPJAI,
TATHE MASAGAT MERI..... (1)
PANCH HATHIAR KHUB KARI BANDHUN, KARLE KHANDA KHEL,
GNAN KHADAGSE NAD UTARUN,
MAN LE MAJARA MERA..... (2)
KAGAD MANGAVO NE DUT TEDAVO, AKSHAR LAKHO RE BOTERA,
BHAV BHAKTI JAGIRI MANGUN,
NYAL BHAYA MAN MERA..... (3)
KRUNATH KRUPA KARI MONPE, TUMHARI KRUPA THAKI ZUZE,
DAS KABIR MEN BANDA TERA,
BHAKTI DAN MOHE DIJE..... (4)

(MORNING KIRTAN) MOTI ASHAVARI

## KYON CHAMKAVE NAYANA

KYON CHAMKAVE NAYANA,
SUNDARI KYON CHAMKAVE NAYANA
GHER JAV DHUTARI BENA.......
JIN HAM JAISE SAJ NIVAJE, SO BANDHE KACHE DHAGE,
JATAN JATAN KARI BAHU TERI BANDHI,
PANIMEN AAGNA LAGE.... (1)
RUPA PAHERI RUP DEKHAVE, SONA PAHERI RIZAVE,
JO PAHERE TULASINI MALA,
TIN BHUVAN PAD PAVE..... (2)
SAHEBKI BHEJI MEN CHALI AAI, SWARG AMARA VASA,
VARVUN HOYTO VARO KABIRJI,
EK MATA DUJI MASHI..... (3)
KAHAT KABIR MEN JAT JULAHA, SADA RAHUN UDASI,
TIN BHUVANKI HUN PATRANI,
NITYA TUMARI DASI..... (4)

### રામ રાય આદિ ચાકર તેરા (રાગ : મોટી આશાવરી)

રામ રાય આદિ ચાકર તેરા, તાસે મહિમા દ્યો અમારા,
સતૂજુગ, ત્રેતા, દ્વાપર ગયા, કલિયુગ કીર્તિ તુમ્હારી,
તીન લોક જબ સૃષ્ટિ નીપજાઈ, તાંથે મસાગત મેરી.....૧
પાંચ હથિયાર ખૂબ કરી બાંધું, કરલે ખાંડાં ખેલ,
જ્ઞાન ખણસે નાદ ઉતારું, માન લે મજરા મેરા.....૨
કાગદ મંગાવો ને દૂત તેડાવો, અક્ષર લખો રે બોતેરા,
ભાવ ભક્તિ જાગીરી માંગું, ન્યાલ ભયા મન મેરા......૩
કૃપાનાથ કૃપા કરી મોંપે, તુમ્હારી કૃપા થકી ઝૂઝે,
દાસ કબીર મૈં બંદા તેરા, ભક્તિ દાન મોંહે દીજે.....૪

### ક્યોં ચમકાવે નયના (રાગ : મોટી આશાવરી)

ક્યોં ચમકાવે નયના, સુંદરી કયોં ચમકાવે નયના,
ઘેર જાવ ધૂતારી બેના....
જિન હમ જૈસે સાજ નિવાજે, સો બાંધે કાચે ધાગે,
જતન જતન કરી બહુ તેરી બાંધી, પાણીમેં આગન લાગે.....૧
રૂપા પહેરી રૂપ દેખાવે, સોના પહેરી રીઝાવે,
જો પહેરે તુલસીની માળા, તીન ભુવન પદ પાવે.....૨
સાહેબ કી ભેજી મેં ચલી આઈ, સ્વર્ગ અમારા વાસા,
વરવું હોય તો વરો કબીરજી, એક માતા દુજી માસી.....૩
કહત કબીર મૈં જાત જુલાહા, સદા રહું ઉદાસી,
તીન ભુવનકી હું પટરાની, નિત્ય તુમ્હારી દાસી.....૪

NOON - KIRTAN (SARANG)

## RAMAKO NITYA KIJE SUMARAN

RAMKO NITYA KIJE SUMARAN, RAMKO NITYA KIJE,
NIRMAL NIRMAL PREM HARIRAS,
SANTSANGAT MALI PIJE.....1
JUTHI RE MAYA MOH VISHAY RAS, MANKO TYAGI KIJE,
RDAY KAMAL ME NISHDIN HARI HARI,
AEHI VILAMB NA KIJE.....2
TAN MAN DHANSAB MANSA VACHA, RAM SAMARPAN KIJE,
KAHET KABIR AUR NAHI MAGU,CHARAN KAMAL DATT DIJE.....3

## NOON - KIRTAN (SARANG)

RAM BHAJAN VISARI HO GAYA, RAM BHAJAN VISARI HO GAYA,
GARBH VASMEN BHAKTI KABULI,
BAHAR AA KE KYA KIYA.... (1)
MAHELMEN BETHI MOJ NIT KARAT HAI, SOLSE SAHE LIYAN,
PALME CHHOD CHALYO THAKURAI,
VED KOUN TIHAN..... (2)
JAB TERA PANTHI CHALEGO, SAGE SATHI KO NA LIYA,
KAHET KABIR RAM BHAJO PRANI,
TAN MAN HARJIKO ARAPIA..... (3)

## NOON - KIRTAN (SARANG)

KAHE KU DEH DHARI RE, BHAJAN VINA,
KAHEKU DEH DHARI,
GARBH VASME BAHUT DUKH BHARI,
BAHAR KADHO HARI.

KOL VACHAN KARI BAHER AAYO, VAKI BUDDHI FARI,
SANT SANGAT TE KABHU NA KINI,
DARSHAN DAG MA BHARI.... (1)

HARI KI KATHA TE SHRAVA NE NA SUNI, PAR NINDA BAHUT KARI,
KAHET KABIR, SUNO BHAI SADHU,
JANANI TE BHARE MARI..... (2)

(બપોરના ૧૧ વાગ્યા પછી ગાવાનાં પદો) કીર્તન

## રામકો નિત્ય કીજે સુમરણ (રાગ : સારંગ)

રામકો નિત્ય કીજે સુમરન, રામકો નિત્ય કીજે,
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મલી પીજે.....૧
જૂઠી રે માયા મોહ વિષય રસ, મન કો ત્યાગી કીજે,
હૃદય કમલ મેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ ન કીજે.....૨
તન મન ધન સબ મનસા વાચા, રામ સમર્પણ કીજે,
કહત કબીર ઓર નહી માંગું, ચરણ કમલ દત્ત દીજે......૩

(બપોરના ૧૧ વાગ્યા પછી ગાવાનાં પદો) **કીર્તન (રાગ : સારંગ)**

રામ ભજન વિસરી હો ગયા, રામ ભજન વિસરી હો ગયા,
ગર્ભવાસ મેં ભક્તિ કબુલી, બાહર આકે કયા કીયા.....૧
મહેલ મેં બેઠી મોજ નીત કરતે હૈ, સોળસે સાહેલિયા,
પલમેં છોડ ચલ્યો ઠકુરાઈ, વેદ કોઉન તિહાં.....૨
જબ તેરો પંથી ચલેગો, સંગે સાથી કો ન લિયા,
કહત કબીર રામ ભજો પ્રાણી, તન મન હરજીકો અરપિયા......૩

## કીર્તન (રાગ : સારંગ )

કાહુકે દેહ ધરી રે, ભજન વિના, કાહેકુ દેહ ધરી,
ગર્ભવાસ હોં બહુત દુ:ખભારી, બહાર કાઢો હરી.
કોલ વચન કરી બાહેર આયો, વાંકી બુદ્ધિ ફરી,
સંત સંગત તેં કબહુ ન કીની, દર્શન ડગ ન ભરી.....૧
હરિકી કથા તેં શ્રવણે ન સુની, પરનિંદા બહુત કરી,
કહત કબીર સુનોભાઈ સાધુ, જનની તેં ભારે મારી.....૨

(NOON KIRTAN RAG : SARANG)

## MANDIR DEKH DARE RE SUDAMAJI

MANDIR DEKH DARE RE SUDAMAJI, MANDIR DEKH DARE,
KAHAN KHO GAI MERI TRUNKI ZUPADIAN,
TA GHER MAHEL KHADE.
PAHELE PAHORE HASTI RE ZULE, DUJI TORANG KHADE RE,
TRIJE PAHORE VASHTRAJ BHARE,
CHOTHE RATNA JADE RE.....1
JA GHER TAL PAKHAVAJ VAGE, TA GHER NOBAT BAJE,
JA GHER RAG CHHATRISE AALAPE,
TA GHER ABHAR BHARE RE.....2
IT UT JAT FIRAT HE SUDAMA, MAN MEN SOCH KARE RE,
DHAM DEKHI MAN CHAKIT BHAYO HE,
DARI DARI DAGALAN BHARE RE.....3
MAHELMEN BETHI NAGAR BRAHMINI, PANDIT AVO NE GHER RE,
SURDAS PRABHU TUMAHARE MILANKU,
DARIDRAYA DUR KARE RE.....4

(NOON KIRTAN -SARANG )

## GOVIND NAM DHARYO KINE TERO

GOVIND NAM DHARYO KIN TERO,
GOVIND NAM DHARYO RE.....
DRUPAD SUTAKI LAJJA RAKHI,
CHIRKO DAN KARYO.....
CHAR PADARATH DIO HE SUDAMA,
TANDUL MUKH MEN DHARYO,
SANDIP KO SUT AAN DIYO HE,
VIDYA PATH PADHYO RE.....
LENE RE DENE TUN HARI DATA,
MONSE KACHHU NA SARYO RE,
SURAKA BER KATHAN HOI, BETHE,
JANAM KO ANDH KARYO RE.....

## મંદિર દેખ ડરે રે સુદામાજી (રાગ સારંગ)

મંદિર દેખ ડરે રે સુદામાજી, મંદિર દેખ ડરે,
કહાં ખો ગઈ મેરી તૃણકી ઝુંપડિયાં, તા ઘેર મહેલ ખડે
પહેલે પહોરે હસ્તિ રે ઝૂલે, દૂજે તોરંગ ખડે રે,
ત્રીજે રે પહોરે વસ્ત્રજ ભારે, ચોથે રત્ન જડે રે .....૧
જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નૌબત બાજે,
જા ઘેર રાગ છત્રીસે આલાપે, ના ઘેર અભર ભરે રે.....૨
ઈતિ ઉત જાત ફિરત હે સુદામા, મનમેં સોચ કરે રે,
ધામ દેખી મન ચકિત ભયો હે, ડરી ડરી ડગલાં ભરે રે.....૩
મહેલમેં બેઠી નાગર બ્રાહ્મણી, પંડિત આવોને ઘેર રે,
સુર દાસ પ્રભુ તુમ્હારે મિલનકુ, દારિદ્રય દૂર કરે રે.....૪



## ગોવિંદ નામ ધર્યો કીને તેરો (રાગ સારંગ)

ગોવિંદ નામ ધર્યો કીન તેરો, ગોવિંદ નામ ધર્યો રે...
દ્રુપદ સુતાકી લજજા રાખી, ચીર કો દાન કર્યો...
ચાર પદારથ દિયો હે સુદામા, તાંદુલ મુખમેં ધર્યો,
સાંદીપકો સુત આન દિયો હે, વિદ્યા પાઠ પઢયો રે.....૧
લેને રે દેને તું હરિ દાતા, મોં સે કછુ ના સર્યો રે,
સુરકા બેર કઠણ હોઈ બેઠે, જનમકો અંધ કર્યો રે.....૨

(NOON KIRTAN- RAG : SARANG)

## RAM SANEHI AAVHI

RAM SANEHI AAVHI, JAB RAM SANEHI AAVAHI,
TAN MAN MANGAL HOT PARAM SUKH,
AANAND ANG NA MAYAHI.....
ADHIK AUCHHAV MAGAN MAN MERE,
CHAU DISH CHOK PURAV HI,
BAL BAL JAVUN, GAVUN NA KABHU,
PREM MAGAN GUN GAV HI.....1
SAKAL SUHAG BHAG SUNDERKO,
MOHAN RUP DEKHAV HI,
JAN RAYE JAB JUGDISH DAYA KARI,
PADADA KHOL KHELAVA HI....2

## KOI AJ JASE KOI KAL

KOI AAJ JASHE KOI KAL, AATO, PANKHIDA NO MELO,
MATE BHAJILO DIN DAYAL, AATO PANKHIDANO MELO,
AATO PANKHIDANO MELO,
AATO YUGDHRSHANNO FERO.....KOI
SAHUA RUNANU BANDHE MALIA, KOI JANAMANAN SUKRUT FALIAN,
SAHU AAVYA TEVA JAY,
AATO PANKHIDANO MELO....KOI
MAYANO AA KHEL CHHE KHOTO, KAYA PANINO PARPOTO,
KYARE FUTE SHUN KAHEVAY ?
AATO PANKHIDANNO MELO.....KOI
SATHE KOI AAVYUN NA AAVE, SAHUA SAHUNA RASTE JAVE,
JAVA VADALIA VIKHRAY,
AATO PANKHIDANO MELO....KOI
MALIO MANAV JANMA AMOLO,SAMAJI HARI BHAJANMA DOLO,
SHANKER AMRUT VANI GAY,
AATO PANKHIDA NO MELO.....KOI

## રામ સનેહી આવહી (રાગ સારંગ)

રામ સનેહી આવહી, જબ રામ સનેહી આવહી
તન મન મંગલ હોત પરમ સુખ, આનંદ અંગ ન માયહી.....

અધિક ઓચ્છવ મગન મન મેરે, ચૌદિશ ચોક પૂર વહી,
બલબલ જાઉ ગાઉ ન કબહુ, પ્રેમ મગન ગુણ ગાવહી.....૧

સકલ સુહાગ ભાગ સુંદરકો, મોહન રૂપ દેખાવહી,
જન રાયે જબ જુગદીશ દયા કરી, પડદા ખોલ ખેલાવહી.....૨

## કોઈ આજ જશે કોઈ કાલ

કોઈ આજ જશે કોઈ કાલ, આ તો પંખીડાનો મેળો,
માટે ભજી લો દીન દયાળ, આ તો પંખીડાનો મેળો.
આ તો પંખીડાનો મેળો, આ તો યુગ દર્શનનો ફેરો.....કોઈ આજ
સહુએ ઋણાનુબંધે મળિયા, કોઈ જનમનાં સુકૃત ફળિયાં,
સહુ આવ્યા તેવા જાય, આ તો પંખીડાનો મેળો.....કોઈ આજ
માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણીનો પરપોટો,
કયારે ફૂટે શું કહેવાય? આ તો પંખીડાંનો મેળો.....કોઈ આજ
સાથે કોઈ આવ્યું ના આવે, સહુએ સહુના રસ્તે જાવે,
જેવાં વાદળિયાં વિખરાય, આ તો પંખીડાનો મેળો.....કોઈ આજ
મળિયો માનવ જન્મ અમોલો, સમજી હરિભજનમાં ડોલો,
શંકર અમૃત વાણી ગાય, આ તો પંખીડાનો મેળો.....કોઈ આજ

# VIDHINA LEKH NAHIN SAMJAY

VIDHINA LEKH NAHIN SAMJAY, VIDHINA LEKH NAHIN SAMJAY
JIVANMAN THAVANUN HOY TE THAY, VIDHINA LEKH NAHIN SAMJAY

1. DASHRATH RAMNO ABHISHEK KARVA, ATI GHANA HARKHAY
   (UPPER VOICE) RAMJI VANMAN JAY TYAN TO,
   DASHRATH JIVA DO JAY....VIDHINA LEKH....
2. MAYA MRUGNE NIRKHI SITA, TRUSHNA NE VASH THAY,
   (UPPER VOICE) RAMJI MRUGNI PACHHAL DODYA,
   SITA HARAN TYAN THAY....VIDHINA LEKH....
3. RAVAN SARKHO GNANI RAJA, DHARMA CHALIT RE THAY
   (UPPER VOICE) SAMPURNA LANKA BHAD BHAD LAGI,
   RAVAN SADGAT THAY....VIDHINA LEKH....
4. SITARAM NO NAM JAPINE, PAPI PAVAN THAY,
   (UPPER VOICE) SATI SITAJI VANGUNA AE,
   FARITHI VANMA JAY....VIDHINA LEKH....
5. RAM RAJYA NA NYAYI LEKHA, SAMAJYA NAHI SAMJAY,
   (UPPER VOICE) SHIVRAM VANKA LEKH VIDHINA,
   KOI GHADI VANCHAY....VIDHINA LEKH....
6. KAIKAYI MATANU VACHAN PALVA, RAMJI VANMA JAY,
   (UPPER VOICE) VIDHATAAE LEKH LAKHYA JE,
   KOITHI MITHAYA NATHAY....VIDHINA LEKH....
7. DASH RATH RAMNE RAJA JOVA, HAIYA GHANA HARKHAY,
   (UPPER VOICE) RAMJI VANMA CHALI NIKALYA,
   DASHRATH CHHODE KAY....VIDHINA LEKH....
8. NANU SARKHU RAJYA RAVANNU, ANITI BAHU TYA THAY,
   (UPPER VOICE) DASHE MASTAK CHHEDAI GAYA
   NE LANKA MA LAGI LAY....VIDHINA LEKH....
9. RAM NAMNO MAHIMA MOTO, JO KOI BHAVE GAY,
   (UPPER VOICE) RAM SITANA NAMAJ LETA,
   PAPI PAVAN THAY....VIDHINA LEKH....

## વિધિનાં લેખ નહીં સમજાય

વિધિનાં લેખ નહીં સમજાય, વિધિનાં લેખ નહીં સમજાય,
જીવનમાં થવાનું હોય તે થાય, વિધિનાં લેખ નહીં સમજાય.

૧.........દશરથ રામનો અભિષેક કરવા, અતિઘણા હરખાય,
(ઊંચેથી) રામજી વનમાં જાય ત્યાં તો, દશરથ જીવડો જાય.....વિધિનાં લેખ

૨.........માયા મૃગને નીરખી સીતા, તૃષ્ણાને વશ થાય,
(ઊંચેથી) રામજી મૃગની પાછળ દોડયા, સીતા હરણ ત્યાં થાય.....વિધિનાં લેખ

૩.........રાવણ સરખો જ્ઞાની રાજા, ધર્મ ચલિત રે થાય,
(ઊંચેથી) સંપૂર્ણ લંકા ભડભડ લાગી, રાવણ સદગત્ થાય.....વિધિનાં લેખ

૪.........સીતારામનું નામ જપીને, પાપી પાવન થાય,
(ઊંચેથી) સતી સીતાજી વણ ગુનાએ, ફરીથી વનમાં જાય.....વિધિનાં લેખ

૫.........રામ રાજયનાં ન્યાયી લેખાં, સમજયાં નહિ સમજાય,
(ઊંચેથી) શિવરામ વાંકા લેખ વિધિના, કોઈ ઘડી વંચાય.....વિધિનાં લેખ

૬.........કૈકયી માતાનું વચન પાળવા, રામજી વનમાં જાય,
(ઊંચેથી) વિધાતાએ લેખ લખ્યા જે, કોઈથી મિથ્યા ન થાય.....વિધિનાં લેખ

૭.........દશરથ રામને રાજા જોવા, હૈયે ઘણા હરખાય,
(ઊંચેથી) રામજી વનમાં ચાલી નીકળ્યા, દશરથ છોડે કાય.....વિધિનાં લેખ

૮.........નાનું સરખું રાજય રાવણનું, અનીતિ બહુ ત્યાં થાય,
(ઊંચેથી) દશે મસ્તક છેદાઈ ગયાંને, લંકામાં લાગી લાય.....વિધિનાં લેખ

૯.........રામ નામનો મહિમા મોટો, જે કોઈ ભાવે ગાય,
(ઊંચેથી) રામસીતાનાં નામ જ લેતાં, પાપી પાવન થાય.....વિધિનાં લેખ

## RAM VINA BHARAT RUDAN KARE CHHE

RAM VINA BHARAT RUDAN KARE CHHE,
MANE KOI TO RAH BATAVO,
MARA VHALA BHAI TAME AAVO,
MATA AE MAGELU VACHAN, MARE NATHI JOITUN
AYOUDHYA NAGARI CHHE, BHAI TAMARA AADHARE,
TAME AAVINE RAH BATAVO.....MARA VHALA BHAI TAME
MATA KAUSHALYA RUDAN KARECHHE,
PITA DASHRATHE PRAN TAJYA CHHE
TAMO AVINE AMNE SAMBHALO.....MARA VHALA BHAI TAME
DASI MANTHRA AE KAPATJ KIDHUN,
MATA KAIKAIYE VARDAN MANGYUN,
AVICHARI VACHAN ANE MANGYUN.....MARA VHALA BHAI TAME
DAYA VAGARNI MARI CHHE MATA,
ABHAGIRE HUN TO AENO CHHUN BAL,
SURYA VANSHI NUN KAUL LAJAVYUN,.....MARA VHALA BHAI TAME
PAYE PADUN CHHUN, VIRATAME AAVO,
VIRA LAXMAN NE SANGATHE LAVO,
MATA SITATHI VAN NA SAHEVASHE.....MARA VHALA BHAI TAME
DHANYA CHHE TARI MATRU BHUMINE RE,
PADUKA MELI BHARAT RAJYA KARE CHHE
DHANYA DHANYA A VACHAN TAMARAN.....MARA VHALA BHAI TAME

### DHUN

SHREE RAM JAY RAM, JAY JAY RAM,
SHREE RAM JAY RAM , JAY JAY RAM
JAY RAGHUNANDAN, JAY SIARAM (2)
JAY RAGHUNANDAN JAY SIARAM, JAY JAY RAMA.....1
SHREE RAM JAY RAM, JAY JAY RAM , JAY JAY RAMA
SHREE RAM JAY RAM, JAY HANUMAN,
SHREE RAM JAY RAM, JAY HANUMAN, JAY JAY RAMA.....2
SHREE RAM JAY JAY JAY JALARAM,
SHREE RAM JAYRAM, JAY JALA RAM
SHREE RAM JAY RAM, JAY GURDEV,
SHREE RAM JAY RAM JAY GURUDEV -JAY JAY RAMA.....3
SHREE RAM JAY RAM, JAY JAY RAM, JAY JAY RAMA.....4

રામ વિના ભરત રૂદન કરે છે, મને કોઈ તો રાહ બતાવો,
મારા વ્હાલા ભાઈ તમે આવો,
માતાએ માંગેલું વચન મારે નથી જોઈતું
અયોધ્યા નગરી છે ભાઈ તમારા આધારે
તમે આવીને રાહ બતાવો,.....મારા વ્હાલા ભાઈ તમે..
માતા કૌશલ્યા રૂદન કરે છે, પિતા દશરથે પ્રાણ તજયા છે.
તમો આવીને અમને સંભાળો.....મારા વ્હાલા ભાઈ તમે..
દાસી મંથરાએ કપટ જ કીધું, માતા કૈકૈયીએ વરદાન માંગ્યું,
અવિચારી વચન એણે માંગ્યું.....મારા વ્હાલા ભાઈ તમે..
દયા વગરની મારી છે માતા, અભાગી રે હું તો એનો છું બાળ,
સૂર્યવંશીનું કુળ લજાવ્યું.....મારા વ્હાલા ભાઈ તમે..
પાયે પડું છું, વીરા તમે આવો, વીરા લક્ષ્મણને સંગાથે તે લાવો,
માતા સીતાથી વન ના સહેવાશે.....મારા વ્હાલા ભાઈ તમે..
ધન્ય છે તારી માતૃભૂમિને રે, પાદુકા મેલી ભરત રાજય કરે છે,
ધન્ય ધન્ય એ વચન તમારાં.....મારા વ્હાલા ભાઈ તમે..

## ધૂન

શ્રી રામ જય રામ, જય જય રામ, શ્રી રામ જય રામ, જય જય રામ
જય રઘુનંદન જય સીયારામ (૨) જય રઘુનંદન જય સીયારામ, જય જય રામ.....૧
શ્રી રામ જય રામ, જય જય રામ, જય જય રામા,
શ્રી રામ જય રામ, જય હનુમાન, શ્રી રામ જય રામ જય હનુમાન, જય જય રામા
શ્રી રામ જય રામ, જય જય રામ, જય જય રામા.....૨
શ્રી રામ જય જય જય જલારામ, શ્રી રામ જય રામ જય જલારામ -જય જય રામા,
શ્રી રામ જય રામ, જય ગુરુદેવ, શ્રીરામ જય રામ જય ગુરુદેવ, જય જય રામા.....૩
શ્રી રામ જય રામ, જય જય રામ, જય જય રામા.....૪

## TAME AMARA, AME TAMARA

TAME AMARA, AME TAMARA, A BANDHAN NA CHHUTE,
.....AMNE BHULSO NA (2)
TAME CHHO SAGAR, AME KINARA, SNEH KADI NA KHUTE
.....AMNE BHUSO NA (2)
O MARA VHALA JANMA JANMA DEJO SATH RE (2)
BHALE NE AAKHI DUNIA RUTHE, MATA KADI NA RUTHE
.....AMNE BHULSO NA (2)
O MARI MAVADI, HAIYANI JANO TAMO VAT RE (2)
CHHEDO TAMARA PALAVDA NO, JIVAN BHAR NA CHHUTE
.....AMNE BHULSONA (2)
HO MARI MAVADI, TARA BHAKTONA MANANI PURO ASH RE,
HO ASH RE,
MADI TARA DARSHAN KARATA, PRAN AMARA CHHUTE,
.....AMNE BHULSO NA (2)

## SADGURUA SHANMAN SAMJAVYUN RE

SADGURA SHANMAN SAMJAVYUN RE,
SATSANG VINARE SUKH KYANY NATHI RE
SWARG MRUTYU NE PATALMAN RE,
JYA JUVO TYAN DUKHNI THAYEVAT JORE,
SATSANG VINA RE, SUKH KYANYE NATHI RE.....
SWARTH BHARELA AA SANSARMAN RE,
SUKHNE ARTHE SAHU KARE SADHAN JORE,
SATSANG VINA RE SUKH KYANYE NATHI RE.....
SHARANU SWIKARO SACHA SANTNUN RE,
THAY SADA ANTRE AANAND JO RE,
SATSANG VINA RE SUKH KYANYE YE NATHI RE.....
NARAN SWARUP GURU BHETYA RE,
SUKHIO SADA THAYO VALLABH DAS JORE
SATSANG VINA RE SUKH KYANYE NATHI RE.....

## તમે અમારા, અમે તમારા

તમે અમારા, અમે તમારા, એ બંધનના છૂટે, અમને ભૂલશો ના (૨)
તમે છો સાગર, અમે કિનારા, સ્નેહ કદીના ખૂટે,.....અમને.....(૨)
ઓ મારા વ્હાલા જન્મ જન્મ દેજો સાથ રે (૨)
ભલેને આખી દુનિયા રૂઠે, માતા કદી ન રૂઠે.....અમને.....(૨)
ઓ મારી માવડી, હૈયાની જાણો તમો વાત રે, (૨)
છેડો તમારા પાલવડાનો, જીવનભર ના છૂટે.....અમને.....(૨)
હો મારી માવડી, તારા ભકતોનાં મનની પૂરો આશ રે, હો આશ રે,
માડી તારાં દર્શન કરતાં, પ્રાણ અમારા છૂટે,.....અમને.....(૨)

## સદ્‌ગુરુએ શાનમાં સમજાવ્યું રે

સદ્‌ગુરુએ શાનમાં સમજાવ્યું રે, સતસંગ વિના રે સુખ કયાંય નથી રે,
સ્વર્ગ મૃત્યુને પાતાળમાં રે, જયાં જુઓ ત્યાં દુઃખની થાયે વાત જો રે,
સતસંગ વિના રે સુખ કયાંય નથી રે.....

સ્વાર્થ ભરેલા આ સંસારમાં રે, સુખને અર્થે સૌ કરે સાધન જોરે,
સત્‌સંગ વિના રે સુખ કયાંય નથી રે.....

શરણું સ્વીકારો સાચા સંતનું રે, થાય સદા અંતરે આનંદ જો રે,
સતસંગ વિના રે સુખ કયાંય નથી રે.....

નારણ સ્વરૂપ ગુરુ ભેટયા રે, સુંખિયો સદા થયો વલ્લભ દાસ જો રે,
સતસંગ વિના રે સુખ કયાંય નથી રે.....

## JANMO JANAM NO SATH SHIVAJI

JANMO JANMNO SATH SHIVAJI,
TARO AMARO, AMARO TAMARO (2)
SHISH NAMAVI KARIA VANDAN,
DARSHAN DO TAMARAN..... JANMO
SUKHNI PACHHAL DODE, DUKH DARIYAMAN DUBE,
DUNIA SAGHALI TARI, TARI LILANI BALIHARI,
PUJA KARIA SHIVAJI TAMARI,
DARSHAN DO TAMARAN..... JANMO
BHAKTI PACHHAL DODE, BHAKTI KARI HARI CHHODO,
ASHA PRUBHUJI EK TAMARI,
DARSHAN DO TAMARAN..... JANMO
SARI DUNIA SAHVA, SHIVANA GUNALAN GAYE,
KISMAT VALA AME SHIVAJI,
TARA CHARNE SHISH NAMAVIA..... JANMO
SARVE BENO SATHE, TARE DWARE AAVE,
TARE DWARE AVI TARI DHUN MACHAVE,
ARAJI AMARI EK SWIKARO,
DARSHAN DO TAMARAN...... JANMO

## TUN TO MALARE, JAPILE MARA RAMNI

TARI EK PAL JAY LAKHNI, TUN TO MALARE JAPILE MARA RAMNI,
SATHE LAVYA SHUN LAI JASHO ? AAVYA TEVA KHALI JASO;
JIVAN DHANYRE BANAVO BHAKTI BHAVTHI..... TUN TO MALA RE
JUTHA JAGNA JUTHA KHEL, MANAVA MARUN TARUN MEL,
TUN TO CHHODI DE CHINTA AKHA GAMNI..... TUN TO MALA RE
RAM RANGILA RANCHHHOD, MARA CHITADAN NO CHOR,
MEN TO MURATI JOI CHHE MARA RAMNI..... TUN TO MALA RE
BHAKTI KHANDAN KERI DHAR, UGANSHINUN NAHI KAM,
HA RE MANE LAGI RE LAGAN BHAGVANNI..... TUN TO MALA RE
MANMAN LAGI TALAVELI, AANKHE AANSUNDANI HELI,
NE HUN CHETINE CHALI, YAM TANA MARTHI..... TUN TO MALA RE

## જન્મો જન્મનો સાથ શિવજી

જન્મો જન્મનો સાથ શિવજી, તારો અમારો અમારો તમારો (૨)
શીશ નમાવી કરીએ વંદન, દર્શન દો તમારાં..... જન્મો જન્મનો સાથ
સુખની પાછળ દોડે, દુઃખ દરિયામાં ડૂબે,
દુનિયા સઘળી તારી, તારી લીલાની બલિહારી,
પૂજા કરીએ શિવજી તમારી, દર્શન તમારાં..... જન્મો જન્મનો સાથ
ભક્તિ પાછળ દોડે, ભક્તિ કરી હરિ છોડો,
આશ પ્રભુજી એક તમારી, દર્શન દો તમારાં..... જન્મો જન્મનો સાથ
સારી દુનિયા સૌએ, શિવના ગુણલાં ગાયે,
કિસ્મતવાળા અમે શિવજી, તારા ચરણે શીશ નમાવીએ..... જન્મો જન્મનો સાથ
સર્વે બેનો સાથે, તારે દ્વારે આવે, તારે દ્વારે આવી તારી ધુન મચાવે,
અરજી અમારી એક સ્વીકારો, દર્શન દો તમારાં..... જન્મો જન્મનો સાથ

## તું તો માળા રે, જપીલે મારા રામની

તારી એક પળ જાય લાખની, તું તો માળા રે જપીલે મારા રામની,
સાથે લાવ્યા શું લઈ જાશો? આવ્યા તેવા ખાલી જાશો;
જીવન ધન્ય રે બનાવો ભક્તિ ભાવથી..... તુ તો માળા રે જપીલે.
જુઠા જગના જુઠા ખેલ, મનવા મારૂં તારૂં મેલ,
તું તો છોડી દે ચિંતા આખા ગામની..... તું તો માળા રે જપીલે.
રામ રંગીલા રણછોડ, મારા ચીતડાંનો ચોર,
મેં તો મૂર્તિ જોઈ છે મારા રામની..... તું તો માળા રે જપીલે.
ભક્તિ ખાંડાં કેરી ધાર, ઉંઘણશીનું નહિ કામ,
હાંરે મને લાગી રે લગન ભગવાનની..... તું તો માળા રે જપીલે.
મનમાં લાગી તાલાવેલી, આંખે આંસુડાની હેલી,
ને હું ચેતીને ચાલી, યમ તણા મારથી..... તું તો માળા રે જપીલે.

## MAYA NAHI SAMJAY, PRUBHUJI TARI

MAYA NAHI SAMJAY,
PRABHUJI TARI MAYA NAHI SAMJAY,
EK MANAVI MARI RAHYO NE,
BIJO MARVA PEDA THAY..... PRABHUJI TARI.
KON KYANTHI AAVE, AE TO KOITHI NA SAMJAY,
KAL AAJ ANE AAVATI KALNA,
VAMALMAN SAHU ATVAY..... PRABHUJI
MOH MAYAVI AA DUNIYAMAN, AATMA GHANO ATVAY,
EK TARNE SANDHTAN JYARE HAJARO TUTI JAY..... PRABHUJI TARI
SUKHNO SATH GHANO SARO LAGE,
DUKH KADI NAV SAHEVAY,
CHANCHAL AVICHAL AA DUNIYAMAN KOITHI NAV RAHEVAY..... PRABHUJI
AATAMNI AA SHRUSTI NYARI, KOI AAVE NE KOI JAY,
PRABHU BHAJAN JE KARSE,
MANAV BHAVSAGAR TARI JAY..... PRABHUJI TARI

## TAME SHANTI SADA DHARJO, PRABHU NO

TAME SHANTI SADA DHARAJO,
PRABHUNO NYAYA JUDO CHHE,
DUKHANE VADHAVI LEJO, PRABHUNO NYAYA JUDO CHHE.....TAME
SUKH CHHE SWAPNA JEVUN,
DUKHNE SUKH MANI LEVUN,
RAKHE JEM RAM TEM RAHEVUN,
PRABHUNO NYAYA JUDO CHHE....TAME
RAM HARISHCHANDRA NAL RAJA,
TANA DUKHNI NA RAHI MAZA,
RAKHADTA TE BANYA RAJA,
PRABHUNO NYAYA JUDO CHHE...TAME
PAPINE SUKHE SUVADE, UNCHE CHADHAVI PACHHADE,
SUKH ANTE BAP BARADE, PRABHUNO NYAYA JUDO CHHE...TAME
PRABHU BHAKTONE DUKH DETO,
NIRMALNE VYAS SHARANE LETO,
SUKH KAJE DUKHO DETO, PRABHUNO NYAYA JUDO CHHE...TAME

## માયા નહિ સમજાય, પ્રભુજી તારી

માયા નહિ સમજાય, પ્રભુજી તારી માયા નહિ સમજાય,
એક માનવી મરી રહ્યોને, બીજો મરવા પેદા થાય...... પ્રભુજી તારી.
કોણ ક્યાંથી આવે એતો કોઈથી ના સમજાય,
કાલ આજ અને આવતી કાલના વમળમાં સહુ અટવાય..... પ્રભુજી તારી.
મોહ માયાવી આ દુનિયામાં આત્મા ઘણો અટવાય,
એક તારને સાંધતાં જ્યારે હજારો તૂટી જાય...... પ્રભુજી તારી.
સુખનો સાથ ઘણો સારો લાગે, દુઃખ કદી નવ સહેવાય,
ચંચળ અવિચળ આ દુનિયામાં કોઈથી નવ રહેવાય...... પ્રભુજી તારી.
આતમની આ સૃષ્ટિ ન્યારી, કોઈ આવેને કોઈ જાય,
પ્રભુ ભજન જે કરશે, માનવ ભવસાગર તરી જાય..... પ્રભુજી તારી.

## તમે શાન્તિ સદા ધરજો, પ્રભુનો ન્યાય જુદો છે

તમે શાન્તિ સદા ધરજો, પ્રભુનો ન્યાય જુદો છે,
દુઃખને વધાવી લેજો, પ્રભુનો ન્યાય જુદો છે..... તમે શાન્તિ.
સુખ છે સ્વપ્ના જેવું, દુઃખને સુખ માની લેવું,
રાખે જેમ રામ તેમ રહેવું, પ્રભુનો ન્યાય જુદો છે..... તમે શાન્તિ.
રામ હરિશ્ચન્દ્ર નળરાજા, તણા દુઃખની ન રહી માઝા,
રખડતા તે બન્યા રાજા, પ્રભુનો ન્યાય જુદો..... તમે શાન્તિ.
પાપીને સુખે સુવાડે, ઊંચે ચઢાવી પછાડે,
સુખ અંતે બાપ બરાડે, પ્રભુનો ન્યાય જુદો છે..... તમે શાન્તિ.
પ્રભુ ભક્તોને દુઃખ દેતો, નિર્મળને વ્યાસ શરણે લેતો,
સુખ કાજે દુઃખો દેતો, પ્રભુનો ન્યાય જુદો છે..... તમે શાન્તિ.

## O PRABHU TAME BHULAYANE PANTH BATAVO

O PRABHU TAME BHULIYANE PANTH BATAVO,
JIVAN PANTH BATAVO RE ..... O PRABHU
BHULO PADYO CHHUN BHAVANA RANMA,
RASTO MALE NAHIN KOI,
BANINE BHOMIO AAVO O BHUDHAR,
VAT RAHYO CHHUN JOI RE..... O PRABHU.
BHAV RUPI AA RAN ATI VIKAT CHHE,
DAYA NIDHI DAYA LAVO,
HE KARUNA MAY JAGATNA SWAMI,
BACHUN JO AAP BACHAVO RE..... O PRABHU.
KAM KRODH NE MAD MOHNA KANTA PADYA CHHE,
MARAGMAN THAINE SANT,
LOBHNE THOBH NATHI JAGMAN,
PADYA CHHE IRSHA A FANTA RE..... O PRABHU.
ANTARYAMI SAAD SUNINE,
SHARNE MANE TAME LEJO
ANTAHKARANTHI POKAR PADUN,
JIVANJYOT JAGAVO RE..... O PRABHU.

## AATMANE JUNUN LAGYUN RE

AATMANE JUNUN LAGYUN RE, PANKHI NE JUNUN LAGYUN RE,
PINJER JUNUN LAGYUN RE,
ANE BAHU BAHU SAMJAVYUN RE, TOY ANE KAHUN NA MANYUN,
ANE NAVUN PINJER MANGYURE, PINJER JUNUN LAGYUN.
AA KAYA KUMBH CHHE KACHO, SAMJO TO AEMA NA RACHO,
PARMATMA EAKAJ SACHO RE, PINJER JUNUN LAGYUN...... AATMA NE
AA CHARE KORNI MAYA, TEMAN SAGHALA BHED SAMAYA,
MAN MANAVNA LOBHAYAN RE, PINJER JUNUN LAGYUN..... AATMA NE.
AA DUNIYANI SAGAI, RAHI PYARMAN PATHRAI,
AATMA ZANKHE RAGHU RAI RE, PINJER JUNUN LAGYUN....AATMA NE.
TAME SAMOJU THANE MANO, AA KAMNA AAVE KHAJANA,
PRABHU NAM KHARO PARVANO RE,
PINJER JUNUN LAGYUN..... AATMA NE.
AA AJAR AMAR CHHE AATMA, CHHE TARO ANSH PARMATMA,
AAJUDO NATHI JIVATMA RE, PINJER JUNU LAGYU..... AATMA NE.

## ઓ પ્રભુ તમે ભૂલ્યાને પંથ બતાવો

ઓ પ્રભુ તમે ભૂલ્યાને પંથ બતાવો, જીવન પંથ બતાવો રે..... ઓ પ્રભુ તમે
ભૂલો પડયો છું ભવના રણમાં, રસ્તો મળે નહીં કોઈ,
બનીને ભોમિયો આવો ઓ ભૂધર, વાટ રહ્યો છું જોઈ રે..... ઓ પ્રભુ તમે.
ભવરૂપી આ રણ અતિ વિકટ છે, દયા નિધિ દયા લાવો,
હે કરૂણામય જગતનાં સ્વામી, બચું જો આપ બચાવો રે..... ઓ પ્રભુ તમે.
કામ ક્રોધને મદ મોહના કાંટા પડયા છે, મારગમાં થઈને સંત,
લોભને થોભ નથી જગમાં, પડયો છે ઈર્ષા એ ફાંટા રે..... ઓ પ્રભુ તમે.
અંતરયામી સાદ સુણીને, શરણે મને તમે લેજો,
અંતઃકરણથી પોકાર પાડું, જીવન જ્યોત જગાવે રે..... ઓ પ્રભુ તમે.

## આત્માને જૂનું લાગ્યું રે

આત્માને જૂનું લાગ્યું રે, પંખીને જૂનું લાગ્યું રે, પિંજર જૂનું લાગ્યું રે,
એને બહુ બહુ સમજાવ્યું રે, તોય એણે કહ્યું ન માન્ય.
એણે નવું પિંજર માગ્યું રે, પીંજર જૂનું લાગ્યું,
આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમાં ન રાચો,
પરમાત્મા એક જ સાચા રે, પિંજર જૂનું લાગ્યું.....આત્માને જૂનું લાગ્યું રે.
આ ચારે કોરની માયા, તેમાં સકળ ભેદ સમાયા,
મન માનવના લોભાયાં રે, પિંજર જૂનું લાગ્યું.....આત્માને જૂનું લાગ્યું રે.
આ દુનિયાની સગાઈ, રહી પ્યારમાં પથરાઈ,
આત્મા ઝંખે રઘુરાઈ રે, પિંજર જૂનું લાગ્યું.....આત્માને જૂનું લાગ્યું રે.
તમે સમજુ થઈને માનો, આ કામના આવે ખજાનો,
પ્રભુ નામ ખરો પરવાનો રે, પિંજર જૂનું લાગ્યું.....આત્માને જૂનું લાગ્યું રે.
આ અજર અમર છે આત્મા, છે તારો અંશ પરમાત્મા,
આ જુદો નથી જીવાત્મા રે, પિંજર જૂનું લાગ્યું.....આત્માને જૂનું લાગ્યું રે.

## BOLYA BOLYA SHREE BHAGVAN

BOLYA BOLYA SHREE BHAGVAN (2) ARJUN SAMBHLO RE,
TAMNE KAHUN CHHUN GITA GNAN,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA .....1
ATMA MARTO NATHI AMAR CHHE,
AVUN SAMAJE TE GNANI CHHE,
TE SANKHYA YOGI KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA .....2
SAT KARMA DHARMA ACHARTA, CHIT SHUDHH THAY,
TE KARMA YOG KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA .....3
SAT KARMA SADA ARACHIA, FAL HARINE ARPAN KARIA,
TE BRAMAPAN KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA .....4
JEM KAMALPATRA PANIMAN, TEM RAHE CHHE JE DUNIYAMAN,
TE SANYASI KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA .....5
POTE POTANO GURU BANIA, NARAYANNU DHYAN DHARIA,
TE SAYAMI KAHEVAY, ARJUN SABHLO RE.....BOLYA BOLYA ...6
VASUDEV SARVA VYAPAK CHHE, HAJARO MA KOK JANE CHHE,
TE VIGNANI KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLIA BOLYA .....7
AAKHA VISVA TANO KSHYA THAY,
MARUN DHAN AKSHYA KAHEVAY,
AKSHAR BRAHM TE KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA .....8
SARJUN PALUN NE SANHARUN,
BHAVE BHAJAN KARO TAME MARUN,
TE RAJYOG KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA .....9

(To be Cont...next Page)

## બોલ્યા બોલ્યા શ્રીભગવાન

બોલ્યા બોલ્યા શ્રીભગવાન (૨) અર્જુન સાંભળો રે,
તમને કહું છુ ગીતા જ્ઞાન, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧

આત્મા મરતો નથી અમર છે, એવું સમજે તે જ્ઞાની છે,
તે સાંખ્ય યોગી કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૨

સત્‌કર્મ ધર્મ આચરતાં, ચિત્ત શુધ્ધ થાય,
તે કર્મયોગ કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૩

સત્‌કર્મ સદા આચરીએ, ફળ હરિને અર્પણ કરીએ,
તે બ્રહ્માર્પણ કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૪

જેમ કમળ પત્ર પાણીમાં, તેમ રહે છે જે દુનિયામાં,
તે સંન્યાસી કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૫

પોતે પોતાના ગુરુ બનીએ, નારાયણનું ધ્યાન ધરીએ,
તે સંયમી કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૬

વાસુદેવ સર્વ વ્યાપક છે, હજારોમાં કોક જાણે છે,
તે વિજ્ઞાની કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૭

આખા વિશ્વ તણો ક્ષય થાય, મારું ધામ અક્ષય કહેવાય,
અક્ષર બ્રહ્મ તે કહેવાય, અર્જુન સાંભળો ૨.....બોલ્યા બોલ્યા...૮

સરજું પાળું ને સંહારું, ભાવે ભજન કરો તમે મારું,
તે રાજ યોગ કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૯

(આગળના પાન પર)

(Cont....)

ANTARNI AANKHO KHOLO, MANE SAGHALE HAVE TAME JOI LYO,
TE VISVA RUP KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....10

ANANT CHINTAN MARU KARSHE, TE MRUTYU SAGAR TARSE,
AVUN BHAKTI YOG SAMJAVE,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....11

DEH PRAKRUTI NO KAHEVAY, JIV MARO ANSH KAHEVAY,
KHSETR KHSETRAGNA KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....12

JYARE BHED BHAVNA JAYE, TYARE SAMANTA AAVE,
TYARE TRIGUNATIT KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....13

JAG URUKSHA TANUN JE MUL CHHE,
JAD CHETANTHI UTAM CHHE,
TE PURUSHOTAM KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....14

SAD BUDDHI DEV KAHEVAY, KUBUDDHI ASUR KAHEVAY,
TE DEVASUR KAHEVAY,
ARJUN SAMBHLO RE...BOLYA BOLYA.....15

JEVU ANNA TEVU MAN, TEVI SHRADDHA JEVU MAN,
TE SHRADHA MAYA KAHEVAY,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....16

SAGALA DHARMO CHHODI DYONE, MARE SHARNE AAVO NE,
MUKTA SANYASI THAINE,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....17

GITAMRUTI PAN JE KARSHE, TE MRUTYU SAGAR TARSE,
SHIV RAM THASHE JAY JAYKAR,
ARJUN SAMBHLO RE..... BOLYA BOLYA.....18

(આગળના પાનાનું ચાલુ)

અંતરની આંખો ખોલો, મને સઘળે હવે તમે જોઈ લ્યો,
તે વિશ્વરૂપ કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૦

અનંત ચિંતન મારું કરશે, તે મૃત્યુ સાગર તરશે,
એવું ભક્તિ યોગ સમજાવે, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૧

દેહ પ્રકૃતિનો કહેવાય, જીવ મારો અંશ કહેવાય,
ક્ષેત્ર - ક્ષેત્રજ્ઞ કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૨

જ્યારે ભેદ-ભાવના જાયે, ત્યારે સમાનતા આવે,
ત્યારે ત્રિગુણાતીત કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૩

જગ વૃક્ષ તણું જે મૂળ છે, જડ, ચેતનથી ઉત્તમ છે,
તે પુરુષોત્તમ કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૪

સદ્‌બુદ્ધિ દેવ કહેવાય, કુબુદ્ધિ અસુર કહેવાય,
તે દેવાસુર કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૫

જેવું અન્ન તેવું મન, તેવી શ્રધ્ધા જેવું મન,
તે શ્રધ્ધામય કહેવાય, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૬

સઘળા ધર્મો છોડી દ્યોને, મારે શરણે આવોને,
મુક્ત સંન્યાસી થઈને, અર્જુન સાંભળો રે.....બોલ્યા બોલ્યા...૧૭

ગીતામૃત પાન જે કરશે, તે મૃત્યુ સાગર તરશે,
શિવ રામ થાશે, જય જય કાર, અર્જુન સાંભળો રે..... બોલ્યા...૧૮

## PRABHUNA UPKARO HUN TO BHULI RE GAYO

BHULI RE GAYO, HUN TO,
BHULI RE GAYO HUN.....PRABHUNA UPKARO

SACHARE MARAG, MANE SUZYA NA ANTRE,
KAYANA GUMANE, HUN TO BHULI RE GAYO
...... PRABHUNA.

DHARMA NE DHYAN BHULYO,
DEVONE DAN BHULYO,
BHULINE KATHAMRUT PAN DUBI RE GAYO
..... PRABHUNA.

SANYAM NIYAM BHULIYO,
VRATNA VIDHAN BHULYO,
SATYA SANTOSH, SHANTI BHULI RE GAYO
..... PRABHUNA.

SHASTRONA GYAN BHULYO,
SWARTH PARMARTH BHULYO,
ABHIMAN MOTAIMAN,
HUN TO ZULI RE RAHYO..... PRABHUNA.

JANI JOINE BHULYO HOVUN TO,
KSHMA KARONE VAHALA,
PUNIT THAVANE NARHARI,
KHULI TO RAHYO..... PRABHUNA

## પ્રભુના ઉપકારો હું તો ભૂલી રે ગયો

ભૂલી રે ગયો હું તો ભૂલી રે ગયો, હો....

.....પ્રભુના ઉપકારો હું તો ભૂલી રે ગયો.

સાચા રે મારગ મને સુઝયા ના અંતરે,

કાયાના ગુમાને, હું તો ફૂલી રે ગયો..... પ્રભુના ઉપકારો.

ધર્મને  ધ્યાન ભૂલ્યો, દેવોને દાન ભૂલ્યો,

ભૂલીને કથામૃત પાન, ડુબી રે  ગયો..... પ્રભુના ઉપકારો.

સંયમ નિયમ ભૂલ્યો, વ્રતનાં વિધાન ભૂલ્યો,

સત્ય સંતોષ, શાંતિ ભૂલી રે ગયો..... પ્રભુના ઉપકારો.

શાસ્ત્રોનાં જ્ઞાન ભૂલ્યો, સ્વાર્થ પરમાર્થ ભૂલ્યો,

અભિમાન મોટાઈમાં હું તો ઝૂલી રે રહ્યો..... પ્રભુના ઉપકારો.

જાણી જોઈને ભૂલ્યો હોઉ તો, ક્ષમા કરોને વહાલા,

પુનિત થવાને નરહરિ, ખૂલી તો રહ્યો..... પ્રભુના ઉપકારો.

## PRABHU MARI PASE RAHE JO

PRABHU MARI PASE RAHEJO, MANGUN MANE ATALUN DEJO,
SANJ SAVARE AARTI VELAYE,
AAVAJO SUNDIR SYAM.
ANTAR AANKH UGHADJO MARI,
AATAMNA HE RAM,
KAHEVANUN TE KANMAN KAHEJO..... MANGUN MANE
AAKHA DAHADAMAN AEK GHADI PAN,
THAYE RUDO SATSANG,
RAT DAHADO RAHUN VAHEVARMAN NE,
NA LAGE MAYANO RANG,
AATHE PAHOR ANAND DEJO..... MANGUN MANE
BUDDHI TO MARI BADLAY NAHI,
NE KARUNA KOINO DVESH,
NATAK VESH HUN BHAJAVUN CHHATAN PAN,
BHULUN NA MARO VESH,
BHALE SHIR DHUKAJ PADAJO..... MANGUN MANE
SAMAN BHAV RAHE SAHU JIVO PAR,
DAITYA PANU NAV THAY,
HUN PAD HAIYAMAN PESE NAHI NE,
BHAKTI TARI NA BHULAY,
MARUN MAN SANKAT SAHEJO..... MANGUN MANE
AARE DEHANU AAKHAR VELAYE,
THAVANU HOY TE THAY,
SAGAN NAHI PAN SANTONO MELO,
JIV KRASHNA TANA GUN GAY,
PRABHU SEVAMAN MAN RAHEJO..... MANGUN MANE
BEKAR JODI VINANTI KARUN HUN,
SHREE VRAJA MA DEJO VAS,
VARI VARI VINANTI KARI HUN, RAKHO CHARAN NI PAS,
CHATRABHUJ SHARANE LEJO..... MANGUN MANE

## પ્રભુ મારી પાસે રહેજો, માંગું મને એટલું દેજો

પ્રભુ મારી પાસે રહેજો, માંગું મને એટલું દેજો,
સાંજ સવારે આરતી વેળાએ, આવજો સુંદીર શ્યામ.
અંતર આંખ ઉઘાડજો મારી, આતમના હે રામ,
કહેવાનું તે કાનમાં કહેજો.....માંગું મને એટલું દેજો.....
આખા દહાડામાં એક ઘડી પણ, થાય રૂડો સત્સંગ,
રાત દહાડો રહું વ્યવહારમાંને, ન લાગે માયાનો રંગ,
આઠે પહોર આનંદ દેજો.....માંગુ મને એટલુ દેજો.....
બુદ્ધિ તો મારી બદલાય નહિ ને કરુંના કોઈનો દ્વેષ,
નાટક વેશ હું ભજવું છતાં પણ, ભૂલુંના મારો વેશ,
ભલે શિર દુઃખ જ પડજો.....માંગું મને એટલુ દેજો.....
સમાન ભાવ રહે સહુ જીવો પર, દૈત્યપણું નવ થાય,
હુંપદ હૈયામાં પેસે નહિ ને, ભક્તિ તારી ના ભુલાય,
મારૂં મન સંકટ સ્હેજો.....માંગું મને એટલુ દેજો.....
આરે દેહનું આખર વેળાએ, થવાનું હોય તે થાય,
સગા નહિ પણ સંતોનો મેળો, જીવ કૃષ્ણ તણા ગુણ ગાય,
પ્રભુ સેવામાં મન રહેજો.....માંગું મને એટલું દેજો.....
બેકર જોડી વિંનતિ કરું હું શ્રી વ્રજમાં દેજો વાસ,
વારી વારી વિંનતિ કરું હું, રાખો ચરણની પાસ,
ચત્રુર્ભુજ શરણે લેજો.....માંગું મને એટલું દેજો.....

## BANDHAN MAYANA CHHODAV

BANDHAN MAYANA CHHODAV, TARI PREM BHAKTIMAN,
JAGNI JALHI CHHODAV, TARI PREM BHAKTIMAN.
BHULA PADYA AA JAG JANJALE, KIDHI NAHI KAIN TAIYARI,
MARAG BHAKTI NO BATAV..... TARI PREM
GNAN VINA JUTHA ATHDATAN, UMAR VITI SARI,
SACHO SAR TO SAMJAV..... TARI PREM
SWARTH BHARYA AA SANSARETHI,
CHHEKAJ BETHA HARI,
ANTAR AANANDTHI UBHRAY..... TARI PREM
SOPI DAIYA TAN MAN DHAN AA,
TUJ CHARANE GIRDHARI,
TARA DYANMAN DOLAV... TARI PREM
ROJ UTHI RANCHHOD TUJANE, VINAVUN VARI VARI,
TARA SVARUPMAN SAMAV..... TARI PREM

## JONE TARI JINDIGANI VAHI JASHE

JONE TARI JINDGANI VAHI JASHE,
MANAMIN BADHIE RAHI JASHE..... JONE TARI
MAYANO MELO GUTHYO SANSARMAN,
OCHINTANO EAK DIN VIKHRAY JASHE..... JONE TARI
MANE CHHE MARA SAMU A KOI NATHI,
DHARELUN TARUN BADHUN DHUL THAI JASE..... JONE
KAYANI MAYA TANE LAGI MITHI,
EAK DIN AE RAKHMAN ROLAY JASE..... JONE TARI
MALNE MILKAT NA SATHE AAVE AANKH MICHATAN
BADHUN AHIN RAHI JASHE..... JONE TARI
BHATHUN BHAKTINUN BHARILE BHAVTHI,
BINDU MANAV DEH SARTHAK THAI JASHE..... JONE

## બંધન માયાના છોડાવ

બંધન માયાના છોડાવ, તારી પ્રેમ ભક્તિમાં,
જગની જાળથી છોડાવ, તારી પ્રેમ ભક્તિમાં.
ભૂલા પડયા આ જગ જંજાળે, કીધી નહિ કંઈ તૈયારી,
મારગ ભક્તિનો બતાવ.....તારા પ્રેમ ભક્તિમાં
જ્ઞાન વિના જૂઠા અથડાતાં, ઉમર વીતી સારી,
સાચો સાર તો સમજાવ.....તારી પ્રેમ ભક્તિમાં.
સ્વાર્થ ભર્યા આ સંસારેથી, છેક જ બેઠા હારી,
અંતર આનંદથી ઉભરાય.....તારી પ્રેમ ભક્તિમાં.
સોંપી દઈએ તન મન ધન આ, તુજ ચરણે ગિરધારી,
તારા ધ્યાનમાં ડોલાવ.....તારી પ્રેમ ભક્તિમાં.
રોજ ઊઠી રણછોડ તુજને, વિનવું વારી વારી,
તારા સ્વરૂપમાં સમાવ.....તારી પ્રેમ ભક્તિમાં.

## જોને તારી જિંદગાની વહી જશે

જોને તારી જિંદગાની વહી જશે, મનની મનમાં બધીએ રહી જશે..... જો ને તારા.
માયાનો મેળો ગુંથ્યો સંસારમાં, ઓચીંતાનો એક દિન વિખરાઈ જશે..... જો ને તારા.
માને છે મારા સમુએ કોઈ નથી, ધારેલું તારું બધું ધૂળ થઈ જશે..... જો ને તારા.
કાયાની માયા તને લાગી મીઠી, એક દિન એ રાખમાં રોળાઈ જશે..... જો ને તારા.
માલને મિલકત ના સાથે આવે, આંખ મીંચાતાં બધું અહીં રહી જશે..... જો ને તારા.
ભાથું ભક્તિનું ભરી લે ભાવથી, બિંદુ માનવ દેહ સાર્થક થઈ જશે..... જો ને તારા.

## BHAJAN KARI LYO BHAVE RE

BHAJAN KARI LYO BHAVE RE, BHAV BHATKAN BHANGE,
SANSAR SAGAR TARTAN RE,
KHSNU VAR NA LAGE..... BHAJAN KARI

MAYA MOH NINDRAMAN RE, GAPHEL SHUN GHORE,
PANCH CHOR VASE PASE RE,
AATMA DHAN CHORE..... BHAJAN KARI

ACHET THAI SHUN UNCHE RE, JONE AANKH UNGHDI,
VEGE VANSI JASE RE, KAYANI VADI..... BHAJAN KARI

CHET CHIDANAND MALSE RE, TALASE ANDHARUN,
AA AVARSAR CHHE RUDO RE,
THAY KARAJ TARUN..... BHAJAN KARI

MAHA PURUSHNE MARAGRE, TE PAGALU SAJE,
PRITAM PREM DHARI NE RE,
HARINA GUN GAJE..... BHAJAN KARI

## THAL : AAROGO NRUSINH MAHA PRABHU

AAROGO NRUSINH MAHA PRABHU, AAROGO NRUSHINH,
CHHAPPAN BHOG, CHHATRISH RE BHOJAN,
NANAVIDH VIDH RANG,
LAXMI BHAJAN AAP SAMBHARYO,
MANMAN DHARYO UMANG,
PATRALAN NARAD MOONEY LAYA, JAL BHAR LAYE GANG,
BHAV PRITKAR BHOJAN KIJE, TUM MERE PRAN AADHER,
ANTAR KI GAT ANTARYAMI, SAB BIDH JANANHAR,
AARTI SAJ INDRA LAI AAYA, DUR KIYO PATTCHIR,
SANAK SUNANADAN CHAMAR DHOLAVE, GAYE DAS KABIR.

## ભજન કરી લ્યો ભાવે રે

ભજન કરી લ્યો ભાવે રે, ભવ ભટકણ ભાંગે,
સંસાર સાગર તરતાં રે, ક્ષણું વાર ના લાગે..... ભજન કરી લ્યો.
માયા મોહ નિદ્રામાં રે, ગાફેલ શું ઘોરે,
પાંચ ચોર વસે પાસે રે, આત્મા ધન ચોરે..... ભજન કરી લ્યો.
અચેત થઈ શું ઊંઘે રે, જોને આંખ ઉઘાડી,
વેગે વણસી જાશે રે, કાયાની વાડી..... ભજન કરી લ્યો.
ચેત ચિદાનંદ મળશે રે, ટળશે અંધારું,
આ અવસર છે રૂડો રે, થાય કારજ તારું..... ભજન કરી લ્યો.
મહા પુરૂષને મારગ રે, તે પગલું સાજે,
પ્રિતમ પ્રેમ ધરી ને રે, હરિનાં ગુણ ગાજે..... ભજન કરી લ્યો.

## થાળ : આરોગો નૃસિંહ મહા પ્રભુ આરોગો નૃસિંહ

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગો નૃસિંહ,
છપ્પન ભોગ, છત્રીસ રે ભોજન, નાના વિધ વિધ રંગ,
લક્ષ્મી ભોજન આપ સંભાર્યો, મનમાં ધર્યો ઉમંગ,
પતરાળાં નારદમુનિ લાયા, જલ ભરલાયે ગંગ,
ભાવ પ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર,
અંતર કી ગત અંતરયામી, સબ બિધ જાનનહાર,
આરતી સાજ ઈન્દ્ર લઈ આયે, દૂર કીયો પટચીર,
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર.

## THAL : MARA RASBHINA RANCHHOD TAMANE

MARA RAS BHINA RANCHHOD,
TAMANE SHUN KARI JAMADUN,
JENA HATHE JIVAN DOR (2)
ANE SHUN KARI JAMADUN..... MARA RAS
TARU AAPYUN LEVUN NE, TARUN DHIDHUN DEVUN (2)
AEMA MARUN KAI NAHI JOR (2),
TAMANE SHUN KARI JAMADUN..... MARA RAS
POSHAN DUNIYANUN KARNARO,
MARUN SHUN JAMNARO,
HUN TO JANAM JANAM NO CHOR (2)
ANE SHUN KARI JAMADU..... MARA RAS
BHAV DHARI PIRASI PATRALIN,
PREME BHARI AA THALI (2)
MUKHVAS AE CHHE BEKAR JODE (2),
TAMANE SHUN KARI JAMADUN..... MARA RAS
PUNITNA ANTERMAN PODHO,
SNEHANI CHADAR ODHO (2)
MARA KALAJADANI KOR (2)
TAMANE SHUN KARI JAMADUN..... MARA RAS

## JAMAVA AAVO VISHVA TANA GHADNARA JO

JAMAVA AAVO VISHVA TANA GHADNAR JO,
VISHVAM BHAR ME PIRSI THALI PREMANI..... JAMAVA AAVO.
VIDH VIDHNA MEVA MITHAI PAKVAN JO,
BHAV DHARINE JAMADU, JAMAJO PREMATHI..... JAMAVA AAVO.
SUDHMANA AAROGYA TANDUL JO (2),
AEVA BHAVE JAMAJO DWARIKA PATI (2)..... JAMAVA AAVO.
SHAMARINA AAROGYA AENTHA BOR JO (2),
AEVA BHAVE JAMAJO SITANA PATI (2)..... JAMAVA AAVO.
VIDURNI AAROGI LUKHI BHAJI JO (2),
AEVA BHAVE JAMAJO, SHIVRAM NA PATI (2)..... JAMAVA AAVO

## થાળ : મારા રસ ભીના રણછોડ તમને શું કરી જમાડું

મારા રસ ભીના રણછોડ તમને શું કરી જમાડું,
જેના હાથે જીવન દોર (૨), એને શું કરી જમાડું..... મારા રસ ભીના.
તારું આપ્યું લેવું ને તારું દીધું દેવું (૨)
એમાં મારું કંઈ નહિ જોર (૨) તમને શું કરી જમાડું..... મારા રસ ભીના.
પોષણ દુનિયાનું કરનારો,મારૂં શું જમનારો,
હું તો જનમ જનમનો ચોર (૨), એને શું કરી જમાડું..... મારા રસ ભીના.
ભાવ ધરી પીરસી પતરાળું, પ્રેમે ભરી આ થાળી (૨)
મુખવાસ એ છે બેકર જોડે, (૨) તમને શું કરી જમાડું..... મારા રસ ભીના.
પુનિતનાં અંતરમાં પોઢો, સ્નેહની ચાદર ઓઢો (૨)
મારા કાળજડાંની કોર (૨) તમને શું કરી જમાડું..... મારા રસ ભીના.

## જમવા આવો વિશ્વતણા ઘડનાર જો

જમવા આવો વિશ્વતણા ઘડનાર જો,
વિશ્વંભર મેં પીરસી થાળી પ્રેમની..... જમવા આવો.
વિધ વિધનાં મેવા મીઠાઈ પકવાન જો,
ભાવ ધરીને જમાડું, જમજો પ્રેમથી..... જમવા આવો.
સુદામાનાં આરોગ્યા તાંદુલ જો (૨)
એવા ભાવે જમજો દ્વારિકા પતિ (૨)..... જમવા આવો.
શબરીનાં આરોગ્યાં એઠાં બોર જો (૨)
એવા ભાવે જમજો સીતાનાં પતિ (૨)..... જમવા આવો.
વિદુરની આરોગી લુખી ભાજી જો (૨),
એવા ભાવે જમજો શિવ રામના પતિ (૨) ..... જમવા આવો.

## THE STAR SPANGLED BAN NER
## THE AMERICAN NATIONAL ANTHEM

O SAY_ CAN YOU SEE, BY THE DAWN'S EARLY LIGHT,
WHAT SO PROUDLY WE HAIL'D AT THE
TWILIGHT'S LAST GLEAMING ?
WHOSE BROAD STRIPES AND BRIGTH STARS,
THRO THE PERILOUS FIGHT,
O'ER THE RAMPARTS WE WATCH'D,
WERE SO GALLATLY STREAMING ?
AND THE ROCKETS RED GLARE,
THE BOMBS BURSTING IN AIR,
GAVE PROOF THAO THE NIGHTT THAT
OUR FLAG WAS STILL THERE,
O SAY, DOES THAT STER - SPANGLED BANNER YET WAVE
O'ER THE LAND OF THE FREE AND
THE HOME OF THE BRAVE ?

## O CANADA - CANADIAN NATIONAL ANTHEM

O CANADAI
OUR HOME AND NATIVE LAND
TRUE PATRIOT LOVE IN ALL THY SONS COMMAND
WITH GLOWING HEARTS WE SEE THEE RISE,
THE TRUE NORTH STRONG AND FREE
FROM FAR AND WIDE,
O CANADA, WE STAND ON GUARD FOR THEE
GOD KEEP OUR LAND GLORIOUS AND FREE
O CANADA, WE STAND ON GUARD FOR THEE
O CANADA, WE STAND ON GUARD FOR THEE.

## ભારત – ઈન્ડિયાનું રાષ્ટ્રગીત

જન ગણમન અધિનાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા
પંજાબ - સિંધુ ગુજરાત મરાઠા - દ્રાવિડ - ઉત્કલ, બંગા
વિંધ્ય - હિમાચલ -યમુના - ગંગા -ઉચ્છલ જલધિ તરંગા
તવ શુભ નામે જાગે તવ શુભ આશિષ માંગે
ગાવે તવ જય ગાથા
જન ગણ મંગલ દાયક જય હે
ભારત ભાગ્ય વિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય હે

## THE INDIAN NATIONAL ANTHEM

JANA - GANA - MANA - ADHI NAYAKA JAY HE
BHARAT - BHAGYA - VIDHATA
PUNJAB-SINDHU-GUJRATA-MARATHA
DRAVID UTKALA BANGA
VINDHYA - HIMACHALA - YAMUNA - GANGA
UCHCHHAL - JALADHI - TARANGA
TAVA SUBHA NAME JAGE
TAVE SUBH ASHISH MAAGE
GAVE TAVE JAYA - GATHA
JANA - GANA - MANGAL - DAYAKA - JAY HE
BHARAT - BHAGYA - VIDHATA
JAYA HE, JAYA HE, JAYA HE, JAYA JAYA JAYA HE

## વંદે માતરમ્

વંદે માતરમ્ (૨)

સુજલાં સુફલાં મલયજ શીતલાં,

શસ્ય શ્યામલાં, માતરમ્.....વંદે માતરમ્

શુભ્ર જ્યોત્સનામ્ પુલકિત યામિનીમ્,

ફુલ્લ કુસુમિત, દ્રુમદલ શોભિનીમ્,

સુહાસિનીમ્, સુમધુર ભાષિણીમ્,

સુખદાં વરદાં, માતરમ્......વંદે માતરમ્.

**VANDE MATARAM**

VANDE MATARAM (2)

SUJALAM SUFALAM MALAYAJ SHEETALAM
SHASYA HYAMLAM, MATARAM.....
.....VANDE MATTARAM
SHUBHRA JYOTSNAM, PULKIT YAMINIM
FULLA KUSUMIT DRUMADALA SHOBHINIM
SUHASINAM, SUMADHUR BHASHINIM
SUKHDAN VARDAN MATARAM
.....VANDE MATTARAM

I/we bow my / our head(s) with the sense of deep reverence and gratitude to

worship my/our motherland. (In broader sense - mother earth). I/we do so because the motherland gives us pure water, fine fruits and cold fresh wind (to make me/us healthy). The land or clay is dark-coloured. It is full of grains. Therefore, I bow to my native land. It is white with the moonlight at night. The might is also gay. During the day I am happy to see her with blossoming futures and soothing greenfields. It is adored with number of trees or forests. Her face is every smiling and her speech is always sweet: such an idol of motherland ( Bharat mata) always showers happiness, comfort, contentment and wellbeing on us. Therefore, I once again repeat that, O, my motherland I bow to you, I worship you with deep feelings of affection, reverence and gratitude to you. Vande Mataram !

ૐ દ્યૌઃ શાન્તિર્, અન્તરિક્ષ ગું શાન્તિઃ
પૃથ્વીઃ શાન્તિર્, આપઃ શાન્તિર્, ઓષધયઃ શાન્તિઃ,
વનસ્પતયઃ શાન્તિઃ, વિશ્વેદેવાઃ શાન્તિઃ,
બ્રહ્મશાન્તિઃ સર્વ ગું શાન્તિઃ, શાન્તિરેવ શાન્તિઃ,
સામા શાન્તિ રેધિ ।

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

Aum dyaunh Shantir, Antariksha gum Shantih,
Pruthvihi Shantir, Aapah Shantir,
Oshadhyah Shantih,
Vansapatyah Shantih, Vishvedevah Shantih,
Vishvedevah Shantih
Brahma Shantih, Sarva gum Shantih,
Shantirev Shantih.
Sama Shantiredhi II
AUM SHANTIH, AUM SHANTIH, AUM SHANTIH II

Human beings, are not the sole owner or user of the earth, there are other living beings too. We wish them peaceful life on earth. O, great Lord, shower peace to all.

Let there be peace in the universe and cosmos, on earth and in the world. The other natural elements-water, vegetables, herbs, wind etc. be peaceful. We wish the Gods of the world may spread peace in the universe (Brahma-Shanti), the supreme bliss everywhere and to everybody. Let peace and peace alone be extended in the entire universal environment. Here, peace should not be taken as the silence or solidute of a graveyard. but peace means positive feelings, absence of havoc, panic, pain and plight. Once again in the name of God I pray for peace thrice with aum:

Peace for my individual self.
Peace for all living beings on earth and-
Peace for the, entire universe !!

# ......કૃષ્ણભક્તિ......

આપણી આસપાસ પ્રતિક્ષણ પ્રગટતી ચૈતન્યલીલા એ જ કૃષ્ણલીલા છે. આ સૃષ્ટિના કણકણમાં કૃષ્ણ વિવિધ સ્વરૂપે પ્રગટ થતા રહે છે. જયાં સ્થિતિ છે ત્યાં અચ્યુત છે અને ગતિ છે ત્યાં ગોવિંદ છે. જયાં અંકુરણ છે ત્યાં અનંતરૂપ છે. જયાં જનતંત્ર છે ત્યાં જનાર્દન છે. જયાં મધુવન છે ત્યાં માધવ છે. જયાં વ્યાપ છે ત્યાં વિષ્ણુ છે અને જયાં નિષ્કામ કર્મ છે ત્યાં કેશવ છે. જયાં જીવનનો ધબકાર છે ત્યાં જગન્નિવાસ છે. જયાં કમલ છે ત્યાં કમલપત્રાક્ષ છે. જયાં સાહસ છે, જોખમ છે ત્યાં વાસુદેવ છે. જયાં સાત્ત્વિકતા, સમતા અને સ્થિતપ્રજ્ઞતા છે ત્યાં યોગવિત્તમ હોવાના જ, જયાં ઉત્તમતા કે પારમિતા હોય ત્યાં પુરુષોત્તમ હોવાના જ. ક્ષણે ક્ષણે સંભવતિ કૃષ્ણતાને નીરખવી, પરખવી અને પામવી એ જ કૃષ્ણભક્તિ. જયાં ભક્તિ છે ત્યાં વ્રજ છે અને જયાં વ્રજ હોય ત્યાં વ્રજ કિશોર હોય જ.

(ગુણવંત શાહ)

-''સંભવામિ ક્ષણે ક્ષણે''માંથી

સાભાર

Happiness after all, is an inner state of mind. It is little dependent on outside environment. Happiness has very little to do, for instance, with whether you are rich or not rich. Some of the most miserable persons I have come across in my life are the rich people. It is true that poverty makes one miserable in a very acute way. But my point is that it is not wealth but co-ordination of one's thought and action which removes inner conflicts. It is in that way that integration of personality is achieved.

-Pandit Jawaharlal Nehru